THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

પ્રથમ શ્રુત સ્કંધ.

श्री

# सूयगडांगसूत्र भाषांतर

## भाग १ लो.

મૂળ માગધિ તેનો ગુર્જર ભાષામાં સુધારો વધારો કરી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. ત્રીભોવનદાસ રૂગનાથદાસ.
આકાશેઠના કૂવાની પોળ, અમદાવાદ.

( આવૃત્તિ ૧ લી. )

સવત ૧૯૫૫—સને ૧૮૯૯

( સર્વ હક્ક સ્વાધીન )

અમદાવાદ—" વિજય પ્રવર્તક પ્રેસ

કિમ્મત એક રૂપિયો.

## नोटीस.

પ્રસિદ્ધ કર્તાએ આ પુસ્તકને છાપવા છપાવવા સંબંધી સર્વ પ્રકારના હક્ક " સને ૧૮૬૭ ના ૨૫ માં આક્ટ મુજબ સરકારમાં નોંધાવી-રજીષ્ટર કરાવી " પોતાને સ્વાધીન રાખ્યા છે. માટે માલીકની રજા શિવાય કોઇએ છાપવું છપાવવું નહી.

શા. ત્રી રૂ.

---

## जाहेर खबर.

આપવામાં આવે છે કે, મ્હારા " જૈન પુસ્તકાલય " માં વેચાથી મળતાં પુસ્તકોનું સવિસ્તાર લીસ્ટ જુદુ છપાયેલ છે-જેઓએ તેમણે મંગાવી લેવા તસ્દી લેવી.

શા. ત્રી. રૂ.

# प्रस्तावना.

આ અસાર સંસાર સમુદ્રનેવિષે સંતત પર્યટન કરનાર પ્રાણીઓને, જન્મ મરણાદિક અત્યુગ્ર દુઃખોમાંથી મુક્ત કરે એવો તો માત્ર એક ધર્મજ છે. અને એમજ સર્વ દર્શનીના શાસ્ત્રમાં પણ કહેલું છે, એવો જે ધર્મ તેનું મૂળ તો સર્વાંશ યુક્ત દયાજ છે. કહેલું છે કે "अहिंसापरमोधर्मः" દયાવડે ધર્મની પ્રાપ્તિ થાય છે, અને પરિપૂર્ણ ધર્મ પ્રાપ્ત થયા પછી જીવ મોક્ષ ગામી થાય છે; માટે દયા સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. સર્વ દર્શનીઓ દયાનો ઉપયોગ કરે છે ખરા, પરંતુ સર્વાંશે કરતા નથી. એટલાજ માટે તેઓને ધર્મ પદાર્થનો જેવો જોઈએ તેવો લાભ થતો નથી. દયાનો સર્વાંશે ઉપયોગ તો, માત્ર જૈનદર્શનમાં સ્વીકાર્યો છે, તેથીજ જૈનદર્શન ધર્મ ધુરીંધર કહેવાય છે, માટે દયાનો સર્વાંશે ઉપયોગ કરવાની અગત્ય છે, જેમ કોઇ ભોજનાર્થે પકવાન્ન કરવું હોય તો તેમાં ઘૃત, પિષ્ટ, શર્કરાદિક, અગત્ય વસ્તુનું એકત્રપણું યથાવિધી થાય, ત્યારેજ તે પકવાન્ન સ્વાદિષ્ટ કહેવાય; પણ જો ઉપર કહેલી વસ્તુઓમાંથી, એક પણ વસ્તુનું ઓછાપણું હોય તો તે પકવાન્ન સ્વાદ રહિત બને. માટે દયા પદાર્થ સર્વાંશે પળાય તોજ તેથી ધર્મોપલબ્ધિ થાય, તે વિના તો કદી પણ થાયજ નહીં. સર્વ દર્શનીઓને દયા માન્ય છે ખરી, તથાપી તેઓની સમજમાં ફેર હોવાથી, તેઓ શ્રેષ્ટતા પૂર્વક દયાનો ઉપયોગ સર્વાંશે કરી શકતા નથી. તથાપિ તેઓ સ્વદયા, પરદયા, દ્રવ્ય દયા, ભાવ દયા, નિશ્ચય દયા, વ્યવહાર દયા, સ્વરૂપ દયા, અનુબંધ દયા, ઇત્યાદિ દયાના અનેક પ્રકાર, જૈનશાસ્ત્રમાં સવિસ્તર વર્ણન કરેલાં છે; તે પ્રમાણે વર્તી દયાનું સ્વરૂપ લક્ષ

શૈલી પૂર્વક સમજતા નથી. આ સંસાર સમુદ્રમાંથી ભવ્ય જીવોને તરવાને, માત્ર એક જૈનસિદ્ધાંત નોજ આધાર છે. અને તે સિદ્ધાંતો મૂળ માગધિ ભાષામાં હોવાથી, દરેક જૈનબંધુઓ તેનો પૂરે પૂરો લાભ લઈ શકતા નથી; અને સિદ્ધાંતનો રહેસ સમજ્યા શિવાય આત્મસાધન પૂરી રીતે બની શકતું નથી, વળી કેટલેક સ્થળે મુની માહારાજનો જોગ નહીં હોવાથી, ધર્મી વર્ગને સિદ્ધાંત વાણીના પાન વગર તેમનું હૃદય કમળરૂપી ઝાડ સૂકાય છે. તેઓનું સંકટ દૂર કરવા, તેમજ સર્વેને વાંચવાનો સરખો લાભ મળી શકે એવા હેતુથી, આ શ્રી સૂયગડાંગસૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ અર્થરૂપે ભાષાંતર છપાવી બહાર પાડયું છે. આ પુસ્તકમાં સર્વ જગતને પ્રમોદ ઉપજાવનારી શ્રી વીતરાગની વાણી છે. તે કેવી છે તો કે, ભવરૂપ વેલની કૃપાણી, સંસારરૂપ સમુદ્રથી તારવાવાળી, મહા મોહરૂપ અંધકારનો નાશ કરવાને દિનકરના કિરણો જેવી પ્રકાશવાળી, ક્રોધરૂપ દાવાનળનો ઉપશમ કરનારી, મુક્તિના માર્ગને દર્શાવનારી, કલિમલનો પ્રલય કરનારી, મિથ્યાત્વને છેદન કરનારી, ત્રિભુવનનું પાલન કરનારી, અમૃતરસનું આસ્વાદન કરાવનારી, એવા અનેક વિશેષણોએ યુક્ત એવી જે શ્રી જીનવાણી, તે સર્વ સજ્જનોને માન્ય થાઓ. કદાપિ નિબિડ કર્મની શૃંખલાએ પ્રતિબંધ થએલા, એવા અભવ્ય દુર્ભવ્યને બોધ કરવા માટે એ વાણી સમર્થ નથી થતી; તે માટે એ વાણીનું અસામર્થ્ય સમજવું નહીં. કેમકે સૂર્યના કિરણો જેમ ઘુવડ પક્ષીના નેત્રને પ્રકાશ કરી શકતાં નથી, તોપણ તે જગતમાં નિંદાનાં અધિષ્ઠાન થતાં નથી. વળી જળની વૃષ્ટી કરનારો મેઘ, તે પણ ઉપર ક્ષેત્રને વિષે તૃણાદિક ઉત્પન્ન કરવા માટે અસમર્થ છે; તે છતાં તે. લોકોને વિષે નિંદાને પાત્ર થતો નથી. તેમજ જે પુરૂષને એ વાણી ગમતી

નથી, તે તેનું પોતાનુંજ દૌર્ભાગ્ય સમજવું. માટે કુશલ બુદ્ધિવાળા સજ્જનોને આ જીનવાણીરૂપ પ્રાધાન્યગ્રંથ, મહોત્સવરૂપે આનંદ આપનારો થાઓ. અને તેમના ચિત્તરૂપ સરોવરને વિષે, પ્રેમરૂપ જળ ભરાઓ; તથા તેને યોગે તેઓને મોક્ષરૂપ મહાસુંદર કમળની પ્રાપ્તિ થાઓ. આ ગ્રંથની અંદર કાનો, માત્રા, મીંડી વિગેરે જે કાંઇ જિનાજ્ઞા વિરૂદ્ધ લખાણ લખાણું હોય અથવા પ્રૂફ સુધારતાં દ્રષ્ટિ દોષથી જે કોઇ ભૂલ રહી ગઇ હોય, તેને માટે ચતુર્વિધ શ્રી સંઘની સાખે હું મિચ્છા દુષ્કૃત માગુછું. વળી આ ગ્રંથને ઊંચે આસને મૂકી મુખે યત્ના રાખીને વાંચવા મ્હારી ખાસ ભલામણ છે.

લિ. શા. ત્રીભોવનદાસ રૂગનાથદાસ.



# अनुक्रमणिका.


| વિષયાંક. | વિષય. | પૃષ્ઠાંક. |
| --- | --- | --- |
| ૧ | અધ્યયન ૧ લું ઉદ્દેશો પહેલો | ૧ |
| | ” ઉદ્દેશો બીજો | ૧૧ |
| | ” ઉદ્દેશો ત્રીજો | ૨૦ |
| | ” ઉદ્દેશો ચોથો | ૨૬ |
| ૨ | અધ્યયન ૨ જું ઉદ્દેશો પહેલો | ૩૨ |
| | ” ઉદ્દેશો બીજો | ૪૦ |
| | ” ઉદ્દેશો ત્રીજો | ૫૦ |
| ૩ | અધ્યયન ૩ જું ઉદ્દેશો પહેલો | ૫૭ |
| | ” ઉદ્દેશો બીજો | ૬૨ |
| | ” ઉદ્દેશો ત્રીજો | ૬૮ |
| | ” ઉદ્દેશો ચોથો | ૭૪ |
| ૪ | અધ્યયન ૪ થું ઉદ્દેશો પહેલો | ૮૦ |
| | ” ઉદ્દેશો બીજો | ૮૮ |
| ૫ | અધ્યયન ૫ મું ઉદ્દેશો પહેલો | ૯૫ |
| | ” ઉદ્દેશો બીજો | ૧૦૪ |
| ૬ | અધ્યયન ૬ ઠું | ૧૧૧ |
| ૭ | અધ્યયન ૭ મું | ૧૨૦ |
| ૮ | અધ્યયન ૮ મું | ૧૩૦ |
| ૯ | અધ્યયન ૯ મું | ૧૩૭ |
| ૧૦ | અધ્યયન ૧૦ મું | ૧૪૫ |
| ૧૧ | અધ્યયન ૧૧ મું | ૧૫૪ |
| ૧૨ | અધ્યયન ૧૨ મું | ૧૬૩ |
| ૧૩ | અધ્યયન ૧૩ મું | ૧૭૨ |
| ૧૪ | અધ્યયન ૧૪ મું | ૧૮૧ |
| ૧૫ | અધ્યયન ૧૫ મું | ૧૯૦ |
| ૧૬ | અધ્યયન ૧૬ મું | ૧૯૬ |

ॐ श्री गौतमभ्यो नमः

श्री

# सूयगडांग सूत्र भाषांतर.

## भाग १ लो.

प्रथम श्री आचारांग कहीने पछी सुयगडांग कह्युं तेनो संबंध मेळवे छे. जे कारण श्री आचारंग मांहे, (जीवो छक्काय परू, वणाय ते सिं व्रहेण बंधोति) ॥ इत्यादि कह्युं छे. ते सर्व परमार्थने जाणवुं जोइए. एम आचाराङ्ग साथे आ सुयगडांगनो सबंध जाणवो. ए अधीकारे बीजुं अंग सुयगडांग प्रारंभीए छीए. अहींया केटलाएक वादी ज्ञाने करीनेज मुक्ति थाय छे एम कहे छे, अने केटलाएक क्रियाए करी मुक्ति कहे छे. अने जैन तो एम कहे छे के ज्ञान अने क्रिया ए बंने थकी मुक्ति छे, ए अर्थ ए श्लोक मांहे देखाडे छे ते एमके.

छकायनुं स्वरूप जाणे एटले ज्ञान कह्युं, अने ज्ञानपूर्वक क्रिया करवी ते सफळ छे ते कारण माटे आगल (तिउट्टिज्जा) एवो सुत्र पाठ कह्यो, ते त्रोडे ते शुं जाणीने! शुं त्रोडे! ते कहे छे. बांधीए जे जीवने प्रदेशे करी ते बंधन ज्ञानावरणादि अष्ट प्रकार कर्म रूप इत्यर्थ ते कर्मना हेतु मिथात्व, अविरत, कषाय अने योग अथवा परिग्रह आरंभ ए बंधनना कारणने जाणे. पण एकला जाणपणाथकी वांछीतार्थ सिद्धि दुर्लभ छे;

તે માટે ક્રિયા દેખાડે છે. તે બંધન જ્ઞપરિજ્ઞાએ કરી જાણીને પછી પ્રત્યાખ્યાન પરિજ્ઞા જે સંયમાનુષ્ઠાન તેણે કરી બંધનને ત્રોડે. એટલે આત્માથકી કર્મ દૂર કરે, એવું વચન શ્રી સુધર્મા સ્વામિ ભાષિત સાંભળીને જંબુ સ્વામિ પ્રમુખ શિષ્ય પૂછે છે કે, શ્રી મહાવીર દેવે બંધન કેવું કહ્યું છે? અથવા શું જાણીને તે બંધન ત્રોડે! ઇતિ પ્રથમ શ્લોકાર્થઃ ॥ ૧ ॥

હવે બંધનનું કારણ કહે છે; એ જગત માંહે જ્ઞાનાવરણીયાદિક જે કર્મ તે બંધન જાણવું, તે કર્મ બાંધવાનાં કારણ આરંભ અને પરિગ્રહ છે. તેમાં પહેલું પરિગ્રહ દેખાડે છે, સચિત્ત તે દ્વિપદ ચતુષ્પદાદિક અને અચિત્ત તે સુવર્ણ રૂપાદિક એ બે પ્રકારે પરિગ્રહ છે, તે થોડા તૃણ તુષાદિક પોતાની પાસે પરિગ્રહીને અનેરા બીજા પાસે પરિગ્રહાવે તથા પરિગ્રહ કરતાંને અનુમોદે. એવો જીવ, એ રીતે દુઃખથકી ન મુકાયે. ॥ ૨ ॥

હવે જ્યાં પરિગ્રહ ત્યાં આરંભ હોય, અને જ્યાં આરંભ ત્યાં પ્રાણાતિપાત હોય એવું દેખાડે છે. તે પરિગ્રહવંત પુરૂષ અસંતોષી છતો તે પરિગ્રહ ઉપાર્જવાને અર્થે, અને ઉપાર્જન કરેલો પરિગ્રહ રાખવાને અર્થે પોતે, પ્રાણીઓનો નિપાત એટલે વિનાશ કરે, અથવા અનેરા પાસે પ્રાણીઓની ઘાત કરાવે: અથવા જે પ્રાણીઓને હણતો હોય અર્થાત પ્રાણીઓનો વિનાશ કરતો હોય તેને અનુમોદવે કરી. પ્રાણીઓની ઘાત કરતોથકો અથવા કરાવતોથકો આત્માને વૈરની વૃદ્ધી કરે છે. તેથી જે દુઃખ પરંપરારૂપ બંધન તે થકી છૂટે નહીં. ॥ ૩ ॥

વળી પણ બંધન આ શ્રી કહે છે. રાષ્ટ્રકૂટાદિક જે કુલમાં ઉત્પન્ન થયો, અથવા જેની સાથે વાસ વસે, એટલે પાંગુક્રીડાદિક કરે. એવા મનુષ્ય જે માતા, પિતા, ભાઇ, બેન, ભાર્યા, અને મિત્રાદિક તેને વિષે મમત્વનો કરનાર એટલે માતા પિતા-

દિકની સાથે સ્નેહ કરતો એવો અજ્ઞાની જીવ તે કર્મે સંસાર ચક્રમાંહે ભમતો થકો પીડાય છે, તે મનુષ્ય કેવો છે તો કે અન્ય અન્યે એટલે પ્રથમ માતા પિતા, તદનંતર ભાઇને વિષે, તદનંતર પુત્ર પૌત્રાદિક, એમ અન્ય અન્યને વિષે મુર્ચ્છિત એટલે મુર્છા પામતો થકો સ્નેહે કરી પીડાય છે. ॥ ૪ ॥

હવે જે પ્રથમ કહ્યું હતું કે, કેવું જાણતો થકો બંધન ત્રોડે તે કહે છે. ધન ધાન્યાદિક સચિત તથા અચિત વસ્તુ અને ભાઇ પ્રમુખ કોટુંબિક સ્વજનાદિક વળી એ સર્વે જે કુટુંબાદિક સ્નેહવંત છે, તે શરીરી અને માનસી વેદના ભોગવતાં થકાં એ જીવને ત્રાણ ભણી ન થાય. એવું જાણીને જે પ્રાણીઓનું જીવતવ્ય અલ્પ છે. એમ જાણીને, જીવિતવ્ય પ્રાણીઓને એટલે પરિગ્રહ પ્રાણીઘાત અને સ્વજન સ્નેહાદિક બંધનના સ્થાનને જ્ઞપરિજ્ઞાયે જાણીને, પ્રત્યાખ્યાન પરિજ્ઞાયે છાંડિને કર્મ થકી છૂટે અર્થાત કર્મ થકી વેગલો થાય. ॥ ૫ ॥

હવે સ્વસમયનો અધિકાર કહી પર સમયનો અધિકાર કહે છે. એ અરિહંતના ભાષિત ગ્રંથ જે કરૂણા રસમય છે. તેને છાંડીને સ્વેચ્છાયે રચિત ગ્રંથોને વિષે આસક્ત થતા, એક શાક્યાદિકના શ્રમણ, બીજા બ્રહસ્પતિ મતાનુસારી એવા બ્રાહ્મણ એ પરમાર્થના અજાણ થકા વિવિધ પ્રકારે ઉત્પ્રબલપણે પોતાના ગ્રંથનેવિષે સત્તા એટલે બંધાણા એ તાવતાં આપણા મતના કદાગ્રહી એવા છતાં પુરૂષ જે છે, તે પોતે પોતાના મતના અનુરાગે કરી, ઇચ્છામદનાદિક તેને વિષે આસક્ત એટલે પોતાનો માર્ગ લોકોમાંહે પ્રસિદ્ધપણે સારો કરી દેખાડે છે. ॥ ૬ ॥

હવે ગ્રંથકાર પ્રથમ ચાર્વાકનું મત દેખાડે છે. તે ચાર્વાક એમ કહે છે કે જગતમાં સર્વલોકવ્યાપી પંચમહાભૂત છે. આ લોક માંહે કોઇ એક ભૂતવાદી તેના મતને વિષે કહ્યા છે.

તે કોણ તો કે ? પૃથ્વી કઠિણરૂપ છે, અપ્પતે દ્રવ્ય લક્ષણ છે, તેજ ઉષ્ણરૂપ, વાયુ ચલન લક્ષણ અને પાંચમું આકાશ અવકાશ લક્ષણ છે. ॥ ૭ ॥

હવે એનુંજ વિશેષ કહે છે. એ પૂર્વે કહ્યા તે જે પંચમહાભૂત તે થકીજ કોઇ એક ચિદ્રૂપ તે ભુતથકી અવ્ય તિરિક્ત એવો આત્મા હોયછે, પરંતુ જેમ એ પાંચ ભૂતથકી પૃથક ભુત એવો અન્ય કોઇ બીજો આત્મા છે, એવી રીતે જે બીજા દર્શની કલ્પના કરેછે તેમ નથી. કેમકે એ પરલોકનો જનાર, સુખ દુઃખનો ભોગવનાર જીવ એવો પદાર્થ કોઇ બીજો નથી. એમ તે ચાર્વાક કહે છે તેમને કોઇ પરવાદી એમ પૂછે કે, અહો ચાર્વાકો ! જો તમારે મતે પંચમહાભૂત થકી અન્ય કોઇ આત્મા એવો પદાર્થ નથી, તો મરણ પામ્યો એમ કોમ કહેવાય ? હવે એનો ઉત્તર ચાર્વાક દર્શનીઓ કહે છે. અથ હવે એટલે એ પંચમહાભુત જે છે તેના વિનાશ થકી, જીવનો પણ વીનાશ હોય છે. પરંતુ જે એવું કહેછે કે આત્મા ચવીને અન્યત્ર સ્થાન જાય છે, કર્મના વશ થકી સુખી દુઃખી થાય છે, તે સર્વ મુગ્ધરંજન જાણવું. ॥ ૮ ॥

એમ પંચભુતીયાગતા એટલે પંચ ભુતિક વાદીનો મત કહ્યું. હવે આત્મદ્વૈત વાદીનો મત દ્રષ્ટાંતે કરી કહિયે છૈયે. જેમ પૃથ્વી રૂપસ્તુભ એક છતાં નદી, સમુદ્ર, પર્વત, નગર અને ગ્રામ ઇત્યાદિ રૂપ નાના પ્રકારે દેખાય છે. પરંતુ વીચાલે પૃથ્વીનું અંતર કાંઇ દેખાતું નથી એટલે પૃથ્વી એકજ છે. એ ન્યાયે આ એ વચન પરને બોલાવવાને અર્થે છે. એટલે અહો ! દર્શનીઓ એ સમસ્ત લોક ચરાચર સ્વરૂપ એકજ છે, એટલે આત્મારૂપ છે. પરંતુ ચૈતન્ય તે ચરાચર રૂપ આત્મા. નાના પ્રકારે દીપક ઘટ અને અગ્નુ પદાદિ રૂપ દેખાય છે. પરંતુ જે એમ કહેછે. શરીર

શરીરને વિષે આત્મા જુદા જુદા છે તે મીથ્યા છે.
( यदुक्तं एकएवहिभूतात्मा, भूते भूते व्यवस्थितः ॥
एकधा बहुधा चैव, दृश्यते जलचंद्रवत ) ૧. ઈત્યાદિ ॥ ૯ ॥

હવે જૈન એને ઉત્તર આપે છે. એ પૂર્વોક્ત ન્યાયે એક એટલે કોઇ એકપરવાદી, પોતાના છંદને બળાત્કારે એમ બોલે છે તે કેવા છે, તો કે મંદ છે. એટલે સમ્યક્ જ્ઞાન વિકલ છે. કેમકે જો સર્વત્ર આત્મા એકજ છે, બીજો નથી તો જગત્ માંહે એકેક જીવ કરસણી પ્રમુખ જીવ હિંસાત્મક આરંભને વિષે નિસ્તિયા એટલે આસક્તથકા પોતે પાપને કરીને તીવ્ર દુઃખને પામે છે. પણ અનેરા નથી પામતા, તથા જે જીવ જગત્માં કાંઈ અસમંજસ ચોરાદિક કર્મ કરેછે, તે છેદન ભેદનાદિક અનેક વિટંબનાઓ પામેછે. અને જે ભલો સમાચરે છે તે સાતા પામે છે. માટે જો સર્વ જીવનો આત્મા એકજ હોય તો સર્વ જીવને વિટંબના અથવા સાતા કેમ ન થવી જોઇએ ? માટે એ તમારૂં વચન મિથ્યા છે; કેમકે સર્વ જીવ પોત પોતાની કરણીયે સુખ દુઃખને પામે છે. એ સર્વ ગતવાદીનો મત કહ્યો. ॥ ૧૦ ॥

હવે તજીવતચ્છરીર વાદિનો મત કહે છે--તે તજીવતચ્છરીરવાદી એમ કહે છે કે, જેમ પંચભૂત મલી કાયાને આકારે પરિણામી ચેતના ઉપજાવે છે. તો તે કારણે શરીર શરીર પ્રત્યે આત્મા જુદા જુદા છે. જગતમાં જે બાળ અજ્ઞાની તથા જે પંડિત એટલે વિવેકી છે, તે સર્વે જુદા જુદા છે. પરંતુ એક આત્મા સર્વ વ્યાપી ન જાણવો. એટલે જૈન મત અને તેમનો મત એકજ થયો. હવે ગાથાનાં ઉતરાર્દ્ધવડે તેમનો ભેદ દેખાડે છે. તે પરવાદી એમ કહે છે કે, આત્મા ઘણા છે, પરંતુ જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી છે. પણ જે વારે શરીર નહીં, તે વારે

આત્મા પણ નહીં. એટલે ગત્યંતર ગામી આત્માઓ નથી. એ પ્રકારે કરી ભેદ દેખાડયો. વળી તેહિજ કહે છે. તે આત્માઓ પરલોકને વિષે ન જાય એ તાવતા શરીરથકી ભિન્ન આપણાં કર્મનો ભોગવનાર એવો આત્મા નથી. તથાપિ સત્વ જે પ્રાણીઓ તે ઉપપાતિક નથી. એટલે ભવાંતરમાં જઇ ઉપજે નહીં. અર્થાત ગતાગતિ પણ નથી. અહીં શિષ્ય પૂછે છે કે, પૂર્વે જે ભૂતવાદિ કહ્યા અને એ તજીવતચ્છરીરવાદી એ બેહુને માંહી માંહી શું વિશેષ છે? તે વારે ગુરૂ કહે છે કે, ભૂતવાદીને મતે જે પંચ મહાભૂત તેહિજ કાયાને આકારે પરિણમીતે ધાવનવલનાદિક ક્રિયા કરે. અને એમને મતે પંચભુત કાયાને આકારે પરિણમી ચૈતન્ય સ્વરૂપ આત્મા ઉપજાવે. પરંતુ ભૂતથકી આત્મા જુદો નથી. એટલું વિશેષ છે. ॥ ૧૧ ॥

હવે તેની વક્તવ્યતા કહે છે, તજીવતચ્છરીરવાદી એમ કહે છે કે; પુણ્ય નથી, પાપ પણ નથી, અને અત: ઉપરાંત લોક પણ નથી. જેટલું દૃષ્ટિગોચર આવે છે તેટલોજ લોક છે. વળી અંધકાર એનું કારણ કહે છે કે; શરીરને વિનાશે કરી આત્માનો પણ વિનાશ થાય. એ કારણ માટે આત્માને અભાવે પુણ્ય પાપ તથા લોકની સંભાવના ક્યાં થકી થાય? ॥ ૧૨ ॥

"તજીવતચ્છરીરવાદિ ગતા" એટલે તજીવતચ્છરીરવાદીનું એ પ્રમાણે મત કહ્યો. હવે અક્રિયાવાદિનો મત કહે છે. તે અકર્મવાદી એમ કહે છે કે, આત્મા અમૂર્ત છે, નિત્ય છે, તથા સર્વ વ્યાપી છે. તે કારણે ક્રિયાનો કર્તા નથી. તથા અનેરા પાસે કરાવનાર પણ નથી; એટલે આત્મા પોતે ક્રીયાને વિષે ન પ્રવર્તે, તથા અનેરાને પણ પ્રવર્તાવે નહીં પુર્વે ચકાર આવ્યો છે તે અતીત અનાગતના કર્તાને નીષેધવાને અર્થે છે. યદ્યપિ સ્થિતિ ક્રિયા અને મુદ્રા પ્રતિબિંબોદય ન્યાયે ભોજન ક્રિયા પણ કરે.

તથાપિ સમસ્ત ક્રિયા કારક પણ નથી. એહિજ ભાવ દેખાડે છે. સર્વ ક્રિયાને એટલે દેશ થકી દેશાંતર ગમનરૂપ ક્રિયાને આત્મા કરતો નથી. એ રીતે આત્મા અકારક છે, એ પ્રકારે તે સાંખ્ય વાદી ધૃષ્ટપણું કરતા થકા, પ્રકૃતિ કરે, પુરૂષ ભોગવે, ઇત્યાદિક અયોગ્ય વચન બોલે એટલે અક્રિયાવાદિનું મત કહ્યું. ॥ ૧૩ ॥

હવે જૈન એના મતનું નીરાકરણ કરે છે. જે આત્મા શરીરથકી જુદો નથી. તથા આત્મા અકર્ત્તા છે એમ કહે છે. તો ચતુર્ગતિક સંસારરૂપ લોક ક્યાં થકી હોય ? નિ:કેવલ. તે લોકમાંહે વાચાલપણું દેખાડે છે એવા છતાં તે અજ્ઞાનરૂપ તમ એટલે અંધકાર તે માંહેથકી નિકળીને અનેરાતમ એટલે અંધકાર માંહે જંતિ એટલે જાય છે, એટલે જ્ઞાના વર્ણાદિક કર્મ ઉપાર્જન કરે છે. અથવા તમને વિષે દ્વીઅર્થે નરક પૃથ્વી એવો અર્થ થાય છે. માટે ત્યાં પણ જાય છે. તે નરક પૃથ્વીયે કેમ જાય, તેનું કારણ કહે છે. તે લોક મંદ એટલે મુર્ખ છે, વળી આરંભ નિશ્ચિતએટલે આરંભ જે પ્રાણઘાત તેના વ્યાપરિ નિશ્ચિત છે, એકાંતે તેમાં આશક્ત છે, જે કારણ માટે તેમના મતે આત્માનો અભાવ છે, તે કારણે પુણ્ય પાપ પણ નથી, એવું જાણીને તે નાસ્તકવાદી આરંભ કરતાં થકાં શંકા પામતા નથી. તથા જે એવું કહે છે કે આત્મા ક્રિયા કરે નહીં, તે પણ એમની પેરેજ આરંભી જાણવા. ॥ ૧૪ ॥

અ ક્રિરિયા વાઇગતા એટલે સાંખ્યનું મત એ પ્રમાણે કહ્યું.

હવે આત્મ ષષ્ટવાદિનો મત કહે છે. તે વાદિ એમ કહેછે કે, આ સંસારને વિષે એક આત્મ ષષ્ટવાદિઓના મતે એમ કહ્યું કે પાંચ મહાભૂત છે. વળી તે વાદી એમ કહે છે કે, જેમ પંચમહાભૂત, તેમ આત્મા છઠો છે. વળી અનેરાને મતે આત્મા અને પંચ

મહાભુત અશાશ્વતા છે. તેમ એને મતે નથી, તે કહે છે કે. આત્મા અને પૃથ્વિ વ્યાદિક રૂપ જે લોક તે એને મતે શાશ્વતા સર્વ વ્યાપિ છે. માટે અવિનાશી રૂપ છે. ॥ ૧૫ ॥

વળી તેનું નિત્યપણું દેખાડે છે. તે આત્મપષ્ટ પૃથિવ્યાદિક પદાર્થ, નિઃકારણ વિનાશ અથવા સકારણ વિનાશ, બન્ને વિનાશે કરી, વિનાશ પામે નહીં. પૃથ્વી, અપ્પ, તેજ, વાયુ, અને આકાશ એ કદાપિ પોતાનું સ્વરૂપ છાંડે નહીં, તે કારણે શાશ્વતા છે. તથા કોઇએ જેનો આકાર કર્યો નથી, તે કારણ માટે આત્મા શાશ્વત છે.

यदुक्तं । नैनंछिदंति शस्त्राणि, नैनं दहति पावकः ॥ नचैनं क्लेदयंत्यापो, नशोषयति मारुतः॥ १ ॥ अच्छेद्योयमभेद्योय, म-विकारी सउच्यते, ॥ नित्यः सर्वगतः स्थाणुरचलोयं सनातनः ॥ २ ॥ ઇત્યાદિ વચનાત્ તથા જે અસત એટલે અવિદ્યમાન હોય તે ઉપજે નહિ. કેમકે અવિદ્યમાન પદાર્થને વિષે કરનારનો વ્યાપાર સ્ફુરે નહીં. જો અછતી વસ્તુ ઉપજે તો આકાશ કુસુમ ગર્દભ શૃંગાદિક પદાર્થ પણ ઉપજવાનો સંભવ છે. એ કારણે સર્વ કાળે પણ પૃથ્વિ વ્યાદિક સર્વે પદાર્થો નિત્ય ભાવે પરિણામ પામ્યા છે. ॥ ૧૬ ॥

"આત્મ પષ્ટવાદિમત" એટલે આત્મ પષ્ટવાદીનું મત એ પ્રમાણે કહ્યું.

હવે બૌદ્ધશાસ્ત્રીનો મત કહે છે. કોઇ એક વાદી એટલે બૌદ્ધ તે પંચખંધ બોલે છે તેનાં નામ કહે છે. પ્રથમ વિજ્ઞાન તે રૂપસ્કંધ. વિજ્ઞાન સુખ દુઃખ વેદે તે વેદના. સંજ્ઞા તે ધર્મ સમાદાયને. પૃથ્વી આદિકને સંસ્કાર. અને ધાતુરૂપાદિક તે રૂપ એ પાંચ પદાર્થ જગતમાં છે. પણ એ થકી અન્ય આત્માદિક

પદાર્થ જગતમાંહે કોઇ નથી. એમ તે બાળ એટલે અજ્ઞાની કહે છે. વળી તે સ્કંધ કેવા છે ક્ષણયોગી છે. એટલે એક ક્ષણ માત્ર રહે. ઉપરાંત રહે નહીં. એ રીતના બોલનારા તે ક્ષણિક વાદિ જાણવા. હવે અનેરા દર્શનીઓ થકી એમનો ભેદ જે છે તે, ગાથાના ઉત્તરાર્ધવડે દેખાડે છે. તે જેમ આત્માષષ્ઠવાદી સાંખ્યાદિક ભૂત થકી આત્મા અન્ય છે, એમ કહે છે. તથા જેમ ચાર્વાક મતિ ભૂત થકી આત્મા અનેરો નથી એટલે જે ભૂત તેહીજ આત્મા એમ કહે છે. તેમ બોધમતિ કહેતા નથી. તથા હેતુ એટલે આત્મા કોણે નીપજાવ્યો એમ પણ કહેતા નથી. અને અહેતુક એટલે અનાદિ અનંત શાશ્વત આત્મા છે. એમ પણ બોધ કહેતા નથી. ॥ ૧૭ ॥

તથા અનેરા બોધ દર્શની ચતુર્દ્ધાતુક જગત કહે છે, તે દેખાડે છે. પૃથ્વી તે પાષાણ પર્વત અને સ્થલાદિક એમ પ્રથમ ધાતુ તથા અપ્પતે પાણી એ બીજી ધાતુ તેજ તે અગ્ની એ ત્રીજી ધાતુ તથા વાયુ એ ચોથી ધાતુ જે કારણે એ ચારે પદાર્થ જગતને ધારે એટલે પોષે તે કારણે એને ધાતુ કહીએ, એ કહેવા છે? તો કે એ ચારે એકાકારપણે પરિણામે, માટે એકાકાર છે. તેથી એ ચારે ધાતુ રૂપ જાણવા એટલે એ શરીર ચતુર્દ્ધરૂપ છે તે થકી અનેરો આત્મા એવો પદાર્થ કોઇ નથી એમ બોધ કહે છે તે કેવા જાણવા? તો કે પોતાને લોક માંહે જાણ કહેવરાવીએ એવું અભીમાન ધરે છે. પરંતુ એ સર્વે ક્ષણિકવાદી પણાથકી ક્રિયાના ફળને સબંધ મળે નહીં તે કારણે એને અફલવાદી કહીએ. ॥ ૧૮ ॥

હવે એ પૂર્વોક્ત દર્શની પોત પોતાના દર્શનને વિષે મુક્તિનું કારણ જે કહે છે તે દેખાડે છે. તે ઉપર કહે છે કે તે સર્વે દ-ર્શની ઘર તેને વિષે નિવાસ કરનારા એટલે ગ્રહસ્થ અથવા

અરણ્યવાશી તાપસ આદિક અથવા પ્રવ્રજિત સાંખ્યાદિક તે એમ ભાવના કરે છે કે અમારા દર્શનને આવણા એટલે આવ્યા જે કોઇ અમે કહીએ તેને માને તો, તે સર્વ દુઃખથકી મુક્ત થાય. એવી રીતે પોત પોતાના દર્શનને વિષે સર્વે કોઇ મુક્તિ દેખાડે છે. ॥ ૧૯ ॥

હવે ગ્રંથકાર કહે છે તે પંચભૂતવાદિ પ્રમુખ દર્શનીઓ તેને નથી છિદ્ર એટલે જ્ઞાનાવરણાદિક કર્મ તેનો વિપર્યાય ભાવ તે સંધિ જાણવી તે અહીં જ્ઞાનાવરણાદિક કર્મના વિવરણ તેને અજાણતાથકા બાપડા દુઃખથકી મુકવાને અર્થે સાવધાન થયા છે. તે કારણે તે જન એટલે લોક ક્ષાંત્યાદિક દશ પ્રકારનો જે યતિ ધર્મ તેના જાણ નથી. તે વાદિ જે નાસ્તિક મતિ પ્રમુખ પૂર્વે કહ્યા, તે અસમંજસ વચનના બોલનાર છે. માટે તે સંસારરૂપ ઓઘ એટલે પ્રવાહ અર્થાત સંસાર સમુદ્રના તારનાર તે નથી એમ શ્રી તીર્થંકરે તથા ગણધરે કહ્યું છે. ॥ ૨૦ ॥

તે પંચભૂત વાદિ પ્રમુખ કર્મ આવવાના સ્થાનક જાણતા નથી. વળી તે લોક ક્ષાંત્યાદિક દશ વિધ યતિ ધર્મને જાણતા નથી. એવા તે પૂર્વે કહ્યા જે નાસ્તિક પ્રમુખવાદિ તે સંસારના પારગામી ન હોય. એ ગાથાના ત્રણ પદનો અર્થ પ્રથમ કહ્યો તે પ્રમાણેજ છે. ॥ ૨૧ ॥

જે એમ બોલે તે ગર્ભના પારગામી નહીં એટલે અનંતા ગર્ભના દુઃખ સહન કરે. ॥ ૨૨ ॥

વળી જે એમ બોલે તે જન્મના પારગામી નથી અર્થાત અનંતા જન્મના દુઃખ સહન કરે. ॥ ૨૩ ॥

તથા જે એમ બોલે તે દુઃખના પારગામી ન હોય. અનંતો કાલ ચતુર્ગતિ રૂપ સંસારના દુઃખ સહન કરે. ॥ ૨૪ ॥

તથા જે એમ બોલે તે મરણના પારગામી ન સમજવા

અર્થાત અનંતિવાર મરણ પામે. ॥ ૨૫ ॥

વળી તે જે સ્થિતિને પામે તે કહે છે નાના વિધ પ્રકારે છેદન ભેદન તાડનાદિક દુઃખને વળી વળી અનુભવે છે તે દુઃખ ક્યાં પામે? તો કે સંસાર ચક્રવાળને વિષે પામે તે સંસાર કેવો દુસ્તર છે તો કે મૃત્યુ, વ્યાધિ, અને જરા તેને કરી યાકુળ વ્યાકુળ છે. એવા સંસારમાંહિ પરિભ્રમના કરતા અનંતો કાલ દુઃખી થાય. ॥ ૨૬ ॥

તે દર્શનીયો વળી અસમંજસ થકા-સૂત્ર વિરોધના બોલનારા ઉંચે નીચે સ્થાનકે પરિભ્રમના કરતા થકા આગમિકકાળે અનંતા ગર્ભના દુઃખ પામશે. એવું વચન, જ્ઞાતપુત્ર, શ્રી મહાવીરદેવ જીનોત્મ તેણે કહ્યું તેમ અમે પણ કહીએ છીએ.

इति प्रथमा ध्ययन प्रथमोद्देशक समाप्तं.

એ પ્રથમ ઉદ્દેશકમાં ભૂતવાદિ પ્રમુખ પરવાદિના મત કહ્યાં.

(અથ શ્રી પ્રથમાધ્યન દ્વિતિયા ઉદ્દેશક પ્રારંભતે.)

વળી એક નીયતવાદીના મતે એમ કહ્યું છે. એટલે તેનો જે અભિપ્રાય છે તે કહે છે. પૃથક પૃથક નરકાદિક ભવે જે જીવ છે, તે પોત, પોતાના દેહ સ્થિત થકા સુખ દુઃખને વેદે છે અથવા તે પ્રાણિયો સુખ દુઃખ અનુભવતા તે સ્થાનકથી પોતાનું આયુષ્ય પુર્ણ કરીને સ્થાંનાંતરે સંક્રમે એમ નિયતવાદિ કહે છે.॥૧॥

વળી પણ બે ગાથાએ નિયતવાદિના મતનો અભિપ્રાય કહે છે જે તે પ્રાણી સુખ દુઃખ અનુભવે છે, એક સ્થાનકથકી બીજે સ્થાનકે ઉપજે છે, તે દુખાદિક તે જીવનું પોતાનું કીધેલું નથી તેમ અનેરા કાળ ઇશ્વર સ્વભાવાદિકનું કરેલું ક્યાંથી હોય.

જો સ્વયંકૃત સુખ દુઃખ છે. તો સર્વે જીવ વ્યેપારાદિક સરીખો વ્યેપાર કરતા સર્વ સરખાજ કેમ નથી થતા. માટે પુરૂષાકારે કાંઇજ ન થાય, અને જો કાળ ઇશ્વરાદિકના કરેલા સુખ દુખ હોય તો જગતની વિચિત્રતા કેમ થાય?

તે માટે કાળ ઇશ્વરાદિકનુ કરેલું પણ સુખ દુઃખ થતું નથી એટલે જીવને સુખ અથવા દુઃખ જે છે તે કેવા છે. તો કે સૈદ્ધિક અથવા અસૈદ્ધિક છે. તેમાં સ્રગ ચંદન વિનિતાદિક તેથકી ઉપનું જે સુખ તેને સૈદ્ધિક કહીએ અને અંતરંગ આનંદ રૂપ જે સુખ તેને અસૈદ્ધિક કહીએ. એવી રીતે બે પ્રકારે દુઃખ પણ જાણવું, તેમાં એક વધ, બંધન, તાડનાદિક ક્રિયાના કરવાથી કરી અને બીજું શૂળ જ્વરાદિક રૂપ જાણવું, એટલે એક કારણે નિષ્પન્ન અને બીજું સ્વભાવિક નિષ્પન્ન છે. ॥ ૨ ॥

એ સુખ દુઃખ જો કોઇએ કર્યા નથી, તો એ જીવ સુખી દુઃખી કેમ થાય છે તે કહે છે. સયં એટલે પોતાનું કરેલું અથવા અનેરાનું કરેલું જે સુખ દુઃખ તે જીવ વેદતો નથી કિંતુ ભવિતવ્યતાનું કરેલું તેહિજ જીવને સુખ દુઃખ ઉપજે છે એ પ્રમાણે નિયતવાદિના મતનો અભિપ્રાય દર્શાવ્યો. ॥ ૩ ॥

હવે ગ્રંથાકાર એને ઉત્તર આપે છે એવં પુર્વોક્ત વચન નિયત વાદાશ્રિત બોલતા એહવા તે બાળ અજ્ઞાની છતાં પોતાને પંડિત કરી માનતા શા માટે માને છે તે કહે છે? તે અજ્ઞાની નિયતિકૃત સુખ દુઃખ અથવા અનિયતિ કૃત પુરૂષકારાદિકનું કરેલું એવું સુખ દુઃખ ને એકાંતે ભવિતવ્યતાએજ કર્યું એમ માને છે. તે કારણે તેને સુખ દુઃખાદિ કારણના અજાણ, બુદ્ધિ રહિત કહીએ. અને જૈન તો નિયતિ કૃતપણે તથા અનિયતિકૃત પણ એ બંને પ્રકારે સુખ દુઃખ માને છે એટલે સ્યાદવાદિ કહીએ. ॥ ૪ ॥

હવે તેને એવી પરૂપણાનું વિપાક દેખાડે છે. એ રીતે કોઈ એક નિયતવાદને વિષે આશ્રિત પરવાદિ છે. તે કેવા છે, તો કે પાર્શ્વસ્થ એટલે ન્યાયપક્ષ થકી બાહેર અથવા પાસથ્થા એટલે કર્મનું બંધન તેને વિષે સ્થિત એટલે વળી વળી વિવિધ પ્રગલ્ભીત એટલે અત્યંત ધિઠાથકા મુક્તિ માર્ગને વિષે પ્રવર્તે; વળી એવું કહે છે કે અમે એવી ક્રિયા કરતા થકા મુક્તિ પામીશું ! પરંતુ એ પ્રકારે તે ઉથ્થીત એટલે પોતાની ક્રિયાને વિષે પ્રવર્તતા છતાં પોતાને દુઃખથકી મુકાવનાર ન હોય એટલે મુક્તિ પામે નહીં એ નિયતવાદિ કહ્યા. ॥ ૫ ॥

હવે અજ્ઞાન વાદિના મત ઉપર દૃષ્ટાંત કહે છે. જેમ મૃગ એટલે અરણ્યના પશુ વેગવંત છતાં તે કેવા છે, તો કે પરિત્રાણ એટલે શરણે કરી વર્જિત અર્થાત તેમનો કોઇ રાખનાર નથી. એવા તે ભય વિહળ ભૂત વિવેક રહિત થકા અશંકિત સ્થાનક જે કૂટ પાશાદિક રહિત તેને શંકાનું સ્થાનક જાણે તથા જે શંકિત સ્થાનક જે વધનું કારણ તે સ્થાનકથકી શંકા પામે નહીં. ॥૬॥

વળી એહિજ કહેછે કે, તે મૃગાદિક જીવ પરિત્રાણ જે રક્ષાનું સ્થાનક જે તેથી શંકાતા અને પાસના સ્થાનકથકી અણ શંકાતા, અજાણપણે અથવા ભયે કરી, વ્યાકુળ થકા તેહીજ તેહીજ સ્થાનકે જાય જ્યાં ત્યાં પાશાદિક માંહેજ પડે. ॥ ૭ ॥

વળી એજ દ્રષ્ટાંત દીપાવે છે અથ એટલે હવે તે મૃગાદિક જીવ તે વાગુરાદિકનો જે બંધ પાશાદિકના સ્થાનકને નિચે અથવા ઉપર આક્રમિને જાય. જો એમ કરે તો તે પગના પાસથકી મુકાય એટલે છૂટો થાય પરંતુ તે અનર્થ પરિહરવાનો ઉપાય તે મંદ અજ્ઞાની ન દેખે. ॥ ૮ ॥

હવે તે ઉપાય અણ દેખતો થકો જે અવસ્થાને પામે તે કહે છે. તે મૃગ આત્માને અહિત, તથા અહિત જેનું જાણપણું

છે. એવા છતાં વિષમકૂટ પાસાદિક પ્રદેશે: આવે એટલે તે પાશ માંહે પડે. તે ત્યાં પડ્યા છતાં બંધન પામે. તથા ત્યાં તે વિનાશને દુઃખી થતા પામે. ॥ ૯ ॥

હવે એ દૃષ્ટાંત પરવાદિ સાથે મેળવે છે. એ રીતે જેમ તે મૃગ અજાણતાં થકા પાશમાંહે પડે છે, તેમ કોઇ એક શ્રમણ શાક્યાદિક દર્શની તે કેવા છે તો કે મિથ્યા દૃષ્ટી તથા અનાર્ય અજ્ઞાનપણે અનાચારના સેવનારા તે અશંકિત એવા જે રૂડાં ધર્મના અનુષ્ઠાન છે, તેને વિષે અધર્મની શંકા આણે અને જે હિંસાદિક શંકિત સ્થાનક છે, તે થકી ન શંકાય. ॥ ૧૦ ॥

વળી તે દર્શનીઓની જે વિપરીત મતિ છે તે દેખાડે છે. ક્ષાંત્યાદિક દશવિધ ધર્મસહિત પરૂપણા જેની છે. તે થકી તે અજ્ઞાની શંકાય અને કહે કે એ અધર્મની પરૂપણા છે, તથા જે આરંભાદિક પાપના કારણ છે તે થકી ન શંકાય અને તેનેજ ધર્મ કરી દેખાડે માટે તે કેવા છે. અવ્યક્ત, મુગ્ધ, વિવેક, વિકલ તથા અકોવિદ એટલે અપંડિત છે. ॥ ૧૧ ॥

હવે તેને ફળ દેખાડે છે. સર્વાત્મક તે લોભ, માન સમસ્ત, માયા, તથા ક્રોધ, એ ચાર કષાય ખપાવીને જીવ અકર્મંશિ થાય, એટલે કર્મરહિત થાય. એવો અર્થ તે મૃગની પેરે અજ્ઞાન પરવાદિ દર્શની છાંડે છે સારાંશ જે થકી જીવ મુક્તિ પામે તે અર્થ જાણતા નથી. ॥ ૧૨ ॥

વળી એનોજ દોષ દેખાડે છે. જે અજ્ઞાનવાદિ એ કર્મ ખપાવવાનો ઉપાય નથી જાણતા, તે કેવા છે, મિથ્યા દૃષ્ટી અનાર્ય એવા મૃગલાની પેરેપાશમાં બંધાણા છે. આગામિક કાળે અનંતા ઘાત એટલે મરણ પામશે; એટલે મૃગ તો એકવાર મરણ પામીનેજ છૂટે છે પરંતુ તે અજ્ઞાની અનંતે મરણે પણ છૂટશે નહીં. ॥ ૧૩ ॥

હવે જે પોતે એકવાર કહ્યું એવું જે પોતાનું કદાગ્રહ તેને

કોઇ વારે મૂકે નહીં તે ઉપર વિશેષ કહે છે.

એક બ્રાહ્મણ તથા એક શ્રમણ પરિવ્રાજક વિશેષ એ સરવે પોત પોતાનું જાણપણું રૂડું છે એમ વદે એટલે કહે છે વળી તે જુદાં જુદાં જ્ઞાન પરસ્પર માંહો માંહે વિરૂદ્ધ સંદેહ ઉપજાવે છે; તે માટે અજાણપણુંજ ભલું છે જાણપણાનું કાંઇ કામ નથી એ રીતે અજ્ઞાનવાદી કહે છે. તે માટે સર્વ લોક માંહે, જે પ્રાણીઓ છે તે કાંઇ જાણતા નથી, એટલે સર્વ સમ્યક્જ્ઞાન રહિત જાણવા. યદ્યપિ તેને કાંઇ ગુરૂ પરંપરાગત જાણપણું હોય તથાપિ તે કાંઇ પરમાર્થ જાણતા નથી, માટે તે અજ્ઞાનીજ જાણવા. ॥ ૧૪ ॥

હવે તે ઉપર દ્રષ્ટાંત કહેછે. જેમ મ્લેચ્છ આર્ય ભાષાનો અજાણ થકો અમ્લેચ્છ જે આર્ય ભાષા તેને જેમ ભાષંતાની પરે બોલે પરંતુ તે હેતુ એટલે પરમાર્થ કાંઇ જાણે નહીં, નિઃકેવલ પરમાર્થે કરી શુન્ય ભાષાને કેડે ભાષે. ॥ ૧૫ ॥

હવે એ દ્રષ્ટાંત અજ્ઞાનવાદી સાથે મેળવે છે. એ રીતે અજ્ઞાની સમ્યક્જ્ઞાન રહિત એવા શ્રમણ બ્રાહ્મણાદિક પોતપોતાના મતનું જ્ઞાન પ્રમાણ કરીને પોતપોતાનો માર્ગ કહેછે. પણ તે નિશ્ચર્યાર્થ નથી જાણતા તે મ્લેચ્છવત એટલે મ્લેચ્છની પરે અબોધિક એટલે જ્ઞાન રહીત છે. ॥ ૧૬ ॥

હવે એને દોષ દેખાડે છે. જે એમ કહે કે, અજ્ઞાનજ ભલું છે; તેને અજ્ઞાનવાદી કહીએ. તેની જે જાણવાની ઇચ્છા, તે જ્ઞાનને વિષે પોહોંચે નહીં. કારણ તે એમ વીચાર કરે છે કે અજ્ઞાનવડે અપરાધ કરનારાનો દોષ સ્વલ્પ છે, અને જાણનારને દોષ ઘણો લાગે છે. જેમ કોઇક મનુષ્ય માર્ગે જતાં જાણતો થકોજ કોઇકના મસ્તકને પગે કરીને ફરશે તો તે મહા અપરાધનો પાત્ર થાય છે. પરંતુ જો અજાણતાં ફરશે તો તે સ્વલ્પ અપરાધી છે. એ કારણ માટે અજ્ઞાન પણુંજ રૂડું છે, એવી

જેનાસાં વિચારણા છે. તે અજ્ઞાનવાદી જાણવા તે અજ્ઞાનવાદી પોતાનો આત્મા સમજવાનેજ અસમર્થ છે. તો બીજાને કુતો એટલે બીજા અજ્ઞાની જનોને સમજાવવાને ક્યાંથી સમર્થ થાય? અર્થાત નજ થાય. ॥ ૧૭ ॥

હવે એજ અર્થ દ્રષ્ટાંતે કરી દીખાવે છે. વન એટલે અટવીને વિષે, જેમ કોઇક દિશિમૂઢ જીવ તે દિશિને જાણવા અસમર્થ થકો અનેરા દિશિમૂઢને આગેવાન કરીને તેની પાછળ ચાલે તે સમયે તે બન્ને જણ, તે માર્ગના અજાણ થકા તીવ્ર ગહનમાંહે પડે અર્થાત મહાદુઃખ પામે. ॥ ૧૮ ॥

વળી બીજું દ્રષ્ટાંત કહેછે. જેમ કોઇ એક પોતે અંધ છતાં અનેરા અંધને માર્ગે લેઇ જતો થકો ઘણે દૂર જઇને તે અંધ ઉન્માર્ગે પડે; અથવા અનેરે પંથે જાય પણ વાંછિત માર્ગે ન જાય એટલે પોતે ઉન્માર્ગે પડતાં પાછલાને પણ ઉન્માર્ગે પાડે. ॥ ૧૯ ॥

હવે એ દ્રષ્ટાંત અજ્ઞાનવાદી સાથે મેળવે છે. એ અજાણના અંધની પેઠે ભાવમૂઢ એવા કોઇ એક પરદર્શની મોક્ષના અર્થી અમે ધર્મના આરાધક છીયે એમ કહી પ્રવ્રજ્યાને લઇને અનેક છકાયનું મર્દન કરતા થકા, અથવા અનેરાને છકાયના આરંભની ઉપદેશ કરતા થકા. અધર્મજ આચરે. પરંતુ તે સર્વ પ્રકારે રજુ એટલે સરળ એવો માર્ગ ન પામે. એટલે તે મોક્ષને અર્થે યત્ન કરે પરંતુ મોક્ષનો માર્ગ ન પામે. ॥ ૨૦ ॥

વળી અધિકાર કહે છે. એ રીતે કોઇ એક અજ્ઞાની પરવાદી વિતર્કે કરી. પોતાની કલ્પિત કલ્પનાએ અસત્યને સત્ય કરી માનતાથકા અનેરા સાચા હોય તો પણ તેને પર્યુપાસે નહીં. એટલે સેવે નહીં. કીંતુ પોતાના વિતર્કે કરી એવું કહેજે એ અમારો માર્ગજ રુજુ એટલે સરલ અકુટીલ છે, ઇત્યાદિક કહે છે.

તે માટે તે દુર્મતી વિપરીત બુદ્ધિવાળા છે. કેમકે તે સન્માર્ગથી ઉપરાંઠા વર્તે છે. અને વિપરીત માર્ગને સન્મુખ છે. તેથી તે વિપરીત બુદ્ધિવાળા જાણવા. ॥ ૨૧ ॥

હવે જ્ઞાનવાદી તે, અજ્ઞાનવાદીનો અનર્થ પ્રગટ દેખાડેછે. એ પૂર્વોક્ત ન્યાયેતર્કે કરી એટલે પોતાની કલ્પનાયેં મોક્ષમાર્ગને કહેતાંથકા અષ્ટ પ્રકારે જે કર્મનો બંધ તેને ત્રોડી ન શકે, તે કેવા છે. તોકે ધર્મજે ક્ષાંત્યાદિક દશવિધ અને અધર્મ જે હિંસાદિક પાંચ આશ્રવ તેને વિષે અકોવિંદ એટલે અજાણછે અર્થાત તે ધર્મ અધર્મને જાણતા નથી. તે પોતાના દુઃખને શી રીતે ત્રોડે? તે ઉપર દૃષ્ટાંત કહે છે. તે જેમ શકુની એટલે પક્ષી તે પાંજરમાંહે પડયું થકું પાંજરાને તોડીને પોતાને મુકાવી શકે નહી. તેમ એ અજ્ઞાનવાદી પણ પોતાને સંસાર પંજર થકી મુકાવી શકે નહી, એમ જાણવું. ॥ ૨૨ ॥

હવે સામાન્યાકારે એકાંત મતિને દૂષણ કરે છે. સર્વ દર્શની પોત પોતાનું દર્શન પ્રશંસતાં અને પારકા વચનને નિંદતાં જે ત્યાં એ રીતે પોતાનું વિદ્વાંસ એટલે પંડિતપણું દેખાડે છે. તે એવાં વચનના બોલનાર ચતુર્ગતિ સંસાર માંહે વિશેષે બાંધ્યા છતાં અનંતો કાળ ત્યાંજ રહે. ॥ ૨૩ ॥

એ અજ્ઞાનવાદી કહ્યા. હવે ક્રિયાવાદીનો મત કહે છે. અથ એટલે હવે અપર એટલે અજ્ઞાનવાદીના મતથકી અનંતર પૂર્વે કહ્યું. એવું ક્રિયાવાદીનું દર્શન તે, ક્રિયાવાદી કેવા છે, કર્મ ચિંતા પ્રનષ્ટ એટલે કર્મ જે જ્ઞાના વરણીયાદિક તેને વિષે ચિંતા એટલે આલોચવું તેથકી પ્રનષ્ટ થએલા એટલે તે કર્મબંધનો પરમાર્થ જાણે નહીં તેથી તેનું દર્શન નિઃકેવલ સંસારનું વધારનાર જાણવું. ॥ ૨૪ ॥

જે કારણે તે કર્મ ચિંતા થકિ પ્રનષ્ટ છે, તે ઉપર દેખાડે

છે. જે પુરૂષ જાણતોથકો પ્રાણીઓને હણે એટલે જે પુરૂષ ક્રોધે ચડ્યો થકો મનને વ્યાપારે પ્રાણીનો ઘાત કરે પરંતુ કાયાએ કરી અનાકુટ્ટી એટલે કાયાએ કરી પ્રાણીના અવયવના છેદન ભેદનના વ્યાપારે પ્રવર્તે નહીં તેને કર્મ બંધ ન લાગે. તથા જે પુરૂષ અજાણતોથકો એકલી કાયાના વ્યાપારેજ, પ્રાણીયોની હિંસા કરે તેને પણ કર્મ લાગે નહી, તથા એવા એકલા મનના વ્યાપારે અથવા એકલા કાયાના વ્યાપારે જો કર્મ લાગે તો સ્પર્શમાત્ર ફરસ્યોથકો સ્પર્શ રૂપેજ કર્મ ભોગવે, પરંતુ એનો અધિક વિપાક નથી. કેમકે નિશ્ચે તે સાવધ્ય એટલે પાપ તે કેવું છે, તો કે અવ્યક્ત માત્ર છે એટલે અ સ્પષ્ટ છે. સિક્તા મુષ્ટિવત્ છે એટલે જેમ વેળુની મુઠી ભીંતને સન્મુખ નાંખી છતાં સ્પર્શ માત્ર કરી પાછી પડે, પણ તે ભીંતને કાંઇ લાગી રહે નહીં. તેમ એ કર્મનો બંધ જાણવો, એમ ક્રિયાવાદી કહેછે. ॥ ૨૫ ॥

હવે કર્મનો બંધ પુરૂષ કેમ થાય એટલે કર્મનો ઉપચય કેમ થાય તે કહેછે. એ ત્રણ આદાન એટલે કર્મ બંધનનાં કારણ છે. જેણે કરી પાપ કરીયેં તે દેખાડે છે. અભિમુખ ચિત્તમાંહે જાણીને જે સ્વયમેવ એટલે પોતે જીવને હણે તથા તેને હણવાનું મન કરે કે, હું એનો વિનાશ કરૂં એ પહેલું કર્મ બંધનનું કારણ જાણવું. તથા તે જીવનો વિનાશ કરવાને અર્થે અન્યને આદેશ આપી તેનો વિનાશ કરાવે, એ બીજું કર્મ બંધનું કારણ જાણવું. અને બીજો કોઇ જીવનો વિનાશ કરતો હોય તેને મને કરી અનુમોદે, એ ત્રીજું કર્મબંધનું કારણ જાણવું. ॥ ૨૬ ॥

હવે એ ત્રણ કારણે કરી ઉપાર્જ્યું કર્મ અધિક બંધાય તે કહે છે. નિશ્ચે પૂર્વોક્ત એ ત્રણ કર્મ બંધનાં કારણ છે; એ ત્રણ એકઠાં મળે તો નિવડ કર્મ બંધાય એ રીતે જે દુષ્ટ અધ્યવસાયે કરી પાપ ઉપચય રૂપ કરે. એ રીતે એ ત્રણ પ્રકારે પ્રાણી પા-

તને વિષે પ્રવર્ત્તે નહીં અને ભાવની વિશુદ્ધિ હોય. એતાવતા રાગદ્વેષ વિના યદ્યપિ કાંઇ મને કરી તથા કાયાયે કરી પ્રાણિઘાત થાય. તોપણ તેને ભાવની વિશુદ્ધિયેં કર્મ બંધ ન લાગે તે કર્મ બંધને અભાવે નિર્વાણપદ પહોંચે. એટલે મુકિત પામે એમ પરવાદી કહે છે. ॥ ૨૭ ॥

એ ઉપર દૃષ્ટાંત કહે છે. બાપ દીકરાનો વિનાશ કરી તેનો માંસ આહારને અર્થે કોઇ એક આપત્કાલને વિષે, અસંયત જે ગ્રહસ્થ તે રાગદ્વેશ રહિત થકો પુત્રના માંસને આહારે તથા પંડિત પણ એટલે સંયતી દીક્ષિત તે પણ તે માંસનો આહાર કરતો થકો જો શુદ્દય અધ્ય વસાય છે. તો કર્મ લેપાતો નથી તેમ બીજો પ્રાણીપણ રાગદ્વેશ રહિત કર્તા થકો કર્મ કરી બંધાતો નથી. ॥ ૨૮ ॥

હવે એને ઉત્તર કહે છે. જે કોઇ પુરૂષ કોઇક કારણ ઉપન્ન થયા થકો મને કરો દ્વેષ કરે, તેનું ચિત્ત શુદ્ધ કેવી રીતે થશે? અર્થાત્ નહીં થશે; કારણ કે તે દર્શનીયે એમ કહ્યું કે, એકલા મનના વ્યાપાર થકી કર્મ ન લાગે. તે એવું તેનુ બોલવું મિથ્યા છે. જે માટે તે એકલે મનને અશુદ્ધપણે તે સંવૃતચારી નહીં એટલે સંબુદ્ધચારી થકો સંવરમાં પ્રવર્ત્તનાર નથી. કેમકે કર્મ બંધની વેળાયે મુખ્ય કારણ તો મનજ છે. માટે જો તેને વ્યાપારેજ કર્મ બંધન થાય, તો પછી બીજા કયા કારણે કર્મ બંધ થાય? તે માટે પુત્ર પિતા એ દ્રષ્ટાંત યોગ્ય નથી. ॥ ૨૯ ॥

હવે એ ક્રિયાવાદીને અનર્થે પરંપરા દેખાડે છે. ઇત્યાદિક એ પૂર્વોકત એવી જ્ઞાનદ્રષ્ટીના અંગીકારે કરીને તે વાદી સાતાગારવે નિશ્ચિત એટલે આસકત અર્થાત્ સુખ શીલીયા એવા થકા, તે ક્રિયાના કરનાર જેવો સંદોષ નિરદોષ આહાર પામે તેના ભોગવનાર એવા છતાં તે પોતાનુંજ દર્શન સંસાર થકી

ઉદ્ધરવા સમર્થ છે. એવું માનતા થકા, તે વિપરિત અનુષ્ઠાને કરી હિંસાદીક પાપજ સેવે છે. તે માટે યદ્યપિ તે વ્રત ધારી છે, તથાપિ તે અનેરા પામર લોક તેના સરખા જાણવો. ॥ ૩૦ ॥

એહિજ અર્થ દ્રષ્ટાંતતે કહે છે. જેમ છિદ્ર સહિત નાવ તેને વિષે જાતિ અંધ એટલે જન્માંધ પુરૂષ ચડીને પાર પામવા વાંછે પરંતુ પાર પામે નહી, કિંતુ અંતરાળે એટલે વચમાંહિજ બુડી જાય. ॥ ૩૧ ॥

હવે એ દ્રષ્ટાંત દર્શનીઓ સાથે મેળવે છે. જેમ સચ્છિદ્ર નાવે ચડયો થકો અંધપુરૂષ પાર પોહોંચે નહીં, તેની પેરે કોઇએક શાક્યાદિક શ્રમણ તે મિથ્યા દ્રષ્ટી એટલે જીન પ્રણીત ધર્મ થકી વિપરીતદ્રષ્ટિ તથા અનારિયા એટલે અનાચારી તે પોતાના દર્શનને અનુરાગે સંસારનો પાર પામવાને વાંછેછે. પરંતુ તે સંસાર માંહિજ પરાવર્તન ધચન ઘોલન ઇત્યાદિક અનંતકાળ સુધી પામે. ॥ ૩૨ ॥

એમ શ્રી મહાવીર દેવે કહ્યું તેમ હું પણ તુજને કહુંછું. એ રીતે શ્રી સુધર્મા સ્વામીયે પોતાના શિષ્ય જંબુ સ્વામિ પ્રત્યે કહ્યું.

## प्रथम अध्ययने बीजो उद्देसो समाप्तः

## ઇતી પ્રથમ અધ્યાને ત્રીજો ઉદ્દેશો પ્રારંભીએ છીએ.

પાછળના ઉદ્દેશે સ્વસમય પરસમય પરૂપણા કરી, અને અહીં પણ તેહિજ કહે છે. જે કાંઇ અલ્પ અથવા ઘણો આહાર પાણી પુતીકર્મ એટલે આધાકર્મીના એક કણ સહિત એવા આહાર પાણી શ્રદ્ધાવંત ગૃહસ્થે ભક્તિયે કરી અનેરા આવનારના ઉદ્દેશે કરી નીપજાવ્યો છે. તેજ આહાર કદાચિત (સહસ્રાંતરિત) એટલે એકે બીજાને દીધો. બીજે ત્રીજાને દીધો, ત્રીજે ચોથાને દીધો, એવી રીતે સહસ્રાંતરિતપણે તે સદોષ આહાર જે ભ-

ક્ષણ કરેતે, નિશ્ચે દ્વિપક્ષ એટલે ગૃહસ્થ અને પ્રવ્રજીતનો પક્ષ સેવે એટલે તે લીંગેતો પ્રવર્જિત દેખાય છે, પણ સદોષ આહારના લેવા થકી ગ્રહસ્થ સરખો જાણવો.

यउक्तं अहाकम्मं भुंजमाणे, समणे कइकम्म पयडिओ बधइ? गोयमा ! अठकम्म पयडिओ वंधइ सिढिल वंधण बद्धाओ थणिय वंधण बधाओ करेत्ति ॥

ઇત્યાદિ વચનાત્ એ કારણે પરતીર્થી અથવા સ્વતીર્થી આધાકર્માદિક આહાર લેતા થકા દ્વિપક્ષના શેવનાર જાણવા. ॥ ૧ ॥

હવે એને એવો આહાર લેતાં થકાં જે વિપાક ઉપજે તે દેખાડે છે. તે દર્શની તે આધાકર્મી આહારનો દોષ અજાણતાં તથા વિષમ જે અષ્ટ પ્રકારના કર્મનો બંધ અથવા ચતુર્ગતિક સંસારને વિષે અપંડીત છે. એટલે તે એમ નથી. જાણતા કે જીવને કર્મનો બંધ અથવા મોક્ષ કેમ થાય! અથવા કેવા ઉપાય થકી સંસાર સમુદ્ર તરે એવા પરમાર્થ તે જાણતા નથી એવા છતાં સંસરમાંહે કર્મપાસે બંધાણા થકા દુઃખી થાય છે. અહિયાં દ્રષ્ટાંત કહે છે. જેમ માછલાં સમુદ્રના ઉપના, અથવા વિશાલ જાતના ઉપના, અથવા વિશાલ એટલે બૃહત્કાય એટલે મોહોટા શરીરવાળાએ વા મહામચ્છ તે પાણીના આગમે એટલે સમુદ્રની વેલ, પ્રસાર પામી છતે. ॥ ૨ ॥

ઉદકને પ્રભાવે એટલે પાણીને પુરે, સમુદ્ર થકી નીકળીને નદીના મુખમાં આવી પડે ત્યારપછી તે પાણી સુકે છતે, તે મચ્છ સરીરને સ્થુલપણે કાદવમાંહે ખૂતા થકા મરણ પામે. તે કેવી રીતે, તો કે ઢંક અને કંક એ જાતિના પક્ષી વિશેષ અને બીજાપણ માંસના લોભીષ્ટ એવા મચ્છીમારોએ વિલુપ્યમાન

એવાં તે દુઃખ પામે છે એટલે તે જીવતા મચ્છોને વિલુરી નાંખે, છેદી નાખે, કીં બહુના પ્રાણથકી મુકાવે. એ રીતે દુઃખ પામે.॥૩॥

એ દ્રષ્ટાંત દર્શનીઓ સાથે મેળવે છે. એ પૂર્વોક્ત ન્યાયે માંછલાની પેરે એક શાક્યાદિ શ્રમણ અથવા સ્વતીર્થી દ્રવ્યલિંગી તે કેવા છે, તો કે વરતમાન સુખ જે આધાકર્મીક આહાર ભોજન સુખ તેના ગવેષણહાર પરલોકના સુખથી પરાઙમુખ વૈશાલિક મચ્છની પરે આગામીક કાલે અરહટ ઘટ્ટીકાને ન્યાયે સંસારમાંહે અનંતા ઉન્મજન નિમજન સરખા જન્મ મરણ પામે સંસારના પારગામી ન થાય. ॥ ૪ ॥

હવે અનેરા અજ્ઞાનીનું મત દેખાડે છે. એ પુર્વે કહો જે સદાષ આહાર લઇને સુખ માને તેનાથી વળી અન્ય અજ્ઞાનીનું મત દેખાડે છે. અહીંઆ કોઇ એકને મતે પણ સર્વેને મતે નહીં એટલે કોઇક અજાની એમ કહે છે. કે આ લોક જે ચરાચર સંસાર છે. તે દેવે નીપજાવેલો છે. જેમ કરસણી બીજ વાવીને કરસણ નીપજાવે છે તે સરખો જાણવો. તથા વળી બીજા એમ કહે છે કે, એ લોક બ્રહ્મદેવે નીપજાવ્યો છે (બ્રહ્મા જગત્પિતામહ) ઇતિ વચનાત્. ॥ ૫ ॥

વળી કોઇએક એમ કહેછે કે, એ લોક ઇશ્વરે કરેલો છે. તથા આવરે એટલે બીજા વળી એમ કહેછે કે, પ્રધાન એટલે સત્વ, રજો અને તમોગુણની જે સમ અવસ્થા તે પ્રકૃતિ કહીએ. તેણે એ લોક કરેલો છે. બીજા એમ કહે છે કે મોરનિ પાંખ કોણે ચીતરી? સેલડી મિષ્ટ કોણે કીધી ? વળી કાંટા તીખા કોણે કીધા ? લીંબ કડવો કોણે કર્યા તથા લસન દુર્ગંધમય. કમલ સુગંધમય એ સર્વ સ્વભાવેજ નીપનાં છે. તેમ લોક પણ સ્વભાવે નિષ્પન્ન છે. તે લોક કેવાં છે. તો કે જીવ અજીવ સહિત તથા સુખ દુઃખ સહિત છે. ॥ ૬ ॥

એક કહેછે કે, એ લોક સ્વયંભુ એટલે વિસ્તુ તેણે નીપજાવ્યો. અથવા તે વિસ્તુ પેહેલો એકજ હતો તેણે જગત નીપજાવવાની ચિંતા કરી ત્યારે બીજી શકિત નીપની, ત્યાર પછી જગતની સૃષ્ટી નિષ્પન્ન થઇ. એવું મહર્ષિએ કહ્યું છે. ત્યાર પછી. સ્વયંભુએ લોક નીપજાવીને એવું ચિંતવ્યું જે એટલે, જગત સૃષ્ટીનો સમાસ ક્યાં થશે? તે વારે માર એટલે યમ નીપજાવ્યો. પછી તેણે મારે માયા નીપજાવી તે થકી એ લોક મરે છે. તે કારણ માટે એ લોક અશાશ્વતો છે. ॥ ૭ ॥

વલી તેહિજ કહે છે એક બ્રાહ્મણ તથા એક શ્રમણ જે ત્રિદંડી પ્રમુખ તે એમ કહેછે કે, એ સચરાચર જગત તે અંડથકી નિપનું છે; તે એમ કહેછે કે જે વારે જગતમાં કાંઇ વસ્તુ ન હતી સર્વ પદાર્થ સૂન્ય સંસાર હતો તે વારે બ્રહ્માયે પાણીમાંહે ઇંડું સરજ્યું, પછી તે ઇંડું વધ્યું તે વારે તે ભાંગીને બે ખંડ થયા; તે માંહે થકી અધોલોક અને ઊર્ધ્વલોક નીપન્યા તેમાં સમસ્ત પ્રજા ઉત્પન્ન થઇ. એવા અનુક્રમે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, સમુદ્ર, નદી, પર્વત, ગામ આગર, નગર, ઇત્યાદિક સર્વ સ્થિતિ ઉત્પન્ન થઇ; એ કારણે એ બ્રહ્માયે એ સર્વ તત્વ એટલે પદાર્થ તે કીધા. એ રીતે તે બ્રાહ્મણાદિક પરમાર્થને અજાણતા થકા મૃષા બોલે છે. ॥ ૮ ॥

હવે ગ્રંથકાર એનો ઉત્તર કહે છે. એ રીતે પૂર્વે જે દર્શની કહ્યા તે, પોત પોતાના પર્યાયેં કરી એટલે પોત પોતાની કલ્પનાએ એમ કહેજે, એ લોક અમુક અમુક પ્રકારે કીધો છે. પરંતુ તે તત્વ કાંઇ જાણતા નથી. એ લોકતો કદાપિ કાલે વિનાશ પામે નહીં, એની આદિપણ નથી અને અંત પણ નથી, તેથી એનો કર્ત્તા કોઈ નથી, એવો પરમાર્થ તે જાણતા નથી; પણ અજાણ થકા ફાવે તેમ બોલે છે. ॥ ૯ ॥

હવે એવાં વચનના બોલનારને ફલ દેખાડે છે. તે દર્શની વિરૂઓ અનુષ્ઠાન અનાચાર તેથી જેની ઉત્પત્તિ છે. તે કેવું તો કે, હિંસાદિક વિરૂઊ અનુષ્ઠાન તેમાં જે પ્રવર્તશે તે દુઃખી થાશે એવું જાણવું જોઇએ. તે એવા દુઃખની ઉત્પત્તિનાં કારણોને ન જાણે પરંતુ તે અજાણ બાપડા સંવરપણુ જે દુઃખ નિવારણનું કારણ છે, તેને કેવી રીતે જાણી શકશે? એતાવતા અતિ યત્ન કરતાં પણ દુઃખનો ઉચ્છેદ ન પામે. કિંતુ સંસાર માંહે અનંતો કાળ રહેશે. ॥ ૧૦ ॥

હવે પ્રકારાંતરે દર્શનીનું મત દેખાડે છે વળી કોઇક, ત્રૈરાશીક ગોશાલા મતાનુ સારી તે એમ કહે છે કે, આત્મા તે મનુષ્યને ભવેજ શુદ્ધ થાય. પાપરહિત થાય એટલે સર્વ કર્મ ક્ષય કરિ મોક્ષે જાય, વળી તેહજ આત્મા ત્યાં મોક્ષને વિષે છતો ક્રીડા પ્રદોષે કરી એટલે રાગ દ્વેષને વશે કરી અપરાધ કરે એટલે કર્મ રૂજે કરી અશુદ્ધ થાય. એટલે શું કહ્યું? કે તે મુક્તિ છતાં જીવને પોતાના સાસનની પુજા જાણી, અને અન્ય સાસનનો પરાભવ જાણી, પોતાને રાગ ઉપજાવે. તથા પોતાના સાસનનો વ્યાઘાત દેખી દ્વેષ ઉપજે એ કારણ માટે આત્મા નિર્મલ છતો ઉજવલ વસ્ત્રની પરેશનૈઃ શનૈઃ મલીન થાય. એ પ્રકારે તે આત્મા વળી સંસારમાંહિ અવતરે એવું જે ત્રૈરાશિક કહે છે; તે જીવની ત્રણ રાશી સ્થાપે છે. પ્રથમ આત્મા સકર્મક. પછી વળી અકર્મક થઇને મુક્તિમાં જાય, એ બીજી રાશી. અને ત્યાં મુક્તિને વિષે વળી કર્મ ઉપાર્જી સંસારમાંહે આવે એ ત્રીજી રાશી. ॥ ૧૧ ॥

અહીં મુક્તિ થકી આવી મનુષ્યના ભવમાં ઉપજીને મુની એટલે યમ નિયમ. આદરી. સંવુડે એટલે સંવર આદરી. પછી પાપ રહિત નિર્મળ થાય. એના ઉપર દ્રષ્ટાંત કહે છે, જેમ,

વિકટાંબુ એટલે પાણી તેહની પેરે જાણવું. જેમ નિમળ પાણી હોય તે રજાદિકને સંયોગે રજસહિત એટલે મલીન થાય, ફરી તે પાણી નિર્મળ પણ થાય; તેમ એ આત્મા પણ જાણીલેવો. ॥૧૨॥

હવે એ મતને દુષવે છે. એ પૂર્વોક્ત વાદિયોના વચન અસમંજસ ચિંતવી આલોચીને, પંડિત જે હોય તે મનમાં એવી રીતે અવધારે તે કહે છે.એ ત્રેરાશિક તથા અનેરા દર્શની બ્રહ્મચારીને વિષે ન વસે એટલે સૂધો સંયમ ન પાળે, જે કારણ માટે તે સમ્યક્ જ્ઞાન રહિત થકા અકર્મકને સકર્મક કહે છે, તે માટે તે અજ્ઞાની છે. તથા એ સર્વે જુદા જુદા પ્રાદુક એટલે પ્રદર્શની પોત પોતાનું દર્શન રૂડું કરી વખાણે છે. ॥ ૧૩ ॥

વળી તેહીજ દર્શનીનું મત કહે છે. તે પોત પોતાના દર્શનને વિષે પોત પોતાનું અનુષ્ટાન જે દિક્ષા, ગુરૂચરણ, શુ શ્રુષાદિક તેહીજ સિદ્ધીનું કારણ છે, પણ અનેરા દર્શન થકી, અનેરા અનુષ્ટાન થકી મુક્તિ ન પામીયે. તે એમ કહે છે કે, હમારા દર્શન થકી એહીજ જન્મમાં યાવત આત્મપ્રવર્તી થકો એટલે સમસ્ત ઇંદ્રિનો જીપનાર એવો થકો સર્વ કામ એટલે જે જે કામભોગની પ્રાર્થના તથા વાંછના કરે તે પામે. ॥ ૧૪ ॥

હવે પરભવે જે ગતિ થાય તે કહે છે. તે જીવ અમારા દર્શનેપ્રવર્ત્તતા શરીર ત્યાગ કરી, વિશિષ્ટ સમાધિને યોગે સિદ્ધ થાય. તે સિદ્ધ કેવા ? તોકે, રોગ રહિત એટલે શરીરનાં દુઃખ થકી રહિત છે. એ રીતે એહિજ લોકને વિષે એકેક કોઈ શિવને મતે એમ ભાખ્યું એટલે કહ્યું. તે દર્શનની પોત પોતાને અનુષ્ઠાને સિદ્ધીનેજ આગળ કરી આપણા અભિપ્રાયને વિષે ગૃધ છતા અનેક હેતુ યુક્તિ કહે, તે કોની પરેં ? તોકે, પામર નરની પેરે જેમ તે અજાણ મનુષ્ય પોતાના મતનું કદાગ્રહ ન ત્યાગે, તેમ તેં દર્શનીઓ પણ જે કાંઈ પોતાના મતનું અનુષ્ટાન તે સર્વ સુ-

હિતનું કારણ છે એમ કહે. ॥ ૧૫ ॥

હવે એવું કહેનારને ફળ દેખાડે છે. તે પાખંડી દર્શની સંવર રહિત, અસંયમસહિત, એવી રીતે મુગ્ધ લોકને વિપ્રતારણ હાર અનાદિ સંસાર માંહે પરિભ્રમણ કરતાં, વળી વળી નરકાદિની પીડા પામશે. કદાચિત તે બાલતપને પ્રભાવે સ્વર્ગાદિક ગતિ પામે; તોપણ કેવી પામે તો કે, ઘણા કાળ સુધી સ્થાનક જે અસુર કુમારાદિકના સ્થાનક તેને વિષે અથવા કિલ્બીષીયાદિક અધર્મ સ્થાનક ત્યાં ઉત્પન્ન થયાં છતાં દુઃખજ પામે.તીજેગી ॥૧૬॥

પૂર્વત ઇતિ પ્રથમાધ્યનસ્ય તૃતીયોદ્દેશકઃ સમાસઃ

## ॥ અથ પ્રથમાધ્યયને ચતુર્થ ઉદ્દેશક પ્રારભ્યતે. ॥

હવે ચોથો ઉદ્દેશક પ્રારંભિયે છીયે ત્રીજે ઉદ્દેશે પરતિર્થીની વક્તવ્યતા કહી હવે અહીં પણ તેહિજ કહે છે. તે દરશની જે પૂર્વે કહ્યાં તે પંચભૂતિક તજીવતચ્છરીરવાદી તથા ગોશાલકમતાનુસારી ત્રૈરાશિક એ સર્વને કોણે છત્યા ? તે કહે છેઃ— રાગ, દ્વેષ, પરિગ્રહ, ઉપસર્ગ તથા શબ્દાદિક વિષય પ્રબળ મોહરૂપ વૈરીએ છત્યા, તે કારણે શિષ્યને આમંત્રણે અહો શિષ્ય! એ વચન તું સત્ય કરીને સદહે. એ પરતીર્થીક કોઈ છવને શરણ ન થાય, એટલે સંસારમાંહે પડતાં પ્રાણીને ઉદ્ધરી ન શકે. કેમકે, જે કારણે તે બાલ અજ્ઞાની છતાં આત્માને પંડિત કરી માનતા અજ્ઞાને લાગ્યા સદાય. પોતે ઉન્માર્ગે પડતાં બીજાને ઉન્માર્ગે પાડે છે, કેમકે તેની આચરણાદિરૂપ વિરૂદ્ધ દેખાય છેઃ તે ગાથાના ઉત્તરાર્ધવડે દેખાય છે. પૂર્વ સંયોગ એટલે પૂર્વે ધન્ય ધાન્ય અને સ્વજનાદિક સંયોગ છાંડીને ••ગમે નિઃસંગ પ્રવર્જિત હોયેઃ એમ કહે; પરંતુ તે વળી બંધાણા એટલે પરિગ્રહ આરંભને વિષે આસક્ત એવા છતાં ગૃહસ્થજ છે.

કેમકે તે ગૃહસ્થનાં કૃત્ય જે પચન તથા પાચનાદિક છકકાય હિંસાનો વ્યાપાર તેનો જે ઉપદેશ તેને વિષે પ્રવર્તે. તે કારણે પ્રવર્જિત છતાં ગૃહસ્થોનાં કરતવ્ય થકી વેગળા નથી. અર્થાત " જેવા ગૃહી તેવા દર્શની " એ કારણે કોઇનો ઉદ્ધાર ન કરી શકે. ॥૧॥

એવા દર્શનીઓ દેખીને ચારિત્રિયાયે જે કરવું તે દેખાડે છે. તે પાખંડી લોક વિપરીત ઉપદેશ દેવાને પ્રવર્ત્તતાં તેને સમ્યક્ પ્રકારે જાણીને જેમ એ દર્શની બાપડા મિથ્થાત્વ વ્યાપારે વિવેકસૂન્ય, પોતે પોતાનેજ અહિતકારી દીશે છે. તો અન્ય જીવને હિતકર્ત્તા ક્યાંથી થશે? એવું આલોચીને ભિક્ષુ જે ચારિત્રીઓ પરમાર્થનો જાણ તે દર્શનીઓને વિષે મૂર્છાય નહીં અથ તે પ્રત્યે સંબંધ પણ ન કરે. ત્યારે શુંકરે, તે અર્થ ગાથાના ઉતરાર્ધવડે દેખાય છે. તે ઉત્કર્ષ રહિત આઠ મદનો ટાળનાર, અપ્રલીન એટલે અસંબંધ ગ્રહસ્થ તથા પાસથાદિકને વિષે સંસર્ગ અણ કરતો તે ભણી, મધ્યમ ભાવે રાગ દ્વેશ રહિત છતો મુની એટલે જે સાધુ તે પોતાને પ્રવર્ત્તાવે, એટલે શું કહ્યું? તો કે, કદાચિત પરતીર્થીક અથવા પાસથ્થાદિક સંઘાતે સબંધ મલે તો મદ ન કરવો ને તેની પ્રશંસા તથા નિંદા અણકરતો રાગ દ્વેષ રહિત વર્તે, એ પ્રકારે કરી સંયમ જે પાળે તેજ સાધુ જાણવો. ॥ ૨ ॥

હવે જે કારણે પરતીર્થિકને વિરૂદ્ધાચારી કહ્યા તે કારણ દેખાડે છે—તે ધન્યધાન્યાદિક દ્વિપદ ચતુષ્પદાદિક સહિત, તેને અભાવે શરીર ઉપકરણાદીકને વીષે મૂર્છા રાખે છે તેહીજ પરીગ્રહ કહીએ, અને જીવ ઘાતને વીષે પ્રવર્તમાન, તેહને અભાવે ઉદ્દેશાદિકના ભોગવનાર છે. માટે આરંભી કહિયે. એવા છતાં મોક્ષ માર્ગ સાધે તે દેખાડે છે. તે ઇહ પરલોકને ચિંતવે, એક

દર્શનીને મતે એમ કહ્યું , કે, એ તપસ્યાદિક તથા મુંડ મુંડનાદિક ક્રિયા કરે તે વ્યર્થ છે. કિંતુ જે ગુરૂ ભક્તીને પ્રસાદે એક પરમ અક્ષર લાભે તેથી જીવને મોક્ષ થાય. બીજો જે કાંઇ કાય ક્લેશ કરે તે સર્વ અપ્રમાણ છે. એમ જે કહે તે સાધુ પદવી ન પામે. તે તારવાને સમર્થ નહીં હોવાને લીધે૦ જે તારવાને સમર્થ એવો સાધુ હોય, તે આગળ અર્દ્ધ ગાથાએ દેખાડે છે. જે કિંચિત્ માત્ર પરિગ્રહ રહિત હોય એક ધર્મોપકરણ ટાળી અને તેના ઉપર પણ મમતાને અભાવે પરિગ્રહ ઉપર સ્વલ્પ માત્રે ન રાચે. તથા સર્વથા પ્રકારે છક્કાયના આરંભરહિત એવા ભિક્ષુ પોતાને અને બીજાને ત્રણ શરણ હોય. એટલે સંસાર સમુદ્ર માંહેથી પોતે પણ પ્રવહણનીપરે તરે અને બીજા પણ સંસારસમુદ્રમાં બુડતા જીવને પ્રવહણની પેઠે તારનાર હોય એ રીતે સાધુ ઉદ્દેશાદિક આહાર વર્જતો સંયમ પાળે. ॥ ૩ ॥

હવે ચારિત્રિઓ આરંભને પરિગ્રહ ટાળી કેમ પ્રવર્તે તે કહે છે. તે ગ્રહસ્થે પોતાને અર્થે જે ભાત પાણી કીધાં છે તેને વિષે સોળ જાતના ઉદ્દગમ દોષ રહિત આહાર ગવેષે. તે પંડિત નિઃકેવલ નિર્જરા નિમિતે જે આહાર દાતારે દીધો. તેના ધાત્રાદિક સોલે ઉત્પાદન દોષ તેની એષણાને વિષે વિચરે. અને સંકિતાદિ દશ એષણાના દોષ જાણવા. અર્થાત્ બેતાલીશ દોષ વિશુદ્ધ આહાર લે એમ કહ્યું તથા તે અમૂર્છિત થકો આહારે એટલે પાંચ માંડલિના દોષ ટાળે. આહારને વિષે રાગ દ્વેષ રહિત, એવો છતો બીજાનું અપમાન વર્જે: એટલે અનેરાનો કરેલો પરાભવ અહિયાસે. ॥ ૪ ॥

હવે વલી પરવાદી મિશ્રિત વચન કહે છે.–પાખંડી લોક તેનો વાદ પોતપોતાને મતે કલ્પિત જે સ્વરૂપતે સાંભળે, સાંભળીને હૃદયામાં ધરે. જિનમતિથી કહ્યું ખોટું. જાણી પરહરે તે

લોક વાદ દેખાડે છે. તે એ જગતને વિષે, એકેક વાદીને મતે, કહ્યું છે. તે કેવું તો કે, વિપરીત પ્રજ્ઞાતત્વ થકી ઉપરાંત બુદ્ધિ, તેહ થકી ઉપન્યો તથા તે અનેરા અવિવેકીનું જે ભાખ્યું તેને અનુસારે વળી તેવુંજ પ્રવર્તવું એવો લોક વાદ સાંભળી હેયે ધારે છે. ॥ ૫ ॥

હવે તે વિપરિત બુદ્ધિ રચિત લોકવાદ દેખાડે છે.—તે લોક અનંત તથા નિત્ય છે. એટલે શું કહ્યું ? કે જે આ ભવમાં પુરૂષ છે અથવા સ્ત્રી છે, તે આગમિક ભવે પણ તેવોજ પુરૂષ તથા સ્ત્રીને રૂપે છે. એટલે સ્ત્રી તે સ્ત્રી ને પુરૂષ તે પુરૂષ છે. તે માટે લોક નિત્ય છે. વળી એ લોક સાસ્વતો છે. તે વણસે નહિ તે અંતસહિત છે, એટલે સપ્તદ્વીપ તથા સપ્ત સમુદ્ર સહિત એટલો લોક છે. એથી ન્યુન અધિક નથી; એ કારણે લોકનો અંત છે. અને લોક નિત્ય છે. સ્ત્રી તે સ્ત્રી અને પુરૂષ તે પુરૂષ રૂપજ છે. તે માટે એ રીતે, અમારા જે વ્યાસાદિક ધીરપુરૂષ અનેક ગુણવંત તે દેખે છે. ॥ ૬ ॥

વળી તેહિજ કહે છે;—જેનું ક્ષેત્ર થકી તથા કાળ થકી પ્રમાણ નથી, તેટલુંજ માત્ર જાણે પણ સર્વજ્ઞ નથી. એ લોકને વિષે કોઇએક દર્શનીને મતે એમ કહ્યું છે, કે જે અમારા તીર્થનો સ્વામી અ પરિમાણ જાણે જગતમાં સર્વજ્ઞ કોઈ નથી, કીંતુ સર્વત્ર પ્રમાણ સહીત છે. સર્વજ્ઞ અપન્હવવાદી તે એમ કહે છે. એમ ધીર પુરૂષ દેખે છે. તે એમ કહે છે કે દેવતા સંબંધી સહસ્ત્ર વર્ષ બ્રહ્મા સુએ તે પ્રસ્તાવે, તે કાંઈ ન દેખે, વળી એટલોજ કાળ બ્રહ્મા જાગૃત થાય ત્યારે દેખે, એ કારણે, સપરિમાણ વસ્તુ જાણે તથા દેખે, એ પ્રમાણે કોઇએક કહે છે. ॥ ૭ ॥

હવે ગ્રંથકાર તેને ઉત્તર કહે છે. જગતમાંહે જે કોઈ

ત્રસ બે ઈંદ્રિયાદિક પ્રાણીજીવ તે તિષ્ઠંતિ એટલે રહે છે. અથવા બીજા સ્થાવર પૃથ્વિ વ્યાદિક એવા બંને સ્વભાવ જગતમાં દિશે છે. અને અન્ય દર્શની એમ કહે કે "જે જેવો તે તેવોજ હોય" પરંતુ અન્યથ પરાવર્ત ન થાય. જો એ વચન સાચું હોય તો દાન, અધ્યયન, જપ, નિયમ, તપ; તથા અનુષ્ઠાનાદિક ક્રિયા સરવે નિર્થક થાય. એ કારણે તેનું બોલવું પ્રમાણ જાણવું નહીં. અને જૈન કહે છે કે, જગતમાં ત્રસ અને સ્થાવર છે. તેને પોત પોતાના કર્મના પરિણામે રૂજુ પરિયાય છે. એટલે શું કહ્યું ? તો કે પોત પોતાના કર્મના ઉપાર્જા પર્યાયને પામે તે પર્યાયે કરી જે કારણે તે ત્રસ જીવ તે થાવર થાય. એટલે ત્રસ ફીટી થાવર થાય અને થાવર ફીટી ત્રસ થાય. પરંતુ "જે જેહવો તે તેહવો" એ નિશ્ચય થકી નથી. ॥ ૮ ॥

હવે એ ઉપર દ્રષ્ટાંત કહે છે. એ જીવ ઔદારિક એટલે અતિ સ્થૂલ એહવા જગતનો યોગ જીવનો, વ્યાપાર ચેષ્ટા વિશેષ, તે વિપરિત જુદા જૂદા પામે. અત્રે ગર્ભનું દ્રષ્ટાંત કહે છે. જેમ ગર્ભ માંહે રહ્યો થકો જીવ અર્બુદ, કલલ, પેસી, ઇત્યાદિક જુદી જુદી અવસ્થા પામે. તથા જન્મ પામ્યા પછી, બાલ, કુમાર, તરૂણ, અને વૃદ્ધ, એવી જુદી જુદી અવસ્થા પામે. એ કારણે તેનું વચન સાચું નથી જણાતું. તો જૈન કહે છે કે, સર્વે જીવ એકેંદ્રિયાદિકથી માંડીને પંચેંદ્રિય પર્યંત જે છે. તેને શારીરી તથા માનસી દુઃખ તે વલ્લભ નથી. એ કારણે સઘળા જીવ હણાય નહીં, તેમ કરવું. ॥ ૯ ॥

એવં એ શબ્દ અવધારણે છે ગાની એટલે જે જાણ પુરૂષ તેહનો એહજ સાર એટલે ન્યાય છે. જે કોઇ ત્રસ અને સ્થાવર જીવને કિંચિત્ માત્ર હણે નહીં. ઉપલક્ષણ થકી મૃષા બોલે નહીં, અદત્ત, મૈથુન, તથા પરિગ્રહ એ આશ્રવ ન સેવે. જ્ઞાની

ભોજન ન કરે, એજ જ્ઞાનીનો સાર જે આશ્રવ ન સેવે, જીવની દયા તે સમતા સર્વત્ર સમ પરિણામ રાખે. એટલુંજ જાણવું જોઇએ બીજું ઘણું પલાલ ભાર સરખું જાણવા થકી શું ફળ છે ? જેમ સુજને મરણ તે દુઃખ તેમ બીજા જીવને પણ મરણ તે દુઃખ એમ જાણે. એટલે મૂળ ગુણ કહ્યા. ॥ ૧૦ ॥

એ મૂળ ગુણ કહ્યા હવે ઉત્તર ગુણ કહેછે. દશવિદ્ધ સમાચારીને વિષવિવિદ્ધ નાના પ્રકારે વશ્યા, તથા જેમાં આહારાદિકની લોલ્યતા નથી; એવા સાધુ તે આ દાન, જ્ઞાન. દર્શન, અને ચારિત્ર એ રત્ન ત્રયને સમ્યક્ પ્રકારે રાખે. એટલે જે પ્રકારે એ રત્ન ત્રયની વૃદ્ધિ થાય તેમ કરે તેજ કહેછે. ચાલવું, એટલે ચારિત્રવંત પુરૂષને કોઈ પ્રયોજન કાર્યે ઉપના થકાં ચાલવું પડે તો ધૂસર પ્રમાણ દૃષ્ટિ જોતો થકો ચાલે; તથા પ્રતિલેષિત, પ્રમાર્જિત એહવા આસન ઉપર બેસે, તથા સુપ્રતિલેષિત, સુપ્રમાર્જિત એહવા ઉપાશ્રય અથવા સંથારાને વિષે રહે, અથવા શયન કરે. તથા ભાત પાણીને વિષે સંમ્યક પ્રકારે ઉપયોગ કરે એટલે નિર્દોષ આહારની ગવેષણા કરે. ॥ ૧૧ ॥

વળી પણ ઉત્તરગુણ આશ્રયીજ કહે છે. એ પૂર્વે કહ્યાજે. ત્રણ સ્થાનક એટલે, એક ચર્યા, બીજું આસન સજજા, અને ત્રીજું ભાતપાણી, એ ત્રણે સ્થાનક રૂડી પેરે જાણવા. એટલે ચાલવામાં ઈર્યાસુમતિ એ એક સ્થાનક, અને આસન સેજજા એટલે આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સુમતિ કહી એ બીજું સ્થાનક, તથા ભતપાણ એટલે એસણા સુમતિ કહી; અને ભાતપાણીની યાચના કરતા ભાષા નિરવદ્ય બોલે, એટલે ભાષાસુમતિ પણ આવી તથા આહાર લીધાથી ઉચાર પ્રશ્રવણનો સદ્‌ભાવ થાય, તેને રૂડી પેરે પરઠવતાં પારિષ્ઠાપનિ કાસમતિ પણ કહી એ ત્રીજું સ્થાનક જાણવું. એ ત્રણે સ્થાનકને વિષે

સંયત છતો સતતં એટલે નિરંતર ચારિત્રવાન તે ઉત્કર્ષ એટલે ક્રોધ, માન, માયા, અને લોભ, એ ચારે કષાયને આત્મા થકી જુદા કરે. ॥ ૧૨ ॥

હવે અધ્યયન ઉપસંહરતો કહે છે. પાંચ સમિતે સમીતો તથા સર્વ કાળને વિષે સાધુ કેવો છે ? તે કહે છે. પંચસંવર પાંચ મહાવ્રતનો પાલનાર તથા પાંચ પ્રકારના સંવરે કરી સંવર્ય્યો છતો તથા જે ગૃહસ્થ પાસથ્થાદિકને વિષે બંધાણા તેવા ગૃહસ્થને વિષે અણ બંધાણો થકો એટલે તેને વિષે મૂર્છા ન કરે. જેમ કર્દમ થકી કમલ ઊંચું રહે તેમ સાધુ તે આરંભ પરિગ્રહ થકી દૂર રહે પણ તેની સાથે બંધાય નહીં, એવો છતો જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી સંયમ પાળે તે ઈતિબ્રમીનો અર્થ પુર્વવત્. ॥ ૧૩ ॥

इति प्रथम अध्यन चोथो उदेशक समाप्तं अटले प्रथम अध्यन संपूरण.

॥ અથ દ્વિતિયાધ્યયનસ્ય પ્રથમો દ્દેશક પ્રારંભઃ ॥

પહેલું સમય નામે અધ્યયન કહ્યું. હવે બીજું વૈતાલી નામક અધ્યયન કહે છે. તેનો એ સબંધ પહેલા અધ્યયનને વિષે પર સમયના દોષ કહ્યા. તથા સ્વસમયના ગુણ કહ્યા તે સર્વ જાણીને જેમ કર્મ વિદારીએ તેમ યત્ન કરવો. એ ભાવ કહે છે. તે શ્રી આદીશ્વર દેવે ભરતે તિરસ્કાર કર્યા. સંવેગ ઉપન્યા થકી રૂષભદેવના અઠાણું પુત્ર રૂષભદેવની પાસે આવ્યા. તે સ્વપુત્ર પ્રત્યે ઉપદેશ કહે છે. અથવા શ્રી મહાવીર દેવ પરખદા પ્રત્યે કહે છે. અહો ભવ્યો ? તમે સમજો. જ્ઞાન, દર્શન, તથા ચારિત્ર રૂપ ધર્મને વિષે ઉદ્યમ કરો; કેમકે આ અવસર અથવા ફરી ફરી દુર્લભ છે, તો એવો અવસર પામીને કેમ નથી સમજતા

જે આ ભવને વિષે ધર્મ નહીં કરશે તેને પરભવને વિષે નિશ્ચે થકી, બોધ બીજ તે દુર્લ્લભ છે. જેમ અતિક્રમેલી રાત્રી ફરીથી આવે નહીં. તેમ યૌવનાદિક સર્વ પદાર્થ ગયા તે પણ ફરી આવે નહીં. ફરી ફરી જીવિત શબ્દે સયંમે કરી પ્રધાન જે જીવિતવ્યતે સુલભ નથી. ॥ ૧ ॥

હવે સર્વ સંસારી જીવને આયુષ્ય અનિત્ય કરી દેખાડે છે. બાળક એટલે કોઇક જીવ બાલ્યાવસ્થામાં થકાજ વિનાશ પામે છે. તથા કોઇ એક બુઢ્ઢા ( વૃદ્ધ ) થઇને વિનાશ પામેછે. તથા જુઓ કે, કોઈ એક મનુષ્ય જે છે, તે ગર્ભમાં રહ્યા થકાં પણ વિનાશને પામે છે. એમ એ મૃત્યુ જે છે, તે જીવને સર્વ અવસ્થાએ આવી પોહોંચે છે. તેના ઉપર દ્રષ્ટાંત કહે છે. જેમ શેન એટલે સીચાણો જે છે, તે વાટો એટલે તીતર પક્ષી તેને છલીને હરણ કરી લીયે, એમ એ મનુષ્યનું આયુષ્ય પણ ક્ષણે ક્ષણે ત્રૂટે છે. એ પૂર્વે કહ્યું એવું જીવનું જીવિતવ્ય જાણવું. ॥૨॥

કોઈ એક જીવ બાપડો માતા પિતાદિક સ્વજને શંસાર માહે ભમાડયો થકો એટલે તેને મોહ્યો બાંધ્યો થકો, ધર્મને વિષે ઉદ્યમ કરે નહી, તે જીવને પરભવને વિષે સદ્ગતિ જે મુક્તિ તે સુલભ નથી, કેમકે મોહરૂપ કલેશ તથા વિષય સુખ થકી દુર્ગતિ થાય, એવું જાણી એ મોહાદિક ભયને દેખીને જે આરંભ થકી વિરમ, નિવ્રતે તે સુવ્રત થાય. એટલે શોભનીકવ્રતવંત થાય. ॥ ૩ ॥

હવે જે કોઇ આરંભાદિક થકી નિવૃતે નહી તેને દોષ કહે છે, જે કારણે અવ્રતિ જીવને આગળ જે કહેશે તે ઉત્પન્ન થાય. તે સૂ ઊતપન્ન થાય? તો કે જગતમાંહે પૃથક પૃથક જુદા જુદા જીવનાં સ્થાનક જે નરકાદિક છે, તે સ્થાનકોમાંહે પ્રાણી પોતાનાં ઉપાર્જેલાં કર્મોનાં જે દુઃખ તેણે કરી પીડાય, તે પ્રાણી

સ્વમેવ એટલે પોતે કીધાં જે કર્મો તેણે કરી અવગાહે એટલે નરકાદિક સ્થાનક દુઃખના હેતુ ઉપચય કરે. તે અશુભ વિપાક થકી ન મુકાય; અણુફ્રસ્યો એટલે તે બાંધેલાં કર્મ ભોગવ્યા વિના છુટે નહી. ॥ ૪ ॥

હવે સર્વ સ્થાનનું અનિત્યપણું દેખાડે છે. દેવતા તે જ્યોતિષિ સૌધર્માદિક તથા ગાંધર્વ રાક્ષસ એટલે વ્યંતર દેવો કહ્યા. તથા દશ પ્રકારના ભુવનપતિ તથા ભુમિચરાદિક તે મનુષ્યાદિક જાણવા. અને સરિસૃપ એટલે સર્પાદિક ત્રિયંચ જાણવા; તથા રાજા ચક્રવર્ત્યાદિક અને સામાન્ય મનુષ્ય, શ્રેષ્ઠિ નગરમાંહે મોહોટા, બ્રાહ્મણ એટલા સર્વ પોતપોતાના સ્થાનકને પોતે દુખિયા થયા થકા છાંડે છે. એટલે સર્વ પ્રાણી માત્રને અંતકાળે દુઃખ ઉપજે છે. ઇત્યર્થ. ॥ ૫ ॥

વળી તેહિજ ભાવ કહે છે. કામ તે વિષયાદિક ભોગ અને સંસ્તવતે માતાપિતાદિક તથા સ્વસુર વર્ગાદિક તેનો પરિચય. તેણે કરી આસક્ત છતો કાળે કર્મવિપાકે એટલે ભોગવવાને પ્રસ્તાવે જીવ કર્મનો સહન કરનાર થાય, એટલે વિષયાસક્ત મનુષ્યને આગમિક કાલે દુઃખજ થાય, પરંતુ તે જીવને કામ, ભોગ તથા સ્વજન એ સર્વ દુઃખ થકી રાખનાર નથી. જેમ તાલ વૃક્ષનું ફળ તે બીટ થકી છુટે તે વારે અવશ્યે પડે. એમ જીવ, જે છે તે આયુષ્યના ક્ષય થકી જે વારે વિનાશ પામે તે વારે તેને કોઇ જીવાડી શકે નહીં. ॥ ૬ ॥

જે કોઇ બહુશ્રુત એટલે શાસ્ત્રના પારંગામી હોય તથા ધાર્મિક એટલે ધર્મના કરનાર હોય તથા બ્રાહ્મણ અને ભિક્ષુક એટલે ભિક્ષા અટનશીલ એવા હોય; તે પણ માયાયેકરી કીધાં એવાં જે કર્મ તેને વિષે મૂર્છિત છતાં તીવ્ર એટલે આકરા એવા કર્મે તેણે કરી પીડાય; એટલે સારા અથવા નરસા કોઇપણ જીવ

કરેલાં કર્મને ભોગવ્યા વિના છૂટે નહીં. ॥ ૭ ॥

હવે જ્ઞાન દર્શન અને ચારિત્રવિના અન્ય કોઈ મોક્ષમાર્ગ નથી. એવું દેખાડે છે. એવું દેખીને શિષ્ય પ્રતે ગુરૂ એમ કહે છે કે, કોઇએક દર્શની પરિગ્રહનો પરિત્યાગ કરી ઉઠયો અર્થાત પ્રવ્રજ્યાને વિષે સાવધાન થયો; પરંતુ સમ્યક્ પરિજ્ઞાનને અભાવે તિન્ન એટલે સંસાર સમુદ્ર થકી તરયો નહીં, એવો છતો વળી એમ ભાષે કે જે મોક્ષનો માર્ગ અથવા મોક્ષનો ઉપાય તે હમારાજ આચાર થકી છે. એમ કહે, માટે હે શિષ્ય? તેના માર્ગે પ્રપન્ન છતો તું કયાં થકી જાણીશ? ઇહલોક અને વળી કયાં થકી પરલોકને જાણીશ. અથવા આરં એટલે ગ્રહસ્થાવાસ અને પરં એટલે પ્રવ્રજ્યા, અથવા આરં એટલે શંશાર અને પરં એટલે મોક્ષ, તેને કેમ જાણીશ એટલે ઇહલોક પરલોક બન્ને થકી ભ્રષ્ટ એવો થકો અંતરાલે એટલે સંસાર માંહેજ પોતાના કરેલા જે કર્મ તેણે કરી પીડાતો જઇશ. ॥ ૮ ॥

હવે શિષ્ય કહે છે કે, હે ભગવાન્? કેટલાએક દર્શની નિપરિગૃહી તથા તપસ્યાના કરનાર દેખાય છે, તો તેને મોક્ષ કેમ ન હોય! હવે ગુરૂ કહે છે કે, યદ્યપિ તે પરતીર્થીક તાપસાદિક અથવા આજ્ઞાથકી ભ્રષ્ટ સ્વયુથિક નગ્ન સર્વ બાહ્ય પરિગ્રહ રહિત, (કૃશ) દુર્બળ કીધું છે. શરીર જેમને એવાં છતાં પોતપોતાની પ્રવ્રજ્યા આદરીને વિચરે છે. વળી યદ્યપિ (ભુંજિય) માસ માસ ખમણ કરી માસને અંતે જમે તથાપિ, જે આ સંસારને વિષે માયા સહિત સંયોગ કરે, ઉપલક્ષણથી કષાયાદિકે કરી યુક્ત હોય, તે આગમિક કાળે અનંતા ગર્ભાદિક દુઃખ પામે, એટલે અનંતો સંસાર પરિભ્રમણ કરે. ॥ ૯ ॥

હવે જે કારણે મિથ્યાદષ્ટિને ઉપદેશે ઘણો કાય કલેશે, પણ મુક્તિ નથી તે કારણે નિરતે માર્ગે રહેવું એ ભાવ કહે છે. અહો

પુરૂષો ! તમે પાપ કર્મ થકી નિવર્ત્તો. કેમકે મનુષ્યનું જીવિતવ્ય તે પલ્યોપમાંત છે, એટલે સંયમ રહિત જીવનું જો ઘણુંજ આયુષ્ય હોય તો ત્રણ પલ્યોપમ હોય અને સંયમ સહિત તો એક પલ્યોપમની અંદર જાણવું એટલે આઠ વર્ષે ઉણી એક પૂર્વ કોડી એટલુંજ મનુષ્યનું આયુષ્ય છે તે તો ગયુંજ જાણજો એવું જાણીને જેટલો કાળ જીવિયે તેટલો કાળ સમ્યક્ અનુષ્ઠાને કરી સફળ કરિયે વળી જે મનુષ્ય ભોગ સ્નેહ પંકને વિષે ખુતા અથવા કામ ભોગને વિષે મૂર્છિત છતા એવા જે મનુષ્ય તે પુરૂષ અસંવરી છતાં, મોહને વિષે પોહોચે એટલે હિતાહિત ન જાણે. ॥ ૧૦ ॥

હવે જો એમ છે તો શું કરવું તે કહે છે. આયુષ્ય તુચ્છ જાણી અને વિષયને ક્લેશનું કારણ જાણી. ગૃહપાશબંધ છેદીને ચારિત્રને વિષે યત્ન કરતો વિચરે; તે કહેવો છતો વિચરે ? તો કે, સમિતીં અને ગુપ્તિસહિત થકો વિચરે; કેમકે સુક્ષ્મજીવ જે પંથ એટલે માર્ગને વિષે છે. તે પંથ ઇર્યાસમિતિ વિના દુસ્તર છે એટલે જતાં દોહિલો છે. એ રીતે બીજી સમિતિઓ પણ કળાવવી તો એમ સદા સાવધાનપણે હીંડે જેમ શ્રી વીતરાગ દેવે સૂત્ર મધ્યે શીખામણ કહી છે, તેમ સુત્રને અનુસારે ચાલે, એમ શ્રી વીર તીર્થંકરે સાચું કહ્યું છે. ॥ ૧૧ ॥

તે શ્રી વીર કેવા છે. તે કહે છે. જે હિંસાદિક પાપથકી વિરત એટલે નિવર્ત્યા તે વીર કર્મના છેદનારા તથા સમ્યક્ આચારને વિષે સાવધાન થયા, એવા છતાં ક્રોધ અને કાતરી એટલે માયા તથા આદિ શબ્દ થકી માન અને લોભ પણ જાણી લેવાં. તેના પીસનાર એટલે મર્દન કરનાર તે વીર સર્વવ્યાપી પ્રાણ હણે નહીં. પાપ જે સાવદ્ય અનુષ્ઠાન તે થકી વિરત તથા ક્રોધાદિકના ઉપશમે કરી શીતળ થયા છે એવા શ્રી વીર જાણવા. ॥૧૨॥

વળી ઉપદેશાંતર કહે છે. જે ભાવનાયે પરીસહ અને ઉપસર્ગ સહન કરવા તે કહે છે. નથી નીશ્ચે તે પ્રત્યે એ સિત, ઉસ્ન, ક્ષુધાતૃષાદિક પરિસહ તેણે કરી નથી પીડાતા શું ? લોકને વિષે ઘણા તિર્યંચ તથા મનુષ્યાદિક-પ્રાણીઓ જે છે, તે શીત તાપાદિક કષ્ટે કરી પીડાય છે, પરંતુ તેને સમ્યક્ વિવેકને અભાવે નિર્જરા કાંઇ પણ થતી નથી. તે માટે એ પ્રકારે જ્ઞાન, દર્શન, અને ચારિત્રે કરી સહિત છતા જે શીત તાપાદિક પૂર્વે કહ્યા તેને આલોચે તથા સ્નેહરહિત અથવા ક્રોધાદિકે રહિત છતો તે પરિસહે પીડયો થકો તેની વેદના સમ્યક્ પ્રકારે અહિયાસે. ॥ ૧૩ ॥

વળી તેહિજ કહે છે. દૂર કરી લેપસહિત ભીંતને એટલે શું કહ્યું કે, જેમ ગોબર થકી લીંપેલી ભીંત તે અનુક્રમે તેનો લેપ ગયે થકે દુર્બળ થાય. એ દ્રષ્ટાંતે કરી અનસનાદિક તપે કરીને દેહને કૃશ કરે તથા વળી એક અહિંસાજ આદરે. એ અહિંસાદિ લક્ષણું જે ધર્મ છે, તે જીવને અનુકૂળ એટલે હિતકારી સર્વજ્ઞે કહ્યો છે. ॥ ૧૪ ॥

હવે કહે છે કે, જેમ પક્ષિણી તે રજે કરી ખરડી છતી અંગ ધુણાવીને તે બધી રજ ખંખેરીને દૂર કરે. એ રીતે મોક્ષ જવાને યોગ્ય ભવ્ય જીવ તે ઉપધાનવંત છતો ઉપધાન એટલે તપવિશેષ તેનો કરનાર એવો તપસ્વી માહણ મહણો એવો જેનો ઉપદેશ છે, તેને પ્રાકૃત શૈલી માટે માહણ કહીએ; એટલે તપસ્વી બ્રહ્મચર્યનો પાળનાર તે કર્મ ખપાવીને પોતાથકી વેગળા કરે. ॥ ૧૫ ॥

હવે અનુકુળ ઉપસર્ગ કહે છે. સાધુ તે સંયમને વિષે પ્રવર્ત્યો તથા એષણાનો પાળનાર તથા શ્રમણ અને તપસ્વી સ્થાન સ્થિત ઉત્તરોત્તર સંયમને સ્થાનકે પ્રવર્ત્યો તે તપસ્વી એવા

સાધુને કદાચિત્ બાળક પુત્ર પૌત્રાદિક તથા પિતા માતાદિક તેણે પ્રાર્થ્યો એટલે પ્રાર્થના કરી કહે કે, શું તમે અમારૂં પ્રતિપાલન કરવાનું ટાળોછો. અમારૂં પાલણ પોષણ કરનાર તમારા વિના બીજો કોઇ નથી. ઇત્યાદિક વચન કહેતાં તે અપિશ્રમ પામે; પરંતુ તે જન જે સ્વજનાદિક તે પરમાર્થના જાણ એવા સાધુને પોતાને વશ કરી શકે નહી. ॥ ૧૬ ॥

યદ્યપિ તે માતા પિતા પુત્ર કલત્રાદિક જે છે, તે સાધુને સન્મુખ આવીને અનેક કરૂણા પ્રલાપ વચન બોલે. તથા પુત્રને નિમતે રૂદન કરે, તો પણ તે મુક્તિ ગમન યોગ્ય સાધુ રાગદ્વેષરહિત એવો સમ્યક્ પ્રકારે સયમને વિષે ઉઠયો છે, સાવધાન થયો છે, એવા સાધુને ક્ષોભાવી ન શકે. પ્રવૃજ્યા મુકાવી ગૃહસ્થાવાસને વિષે સ્થાપિ ન શકે. ॥ ૧૭ ॥

યદ્યપિ તે પોતાના સજ્જન તે સંયમ પાળતા સાધુને કામ ભોગ કરી લોભાવે એ અનુકૂળ ઉપસર્ગ અને જો તેને બાંધીને ઘેર લેઇ જાય એ પ્રતિકૂળ ઉપસર્ગ છે, તો એવા અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગે પીડયો થકો પણ સાધુ યદિ અસંયમે જીવિતવ્ય ન વાંછે. એટલે મરણ કબુલ કરે પણ અસંયમે જીવિતવ્ય ન વાંછે તો તેને તેના સ્વજન તે પોતાને વશ કરી ન શકે અર્થાત્ ગૃહવાસને વિષે સ્થાપી ન શકે. ॥ ૧૮ ॥

તે માતા પિતાદિક તે ચારિત્રિયાને અહીં શીખવે તે સ્વજન કેવા છે? તોકે, અત્યંત સ્નેહે કરી તે માતા, પિતા, સુત એટલે છોકરા અને ભાર્યા એવા સજ્જન શું શીખવે તે કહે છે. કે અહો પુત્ર? અમે તાહરે વિયોગે અત્યંત દુઃખીયા છેઓ, એવા અમને દેખીને તું અમારૂં પોષણ કર. કારણ કે તું અત્યંત સૂક્ષ્મ દ્રષ્ટિવાળો છે તે માટે તારા હૃદયમાં સારીપેઠે વિચારીને અમારૂં પોષણ કર; અન્યથા તો ઇહલોક તથા પરલોક થકી પણ

ભ્રષ્ટ થઇશ. તે માટે દુઃખી એવા માવિત્રનું પોષણ કરવું તે મહાપુણ્યનું કામ છે. ॥ ૧૯ ॥

હવે કોઇ એક કાયર પુરૂષ તે માતાપિતાદિકના વચનથી લોભાય તેને વિપાક કહે છે. અનેરા કોઇ એક અલ્પસત્વવંત એવા ચારિત્રિયા તે અન્ય જે માતાપિતાદિક તેને વિષે મોહે મૂર્છાથકી અસંવરી એટલે સંવર વિના મોહ પામે, એટલે રૂડા અનુષ્ઠાનનું કરવું મૂકી આપે અને મોહને વિષે પોહોંચે, તથા તે અસંયતિનરોને ગૃહસ્થે અસંયમ તેને વિષે પોહોચાડ્યા છતા વળી તે પાપે કરી ધૃષ્ટ છતાં પાપકર્મ કરતાં લજ્જા પામે નહીં.॥૨૦॥

જો તેને એ વિપાક લાગે તો શું કરવું ? તે કહે છે. તે કારણે મુક્તિગમન યોગ્ય ભવ્યજીવ રાગદ્વેષરહિત પંડિત વિવેકયુક્ત છતો સંસારવાસ સેવતાં મહાક્લેશ છે. એવું જાણી તેનાં વિપાકને ચિંતવે એવો તે પાપકર્મ થકી નિવર્તે, ક્રોધાદિકને પરિહારે કરી શીતળ થાય, તથા મહાવિનયવંત અને કર્મ વિદારવાને સામર્થ્યવાન જે મહાંત એટલે જૈનમાર્ગે પ્રવર્તે, તે જૈન માર્ગ કેવો છે ? તો કે, સિદ્ધિપંથ જે મોક્ષનો માર્ગ તથા ન્યાય માર્ગ તથા શાશ્વતો એવો માર્ગ જાણીને આદરવો. ॥ ૨૧ ॥

વળી તેહજ ઉપદેશ ઉપસંહાર કરતો કહેછે. કર્મનો વિદારનાર એવો જે માર્ગતેને વિષે આગત એટલે આવ્યો તથા વળી મન, વચન, અને કાયાયેકરી સંવરનો પાળનાર છાંડીને શું છાંડીને ? તો કે ધન, જ્ઞાતિ,સ્વજન તથા આરંભ એટલાં વાનાં છાંડીને(સુષ્ટુ)એટલે ભલી પરે ઇંદ્રિયોને સંવરતો છતો સંયમને પાળે. એ રીતે પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામી જંબુ પ્રત્યે કહે છે. કે જેમ શ્રી મહાવીરદેવ પાસેથી સાંભળ્યું તેમ તુજને કહુંછું. ॥ ૨૨ ॥

इतिश्री वैतालियाऽध्ययस्य प्रथमोद्देशः समाप्तः

अथ वेतालीय ऽध्ययनस्य द्वितीयोद्देशक मारभ्यते ॥

प्रथम उद्देशामां बाह्य द्रव्य, स्वजन तथा आरंभनो परित्याग कह्यो, हवे बीजे उद्देशे माननो परित्याग कहे छे.

તે જેમ સર્પ પોતાની ત્વચા જે કાંચળી તે પરિહરવા યોગ્ય જાણીને છાંડે, તેમ એ સાધુ જે છે, તે રજની પેરે આઠ પ્રકારનાં કર્મને છાંડે એ તાવતા કષાય ન કરે. કેમકે કષાયને અભાવે કર્મ પોતાની મેળે છંડાશે. એવી રીતે જાણીને ચારિત્રિઓ મદ એટલે અહંકાર કરે નહીં; તે મદનું કારણ દેખાડે છે. કાશ્યપાદિક ગોત્રેકરી અથવા અનેરા કુળરૂપાદિક મદ તેને પામીને ઉત્કર્ષમાન ન કરે. એવો સાધુ તે જેમ પોતા થકી મદ ન કરે, તેમ અનેરાની પણ આશ્રેયકારણી એવી જે નીંદા તે પણ ન કરે. ॥ ૧ ॥

હવે પરનીંદાના દોષ કહે છે. જે કોઇ અવિવેકી પુરૂષ અનેરા લોકને પરાભવ કરે એટલે અવહેલના કરે તે પુરૂષ સંસાર માંહે અત્યંત પરિ ભ્રમણ કરે, અથ જે કારણે પરનીંદા તે એવી પાપણી છે કે, જે સ્વસ્થાનક થકી અધોસ્થાનકે જીવને પાડે એવું જાણીને એટલે પરનીંદાને દોષરૂપ જાણીને મુનીશ્વર જે છે, તે જાતિકુળ શ્રુત તપાદિકને વિષે મદ ન કરે. એટલે હું ઉત્તમ છું. એ અમુક મારાથી ઘણો હીન છે એવો પોતાનો ઉત્કર્ષ ન કરે. ॥ ૨ ॥

હવે મદને અભાવે જે કાંઈ કર્ત્તવ્ય છે તે દેખાડે છે. જે કોઈ અનાથ કે એટલે નાયક રહીત કીંતુ સ્વમેવ નાયક ચક્રવર્ત્યાદીક હોય તથા જે કોઇ અનેરો કર્મ કરનો કર્મકર હોય. પરંતુ જે મૌનપદ એવું જે ચારિત્ર તેને વિષે ઉપસ્થિત એટલે સાવધાન થયો તે પણ લજ્જાને અણકરતો થકો એતાવતા અભિમાન છાંડીને

સર્વ ક્રિયા પરસ્પર વંદન પ્રતિવંદનાદિક કરે. જો ચક્રવર્તિ ચારિત્ર આદરે તો પણ પૂર્વે દિક્ષિત પોતાના કર્મકરનાર, કર્મકરને વાંદે, પરંતુ ગર્વ ન કરે; લજ્જા પામે નહીં. એ રીતે સદાય સમભાવને આદરે સંયમને વિષે સાવધાન થાય. ॥ ૩ ॥

હવે ક્યાં રહ્યો થકો લજ્જા તથા મદ ન કરે? તે દેખાડે છે. સામાયકાદિક અનેરા સંયમને વિષે એટલે સામાયક છેદોપસ્થાપનીયાદિક સંયમને વિષે પ્રવર્ત્તતો થકો સમ્યક્ પ્રકારે શુદ્ધ શ્રમણ જે તપસ્વી તે લજ્જા તથા મદને પરિત્યાગે સમચિત થકો પ્રવ્રજ્યા પાળે. તે કેટલો કાળ સુધી પાળે? તે કહે છે. જ્યાં લગે તેની કાયા રહે ત્યાં લગે પાળે એટલે જાવજીવ લગે મરણ સીમ સમાધિવંત અથવા આત્મજ્ઞાન સહિત અથવા રૂડા અધ્યવસાયે કરી યુક્ત તે મુક્તિ ગમન યોગ્ય અથવા રાગદ્વેષ રહિત એવો થકો જે કાળ કરે તે પંડિત કહેવાય. ॥ ૪ ॥

હવે શાનું અવલંબન કરીને સંયમ પાલે તે કહે છે. જે કારણે દૂર વર્તે માટે તે દૂર શબ્દે મોક્ષ કહિયે; તેને આલોચીને એટલે સમ્યક્ધર્મવિના મોક્ષ ન થાય એવું વિમાશીને, તે ચારિત્રીઓ અતીત ધર્મ એટલે પાછલે કાલે જીવનું અનેક પ્રકારે ઊંચ નીચ ગતિને વિષે જે ભ્રમણ કર્યું તે રૂપ ધર્મ તથા અનાગત એટલે આગમિક કાળે જીવની ગતિરૂપ ધર્મનું સ્વરૂપ જાણીને લજ્જા તથા મદ કરે નહીં. તથા કઠણ વચન અથવા દંડકશાદિક તેણે ફરસ્યો થકો બ્રહ્મચર્યનો પાળનાર ચારિત્રિઓ તે કિંબહુના સર્વથાપિ મારયો થકો પણ ખંદકમુનિના શિષ્યની પેરે સિદ્ધાંતના માર્ગેજ ચાલે, એટલે તેના ઉપર કષાય ન કરે અથવા પાઠાંતરે સમતાયે કરિ સહિત થકો વિચરે.॥ ૫ ॥

વળી ઉપદેશાંતર કહે છે. તે પ્રજ્ઞાયે કરી પૂર્ણ તત્વનો જાણ સર્વ કાળ કષાયાદિકને જીપે અથવા પ્રશ્ન પૂછ્યા થકાં પ્રત્યુત્તર

દેવાને સમર્થ હોય તો સમભાવે અહિંસાદિ લક્ષણ જે ધર્મ તે લોક પ્રત્યે કહે છે એવો ચારિત્રિઓ સૂક્ષ્મસંયમને વિષે સર્વ કાળ અવિરાધક તથા તે ચારિત્રિયાને કોઇએ હણ્યો થકો પણ ક્રોધ ન કરે અને કોઇએ પૂજ્યો થકો માન ન કરે એવો સાધુ જાણવો. ॥ ૬ ॥

ઘણા લોકને નમાડે એટલે જેને સર્વ લોક પોતપોતાનો કરીને પ્રસંશે તે માટે જે બહુ જન નમન તેને ધર્મ કહિયે તે ધર્મને વિષે(સંવૃત)એટલે સમાધિવંત એવો છતો(નર)એટલે મનુષ્ય તે સર્વ અર્થ એટલે બાહ્ય અને અભ્યંતર ધન ધાન્ય પુત્ર કલત્રાદિકે કરી. (અનિશ્રિત) એટલે અપ્રતિબંધ છતો ધર્મ પ્રકાશે. દ્રહની પેરે જેમ દ્રહજે છે, તે સર્વકાળ સ્વચ્છ નિર્મળ પ્રાણીયેંજ ભર્યો થકો રહે છે. અનેક જળચર જીવના ડોળવા થકી પણ ડોહલું ન થાય. તેમ ચારિત્રિઓ રાગે દ્વેષ રહિત છતો ધર્મ પ્રગટ કરે. તે ધર્મ શ્રી તીર્થંકર સંબંધી એટલે શ્રી વર્દ્ધમાનસ્વામિનિર્દેશ જાણવો. ॥ ૭ ॥

હવે જેવો ધર્મ પ્રકાશે તેવો કહે છે. અથવા ઉપદેશાંતરે કહે છે. ઘણા પ્રાણી એટલે અનંતાજીવ તે પૃથક્ પૃથક્ જુદા જુદા સુક્ષ્મ બાદર પર્યાપ્ત, અપર્યાપ્ત, નરક ત્રિર્યંચ મનુષ્યાદિક ભેદે કરી સંસારમાંહે આશ્રિત છે. તેને પ્રત્યેકે પ્રત્યેકે સમતા એટલે સરખાપણે દેખવા. કેમકે સર્વ જીવ સુખના અભિલાષી છે, પણ દુઃખના દ્વેષી છે; તે માટે પોતાના સરખા જાણી ધર્મ પ્રકાશે તથા જે મૌનપદ એટલે સંયમને વિષે (ઉપસ્થિત) એટલે સાવધાન એવો સાધુ છે, તે જીવઘાતને વિષે ત્રિવિધ ત્રિવિધ પ્રકારે જેણે વિરતિ કીધી છે; તે પંડિત જાણવો. ॥ ૮ ॥

વળી તેહિજ કહેછે. ધર્મ શબ્દે શ્રુત ચારિત્રરૂપ તેનો પારંગામી એટલે સંવેગી અને ગીતાર્થ એવો મુનીશ્વર તથા આરંભ જે

સાવધાનુષ્ઠાન તેનાથી અત્યંત દૂર રહ્યો છે અર્થાત સાવધાનુષ્ઠાનને અણ કરતો થકો પ્રવર્ત્તે તે મુનિ કહેવાય. અને એ પૂર્વે કહ્યું એવો જે ધર્મ તેના અણકરનાર જે હોય તે મરણ આવે થકે શોચ પામે. પરંતુ તે કેવા જાણવા? તો કે, મમત્વના કરનાર તે પોતાનું જે નષ્ટ થયેલું સુવર્ણાદિક પરિગ્રહ અથવા સ્વજન નાશી ગયેલો અથવા મરણ પામ્યો એવો સ્વજન તેને ન પામે. પણ તે સોચ કરતા થકાજ મરીને દુર્ગતિયે જાય. ॥ ૯ ॥

ધન્ય ધાન્ય અને સ્વજનાદિક જે પરિગ્રહ છે તે આ લોકને વિષે દુઃખનું કારણ જાણી. [ યતઃ અર્થાનામ ર્જને દુઃખ મર્જિતાના ચરક્ષણે આયે દુઃખંવ્યયે દુઃખં ધિગર્થાન્ દુઃખભાજનાન્ ॥ ૧ ॥ ] અને પરલોકે પણ દુઃખ તથાઅનેરાં દુઃખનો કરનાર જાણીને તથા તેથી પરિગ્રહ જે છે, વિદ્ધંસણ ધર્મિ છે એટલે અશાશ્વત અનિત્ય છે. એવું જાણતો થકો કોણ સકર્ણ મનુશ્ય ગૃહવાસને વિષે વસે. [ પરિભવકારા બંધુજના બંધન વિષં વિષયાઃ કોયં જનસ્ય મોહોયે રિપવસ્તેષુ સુહૃદાશા ] ॥ ૧ ॥ ઇતિ વચનાત ॥ ૧૦ ॥

વળી ઉપદેશ કહે છે મહા મોટા જીવને ઉતરતાં દુર્લભ એવો શું? તો કે કર્દમ તે અંતરંગ કર્દમ જાણવો તે અહીં સાધુને રાજાદિકની કરેલી વંદના તથા પૂજના એટલે વસ્ત્રાદિકની પ્રતિલાભના તેણે કરી ઉપજી જે પૂજા તેને કર્મો પશમનું કારણ જાણીને ઉત્કર્ષ ન કરવો, જે જીવને ગર્વ ઉત્પન્ન થાય તેહિજ કર્દમ સરખો જાણવો કેમકે એ ગર્વ રૂપ જે સલ્ય છે તે સુક્ષ્મ છે, માટે (દૂરુદ્ધર) એટલે અને ઉદ્ધરતા ઘણો દુર્લભ છે. તે માટે વિદ્વાંસ વિવેકી પુરૂષ તે છાંડે સંસ્તવ પરિચિયાદિકનો ત્યાગ કરે. ॥ ૧૧ ॥

વળી તેહિજ કહે છે ચારિત્રિઓ એકાકી દ્રવ્ય થકી એકલવિહારી અને ભાવ થકી રાગદ્વેષરહિત એવો છતો વિચરે

તથા એકલો છતો કાઉસ્સગ કરે તથા આસનને વિષે પણ રાગદ્વેષરહિત થકો બેશે એ રીતે શયન જે પાટપ્રમુખ ત્યાં પણ એકાકી રહે તે કેવો થકી રહે? તો કે (સમાહિત) એટલે જે જે ક્રિયામાં પ્રવર્તે ત્યાં ત્યાં રાગદ્વેષ ટાળતો થકો પ્રવર્તમાન હોય એવો આહારનો લેનાર તથા તપને વિષે બળવીર્યનો ફોરવનાર તથા વચન ગુપ્તી એટલે વિમાશીને બોલનાર તથા મન તેને વિષે સંવૃત એટલે મનને સ્થિરતાનો કરનાર એવો સાધુ હોય.॥૧૨॥

વળી સાધુને ઉપદેશ કહે છે. કોઇ એક શયનાદિક કારણે શુન્ય ઘરે રહ્યો થકો એવો જે સાધુ, તે ઘરના દ્વાર તેને ઢાંકે પણ નહીં, તેમ ઉઘાડે પણ નહીં, વળી ત્યાં રહ્યો છતો અથવા અન્યત્ર સ્થાનકે રહ્યો છતો કોઇ એક ધર્મ પૂછયો થકો સાવધ વચન બોલે નહીં. તથા ત્યાં રહેલા જે તૃણકચરાદિક તે પ્રમાર્જે નહીં, વળી તેને સંથરે એટલે પાથરે પણ નહીં. એ આચાર જિનકલ્પાદિક અભિગ્રહધારી પ્રમુખ સાધુનો કહ્યો છે. ॥ ૧૩ ॥

વળી ચારિત્રિઓ જયાં સુર્ય અસ્ત થાય ત્યાંજ રહે અને પરિસહ ઉપસર્ગે કરી આકુલ વ્યાકુલ ન થાય; ક્ષોભ પામે નહિ, અક્ષોભ થકો રહે.તથા યથાવસ્થિત સંસારના સ્વરૂપનો જાણ એવો મુનીશ્વરતે સમ એટલે અનુકૂલ શય્યાદિક તથા વિષમ એટલે પ્રતિકૂલ શય્યાદિક તેને અહિયાશે તથા તેમજ તે સ્થાનકને વિષે ડાંસ મસાદિક અથવા બિહામણા એવા ઘૂક સિંહાદિક જીવ અથવા ત્યાં સુના ઘરને વિષે સરીસૃપ એટલે સર્પ, હોય તો તે જીવોના કરેલા ઉપસર્ગને સહન કરે. ॥ ૧૪ ॥

તથા તિર્યંચ સંબંધી, મનુષ્ય સંબધી અને દેવતા સંબધી એ ત્રણ પ્રકારના ઉપસર્ગને સાધુ સહન કરે. પણ તેના કરેલા ઉપસર્ગથી વિકાર પામે નહીં; કિંબહુના તેને તે ભય થકી ત્રાસે નહી, એ રીતે જે સુનાઘરને વિષે રહે તે મહામુની જીન કલ્પિ-

યાદિક જાણવા. ॥ ૧૫ ॥

તથા તે ચારિત્રિઓ પુર્વોક્ત ઉપસર્ગે પીડયો છતો જીવિતવ્યને વાંછે નહીં કિંતુ મરણ આગસિને પરિસહને સહન કરે, તથા પરિસહ સહન કરવા થકી પૂજાના અભિલાષી ન થાય એ રીતે તે શુનાગારગત ચારિત્રિયાને મહા રૌદ્ર ઉપસર્ગ તે સહન કરતાં સુલભ હોય. ॥ ૧૬ ॥

વળી બીજો ઉપદેશ કહે છે. ( ઉપનીતતર ) એટલે જેણે પોતાના આત્માને જ્ઞાન, દર્શન અને ચારિત્રને વિષે પહોચાડયો છે. તથા (ત્રાઇ) એટલે જેનો આત્મા અન્યને ઉપકારી હોય તેને ત્રાઇ કહિયે. તથા વિવિક્ત આશન એટલે સ્ત્રી તથા પશુ પંડકે કરી વિવર્જિત એવા ઉપાશ્રયનો સેવનાર તેને સામાયક ચારિત્ર જાણવો. જે ચારિત્રિઓ પોતાના આત્માને પરિસહ ઉપસર્ગ ઉપના થકા ભયને દેખાડે નહીં, એટલે ઉપસર્ગ ઊત્પન્ન થયાથી બીહે નહીં. ॥ ૧૭ ॥

વળી ઉક્ષ ઉદક તથા તપ્તોદકનો ભોગવનાર એટલે ઉક્ષ થકાં શીતલ ન કરે, કિંતુ ઉક્ષોદક છતાંજ પાન કરે; શ્રુત અને ચારિત્ર ધર્મને વિષે સ્થિત મુનિરાજ એટલે તત્વનો જાણ લજ્જાવંત એટલે અસંયમે પ્રવર્ત્યો થકો લજ્જા પામે. એવા સાધુને પણ રાજાદિક ને સંસર્ગે અસમાધિજ થાય, તથા ગતસ્ય યથોક્ત અનુષ્ટાનના કરનાર એવા સાધુ પણ રાજાદિકના સંસર્ગે કરી સ્વાધ્યાય ધ્યાન થકી ચૂકે. ॥ ૧૮ ॥

હવે ઉપદેશ આશ્રી કહે છે. અધિકરણતે કલહ તેનો કરનાર એવો ચારિત્રિઓ વળી પ્રગટ દારૂણ એટલે જીવને ભયનું કારણ એવી ભાષાનો બોલનાર એવા ચારિત્રિયાનો ઘણો એવો જે અર્થ જે મોક્ષ તેનું કારણ જે સંયમ તે હીણો થાય. એટલે ઘણા કાળે ઉપાર્જિત જે દુશ્કર તપ સંયમ તેનો પણ કલહ કરતાં

પરોપઘાતીયાં વચન બોલતાં ક્ષય થાય. એવું જાણીને શું કરે? તે કહે છે. જે પંડિત વિવેકી હોય તે અધિકરણ જે ક્રોધ તે સ્વલ્પ પણ ન કરે, એટલે પંડિત અલ્પ ક્રોધ પણ કરે નહીં. ॥ ૧૯ ॥

જે ચારિત્રિઓ (શીતોદક) એટલે સચેતપાણી તેને ટાળનાર તથા (અપ્રતિજ્ઞ) એટલે નિયાણું સર્વ થાપિ ન કરે. તથા (લવ) એટલે કર્મ તે થકી શંકાતો રહે. એટલે કર્મબંધનું કારણ એવું જે અનુષ્ઠાન હોય તે ન કરે. તે સાધુને સામાયક એટલે સમતા લક્ષણવંત કહિયે વળી જે સાધુ ગૃહસ્થસંબંધી જે ભાજન કાંસ્ય પાત્રાદીક તેને વિષે ભોજન ન કરે તેને સામાયક વંત જાણવો. ॥ ૨૦ ॥

વળી પ્રકારાંતર કહે છે. જીવિતવ્ય આયુષ્ય કાળ પર્યાયેં કરી તૂટોછતાં વધારી ન શકાય. એ રીતે પંડિતો કહે છે. તો પણ બાળ અજ્ઞાની જન પાપ કરતો ધૃષ્ટપણું કરે એવો બાળ તે પાપકર્મે કરી ભરાય, સંસારમાં દુઃખ પામે એવું જાણીને સાધુ જે છે, તે મદ ન કરે એટલે પાપે કરી ધીઠો ન થાય. ॥૨૨॥

વળી ઉપદેશ કહે છે. પોતપોતાના અભિપ્રાયેં કરી એ પ્રજા એટલે લોક જે છે તે તેવી તેવી નરકાદિક ગતિને વિષે પર્યટન કરે, તે કેવી રીતે? તો કે, એક દર્શની પોતાના અભિપ્રાયેં કરી ગૃહને વિષે ગૃસ્ત છતાં અજાદિકના વધને પણ ધર્મનું કારણ કહે છે. અન્ય વળી ધન્ય ધાન્યાદિક પરિગ્રહ પૃથ્વિકાયનો આરંભ એને પણ ધર્મ કહે છે; ઇત્યાદિક પ્રકારે એ પ્રજાલોક જે છે તે મુગ્ધજનરંજન નિમિતે કપટ પ્રધાન અનેક પ્રકારની કપટક્રિયા કરે, પરંતુ શ્રી વીતરાગનો માર્ગ સમ્યક્ પ્રકારે ન જાણે. તેનું કારણ કહે છે, કેમકે એ લોક જે છે, તે અજ્ઞાને કરી આવર્યા. વિવેક રહિત છે, માટે ખોટા સાચાની વ્યક્તિને જાણતા નથી,

એવું જાણીને સાધુતે વિકટેણ એટલે પ્રગટ માયારહિત નિર્માય કર્મે કરી મોક્ષ તથા સંયમને વિષે પ્રવર્ત્તે, એટલે શુભ ધ્યાને કરી યુક્ત હોય, (શીતઉષ્ણ) એટલે અનુકૂલ અને પ્રતિકુલ ઉપસર્ગ તે વચન, કાયાયે અને મન એ ત્રિકરણ શુદ્ધે કરી (અહિયાસએ) એટલે પરીસહ આવે થકે દીનપણું આણે નહીં. ॥ ૨૨ ॥

વળી ઉપદેશાંતર કહે છે, કુજએ કે કુત્સિત એટલે માઠો એવો જેનો જય તેને કુજય કહિયે. એ જુગાર કહેવાય છે; કેમકે એમાં ઘણો જય થાય તો પણ નિંદા કરવા યોગ્ય છે માટે કુંજયછે, તે કેવો ? તો કે, લબ્ધ લક્ષપણે ખેલતો (અપર) એટલે અન્ય કોઇથી જીત્યો જાય નહી. એવો જુગારી જેમ (અક્ષ) એટલે પાસા તેણે કરી કુશલ નિપુણ એવી રીતે ખેલતો છતો તે ચોતરો દાવ ગ્રહણ કરીને ખેલતાં જીતે તોતે ચોતરો દાવજ ગ્રહણ કરે, પણ એકનો દાવ ગ્રહણ કરે નહી, તેમજ ત્રણનો દાવ ગ્રહણ ન કરે અને બેનો દાવ પણ ગ્રહણ ન કરે. ॥ ૨૩ ॥

હવે એ દૃષ્ટાંત સાધુ સાથે મેળવે છે. જેમ જુગારને વિષે જય પામવાનો અભિલાષી એક ચોકાનો દાવજ ગ્રહણ કરી બીજા દાવનો ત્યાગ કરે. એ રીતે એ મનુષ્ય લોક માંહે છકકાયનો રક્ષપાળ ચારિત્રિયેં અહિંસા છે પ્રધાન જેમાં, એવો ધર્મ જે શ્રી વીતરાગે કહ્યો; એવો અન્યધર્મ જગત માંહે કોઇ નથી તે ધર્મને અહો શિષ્ય ! તું નિસંદેહ થઇને એકાંત હિતકારી જાણીને આદર એ સર્વોત્તમ માર્ગ છે. તે તૂ ગ્રહણ કર કોની પેરે તો કે, તે જુગારીએ ગ્રહણ કરેલા ચોકાના દાવની પેરે. શેષ એકાદિકનો દાવ છાંડી દીધો. તેમ પંડિત જે છે, તે શેષ અનેરા જે ગૃહસ્થ, કુલિંગી, દ્રવ્યલિંગી એવા ધર્મ છાંડીને એક સર્વજ્ઞોપદિષ્ટ ધર્મને ગ્રહન કરે. ॥ ૨૪ ॥

વળી અન્ય ઉપદેશ કહે છે, મનુશ્યને જીવનાં અતિ દુર્લ્લ-

ભ કહ્યા. એવા શું ? તો કે. ગ્રામ ધર્મ તે શબ્દાદિક વિષય અથવા મૈથુન સેવન ઈત્યાદિકનેં ગ્રામધર્મ કહિએ એ રીતે મેં શ્રી વીરભગવંત પાસેથી સાંભળ્યું છે, એટલે શ્રી સુધર્મસ્વામિ શ્રી જંબુસ્વામી પ્રત્યે કહે છે. કે; ગામધર્મ જે શબ્દાદિક વિષય છે તે મનુશ્યને ઘણા દુર્જય શ્રી વીતરાગે કહ્યા છે, એવું મેં ભગવંત પાસેથી સાંભળ્યું છે, તે રીતે હું તુજને કહું છું તો હવે એ ગ્રામધર્મ આશ્રી જે વિરતિને વિષે સાવધાન થયા તે પુરૂષ (કાશ્યપ ગોત્રી) એટલે શ્રી રૂષભદેવ સ્વામિ અથવા શ્રી મહાવીરસ્વામિ એમના ધર્મના અનુચારી જાણવા. ॥ ૨૫ ॥

વળી કહે છે. જે પુરૂષ એ પૂર્વોક્ત ગ્રામધર્મને વિષે વિરતિલક્ષણ એવો જે ધર્મ તેને આચરે તે ધર્મ કોણે કહ્યો ? તો કે, મહોટા મહારૂષી એવા જ્ઞાનપુત્રે કહ્યો છે. તે એવા ધર્મના કરનાર સંયમ પાળવાને ઉઠયા, સાવધાન થઆ, તથા સમ્યક્ પ્રકારેં કુમાર્ગ દેશનાને પરિત્યાગે કરી ઘણા સાવધાન છતાં પ્રવર્તે. તે પરસ્પર માંહેમાંહે ધર્મથકી ડગતા પ્રાણીને વળી ધર્મને વિષે સારંતિ એટલે સ્થાપે ઈત્યર્થઃ ॥ ૨૬ ॥

હવે જે રીતે ધર્મે સ્થાપે તે રીત કહે છે. (પ્રણામ) એટલે સર્વ જીવને નમાડે. એવા પ્રણામ તે શબ્દાદિક વિષયરૂપ પૂર્વલા ભોગવ્યા ભોગ તેને ન ચિંતવે. કેમકે તેનું ચિંતવવું પણ મહા અનર્થનું કારણ છે. તો એ શબ્દાદિક વિષયને સેવવાનું શું કહેવું ? તથા આગમિક કાળે ઉપજનાર જે વિષય તેને પણ ન વાંછે. તેની અભિલાષા ન કરે, તથા તેને દૂર કરવા વાંછે. તો આત્માને જે ઉપધિ એટલે માયા અથવા અષ્ટ પ્રકારે તેને પોતાથકી દૂર કરે. તથા જે દુષ્ટ મનના કરનાર એવા જે શબ્દાદિક વિષય તેને વિષે નસ્યા નથી. અથવા દુષ્ટ ધર્મના કરનાર એવા જે કુતિર્થિક તેનાં

કહેલાં જે અનુષ્ઠાન તેના કરનાર થયા નથી એટલે તેને વશીગત થયા નથી. તે પુરૂષરાગ, દ્વેષ, પરિત્યાગરૂપ જે સમાધિ તદ્રૂપ ધર્મધ્યાન તેને (આહિયં) એટલે આત્માને વિષે વ્યવસ્થિત જાણે એથકી જે અન્ય છે તેને વિષે સમાધિ જાણે નહીં, એવું જાણીને વિષયને છાંડે. ॥ ૨૭ ॥

વળી ઊપદેશાંતર કહે છે. ચારિત્રિઓ જે છે, તે ગોચરીને વિષે કથાનો કરનાર ન હોય એટલે વિકથા ન કરે. અથવા વિરૂદ્ધરૂપ પૈશુન્ય વાર્ત્તા. એટલે સ્રીયાદિકની કથા તે પણ ન કરે. તથા પ્રશ્ન ન કરે અથવા અનેરાયેં પૂછયા થકી નિમિતાદિક કહે નહી તથા અર્થ કાંડાદિક કથાનો વિસ્તાર ન કરે. કેમકે એ શ્રી વીતરાગ દેવનો જે ધર્મ તેને સર્વોતમ જાણીને વિકથાદિ ન કરે એટલે સમ્યક ધર્મ જાણવાનું એહીજ ફળ છે; જે વિકથા દિકનો ત્યાગ કરવો અને સમ્યક પ્રકાર ક્રિયા કરવી તે ભાવ દેખાડે છે, કીધી છે રૂડી પરે અભ્યાસીને સયમાનુષ્ઠાનરૂપ ક્રિયા જેણે એવો છતો ઉત્તમ સાધુ તે દેહાદિકને વિષે પણ મમત્વ ન કરે. ॥ ૨૮ ॥

તથા ચારિત્રિઓ હોય તે માયા અને લોભ ન કરે. તથા ઉત્કર્ષ એટલે માન તથા પ્રકાશ એટલે ક્રોધ તે પણ સાધુ ન કરે, તે ક્રોધાદિકનો પરિત્યાગ મહાંતપુરૂષે કહ્યો તેહિજ ધર્મ ને વિષે સાવધાન થયા એવા જે મહાસત્વવંત પુરૂષ તેણે સંયમાનુષ્ઠાન સેવ્યું તે સાધુ જાણવા. ॥ ૨૯ ॥

સ્નેહ રહિત તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રે કરી સંયુક્ત અને સુસંવવૃત એટલે સંવરે સહિત પ્રવર્ત્તતો તથા ધર્મનો અર્થિ તથા ઉપધાન એટલે તપ વિશેષ તેને વિષે બળ વીર્યનો ફોરવનાર સંયમ પાળતો સમાહિત ઈંદ્રિઓ એટલે ઈંદ્રિઓ વશઃ કરી છે. જેણે, એવો છતો વિચરે કેમકે સંસારમાંહે ભમતા

નિશ્ચે આત્મહિત જે છે, તે દુઃખે કરી લભ્યમાન થાય છે.॥૩૦॥

હવે એ જીવ ક્યાંયે જે નથી પામ્યો તે દેખાડે છે. જે શ્રી વીતરાગે સંયમાનુષ્ટાન કહ્યું, તે પૂર્વે એ જીવે નિશ્ચે થકી સાંભળ્યું પણ નથી અથવા તે ધર્મ કદાપિ રૂડી રીતે પાળ્યું પણ નથી મહર્ષિયે જ્ઞાત પુત્રે સામાયિકાદિક ઘણાં દુર્લભ છે, એ રીતે કહ્યાં તે જ્ઞાતપુત્ર જે શ્રી મહાવીર જગતમાં સર્વદર્શી તેણે કહ્યું. ॥ ૩૧ ॥

એવું જાણી જે કરવું તે કહે છે; એમ પૂર્વોક્ત પ્રકારે આત્મહિત દુર્લભ જાણીને તથા ધર્મનો એ મહાંત આંતરો એટલે ધર્મનું વિશેષ જાણીને જ્ઞાન, દર્શન, અને ચારિત્ર સહિત ઘણા. એવા હળવા કર્મિ લોક તે ગુરૂને છંદે પ્રવર્ત્તતા એટલે ગુરૂપ દ્રષ્ટિ યથોક્ત સંયમને પાળતા પાપ થકી વિરત તે મહોટો જેનો પ્રવાહ છે એવા સંસાર સમુદ્ર થકી તર્યા. એ રીતે શ્રી તીર્થંકર ગણધરે કહ્યું તિબેમિ એટલે પુર્વવત્ ॥ ૩૨ ॥

इति श्री वैतालि याध्यनस्य द्वितियो देशकः समाप्त.

## हवे त्रीजो उद्देशो प्रारंभिये छीये.

બીજા ઉદ્દેશામાં ચારિત્ર પાલવું કહ્યું તે ચારિત્ર પાળતાં કદાચિત પરિસહ આવેતો સહન કરવા એવો ભાવ કહે છે. સંચર્યા છે મિથ્યાત્વાદિક કર્મ જેણે એવા સાધુને જે દુખ ભોગવતાં દોહિલાં અથવા તેનાં કારણ જે અષ્ટ પ્રકારના કર્મ અજ્ઞાનપણે બાંધ્યાં છે, નિકાચિત કર્યાં છે તે સત્તર પ્રકારના સંયમે કરી ક્ષણે ક્ષણે ખૂટે છે; જેમ તળાવનું પાણી સૂર્યના કિરણે કરી સર્વદા ક્ષણે ક્ષણે ખૂટે છે, તેમ ચારિત્રિયાનાં કર્મ તે તપ અને સંયમે કરી ખૂટે છે તથા સંવૃતિ આત્મા તે પંડિત મરણ

એટલે જન્મ, જરા, મરણ અને શોકાદિક છાંડીને મોક્ષે પોહોચે, અથવા એ રીતે જે પંડીત વિવેક સરવજ્ઞ છે તે કહે છે. ॥૧॥

હવે જે વિરતિ રૂડા અનુષ્ટાનના કરનાર છે, તે તેહિજ ભવે મોક્ષ જાય. તે આશ્રી કહે છે. જે મહાસત્વંત પુરૂષ જે કામાર્થી પુરૂષે વિનંતી કરાય તે કારણ માટે વિજ્ઞવણા શબ્દે સ્ત્રી કહિએ તેને ન સેવે, તથા રૂડે આચારે કરી સંતીર્ણ શબ્દે સંસાર થકી મુકાણા સરખા કહ્યા તે કારણે ઉંચું એવું જે મોક્ષ તેને જોયું વળી જેણે કામ ભોગ જે છે તેને રોગની પરે દીઠા.॥૨॥

વળી ઉપદેશ આશ્રી કહે છે. જેમ વણિકે અગ્ર એટલે પ્રધાન એવાં રત્ન વસ્ત્ર ભરણાદિકં દેશાંતર થકી, આણ્યા તેને આ મનુષ્ય લોક માહે રાજા અથવા મહોટા વ્યવહારવંત પુરૂષ જે હોય તેજ ધારણ કરે છે એટલે પહેરે છે એ પ્રકારે પ્રધાન રત્નતુલ્ય એવા જે પાંચ મહાવ્રત. અને છઠ્ઠા રાત્રી ભોજન વિરમણ સહિત છે વ્રતને આચાર્યો આણ્યા તેને સાધુજ ધારણ કરે અને સારી રીતે પાળે. ॥ ૩ ॥

જે આ જગતને વિષે સુખશિલીયા ત્રણ ગારવ કરી (અધ્યુપપન્ન) એટલે સહિત તથા કામભોગને વિષે મૂર્છિત તે કૃપણ એટલે દીન, કાયર સરખા ધીઠા એટલે અલ્પદોષે અમારો નિર્મલ સંયમ શી રીતે મલિન થશે? એવી રીતે ધૃષ્ટપણુ કરનાર જે હોય તે શ્રી વિતરાગનો કહ્યો એવો જે સમાધિનો માર્ગ તેને ન જાણે. ॥ ૪ ॥

વળી ઉપદેશાંતર કહે છે, જેમ વ્યાધ એટલે આહેડી તે મૃગાદિક પશુને ત્રાસ દેતો છતો તે મૃગાદિક અબલે બલ રહિત થાય. ક્યાંએ જઈ શકે નહીં. અથવા ગાડાનો વાહક એટલે સાધડીઓ તેણે જેમ વિષમ માર્ગને વિષે બળદને પરાણે પ્રેરણા કરી ખેડયો છતો બળ રહિત થાય: પછી તે બળદને મર-

ણાંત સુધી જો કષ્ટ આપે તો પણ અલ્પ સામર્થ્યપણાને લીધે ચાલી ન શકે. નિર્બળપણાથી તેહીજ કાદવમાં વિષમ માર્ગે ખૂતો રહે. ॥ ૫ ॥

હવે એ દ્રષ્ટાંત પુરૂષ સાથે મેળવે છે. એ પૂર્વોક્ત ન્યાયે શબ્દાદિક વિષય તેની ગવેષણા એટલે પ્રાર્થના તેને વિષે નિપુણ આસક્ત છતો તે પુરૂષ સિદાય પરંતુ કામભોગને છાંડી ન શકે; કામભોગરૂપ કર્દમને વિષે ખુટો એવો છતો આજ અથવા કાલે એ કામભોગનો સંબંધ છાંડીશ. એમ ચિંતવે; પણ નિર્બળ બળદની પેરેં છાંડી ન શકે એમ જાણી સંવેગ આણીને કામિ પુરૂષે કામભોગ વાંછવા નહી વળી તે કામભોગને લાધા થકા પણ અણલાધા એટલે અણપામ્યા સરખા કરે. કોઇએક નિમિત્તે ખુજયો છતો જંબુસ્વામિ તથા વેરસ્વામિને પેરે નિસ્પૃહી થાય. ॥ ૬ ॥

હવે શા વાસ્તે કામભોગનો ત્યાગ કરવો તે કહે છે. પછી મરણ કાળે ભવાંતરને વિષે એ કામભોગની સેવાયે કરી અસાધુપણા થકી દુર્ગતિ ગમન રૂપ થાય. એવું જાણી પોતાનો આત્મા વિષયના સંગ થકી દૂર કરે તથા પોતાના આત્માને શીખવે કે, રે જીવ અસાધુ કર્મને પ્રમાણે તું દુર્ગતિયેં ગયો થકો દુઃખી થઇશ તથા અત્યંત અ સાધુ કર્મને પ્રમાણે શોચ કરીશ હે જીવ ? તુજને પરમાધિએ પીડયો થકો ગાઢા આકરા શબ્દ કરીશ, તથા ઘણા વિલાપ કરીશ. હે માય ? હું મરૂં છું આ વખત મને રાખનાર કોઈ નથી ઇત્યાદિક અનેક આક્રંદ કરીશ એવું કહીને આત્માને શીખામણ આપે. ॥ ૭ ॥

વળી આ સંસારમાંહે ધન્યધાન્યાદિક પદાર્થ તો દૂર રહ્યા, પણ એકલું જીવિતપણુંજ દેખો તે એવું તો અશાશ્વતું છે કે, ક્ષણે ક્ષણે વિનાશ શીલ છે. કોઇક તો તરૂણપણેજ વિનાશ

પામે ચાલતા સમયમાં ઘણુ તો શો વર્ષનું આયુષ્ય છે, તે પણ છેહડે તૂટે છે જે માટે તે આયુષ્ય સાગરોપમની અપેક્ષાયે તો નેષોન્મષ પ્રાયે ઇત્વર એટલે અલ્પ વર્ષ સરખું થાય. એવું જાણીને રે. જીવ ! બુજો કે, એવી રીતે આયુષ્યનો ભરોશો છતા પણ એકેક પુરૂષ ગૃદ્ધ છતા કામભોગને વિષે મૂરચ્છિત રહે છે? તે નરકાદિક પીડાને પામે છે! ॥ ૮ ॥

વલી જે આ મનુષ્ય લોક માંહે મહામોહાકુલત પુરૂષ આરંભ હીંસાદિક સાવધાનુષ્ટાનને વિષે નિશ્રત એટલે આસક્ત છે તે પુરૂષ આત્માને દંડનાર તથા એકંત જીવના પ્રાણને લૂસનાર અથવા સદ્ અનુષ્ટાનને લૂસનાર, એવા પુરૂષ પાપલોક એટલે જે ગતિમાં પાપ કર્મના કરનાર જાય, તે ગતિમાં જશે કીંબ હુના ચિરંકાળ સુધી નરકાદિકના દુઃખ પામશે. યદ્યપિ તે અજ્ઞાન કષ્ટને પ્રભાવે કદાચિત્ દેવગતિ પામે તોપણ અસુરગતિ એટલે કિલ્બિષીયાદિકની ગતિ પામે ॥ ૯ ॥

વળી કહે છે સર્વજ્ઞ એમ કહ્યું છે કે, તૂટયું આયુષ્ય સંધાય નહીં તોપણ બાળ અજ્ઞાની લોક તે નિર્વિવેકીપણે ધૃષ્ટપણું કરે છે, તે કહે છે, કોઈ એક પંડિતે ધર્મને વિષે પ્રેર્યોછતો તે નિરવિવેકી પુરૂષ એમ કહે કે અમારા પ્રત્યુત્પન્ન જે વર્તમાન સુખ તેની સાથેજ અમારો કાર્ય છે, કોણ જાણે પરલોક છે કિંવા નથી પરલોકને કોણ દેખી આવ્યો છે, જે દેખીને પરલોકથી આવ્યો તે અમોને કહેતો માન્ય કરીયે ઇત્યાદિક ધૃષ્ટપણાની વાતો કરે ॥ ૧૦ ॥

હવે એવું ધૃષ્ટપણું કરે તેને ઉપદેશ કહેછે, અહો અંધ સરખા પુરૂષો? ત્રણ ભુવનનો દેખનાર એવો સર્વજ્ઞ જે શ્રી વીતરાગદેવ તેનો કહેલો જે શ્રી સિદ્ધાંત તેને સદહે, તું કેવો છે ? તો કે, અંધ જ્ઞાન દૃષ્ટી રહિત એવા જે છે, તેમના દર્શનને વિષે પ્રવ-

ર્તનહાર છે માટે તેને બોલાવિયે છેયે કે અહો ! તું શ્રી વીત-રાગ પરમાત્માનો ભાખ્યું જે સિદ્ધાંત તેના ઉપર સરધા કરીને તેને ગ્રૃહણ કર અને આ લોકના સુખ ટાળીને પરલોક ઉપર કોણ ભરોસો રાખે, પરલોક તો નથી ઈત્યાદિક જે તું બોલે છે તે તહારૂં બોલવું અયોગ્ય છે; કેમકે વર્તમાનકાળ ટાળીને અતીત અનાગત નહીં માનીશ તો પિતામાતાદિક પુત્ર પૌત્રાદિક એ પણ નથી, એમ પણ કહેવું પડશે પરંતુ એવી રીતના તાહરા બોલાવા થકી એમ જાણીએછેયે કે સૂષ્ટુપણે તું નિરૂદ્ધ દર્શને છે, એટલે સર્વદા જ્ઞાનદ્રષ્ટી રહિત છે; મોહની કર્મે કરી અથવા જ્ઞાનાવરણાદિક કર્મે કરી તાહારો દર્શન રૂંધાણું છે તે માટે તું જૈન માર્ગ સર્દહતો નથી, માટે એ તારો મત મૂકીને સુત્રના સત્ય માર્ગની સર્દહના કર. ॥ ૧૧ ॥

વળી ઉપદેશ કહે છે એવા વચનનો બોલનાર દુ:ખી છ-તો વારંવાર મોહ પામે એટલે વળી તેહનેજ સમાચરે જે થકી સંસારમાંહે અનંતો કાળ પરિભ્રમણ કરે. એવું જાણી મોહ મુ-કીને જે સંયમને વિષે પ્રવર્ત્તે તે ઉત્તમ પુરૂષ જાણવો, તે આત્મ શ્લાઘા સ્તુતી લોક પૂંજા તથા વસ્ત્રાદિક લાભના ઉત્કર્ષને ન વાંચ્છે, એટલે એ સર્વનો ત્યાગ કરે તે એમ કરતો જ્ઞાનાદિક સ-હિત થકો સંજતે સર્વે પ્રાણી માત્રને પોતાના આત્મા તુલ્ય ક-રી દેખે. એ રીતે દયાપાળે. ॥ ૧૨ ॥

વળી ઉપદેશાંતર કહે છે. ગ્રહાવાસને વિષે વસતો એવો મનુષ્ય તે પણ અનુક્રમે ધર્મ સાંભળી, શ્રાવકના વર્ત્તાદિકને અં-ગીકાર કરી, જીવોને વિશે સમ્યક્ પ્રકારે યત્ન કરતો, તે સર્વત્ર સમતા પરિણામે વર્તતો એ રીતે ગૃહસ્થ ધર્મને પાળતો થકો પણ દેવલોકમાં જાય. તો પછી યતિ ધર્મ પાળનારાને તો કહેવોજ શું ? ॥ ૧૩ ॥

વળી કહે છે તે શ્રી વીતરાગની આજ્ઞાપૂર્વક ધર્મ સાંભળીને તેના આગમને વિષે જેમ કહ્યું છે, તેમ સત્ય સંયમને વિષે ઉપક્રમ એટલે ઉદ્યમ કરે, સર્વત્ર મચ્છર રહિત એવો થકો સાધુ તે સાધુ કરી વર્તિયેં શુદ્ધ એટલે બેંતાલીશ દોષ રહિત એવો આહાર લીયે. ॥ ૧૪ ॥

વળી ઉપદેશ કહે છે તે સાધુ સર્વ હેય ઉપાદેય વસ્તુને જાણીને સર્વજ્ઞોક્ત સંવર રૂપ માર્ગને અધિતિષ્ટેત્ એટલે આશ્રેયે વળી ધર્માર્થી થકો ઉપધ્યાન એટલે તપને વિષે વિર્ય ફોરવે એટલે તેમાં બળવંત થાય પણ તેમાં વિર્ય ગોપવે નહી વળી મન, વચન અને કાયા ગુપ્તીએ ગુપ્ત અને શુભ જોગે યુક્ત થવાનો સર્વકાળ પોતાને વિષે અને પરને વિષે યત્ન કરે તે સાધુ પરમાયત જે મોક્ષ તેનો અર્થી જાણવો. ॥ ૧૫ ॥

ન કનકાદિક તથા પશુ ચતુષ્પદાદિક અને જ્ઞાતિતે સ્વજન માતાપિતાદિક તેનું જે બાળ અજ્ઞાની હોય તે સરણકરીમાને કેવી રીતે તોકે એ જે વિત્તાદિક છે તે માહારા છે. હું એની રક્ષા કરનાર છું પણ એમ ન જાણે જે એ ધનાદિક જે છે તે રોગાદિક ઉપને થકે અથવા દુર્ગતિમાં પડતાં થકાં મને ત્રાણસરણ નાધિતે એટલે નથી. થવાના. ॥ ૧૬ ॥

વળી ઉપદેશ કહી દેખાડે છે. પૂર્વોપાર્જિત અસાતા વેદનીય કર્મના ઉદય થકી દુઃખ પ્રાપ્ત થયાં છતાં તે દુઃખ એકલોજ જીવ અનુભવે છે. પણ જ્ઞાતિ, સ્વજન અથવા દ્રવ્ય તે દુઃખ થકી મૂકાવી શકતા નથી અથવા મરણ આવેછતે પણ એકલોજ દુઃખ ભોગવે તથા ભવાંતરને વિષે પણ એકલોજ દુઃખ ભોગવે તથા ગતિ આ ગતિ પણ એકલાનેજ હોય, પરંતુ તે વખતે ધનાદિક જે છે તે કોઇ સરણ ન થાય, વિવેકી પંડિત જન એવી રીતે જાણતા થકા કોઇનું સરણ કરી માને નહીં. ॥ ૧૭ ॥

સંસાર માંહે સર્વ જીવ પોતાના કરેલા કર્મે કરી એકેંદ્રિયાદિકની અવસ્થાયે કલ્પ્યા છતાં અવ્યક્તા સંજ્ઞાયે અસ્પષ્ટ શિરશૂલાદિક દુઃખે કરી દુઃખીયા છતાં એવા પ્રાણીઓ તે ચતુર્ગતિક રૂપ સંસાર માંહે અરહટ્ટ વટીને ન્યાયે પરિભ્રમણ કરે છે, તેજ યોનીને વિષે ભયાકુલ બિહિતા થકા તથા શઠ એટલે અજ્ઞાની છતા વળીવળી જાય એટલે જાતિ અને જરા તથા મરણે કરી પીડ્યા થકા રહેછે. ॥ ૧૮ ॥

એહીજ આર્ય ક્ષેત્ર સુકુમાલ જન્મ જિનધર્મની પ્રાપ્તી, એવો ક્ષણ એટલે અવસર જાણી યથોચિત ધર્મ કરવો બોધ બીજ પામવું સુલભ નથી, એ રીતે કહ્યું છે. એવું જાણી ધર્મ અણ કરવા થકી ફરી ફરી બોધિ દુર્લભ છે. એ રીતે જ્ઞાન દર્શને કરી સહિત સાધુ જાણે તથા ઉદય આવ્યા પરિસહને અહિયાશે. એ વચન શ્રી આદિનાથ ભગવાને પ્રકાશ્યો તથા એ રીતેજ શેષ બીજા તીર્થંકર પણ પ્રકાશે છે. ॥ ૧૯ ॥

હવે સર્વજ્ઞ પોતાના શિષ્યને બોલાવી કહે છે કે, અહો ભિક્ષુ? એટલે યતિઓ પૂર્વે જે તીર્થંકર થયા, તથા આગમિક કાળે જે થશે તે કેવા થશે તો કે સુવ્રત એટલે પ્રધાન વ્રતધારી તેણે એ સર્વ ગુણ જે પાછળ કહ્યા તે અથવા આગળ કહેશે તે કહ્યા છે પરંતુ તે તીર્થંકરને મતે ભેદ નથી કાશ્યપ તે શ્રી આદીશ્વર તથા વર્ધમાન સ્વામી તેના ધર્મના અનુચારિ જે છે તે એમજ કહે છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એહિજ મોક્ષ માર્ગ છે. ॥ ૨૦ ॥

હવે તે ગુણ કહે છે. મન, વચન, અને કાયાયેં કરણ કરાવણ અનુમોદને કરી જીવના પ્રાણ હણે નહીં. એ પ્રથમ મહાવ્રત એમ ઉપલક્ષણ થકી શેષ મહાવ્રત પણ જાણવા. તેણે કરી આત્માને હેતુ તથા નિયાણા રહિત ઇંદ્રિયોને સંવરવે કરી

સંવૃતિ થકા એવા આચારે પ્રવર્તતા આગળ અનંતા જીવ સિદ્ધિ પામ્યા વળી સાંપ્રત એટલે વર્તમાન કાળે સિદ્ધ થાય છે. અને અવર આગમિક કાળે, અનેક સિદ્ધ થશે. ॥ ૨૧ ॥

એ રીતે શ્રી આદીશ્વર ભગવાને પોતાના પુત્ર આશ્રી ઉદ્દેશીને મોક્ષ માર્ગનો ઉદ્દેશો કહ્યો તે ભગવંત કેવા છે! તો કે નિરૂપમ જ્ઞાન અને નિરૂપમ દર્શન એટલે સમ્યક્ જ્ઞાન દર્શનના ધરનાર છે. તથા કથંચિત્ જ્ઞાન દર્શનના આધાર છે એ રીતે અરિહંત જ્ઞાતપુત્ર શ્રી વર્દ્ધમાનસ્વામી ભગવંત તેણે વિશાળા નગરીને વિષે એ માર્ગ અમોને કહ્યો એ રીતે પંચમ ગણધર શ્રી સુધર્મ સ્વામી જંબુપ્રભૃતિ પોતાના શિષ્યોને કહે છે કે અહો શિષ્યો! જેમ શ્રીવર્દ્ધમાનસ્વામી પાસેથી અમે સાંભળ્યું છે, તે રીતે તમોને કહુંછું. ॥ ૨૨ ॥

इतिश्री सुत्रकृतांगे प्रथम श्रुतस्कंधे श्रीद्वितिय वैतालीयाध्ययनं समाप्त.

## એ બીજૂ અધ્યયન કહ્યું હવે અનંતર ત્રીજો અધ્યયન પ્રારંભીએ છીએ.

એનો એ સબંધ છે કે, પાછલે અધ્યયને સ્વસમય પરસમયની પ્રરૂપણા કહી માટે પરસમયના દોષ અને સ્વસમયના ગુણ જાણીને સ્વસમયને વિષે પ્રવર્તવો; તેને વિષે પ્રવર્તતાં થકાં જે અનુકૂલ અને પ્રતિકૂલ ઉપસર્ગ ઉપજે તે સહન કરવા એ અધિકારે આવ્યો જે અધ્યયન તે પ્રારંભિયેં છૈયેં. કોઇ એક બાળ મનુષ્ય સંગ્રામને વિષે પોતાને શૂરવીર કરી માને જે આ જગત માંહે માહરા સમાન સુભટ કોઈ નથી, પરંતુજ્યાં સુધી તે સંગ્રામને વિષે પોતાને જીપનાર કોઈ ન દેખે ત્યાં સુધી જાણવું

કોની પરે? જેમ શિશુપાળ રાજા પોતાની આત્માને શૂરવીર માનતો હતો પરંતુ સંગ્રામને વિષે દૃઢવર્મી તથા મહારથી એવા નારાયણને જુંજતો દેખી, ક્ષોભ પામી, મદછાંડીને નિર્મદ થયો. ॥ ૧ ॥

સાંપ્રત સામાન્યપદે દ્રષ્ટાંત કહે છે, કોઈ એક પોતાને વિષે શૂરવીર પણું માનતા, સંગ્રામને મસ્તકે અગ્રેસર પણે આવ્યા; એવા તે સંગ્રામને વિષે ઉપસ્થિત એટલે પ્રાપ્ત થયે થકે ત્યાં પરદલને સુભટે સર્વજનને વ્યાકુળ ચીત કર્યા છે; તે સંગ્રામ એવો વર્તે છેકે, જા માતા પુત્રને ન જાણે; એટલે માતાને કેડે રહ્યો બાળક પડતો જાણે નહીં, એવા સંગ્રામને વિષે જે આગળે જીપણ હાર પુરૂષો તેણે શસ્ત્રાદિકે કરી છેદ્યો થકો, હત પ્રહત કીધો છતો, કાયરપણે ભંગ પામે. ॥ ૨ ॥

હવે એ દ્રષ્ટાંત સાધુ સાથે મેળવે છે. એમ પૂર્વોક્ત સુભટની પેરે શીશુપાલવત્ નવ દીક્ષિત શિષ્ય પણ પરિસહને અણ ફરસ્યો થકો એમ કહેકે, દીક્ષા પાળવામાં શું દુર્લ્લભ છે? એટલે દીક્ષાનો માર્ગ સુલભજ છે. એવો તે ભિક્ષાચર્યાને વિષે અકોવિદ, એટલે અજાણ, અનેરા આચારને વીશે અનિપુણ થકો નવ દીક્ષિત છે. તે વચન માત્રે કરી પોતાના વિષે શૂર પણાનો માનનાર તે જ્યાં લગે સંયમને સેવે નહીં ત્યાં લગે એવું કહે કે, “એ સંયમમાં શું દુષ્કર પણું છે?” પરંતુ જે વારે સંયમ આદરે, તે વારે પરિસહનો ઉદય આવે થકે સિદાય. ॥ ૩ ॥

હવે સંયમનું દુષ્કરપણું દેખાડે છે. ત્યાં એકાદકાળે (હિમંત ઋતુ) પોષ અને માઘ માસમાં સર્વાંગે પાઠાંતરે વાયરા સહિત શીત ફરસે તે વારે મંદ બુદ્ધિ ભારી કર્મિ જીવ કાયર થકો, ચારિત્રને વિષે સિદાય એટલે દીનપણું પામે. કોની પેરે? તો કે, જેમ રાજ્ય હીણ ક્ષત્રી શિદાય તેની પરે તે સાધુ પણ જાણવી

લેવો. ॥ ૪ ॥

હવે ઉષ્ણપરિસહ કહે છે. ગ્રીષ્મકાળે જ્યેષ્ટાદિક માસનો ઉપન્યો ઉષ્ણ આ તાપ, તેણે કરી ફરસ્યો એટલે વ્યાપ્યો છતો, વિમન એટલે આમણ દુમણો થયો થકો અત્યંત તૃષાયે કરી પરાભવ પામ્યો તે વારે ત્યાં પણ મંદ બાપડો કાયર સિદાય ભંગ પામે. જેમ માછલું (અલ્પોદકમાં) એટલે પાણીના વિયોગથી સિદાય તેમ સત્વ રહિત ચારિત્રિયો સંયમ થકી ભ્રષ્ટ થાય. જેમ માછલાં જીવિતવ્ય થકી ભ્રષ્ટ થાય તેની પેરે જાણી લેવું. ॥ ૫ ॥

હવે યાચના પરિસહ કહે છે. સર્વ કાળ શિલિમાત્ર પણ સાધુને દીધો અને એષણિય લેવો એ મહાદુઃખ છે (યાચના) એટલે માગવું તે અપાર દુર્લભ છે. તેમાં જે કાયર હોય તે સિદાય. હવે પાછલે અર્થે આક્રોશ પરિસહ કહે છે પામર લોક હોય તે સાધુને એમ કહે કે, એ બાપડા પૂર્વ આચરિત કર્મે કરી આર્ત થકા પૂર્વકૃત કર્મનાં ફળ અનુભવે છે, અથવા એ બાપડા મલમલિન શરીર દુઃખાદિક વેદનાયે ગ્રસિત દરિદ્રી કરસણાદિક કાર્ય કરવા અસમર્થ માટે ઉદ્વેગ પામ્યા થકા યતિ થયા છે. એ પુત્ર કલત્રાદિકે કરી મૂકાયલા, દૌર્ભાગી થકા પરિવાર છાંડી પ્રવર્જ્યા આદરી રહે છે. ॥ ૬ ॥

એવા પૂર્વોક્ત આક્રોશ સંબંધિ જે શબ્દ તેને સહન કરવાને અસમર્થ ગ્રામને વિષે અથવા નગરને વિષે ત્યાં એવા આક્રોશ ઉપને થકે તે મંદ અજ્ઞાની ચારિત્રિઓ સીદાય છે, કોની પરે સિદાય છે? તે કહે છે. જેમ બીકણ મનુષ્ય સંગ્રામને વિષે શસ્ત્ર દેખી સિદાયને ભાગી જાય, તેની પેરે તે મંદ ચારિત્રિયો ચારિત્રથી ભંગ પામે છે. ॥ ૭ ॥

હવે વધ પરિસહ કહે છે. એક કોઈ એક લૂસક શ્વાનાદિક

તે ભિક્ષાએ ભમતો ભુખ્યો એવો જે સાધુ તેને દેખી તે શ્વાનાદિક ડંખ મારે વલુરે ત્યાં શ્વાનાદિકે ખાધો છતો અજ્ઞાની સિદાય એટલે દીન થાય. કોની પરે, તો કે જેમ, અગ્નિને સ્પર્શે કરી પ્રાણી એટલે જીવ પોતાનુ શરીર સંકોચે તેમ મંદ ચારિત્રિઓ પણ પોતાનું ગાત્ર સંકોચે. ॥ ૮ ॥

વળી આમિન લોકનું વચન પરિસહ કહે છે. અપિ સંભવનાયેં કોઇ એક ધર્મના અજાણ સાધુના દ્વેષી સાધુની સાથે શત્રુ ભાવે પોંહોંતા થકા એવું કઠોર વચન સાધુ પ્રતે ભાસે, એટલે બોલે. શું બોલે ? તો કે એ બાપડા, પાછલા ભવના કરેલાં કર્મનાં ફળ ભોગવે છે. જે એ યતિ તે એમ આ જીવિકાયે જીવે છે. એટલે પર ઘરની ભિક્ષા માગે છે, તથા અંત પ્રાંત આહારના લેનારા છે. એણે પૂર્વલે ભવે કાંઇ દીધું નથી, કાંઇ લાધુ નથી, તેથી મસ્તક મુંડ થઇ બીભત્સ રૂપે સર્વ ભોગ થકી વંચ્યા એવા એ બાપડા દુઃખી થકા, જીવે છે. ॥ ૯ ॥

તથા વળી એહિજ પરિસહ કહે છે. અપિ સંભવનાયેં, એક કોઇ અનાર્ય એવાં વચન બોલે કે, એ નાગા સર્વકાળ પરપિંડના ઓસીઆળા અધમ દુગન્છાના સ્થાનક મુંડીતકેશ, ખાજીયે કરી એમના શરીર વિણઠા છે અંગજેના, એવા પામર તથા મેલ પ્રસ્વેદ થકી ખરડયા છે સર્વકાળ (અસમાધિઆ) એટલે અશોભનિક દેખનારાને અસમાધિના ઉપજાવનાર છે. ॥ ૧૦ ॥

હવે જે સાધુને એવાં દુર્વચન બોલે, તેને વિપાક દેખાડે છે. એ પૂર્વલી રીતે કોઇ એક પુણ્ય રહિત જીવ, (વિપ્રતિપન્ન) એટલે સાધુ માર્ગના દ્વેષી પોતે અજાણ છતાં તું શબ્દ થકી અન્ય વિવેકી પુરૂષનાં વચન અણ માનતાં એવા જીવ અંધકાર ગતિ થકી ફરી આકરી અંધકાર ગતિએ જાય. તે અજ્ઞાની કેવા છે ? તો કે, મિથ્યાત્વ દર્શને કરી ઢાંકયા આવર્યા કુમાર્ગને

સેવે છે. ॥ ૧૧ ॥

હવે દંસ મસકાદિક પરિસહ કહે છે. (સિંધુ તામ્રલિપ્ત) કોંકણાદિક દેશને વિષે પ્રાયેં દંસ મશકાદિક અધિક હોય છે. તે દેશોને વિષે કોઇવાર સાધુ ગયો થકો, દંશ મશકાદિક ફરસે તેથી દંશમસકાદિકે પીડાયો તથા અકંચન ભાવ છે, માટે તૃણાદિકને વિષે સંથારો કરે, તેથી તે તૃણાદિકના સ્પર્શ સહન કરવાને અશકિતવંત છતો, કોઇ એક કાયર એમ ચિંતવન કરે કે એવું દુષ્કર અનુષ્ટાન પરલોકને અર્થે કરિયેં છેયે અને તે પરલોક તો અમે દીઠું નથી. જે માટે એવા કલેશથી મરણતો પ્રત્યક્ષ દેખાય છે. જે અવસ્ય મરણ પામીશું માટે, એવા કલેશથી સર્યું. ॥ ૧૨ ॥

તથા વળી કેશના લોચે સંતાપ્પા તથા બ્રહ્મચર્ય થકી ભાગ્યા એટલે લોચની પીડા ઉપની થકી કામવિકારના દીપવા થકી ત્યાં મંદ અજ્ઞાની બાપડા શિદાય સંયમ થકી ભ્રષ્ટ થાય તે કોની પરે ? તો કે જેમ (કેતન) એટલે મત્સ બંધન તેને વિષે પ્રવેશ કરવા થકી માછલું જીવિતવ્ય થકી ચૂકે છે. તેની પેરે તે બાપડા સંયમ થકી ચૂકે છે. ॥ ૧૩ ॥

આત્મા જે થકી દંડાય એવો જેનો આચાર એટલે અનુષ્ટાન છે. તથા મિથ્યાદર્શન સંસ્થિત એટલે મિથ્યાદર્શને ભાવિત જેનું ચિત્ત છે, તથા રાગદ્વેષે વ્યાકુળ એવા કોઇ એક અનાર્ય પુરૂષો તે ચારિત્રવંત સાધુને ક્રીડાયેં કરી લૂંશે કદર્થના કરે. ॥ ૧૪ ॥

વળી કોઇ એક અનાર્ય, દેશ પર્યંત વિચારતા જે સાધુ તે સાધુને એમ કહે કે, એ હેરૂ છે, ( ચોર છે, ) ભિક્ષણ શીલ એમ કહી તે સુવ્રત જે અણગાર તેને રાશી પ્રમુખે કરી, સાધુને બાંધે એવા બાળ અજ્ઞાની તથા કષાયના વચને કરી નિભર્ત્સના કરે. ॥ ૧૫ ॥

ત્યાં અનાર્ય પુરૂષે સાધુને દંડે કરી તથા મુષ્ટિયે કરી અથવા ફલે કરી હણ્યો છતો એવા દુઃખોને તે બાળ અજ્ઞાની અણ સહેતો થકો જ્ઞાતી, ગોત્રિને સંભારે કે, માહારો સંબંધિ ગોત્રી જો કોઇ અહિયાં હોત તો એ મને એવી કદર્થના ન કરત; એવી ચિંતવના કરે જેમ સ્ત્રી રીસાણી થકી, પોતાના ઘરમાંથી નીકળી: રસ્તામાં તેને ચોર લોકોએ ગ્રહણ કરી છતી પોતાના સંબંધિઓનું સ્મરણ કરે, પશ્ચાતાપ કરે, તેની પરે જાણી લેવું. ॥ ૧૬ ॥

હવે ઉપસંહાર કરતો કહેછે. એ જે પૂર્વે દંસમશકાદિકના પરિસહ કહ્યા તે શ્રી સુધર્મ સ્વામી જંબુ પ્રમુખ શિષ્યોને બોલાવી કહેછે કે, ભોશિષ્યો! જે પરિશહ કહ્યા તે સંપુર્ણ પ્રત્યે ફરશે ફરશા જે કઠોર અહિયાસતા દુર્લભ છે એવા પરિસહને અણ સેહેતા એવા જે કિલીબ અસમર્થ પરવશે એટલે કર્મના વશે પડ્યા થકા વળી ગૃહવાશે ગયા. કોનીપરે ? તો કે, જેમ હસ્તિ સંગ્રામને માથે, મસ્તકે શરજાલે વીંધ્યો થકો ત્યાંથી નાશી પાછો ફરે તેમ કાયર સાધુ ચારિત્ર થકી પાછો ફરે તિબોમનો અર્થ પૂર્વવત્ જાણવો. ॥ ૧૭ ॥

इति तृतियाऽध्ययनस्य प्रथमोदेशक समाप्त. ॥

अथ द्वितीयो देशकस्य प्रारंभः पेहेला उद्देशामां प्रतिकूल उपसर्गना कारण कह्या. हवे बीजा उद्देशामां अनुकूल उपसर्गना कारण कहे छे.

અથ હવે એ સૂક્ષ્મ, એટલે ચિતને વિકાર ઉપજાવનાર એવા અંતરંગ પ્રતિકૂલ ઉપસર્ગના કારણ પણ બાદર એટલે

પ્રગટ દેખાય નહીં તેવા શરીરને વિકાર કરનાર ઉપસર્ગ ન જાણવા એવા માતાપિતાદિકનો સબંધ, તે સબંધી જે ચારિત્રિયાને દુર્લંઘનીય ઉપસર્ગ છે તેજ ઉપસર્ગ કહે છે જે ઉપસર્ગ આવે થકે કોઈ એક કાયર ચારિત્રિઓ સિદાય તે પોતાના આત્માયે સંયમનો નિર્વાહ કરી શકે નહીં. ॥ ૧ ॥

કોઈ એક જ્ઞાતિલા સાધુને દેખીને સાધુને વીંટીને રૂદન કરે એટલે વિલાપ કરે અને એમ કહેકે અમ્હે તારૂં બાળપણ થકી પાલણ પોષણ કર્યું, તે અમ્હે તારા તાત એટલે પિતા છૈયેં. માટે એવું જાણ્યું જે અમારી વૃદ્ધાવસ્થામાં; તું પણ અમારૂં પોષણ કરીશ, તે માટે હે પુત્ર! તું અમારૂં પોષણ કર, તથા તે સાધુના પુત્રાદિક હોય તે એમ કહે કે, અહો! તાત અહો પીતા તમે અમને શા કારણે છાંડો છો? ॥ ૨ ॥

વળી કહે છે અહો તાત! તાહરો જે પિતા છે તે (થેરઓ) એટલે ડોકરો છે અર્થાત વૃદ્ધ છે; તથા બેહેન તે ન્હાની છે, એ પ્રત્યક્ષ દેખાય છે, તથા હે તાત તાહરા સગાભાઈ તે એક માતાના જણ્યા એવા સહોદર એક ઉદરના ઉપજ્યા, સ્નેહના પાત્ર, તેને કેમ છાંડીશ! તે કારણ માટે તું અમને કાં છાંડે છે. ॥ ૩ ॥

તથા માતા અને પિતા તેને પોષાણ કર એ રીતે પરલોકની સિદ્ધી થશે તથા હે તાત આ લોકને વિષે પણ નિશ્ચય થકી એવો આચાર છે કે જે સંસાર માંહે પોતાના માતાપિતાનું પાલણ પોષણ કરે, તેજ શ્રેષ્ઠ મનુષ્ય કહેવાય છે. (વતોગુરૂવોયત્ર પૂજ્યંતિષ્ઠતિ વચનાત્) ॥ ૪ ॥

એ રીતે પ્રધાન તથા ઉત્તરોત્તર મધુર જેનો આલાપ છે એટલે નરમ વચનના બોલનારા એવા કે અહો તાત! તમારા પુત્ર ન્હાના છે, તથા તમારી ભાર્યા તે નવિન પરણેલી છે ને

લઘુવય વાળી છે, માટે રખે તે અન્યજન પાસે જશે તો આપણા કુળને તે કલંક લગાડશે. ॥ ૫ ॥

માટે અહો તાત! તમે આવી ઘરમાં રહો અને ત્યાં રહ્યા થકા કાંઇ પણ કાર્ય કરશોમાં નવા કાર્ય ઉપને થકે અમ્હે તમોને સહાઇ થઇશું, તે માટે એકવાર ગૃહકાર્યથી તમે ભાગોછો પરંતુ બીજી વખત હે તાત અથવા હે પુત્ર તમે જુઓ કે અમે સુખાઇ છતા જોઇએ જે તમારો શું બિગાડ થાય છે, તે માટે ચાલો પોતાને ઘેર જઇએ, એટલું અમારૂ વચન માન્ય કરો. ॥ ૬ ॥

તે માટે અહો તાત એકવાર ઘેર જઇને વળી ફરી આવીને યતિ થાજો એટલુ કીધા થકી અશ્રમણપણુ ન થાય; જો તમે ગૃહ વ્યાપારની ઇચ્છા રહિત પોતાનું મન માન્યું અનુષ્ઠાન કરશો તો તમને કોણ વારવાને સમર્થ છે; અથવા વૃદ્ધા વ્યસ્થાયેં વિષયાભિલાષ નિવર્તે થકે સંયમાનુષ્ટાનને વીષે પરાક્રમ કરજો, કેમકે તે વખત ધર્મ કરવાને યોગ્યછે; તે વારે તમોને કોઇ પણ વારવા સમર્થ થશે નહી. ॥ ૭ ॥

વળી અહો તાત જે કાંઇ તમારા ઉપર (રૂણ) એટલે લેણું હતું તે પણ અમે સર્વે દેવું સમું કીધું એટલે, માગનારાઓનું સર્વે લેણું ચુકાવી દીધું છે, તથા જે વ્યવહારને કાર્યે અથવા અન્ય કોઇ ભોગો પભોગને અર્થે સુવર્ણ રૂપાદિક ખપમાં લાગશે તે પણ સર્વે અમે તમોને આપીશું. ॥ ૮ ॥

એ રીતે વચને કરી, તે સર્વે પુત્રાદિક રૂડી રીતે શીખવે કરૂણાકારે એવા વચને પોતે તે પુત્રાદિક દીન પણાને ભાવે પોંહોંચ્યા છતાં, એમ પૂર્વોક્ત રીતે કહે, તેથી તે જાતિ ગોત્રી જે પુત્રાદિક તેન સંગે કરી, બાંધ્યો છતો તે વારે તે અલ્પ સત્વ-કાયર સાધુ, તેમના વચને મોહીત થયો છતો આગાર ભણી ધાવે, એટલે ઘરવાસ માંડીને સંયમને છાંડે. ॥ ૯ ॥

પછી જેમ વનને વિષે ઉત્પન્ન થયું એવું જે વૃક્ષ તે વેલડીઓ તેણે કરી બંધાય, એટલે વેલડીયે કરી વીંટાય, તેમ જાતિ સ્વજનાદિક જે છે તે સાધુને અસમાધિએ કરી બાંધી લીયે સંયમ થકી ભ્રષ્ટ કરે ઇત્યર્થ. ॥ ૧૦ ॥

પછી તે જ્ઞાતિ ગોત્રીની સંગતે કરી વિવિધ પ્રકારે બંધાણો થકો પરવશ થયો, એટલે તેમના અનુકૂલ વચને કરી મનને વિષે ધૃતિ ઉપજી તેણે કરી બંધાણો જેમ નવા ગ્રહણ કરેલા હસ્તિને જો, ઈક્ષુખંડાદિકનો આહાર કરાવિયે તો નવા બંધને કરી બંધાય અથવા મધુર વચને કરી ઉપચારિયે તે વારે તે બંધનનો અંગીકાર કરે તેમ અહીં પણ એ દ્રષ્ટાંતે તે જ્ઞાતિ ગોત્રિ જે પુત્રાદિક છે તે નવ પ્રસૂત ગાયનીપેરે, જેમ તે ગાય પોતાના બાળક થકી દૂર ન જાય, તેમ તે પુત્રાદિક તે સાધુને વ્યામોહમાં પાડવાને અર્થે પછવાડે લાગ્યાજ ફરતા રહે. ॥ ૧૧ ॥

હવે સંગનો દોષ કહે છે, એ પૂર્વોક્ત માતા પિતા પુત્રાદિકનો જે સંગમ છે. તે મનુષ્યને પાતાળ, સમુદ્રની પેરે તરતાં દુસ્તર જાણવો જે સંગમને વિષે મનુષ્ય ( ક્લીબ ) અસમર્થ છતાં ક્લેશ પામે છે. તે કેવાછતાં ક્લેશપામે છે, તો કે જ્ઞાતિ સ્વજજનને સંગે ગ્રદ્ધ મૂર્ચ્છિત છતાં સંસારમાંહે ક્લેશ પામે છે. ॥ ૧૨ ॥

તે માટે જે સાધુ હોય તે જ્ઞાતી સ્વજનાદિકના સમાગમને જ્ઞ પરિજ્ઞાયેં કરી સંસારનું કારણ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાએં પરિહરે કેમકે, એ સમસ્ત સમાગમો જે છે તે મહાશ્રવ મહોટા કર્મોના સ્થાનકો જાણવા. તે કારણ માટે અનુકૂલ ઉપસર્ગ આવે થકે પણ, અસંયમે જીવિતવ્ય વાંછે નહીં, એટલે ગૃહસ્થાવાસની વાંછા સાધુ કરે નહીં; શું કરીને તો કે, અનુત્તર એટલે પ્રધાન એવો શ્રીજિનધર્મ તેને સાંભળીને અસંયમ વાંછે

નહીં. ॥ ૧૩ ॥

અથ એટલે હવે અથવા પાઠાંતરે અહો ઇતિ વિસ્મયેં એ પ્રત્યક્ષ સમસ્ત જન પ્રસિદ્ધ છે એવા આવર્ત એટલે જેમ નદીને વિષે પાણીના આવર્ત હોય, તેમ અહીં ઉત્કૃષ્ટ મોહિનીયના ઉદય થકી ઉત્પન્ન થયાં જે વિષયાભિલાષરૂપ આવર્ત, તે જીવને સંસારમાંહે બુડવાના સ્થાનક જાણવા. એ કાશ્યપગોત્રી શ્રી વર્દ્ધમાન સ્વામી તેણે પ્રવેદિતા એટલે કહ્યા છે, જે થકી પંડિત તત્વના જાણ તે દૂર થાય છે; અને અબુદ્ધ એટલે અજ્ઞાની લોક તે જે આ વર્ત્તને વિષે સદાય ભ્રમમાં પડીને બુડે છે. ॥ ૧૪ ॥

હવે તે આવર્ત કહે છે. રાજાના રાજા જે ચક્રવર્તિ પ્રમુખ તથા રાજાના ( અમાત્ય ) મંત્રીશ્વર પ્રમુખ તથા બ્રાહ્મણ તે પુરોહિત પ્રમુખ અથવા ક્ષત્રિતે ઇક્ષ્વાકુ કુલ પ્રમુખ વંશને વિષે ઉત્પન્ન થયેલા એવા પુરૂષો તે સાધુને આચારે પ્રવર્ત્તતા એવા સાધુઓને ભોગે કરી બ્રહ્મદત્તે જેમ ચિત્ત સાધુને નિમંત્રણ કર્યું તેની પેરે નિમંત્રણ કરે. ॥ ૧૫ ॥

હવે જે રીતે ભોગે કરી નિમંત્રે તે દેખાડે છે. હસ્તી ઘોડા રથ પાલખી પ્રમુખ, એટલે કરી નિમંત્રણ કરે ભોળવે ઉદ્યાનાદિકને વિષે ક્રીડાદિક હેતુએ ગમન કરવાને અર્થે, તથા અન્ય ઇંદ્રિયોને અનુકૂળ એવા વિષય સુખને અર્થે નિમંત્રણ કરે અને કહે કે આ પ્રત્યક્ષ સ્લાઘનીય ભોગ તે તમે ભોગવો; અહો મહર્ષિ! એટલે પ્રકારે કરીને અમો તમોને પૂજીએ છેયે. ॥ ૧૬ ॥

વળી વસ્ત્ર તે ચીન દેશના ઉપન્યા અને ગંધ તે કપુરાદિક તથા આભુષણ તે નેપુરાદિક તથા સ્ત્રી તે નવ યૌવના અને સયન તે પર્યંકતુલિકાદિક ઇત્યાદિક એ પ્રત્યક્ષ ભોગ ભોગવો; અહો આયુષ્મન! સાધુ એટલે પ્રકારે કરી અમે તમને પૂજીએ છીયે. ॥ ૧૭ ॥

અહો સાધુ! જો તમે પૂર્વે મહાવ્રતાદિક રૂપ નિયમ આચર્યો છે; તે ભિક્ષુને ભાવે સંયમને અવસરે આચર્યો છે, તે હે સુવ્રતિ તે (આગાર) ગૃહસ્થાવાસે વસતા પણ સઘળો તેમજ છે સુકૃત અથવા દુષ્કૃત જે કરવાં તેનો નાશ નથી. ॥ ૧૮ ॥

ઘણો કાળ સંયમાનુષ્ટાને કરી વિચરતા તેમને હમણા દોષની પ્રાપ્તિ ક્યાંથી થશે? એટલા દિવસ સુધી ઘણા વ્રત પાળ્યા છે; ઇત્યાદિક ભોગ યોગ્ય પદાર્થોયે કરી તે સાધુને નિમંત્રણ કરે તે ઉપર દ્રષ્ટાંત કહે છે, જેમ નીવાર એટલે વ્રહિના કણ તેણે કરી સૂયરને (કૂટ) બંધમાં પાડે તેમ ચારિત્રિયાને સંયમ થકી ભ્રષ્ટ કરી સંસાર રૂપ પાસ બંધનમાં નાખે. ॥ ૧૯ ॥

સંયમને વિષે વારંવાર પ્રેર્યો છતાં પણ ચારિત્રિયા સાધુની સમાચારીને વિષે અસમર્થ સંયમરૂપ ભારનો નિર્વાહ કરવાને અશકત છતાં તે મુક્તિ પંથને વિષે કોઈ એક મંદ અજ્ઞાની કાયર ચારિત્રિઓ હોયતે સીદાય એટલે સીતલ વિહારી થાય. તે ઉપર દ્રષ્ટાંત કહે છે. જેમ માર્ગને વિષે ઉચે સ્થાનકે આવે થકે દુર્બળ બળદિયા ગાડલાને ભારે પીડયા થકા સીદાય ગાબડ નાખી નીચે પડે, તેમ સાધુ મંદ ચારિત્રિઓ મહાવ્રતનો ભાર નાંખી સંસારમાહે પડે. ॥ ૨૦ ॥

એ રીતે સંયમને નિર્વાહ કરવા અશક્ત, તથા બાહ્યા ભ્યંતર તપે કરીને પીડયા છતા તે સંયમને વિષે, કોઇએક મંદ અજ્ઞાની સીદાય; કોની પેરે તોકે, જેમ ઉદ્યાન એટલે ઉર્ધ્વસ્થલ ભુમીને મસ્તકે આવે તે વારે ઘરડો ડોકરો વૃષભ સીદાય, અને ભારની પીડાયે પીડયો થકો તો તરૂણ બળદ પણ સીદાયતો (જરદગવ) એટલે ડોકરો બળદ સીદાય તેમાં કેવુંજશું. ॥૨૧॥

એ પુર્વોક્ત રીતે કામ ભોગાદિકે કરી નિમંત્રણ લેઇને તે કામ ભોગને વિષે મૂર્છિત છતા તથા સ્રીને વિષે ગૃદ્ધ એટલે અ-

ત્યંત આસક્ત છતા તથા કામભોગને વિષે (અધ્યુપપન્ન) એટલે તેને વિષે રાગી હોય તેને વિવેકી પુરૂષે ચોયણા કરી છતિ તે ચોયણા સહન કરી શકે નહીં એવા મંદ ચારિત્રિયા, તે સંયમ છાંડીને ભાગ્યાથકા, ફરી ઘરવાસ અંગીકાર કરે. તિબેમિનો અર્થ પૂર્વવત. ॥ ૨૨ ॥

## इतीश्री उवसगापरिन्नाणविनिओद्देषः समाप्तः

## हवे त्रीजा अध्ययननो त्रीजो उद्देशो प्रारंभियेछैये.

જેમ સંગ્રામનો કાળ આવે છતે, કોઇએક બીકણ પુરૂષ પાછો જુએ, એટલે બીકણ મનુષ્ય સંગ્રામને કાળે પ્રથમથીજ પ્રતિકાર કારણ દુર્ગ. પ્રચ્છન્ન સ્થાનક નાસવાને અર્થે જુએ; તે સ્થાનક દેખાડે છે, વલયાકારે ઉદક રહિત એવી ગર્તાતે દુર્ગમ હોય અથવા જેમાં પેસતાં, તથા નીકળતાં ગહન હોય, એટલે વૃક્ષે કરી વ્યાપ્ત હોય અને પ્રચ્છન્ન એવા જે ગિરિ ગુફાદિક તેનું અવલોકન નાસવાને અર્થે કરે તેનું કારણ મનમાં આવી રીતે ચિંતવે જે, કોણ જાણે એવા સંગ્રામને વિષે કોનો જય પરાજય થશે, કાર્ય સિદ્ધ દૈવાયત છે, થોડા હોય તે ઘણાને પણ જીતી શકે છે. ॥ ૧ ॥

મુહૂર્ત જોવામાં કોઇ એક મુહૂર્ત અપર અન્ય મુહૂર્ત કાળ વિશેષ લક્ષણ તેવું હોય ત્યાં એવો પ્રસ્તાવ આવે કે, જ્યાં જીવને જયપણું થાય અથવા પરાજયપણું પણ થાય, તે વારે નાસી જઇને, એ સ્થાનકો મને છુપી રેવાને કામ આવશે એવા સ્વરૂપે પરાજયને અવસરે કદાચિત સંગ્રામથકી નાસીને પાછા આવવું પડે તે વારે શી ગતિ થાય ? તે માટે બીકણ સુભટ તે નાસવાનું સ્થાનક પ્રથમથીજ મનમાં ચિંતવી રાખે. ॥ ૨ ॥

હવે એ પુર્વોક્ત દ્રષ્ટાંત, કાયર સાધુ સાથે મેલવિએ છેએ. એ રીતે કોઇ એક શ્રમણ પ્રવર્જિત અલ્પ સત્વના ધણી તે પોતાને વિષે અબલપણું એટલે સંયમ રૂપ ભાર વહેવાને જાવ જીવ સુધી પોતાને વિષે અસમર્થપણું જાણીને અનાગત એટલે આગમિક કાળનો ભય દેખીને, એટલે આગળ વૃદ્ધાવસ્થાએ તથા ગ્લાનાવસ્થાયેં તથા દુર્ભિક્ષને વિષે મને શું ત્રણ શરણ થશે એવી કલ્પના કરીને ઠેરાવ કરે કે મને વ્યાકર્ણ, જ્યોતિષ્ય વૈદ્યકાદિક ત્રણ શરણ થશે માટે તેવા શાસ્ત્રો ભણે. ॥ ૩ ॥

કોણ જાણે મુજને કેવા કારણથકી સંયમનો ભ્રંસ થશે. સ્ત્રી થકી થશે કિંવા ઉદક, એટલે સચિત્ત પાણીના પરિભોગ થકી થશે, કેમકે કર્મની વિચિત્ર ગતિ છે પ્રકલ્પિત પૂર્વોપાર્જિત દ્રવ્ય નથી જે તે સમય મને કામ આવે; તો તે વખતે કોઇએ અમને પુછયાથકા વ્યાકર્ણાદિક કહીશું એ રીતે ચિંતવન કરી જ્યોતિષાદિકને વિષે યત્ન કરે. ॥ ૪ ॥

હવે ઉપસંહાર કરતો કહે છે. એ જેમ પૂર્વે કહ્યા એવા કાયર, સુભટ, જેમ બીક પામતાથકા વલયાદિક સ્થાનકના જોનારા થાય, તેમ પ્રમાદિ ચારિત્રિયા મંદ ભાગ્યને લીધે, અલ્પ સત્વના ધણી આજીવિકાના ભયથકી અનેક કુશાસ્ત્ર શીખે; તે કેવા છે તો કે, ચિતના અસ્થિરપણાને પોહોતાથકા, મનમાં વિચાર કરે કે, શું જાણીએ, અમે જાવ જીવ સુધી સંયમ પાળી શકીશું; કિંવા નહિ પાળી શકીશું; કોની પેરે તોકે જેમ માર્ગને વિષે અનિપુણ એવા પુરૂષો માર્ગ દેખી સંદેહમાં પડે, કે શું જાણીયે એ માર્ગ અમુક સ્થાનકે જશે કિંવા નહીં જાય. ॥ ૫ ॥

હવે માહાપુરૂષની સ્થિતિ કહે છે. જે માહાસત્યવંત મોહોટા પુરૂષ જ્ઞાત લોકોમાંહે પ્રસિદ્ધ અને શુરવીર પુરૂષોમાં

અગ્રેસર, એટલે આગેવાન એ રીતે પ્રસિદ્ધ થયેલા છે તે સંગ્રામકાળને અવસરે, પાછું ન જુવે, એટલે નાશી જવાનું સ્થાનક જુએ નહીં; તે એમ જાણેજે આપણને મરણ તો સાશ્વત છે એટલે ક્યારેપણ મરવું તો અવશ્ય છે, નાશી જઈશું તો, અમારો યશ જતો રેશે; તે કારણ માટે આ સંગ્રામને વિષે અમે મરણ પામીશું પણ અમારો યશ અખંડિત રાખીશું. ॥ ૬ ॥

એ રીતે સાધુ સંયમને વિષે સાવધાન થયો છતો, તથા ગૃહસ્થાવાસનું બંધન તેને છાંડીને, તથા આરંભ જે સાવધાનુષ્ઠાન તેને તિર્છા કરીને એટલે, આરંભને દુર કરીને એક મોક્ષને વિષે સાવધાન થાય, સંયમાનુષ્ઠાનને વિષે પ્રવર્ત્તે. ॥ ૭ ॥

એ આત્મા થકી જે વિવાદ તે કહો હવે બીજો અધિકાર પરવાદિના વચન આશ્રી કહે છે. એક કોઇ પરને ઉપકાર રહિત એવા દર્શનને ગ્રહણ કરનારા ગોસાલીક મતના અનુસારી તથા દિગંબરાદિક, એવા અન્ય તિર્થિકના સાધુઓ તે પુર્વોક્ત સાધુ એટલે રૂડી ( આજીવણું ) એટલે આજિવિકાયે પ્રવર્ત્તનાર અર્થાંતતિ પરને ઉપકાર કરનાર, રૂડા આચારે પ્રવર્ત્તમાન એવા સાધુને એવી રીતે કહે. ઇતિકોર્થઃ તેની નિંદા કરે, તો જે ધર્મના અજાણ એમ પૂર્વે કહ્યું, તેમ સાધુના આચારની નિંદા કરે તે તેવા અન્યતિર્થિક સાધુઓ સમાધિ એટલે સમ્યક્ અનુષ્ઠાન થકી અથવા મોક્ષથકી વેગળા જાણવા. ॥ ૮ ॥

હવે તે ગોસાલાદિક મતાનુસારી જે કહે તે દેખાડે છે. નિશ્ચય થકી ગૃહસ્થ સમાન તમારો કલ્પ એટલે આચાર છે; અર્થાત્ તમે મોહે કરી બંધાણા છો જેમ ગૃહસ્થ અન્યો અન્ય પરસ્પર માંહોમાંહે માતાપિતાદિકની સાર સંભાળ કરે તેમ તમે પણ માંહોમાંહે આચાર્યાદિક ઉપર મુર્છિત થયેલા છો. તે કેવી રીતે મુર્છિત છો તે દેખાડે છે, પિંડ એટલે ભિક્ષા તે

ગિલાણ એટલે રોગીને અર્થે જે માટે ગવેષો છો. ભિક્ષા આણી આપો છો. ચ શબ્દ થકી ગુર્વાદિકનો વૈયાવચ્ચ કરો છો તે માટે તમે ગૃહસ્થ સરખા છો. ॥ ૯ ॥

એ કારણ માટે તુમે ગૃહસ્થની પેરે સરાગપણે વર્ત્તો છો માંહોમાંહે વશગામી સાધુ કોઇના આધીન ન થાય તે કારણ માટે તમે સદ્પંથ એટલે રૂડોમાર્ગ તેના સદભાવને નષ્ટ કીધો એટલે સન્માર્ગને ભ્રષ્ટ કીધો તેથી તમે સંસારના પારંગામી નહી, એવા દોષ અન્ય તિર્થિઓ બોલે. ॥ ૧૦ ॥

હવે તે અન્ય તિર્થિઓને સાધુ ઉત્તર આપે છે. અથ એવું કહ્યાનંતર તે અસાધુ પ્રત્યે સાધુ એવી રીતે બોલે પરંતુ તે બોલનાર સાધુ કેવા છે, તોકે, મોક્ષમાર્ગના વિશારદ એટલે જાણ તે અસાધુ પ્રત્યે કહે છે કે, એમ પૂર્વોક્ત ન્યાયેં અહો! તુમે એમ બોલતાથકા નિશ્ચે થકી બે પક્ષને સેવોછો. એટલે રાગદ્વેષ રૂપ બન્ને પક્ષને સેવોછો કારણકે એકતો પોતે અનાચારીછો. સદોષ પક્ષીછો, માટે અને બીજા નિર્દોષી સાધુના નિંદકછો, માટે બેહુ પક્ષના સેવનારછો. અથવા બીજ ઉદક ઉદ્દેશિકાદિક ભોગવતાં ગૃહસ્થ સમાનછો અને લિંગ ગ્રહણ કર્યું માટે યતિ સમાન દેખવા માત્રછો, એમ બન્ને પક્ષને સેવોછો. ॥ ૧૧ ॥

હવે આજીવિકાદિક પરતીર્થિકો-નો આચાર કહી દેખાડે છે. તમે એમ કહોછો કે, અમે નિ:કંચન છૈયે અને તમે જે ભોગવો છો તે પણ કાંશાદિક ધાતુના જે ગૃહસ્થના પાત્ર તેને વિષે ભોજન કરો છો. તે માટે તમે સપરિગ્રહીછો તથા આહારાદિકની મુર્છા કરોછો માટે નિ:પરિગ્રહી શી રીતે થશો ? વળી ગિલાલને અર્થે ભિક્ષા અટનને વિષે અસમર્થ છતાં ગૃહસ્થને હાથે આણી દેવાડોછો તેહિજ દોષ દેખાડે છે. જે ગૃહસ્થે બીજ અને ઉદકનું મર્દન કરીને તે ગલાનને અર્થે ઉદ્દેશીને જે આહાર નો-

પજાવ્યો તેને ભોગવવાથકી તમને દોષ લાગે છે. ॥ ૧૨ ॥

તુમે છકાય જીવની વિરાધના તથા સાધુની નિંદા રૂપ તિવ્ર તાપે એટલે સંતાપે કરી લિપ્તછો, તથા વિવેક રહિતછો. વળી અસમાહિયા એટલે શુભધ્યાન રહિતછો માટે જેમ કંડૂ એટલે ખુજલી તેને અત્યંત ખણવી શ્રેયકારી નથી કિંતુ ગુંબડાને ખણ્યુંથકું અપરાધિયેં ઘણા દોષની વૃદ્ધિ કરે તેમ તમને સાધુ સાથે દ્વેષપણું કરવું શ્રેય નથી. ॥ ૧૩ ॥

જે ખરાને ખોટું ઠેરાવવું અને ખોટાને ખરૂં ઠેરાવવું એવી જેની પ્રતિજ્ઞા નથી તે અપ્રતિજ્ઞ રાગદ્વેષ રહિત તથા જાણતે એવે શંયત તત્વે સહિત તેને હેયોપાદેય પરમાર્થ જાણ્યા વિના પરમાર્થે કરીને તે અસાધુ છે. એમ તેના માર્ગને દોષ દેખાડવાનું તમને કોણે શિખવ્યું? માટે અહો તુમારો ઉપમાર્ગ તે નિશ્ચય મળતો નથી, જે કારણે ગિલાનને અશનાદિક આપે તે ગ્રહસ્થ સમાન જાણવા એવો તમે કહોછો પરંતુ એ અણ આલોચ્યાના બોલનારનું જે કર્તવ્ય અનુષ્ઠાન તે પણ અણ આલોચ્યોજ દેખાડે છે. ॥ ૧૪ ॥

ભો એટલે આમંત્રણે કરીને તમારી એવી વાણી જે ગ્લાનને આહાર લાવી ન આપવો તે વંશના અગ્ની સરખી અત્યંત સુક્ષ્મ એટલે કોઇપણ યુક્તિને ખમે નહીં એવી તમારી વાણી કહી તે કહે છે, તમે કહ્યું જે ગૃહસ્થનો આણેલો આહાર શ્રેય છે તે ભોગવવો પરંતુ યતિનો આણેલો આહાર યતિને લેવો અયોગ્ય છે, એ તમારૂં વચન રૂડું નથી અમે એમ કહિયે છૈએ કે ગૃહસ્થનો આણ્યો આહાર સદોષ છે. અને યતિનો આણ્યો આહાર નિર્દોષ છે. ॥ ૧૫ ॥

વળી સાધુ તેને કહે છે કે જે તમારી ધર્મ પ્રજ્ઞામાં એટલે ધર્મ દેશના જે યતિને દાનનો દેવો નથી કેમકે દાન જે છે તે

તે સારંભ જે ગૃહસ્થ તેની વિશુદ્ધિનો કરનાર જાણવો. કારણકે યતિતો પોતાના અનુષ્ટાને શુદ્ધિ પામે છે યતિને દાન દેવાનો અધિકાર નથી એમ તમારી દ્રષ્ટીમાં જે આવે છે, પરંતુ એ પ્રકારે જે પૂર્વે તીર્થંકર થયા તેણે નથી પ્રકલ્પ્યો એટલે જે રીતે તમે ધર્મ કહો છો તે રીતનો ધર્મ સર્વજ્ઞે કહ્યો નથી. ॥ ૧૬ ॥

તે ગોસાલાદિક મતાનુસારી અન્ય, સમસ્ત અન્યયુક્તિ એટલે હેતુ દ્રષ્ટાંતે કરી પોતાનો પક્ષ સ્થાપન કરવાને અ-સમર્થ છતા, તે માટે વાદ મૂકીને તે ફરીફરી વિશેષે ધૃષ્ટપણું કરે એટલે એમ કહે કે અમારે જેમ પરં પરાગત છે તેજ શ્રેષ્ટ છે, અન્યથી અમારે કાંઈ કામ નથી ઈત્યાદિક કહીને ધૃષ્ટપણું અંગીકાર કરે પણ યુક્તિ પુર્વક જૈનમતાનુસારીને ઉત્તર આપી શકે નહી. ॥ ૧૭ ॥

તે રાગ અને દ્વેષે પરાભવ્યા થકા, સારી યુક્તિયે કરી પ્રત્યુત્તર આપવાને અસમર્થ એવા મિથ્યા દ્રષ્ટિયે કરીને વ્યા-પ્ત છતાં તે અનાર્યે અનેક આક્રોસ એટલે અસભ્ય વચને દંડ મુષ્ટયાદિક હણવાનો જે વ્યાપાર તેનું શરણ ગ્રહણ કરે, જેમ ટંકણ એટલે મલેછાદિક લોકો જે છે તે શસ્ત્રાદિક કરી યુદ્ધ ક-રવાને અસમર્થ છતા, પર્વતનો સરણ ગ્રહણ કરે, તેમ પુર્વોક્ત કુતીર્થિકો પણ યુક્તિ પૂર્વક ઉત્તર દેવાને અસમર્થ છતાં ક્રોધનો સરણ અંગીકાર કરે. ॥ ૧૮ ॥

પરંતુ જે સાધુ છે તે તેમની સાથે આ ક્રોશાદિક કરે ન-હી, કિંતુ જ્યાં ઘણા ગુણ છે. એટલે પ્રતિજ્ઞા હેતુ દ્રષ્ટાંત ઉપનય નૈગમ નય ઇત્યાદિક પ્રકલ્પિયે એવા મધ્યસ્થપણાના કારણને કરે વળી જે થકી આત્મા સમાધિવંત રહે, એવા અનુષ્ટાન કરે જે અનુષ્ટાન કર્યાથી, અથવા જે વચન બોલ્યાથકી અન્ય પુરૂષ વિરોધ ન પામે. તેવું કાર્ય કરે તે માટે તે વિધિ સમાચરે. ॥૧૯॥

એ રીતે પરમત નિરાકરણ કરી ઉપસંહારે સ્વમત સ્થાપન કરતાં કહે છે; એ પુર્વોક્ત વચન રૂપ ધર્મને ગ્રહણ કરીને તે ધર્મ કાશ્યપ એટલે શ્રી મહાવીર દેવે પ્રવેદ્યો-ચ શબ્દ થકી અન્ય મતિનું નિરાકરણ કરીને પ્રવેદ્યો એટલે કહ્યો. તે કેવી રીતે તોકે, સાધુ જે છે તે, ગિલાનની વૈયાવચ્ચ કરે પરંતુ અગિલાનપણે કરે જેમ પોતાને તથા ગિલાનને સમાધિ ઉત્પન્ન થાય તેવી રીતે વૈયાવચ્ચ કરે. ॥ ૨૦ ॥

તે પેસલ એટલે મનોહર એવા સર્વજ્ઞ પ્રણીત શ્રુત ચારિત્ર રૂપ ધર્મને સમ્યક્ પ્રકારે જાણીને દ્રષ્ટીમંત સાચા તત્વનો જાણ પરિનિવૃત્ત એટલે ક્રોધના ઉપશમ થકી શીતળભૂત થયેલો એવો સાધુ તેને ઉપસર્ગ ઉદય આવ્યા છતા તેને સહન કરીને મોક્ષ પ્રાપ્તિ સુધી, શુદ્ધો સંયમ પાળતો થકો પ્રવર્ત્તે. તિબેમિનો અર્થ પૂર્વવત્ જાણવો. ॥ ૨૧ ॥

त्रिजाअध्ययने त्रीजो उद्दशो समाप्तः

## अथतृतीयाध्ययने चतुर्थो द्देशक प्रारंभः

હવે તે પરમાર્થના અજાણ એમ કહે છે કે, મહાપુરૂષ પ્રધાન પુરૂષ, તારાગણ રૂષિ પ્રમુખ તેણે એવી રીતે આહું એટલે કહ્યું છે, શું કહ્યું છે? તોકે પૂર્વકાલને વિષે તપસ્યાના કરનાર તપરૂપ ધનના ધણી એવા અનેક રૂષીશ્વર તે ઉદક એટલે શીતળ પાણીનો પરિભોગ કરતા થકા સિદ્ધિને પામ્યા તે રીતનું અન્ય તીર્થિનું વચન સાંભળીને મંદ અજ્ઞાની બાપડા તત્થ એટલે તેહિજ શીતલોદકને વિષે રાચે; પણ પ્રાશુક ઉદકનો ભોગ ન કરે, એ રીતે સંયમાનુષ્ઠાનને વિષે સીદાય. ॥ ૧ ॥

હવે કોઈક કુતર્કિ હોય તે સાધુને વિપ્ર તારવાને અર્થે

આવી રીતે કહે કે, અશનાદિકને અણ ભોગવતો એવો નમિ રાજા વિદેહ દેશમાં ઉત્પન્ન થયેલો હતો, તે મુક્તિ પોહોતો; તથા અન્ય તીર્થિ કહે છે કે, રામગુપ્ત રાજ રૂષીશ્વર આહાર ભોગવતો થકો મુક્તિ પોહોતો, તથા બાહુક રૂષીશ્વર તેમજ તારા ગણનામા રૂષીશ્વર એ બન્ને શીતળ પાણીના પરિભોગ થકી સિદ્ધિને પામ્યા. ॥ ૨ ॥

વળી આસિલ તથા દેવલ એમજ દ્વીપાયન મહા રૂષીશ્વર અને પારાશર એ સર્વ રૂષીઓ શીતળ પાણીને ભોગવી તથા બીજકાય હરિકાયના પરિભોગ થકી સિદ્ધ થયા. ॥ ૩ ॥

એ નમીરાજ રૂષી પ્રમુખ પુર્વ કાળને વિષે મહા પુરૂપ કહ્યા છે તે આ લોકને વિષે પ્રસિધ છે તે કુતીર્થિક અથવા સાતાશીલ સ્વયૂક્ષિક એમ કહે કે, એ સર્વ બીજ સચેત પાણી-ને ભોગવીને સિદ્ધ થયા એમ એ અમે મહાભારતાદિક તથા પુરાણોમાંથી સાંભળ્યું છે. માટે અમે પણ એવીજ રીતે મુક્તિ સાધશું. ॥ ૪ ॥

ત્યાં કુશાસ્ત્ર જે ભારત પુરાણાદિક તેને સાંભળવે કરી તથા પરિસહ ઉપનેથકે કોઇક મંદ અજ્ઞાની ચારિત્ર થકી સીદાય, કોની પેરે તોકે, જેમ ભારથકી ભાગ્યા એવા જે ગર્દ્ધભ તે માર્ગ-માંજ ભાર નાંખી દેઇને નાસી જાય અથવા પૃષ્ટ સર્પ્પ એટલે ભગ્ન ગતિ પુરૂષ સંભ્રમી પણે અગન્યાદિક ઉપદ્રવ ઉપનેથકે ના-શી જનાર મનુષ્યની પછવાડે દોડતો જાય પરંતુ અગ્રગામિ ન થાય અગ્ની માંહેજ વિનાશ પામે તેમ જે શીતળ વિહારી છે. તે પણ મુક્તિના અગ્રગામી નથાય, અનંતો કાળ સંસાર માંહેજ ભમે. ॥ ૫ ॥

એ મોક્ષમાર્ગ વિચારવાને પ્રસ્તાવે કોઇક સાક્યાદિક અ-થવા સ્વતીર્થિ લોચ પ્રમુખ કષ્ટે પીડ્યાથકા, એમ કહે કે તે જે

મુક્તિના સુખ છેતે સુખેજ કરીજ થાય. પરંતુ દુઃખથકી સુખ ન થાય. ( યથાશાલિ વીજા છાલ્યાં કુરો, જાયતે નયવાંકુર ઇતિ વચનાત્ ) માટે લોચાદિક કષ્ટ થકી મુક્તિ શી રીતે થશે ? એવી રીતે બોલીને જે કોઈક શાક્યાદિક ત્યાં મોક્ષ વિચારણાને પ્રસ્તાવે શ્રી તીર્થંકર દેવ તેનો પ્રરૂપ્યો એવો જે મોક્ષ માર્ગ તેને મૂકી આપે છે, તે પરમ સમાધિના કારણ જે જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ છે તેને ત્યાગીને ઘણાં સંસારમાંહે પરિભ્રમણ કરે છે. તેહિજ દેખાડે છે. ॥ ૬ ॥

અહો દર્શનીઓ ! તમે સુખ થકી સુખ થાય એવાં વચને કરી શ્રીજીનેંદ્રના માર્ગને અવહિલતા થકા અલ્પ વિષયને અર્થે ઘણા એવાંજે મોક્ષના સુખ તેને ગમાવોછો; એવા અસત્ય પક્ષને ન મુકવે કરીને લોહવણિકની પેરે ઝુરશો; જેમ કોઇક બે જણ હતા તેણે લોહનો ભાર ઉપાડયો હતો, પછી માર્ગે જતા સુવર્ણ દીઠું તે વાર એક જણે લોહના ભારને નાંખી દેઇને અમુલક સુર્વણ વસ્તુ ગ્રહણ કરી અત્યંત ધનવંત થયો અને બીજાયે લોહનો ભાર નાખીં દીધો નહી, તે પછી ઝુરવા લાગ્યો, તેમ તમે પણ ઝુરશો. એ કથા શવિસ્તાર શ્રી રાય પ્રશ્નિ સુત્રમાં છે ત્યાં થકી જોઈ લેવી. ॥ ૭ ॥

પ્રાણાતિ પાતને વિષે વર્ત્તતા મૃષાવાદને વિષે વર્ત્તતા અદત્તાદાન તથા મૈથુન પરિગ્રહ એટલાને વિષે વર્ત્તતા થકા તમે અસયતિઓ અલ્પ વિષય સુખમાં પડયા થકા ઘણું એવું જે મોક્ષ સુખ તેનો વિનાશ કરો છો. ॥ ૮ ॥

વળી પરમતનો ભાષા દોષ કહી દેખાડે છે. એ રીતે કોઇ એક પરતીર્થિક અથવા સ્વતીર્થિક પાસથ્થાદિક તે કેવા છે. તોકે અનાર્ય કર્મના કરનાર અજ્ઞાચારિ વળી સ્રીને વસે પડયા.

એટલે સ્ત્રીનો પરિસહ જીતવાને અસમર્થ તથા અજ્ઞાની વળી જીનમાર્ગ થકી ઉપરાંઠા તે એમ કહે છે કે. ॥ ૯ ॥

જેમ ગુંબડું પાકું થકું તેને ત્યાંજ પીલીને તેમાંથી પરૂ અથવા રૂધીર કાઢી નાંખવા થકી મુહૂર્ત્તમાત્રમાં સુખ થાય પરંતુ પીડા કાંઇ પણ ન થાય, એ રીતે અંહીં પણ પ્રાર્થના કરતી એવી સ્ત્રીની સાથે સંબંધ કરવાથી ત્યાંપણ ક્યાં થકી દોષ આવશે; અપિતું કાંઇજ દોષ નથી. ॥ ૧૦ ॥

વળી દૃષ્ટાંત કહે છે. જેમ મેંઢા એવેનામે જનાવર તે જે રીતે પાણી ડોલાય નહીં એ રીતે ઉદકનું પાન કરે. પરંતુ પાણીને પણ બાધા ન થાય અને પોતાને પણ બાધા ન કરે એ રીતે પ્રાર્થના કરતી સ્ત્રી સાથે સંબંધ કરવા થકી ત્યાંપણ દોષ ક્યાં થકી થાય ? અપિતુ નજ થાય. ॥ ૧૧ ॥

જેમ કપિંજલ એવે નામે પંખણી આકાશે ઉડતી થકીજ નિર્મળ પાણીનું પાન કરે એ રીતે અહીં પણ ગર્ભાંતર કરણ પૂર્વક પૂત્રાદિકને અર્થે રાગ, દ્વેષ રહિત પાર્થતિ એવી સ્ત્રીની સાથે સંગ કરતાં થકાં દોષ કયાં થકી થાય ? ॥ ૧૨ ॥

હવે સૂત્રકર્તા તે વાદીઓના દોષ પ્રગટ કરતો કહે છે. તે પૂર્વોક્ત ગુંબડાદિકના દ્રષ્ટાંતે કરી મૈથુનને નિર્દોષ માનતા એવા કોઇ એક પરતીથિક તથા (સ્વયૂથિક) પાસથ્થાદિક જેણે સ્ત્રી પરિસહ જીત્યાં નથી. તે સિથલ વિહારી કેવા છે, તો કે મિથ્યા દ્રષ્ટી અનાર્ય કર્મના કરનાર અનાચારી કામ ભોગને વિષે ગૃદ્ધ છતાં પ્રવર્ત્તે કોનીપેરે તો કે, પુતના એટલે ડાકણની પેરે જેમ ડાકણ ન્હાના બાળકને દેખી ગૃદ્ધ થાય અથવા પુતના એટલે ગાડરીની પેરે જેમ ગાડરી પોતાના તરૂણ બાળકને વિષે ગૃદ્ધ થાય; એટલે સમસ્ત જીવો માંહે સંતાનને વિષે ગાડરીનો સ્નેહ આકરો દીસેછે તે માટે એ દ્રષ્ટાંત કહ્યું તેમ પૂર્વોક્ત અના-

ચારી પાસથ્યાદિક પણ કામ ભોગને વિષે ગૃદ્ધ થાયછે. ॥૧૩॥

હવે તે કામ ગૃદ્ધના દોષ કહેછે. તે કામ ભોગ થકી જે નિવૃત્યા નથી તેને આગમિક કાલે નરકાદિક દુઃખ ઉત્પન્ન થાય એવું અણ દેખતા થકા અને (પ્રત્યુત્પન્ન) જે વર્તમાન વિષય સુખ તેને ગવેષતા એનેજ રૂડું કરી માનતા થકા રહેછે, તે પછી જે વારે આયુષ્ય ક્ષીણ થાય, અને યૌવન જતું રહે તે વારે તે પશ્ચાતાપ કરે; અને કહે કે અમે એવા અનાચાર શા વાસ્તે કર્યા ? ॥ ૧૪ ॥

જે મહાન પુરૂષે કાળ પ્રસ્તાવે ધર્મને વિષે પરાક્રમ કર્યું. તે મહાન પુરૂષ પછી વૃદ્ધાવસ્થાયે તથા મરણાવસરે પશ્ચાતાપ કરે નહીં; તે ધૈર્યવંત પુરૂષ બંધન થકી મૂકાણા અસંયમે જીવિતવ્યની આકાંક્ષા કરતા નથી અથવા જીવિતવ્ય મરણને વિષે નિસ્પૃહિ થકા વર્તે છે. ॥ ૧૫ ॥

વળી જેમ નદી વેતરણી જે છે તે સર્વ નદીઓમાં તરવી દુર્લભ છે એ વાત લોક પ્રસિદ્ધ છે એ રીતે લોક માંહે સ્ત્રીઓ જે છે તે પણ અમતિવંત નિર વિવેકી પુરૂષને અપાર દુસ્તર દુર્લંઘનીય જાણવી. ॥ ૧૬ ॥

એવું જાણીને જે હિતકારી વાત છે તે કહે છે. જે પુરૂષે સ્ત્રી સંબંધી સંયોગના જે વિપાક તેને કટવા જાણીને સ્ત્રીના સંયોગ છાંડી દીધા વળી તે સ્ત્રીના સંયોગને અર્થે જે પોતાના શરીરની પૂજા વિભૂષાતે પણ જેણે ઉપશાંતી કીધી એટલે મુકી દીધી, તે પુરૂષે એ સર્વ સ્ત્રી સંગાદિક તથા ક્ષુધા તૃષાદિક અનુકૂલ પ્રતિકુલ ઉપસર્ગના ગણ એટલે સમૂહ તેને નિરાકરીને જે મહાનપુરૂષ સંસેવિત માર્ગે પ્રવર્તે તે પુરૂષ સંવરરૂપ સમાધિને વિષે સ્થિત જાણવા. ॥ ૧૭ ॥

એ પૂર્વોક્ત પરિસહના જીપણહાર તે ઓઘ સંસારને તરશે.

સમુદ્રવત; એટલે જેમ વ્યવહારિ આ સમુદ્રને નાવવડે તરે છે તેની પેરે જાણી લેવું જે સંસાર સમુદ્રને વિષે પ્રાણી એટલે જીવ તે ખુતા થકા પોતાના કરેલા પાપ કર્મેકરી અસાતાવેદનીય રૂપે પીડાય છે. ॥ ૧૮ ॥

હવે ઉપદેશ કહે છે તે પૂર્વોક્ત ચારિત્રિયો હય ઉપાદેય સ્વરૂપ જાણીને ભલાવ્રતનો પાલક પાંચ સમિતે સમિતો એવો થકો વિચરે; અને મૃષાવાદને વર્જે તથા અદત્તાદાન એટલે ચોરી થકી વોસિરે એટલે ચોરીનું ત્યાગ કરે, એમ અનુક્રમે મૈથુન તથા પરિગ્રહને પણ છાંડે. ॥ ૧૯ ॥

હવે બીજા સર્વવ્રત દયાની વાડ રૂપ છે. તે કારણે અહિંસાને વિશેષ દીપાવે છે. ઉંચો અધો એટલે નીચો તીર્છો એટલે સર્વ લોકમાંહે ક્ષેત્રથી પ્રાણાતિપાત કહ્યું. હવે દ્રવ્ય પ્રાણાતિપાત કહે છે. એ સર્વ લોકમાંહે જે કાંઈ ત્રસ અને સ્થાવર જીવ છે તેને વિષે સર્વ પ્રકારે એટલે કરણ કરાવણ અને અનુમતિયેં કરી સર્વત્રકાલેં વિરતિપણું કરે એટલે સર્વજીવોની દયાનું પાળવું તેને, તે શાંતિ એટલે કર્મ દાહની ઉપસમ કરનાર કહિયે, તથા એનેજ નીરવાનએટલે મોક્ષપદમાં પણ આહિતં એટલે કહ્યું છે. ॥૨૦॥

હવે અધ્યયનનો અર્થ ઉપસંહરતો કહે છે. એમ શ્રુત ચારિત્ર રૂપ ધર્મને ગ્રહણ કરીને તે ધર્મ શ્રી મહાવીર સ્વામિએ પ્રકાશ્યો તે માર્ગ આદરીને સાધુ તે ગિલાનને વિષે વૈયાવચ્ચને કરે તે કેવો થકો વૈયાવચ્ચ કરે તોકે, અગિલાણપણે આત્માને સમાધિમાન થકો જે સાધુ વૈયાવચ્ચ કરે છે તેને ધન્ય છે, એવી સમાધિ ધારણ કરતો થકો વૈયાવૃત કરે. ॥ ૨૧ ॥

સમ્યક્ પ્રકારે જાણીને એટલે જાતિ સ્મરણાદિક અથવા અન્ય પાસેથી સાંભળીને રૂડો એવો કેવલીનું ભાખ્યો જે ધર્મ તેને સમ્યક્ દ્રષ્ટી જીવ કષાયને ઉપસમાવી શીતળી ભૂત થકો

અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગને અહિઆસીને જ્યાં સુધી મોક્ષે જાય ત્યાં સુધી સુધો સંયમ પાલે. તિબેમીનો અર્થ પુર્વવત્ જાણવો. ॥ ૨૨ ॥

## ए उपसर्ग परिज्ञानामे त्रीजु अध्ययन समाप्त थयुं

## हवे प्रथम श्रुतस्कंधने विषे चोथुं अध्ययन प्रारंभीये छैये.

ત્રીજા અધ્યયનને વિષે જે ઉપસર્ગ કહ્યા તે માંહે અનુકૂલ ઉપસર્ગ સહન કરવા દુર્લભ છે એમ કહ્યું હતું, તે માટે સ્ત્રીના કરેલા અનુકૂલ ઉપસર્ગ સહન કરવાને અર્થે ચોથું અધ્યયન કહિયે છૈયે. જે ઉત્તમ સાધુ માતા પિતા અને ભાઈ પ્રમુખનો (પૂર્વલો સંયોગ એટલે આગલો સંબંધ તથા શ્વશુરાદિકનો પશ્ચાત્ સંબંધ એટલે પાછળથી થયેલા સંબંધ તેને છાંડીને એકલો રાગદ્વેષ રહિત અને જ્ઞાન દર્શન તથા ચારિત્રે કરીને સહિત એવો છતો, હું સંયમ પાળીશ એવી પ્રતિજ્ઞા કરે; વળી મૈથુનથકી નિવર્ત્યો છે સ્ત્રી પશુ પંડગ રહિત એવા ઉપાશ્રયનો ગવેષણ હાર એવા સાધુને પણ કોઇ એક સ્ત્રી વિપ્ર તારે છે તે કહે છે. ॥ ૧ ॥

કોઇએક કાર્યને મીશે તે સાધુને સમીપે આવીને છાને શબ્દે, હળવે હળવે, અનેક ગુઢાર્થ પદે કરી એટલે મર્મના વચને કરી, કોઇક સ્ત્રીસંદ એટલે વિવેકરહિત એવી છતિ પુરૂષને વશ કરવાના ઉપાયને તે સ્ત્રી જાણે જે ઉપાયે કરીને કોઇક ચારિત્રિઆ મોહનીય કર્મના ઉદયથકી સ્ત્રીને વશ થઇ જાય અને સંયમ થકી પડી જાય. ॥ ૨ ॥

હવે જે ઉપાયે કરી તે સ્ત્રી સાધુને વિપ્રતારે તે ઉપાય કહે છે. તે સ્ત્રી સાધુની પાસે ઢુકડી એટલે નજીક આવી બેશીને

વારંવાર જે રીતે કામવિકાર પોષાય તે રીતે વસ્ત્ર પહેરે નીચલું શરીર જે જંઘાદિક તે દેખાડે બંને બાહુ ઊંચી ઉપાડીને કાંખ દેખાડતી છતી સાધુને સન્મુખ જાય અથવા સાધુને સન્મુખ નજર રાખે. ા ૩ ા

વળી કોઇ એક સ્ત્રી એકદા પ્રસ્તાવે સાધુને લેવા યોગ્ય એવા સયનાશન એટલે પાટ પાટલાદિકે કરી નિર્વ્યંજન વેળાયે સ્નેહના વચને કરી નિમંત્રણા કરે તે વારે ( વિરૂવરૂવાણિ ) વિરૂપ એવા એ પૂર્વોક્ત નાના પ્રકારના જે પાટ પાટલાદિક તે મુજને બંધનના કરનારા છે એ રીતે તે સાધુ જાણીને ત્યાં બેસે નહીં. ા ૪ ા

વળી તે સ્ત્રીની દ્રષ્ટી સાધુ પોતાની દ્રષ્ટી મેળવે નહીં, તથા મૈથુનાદિક અકાર્યનું કરવું કરે નહીં, અને તે સ્ત્રીનું કહેલું જે વિષયની પ્રાર્થના રૂપ વચન તેને અનુમોદે નહીં, વળી તે સ્ત્રીની સાથે ગ્રામાદિકને વિષે વિચરે નહીં, એ રીતે રહેતા થકા પોતાના આત્માનું રક્ષણ રૂડી રીતે થાય. ા ૫ ા

સ્ત્રી સ્વભાવે અકાર્ય કરવાને સાવધાન હોયછે, તે માટે સાધુને આમંત્રીને કહે કે હું અમુક વખતે આવીશ. એમ સંકેત કહીને વિશ્વાસ ઉપજાવે પોતે પોતાના આત્માને મૈથુન સેવવાને અર્થે એકદા પ્રસ્તાવે સાધુને નિમંત્રણ કરે, અથવા સાધુને નિવારવા ભણી તે સ્ત્રી એમ કહે કે, માહરા ભર્તારના આદેશથી હું તમારા પાસે આવી છું. એવી રીતે પોતાને વશ કરવાના વચન કહે એ પૂર્વોક્ત વચને કરી અહીંચ પદપૂરણાર્થ છે એમ તે સાધુ જ્ઞ પરિજ્ઞાયે કરી સ્ત્રીનું સ્વરૂપ જેવું છે તેવું જાણે શુંજાણે? તો કે, વિષય સંબંધિયા નાના પ્રકારના હાવ ભાવાદિકરૂપ જે સ્ત્રીના શબ્દ તેને સાધુ બંધપાસના કારણ જાણે. ॥ ૬ ॥

વળી મનને બંધણ કરે એવા અનેક પ્રપંચ કરતી જે થકી

પુરૂષને દયા ઉપજે તેવા કરૂણાના વચને વિનય પૂર્વક સાધુની પાસે આવીને અથવા નિરંતર મધુર સ્નેહ સહિત મનોહર વચન બોલે તથા ભિન્ન કથા એટલે રહસ્યવાર્ત્તા જે મૈથુન સંબંધી છાના વચન તેણે કરી સેવકની પેરે સાધુને તે સ્ત્રી પોતાની આજ્ઞા કરાવે, અથવા મૈથુન સંબંધિયા વચને કરી તે સ્ત્રી સાધુનું ચિત્ત મૈથુન સેવવા ભણી પ્રવર્ત્તે તેમ મૈથુન સેવવાની આજ્ઞા આપી પોતાની આજ્ઞાયેં સાધુને પ્રવર્તાવે. ॥ ૭ ॥

હવે દ્રષ્ટાંતે કરી દેખાડે છે. જેમ સિંહ ને માંસે કરી લોભવીને નિર્ભય કરીને એકલો થકો વિચરે તેમ કરી પછી તેને અનેક બંધને બાંધીને કદર્થિયેં એમ સ્ત્રી પણ જેણે મન વચન અને કાયાને સંવર્યા છે એવા કોઇ એક સુવ્રતી અણગારને સ્નેહરૂપ બંધને કરી બાંધે ધર્મ થકી પાડે તો બીજા સામાન્ય સાધુનું કેવુંજ શું! ॥ ૮ ॥

હવે સાધુને પોતાને વશ કરીને પછી ત્યાં તે સ્ત્રી પોતાના કાર્યને વિષે તે સાધુને વળી નમાડે એટલે શેવકની પેરે કાર્ય કરાવે. જેમ (રથકાર) સૂત્રધાર અનુક્રમે પઇડાનો બાહેરલો પ્રદેશ ન માડે તેમ સાધુને તે સ્ત્રી પોતાના કાર્ય કરવાને વિષે ન માડે પ્રવર્તાવે, તે વારે તે સાધુ, મૃગની પેરે સ્ત્રી રૂપ પાસે કરી બંધાણો થકો, જેમ મૃગ પાસે કરી બંધાણો થકો અરહો પરહો હાલે ચાલે પણ તે પાસ થકી મૂકાય નહીં. તેમ સાધુ પણ સ્ત્રી રૂપીઆ પાસ થકી મૂકાય નહીં. ॥ ૯ ॥

હવે સ્ત્રી રૂપીઆ પાસમાં પડયા પછી, તે સાધુ પશ્ચાતાપ કરે પછી સંયમ છાંડીને ગૃહવાસ આદરે, તે વારે જુરે જેમ, વિષમિશ્રીત એવો દૂધ તેને જમીને પછી પશ્ચાતાપ કરે કે એ અન્ન મેં શાવાસ્તે આસેવ્યો એમ ચિંતવે તેની પેરે તે સાધુ પણ પશ્ચાતાપ કરે એવો વિવેક ગ્રહણ કરીને મુક્તિ ગ-

મન યોગ એવા સાધુને સંયમની દ્વેષણી એવી જે સ્ત્રી તેની સાથે સંવાસ સંસર્ગ કરવો ન કલ્પે. ॥ ૧૦ ॥

જે કારણ માટે સ્ત્રીના સમાગમ થકી કડવા વિપાક પ્રાપ્ત થાય, તે કારણે સ્ત્રીને વર્જે તુ શબ્દથકી સ્ત્રીની સાથે આલાપ સંલાપ પણ કરે નહિ, જેમ વિષે કરી લિપ્ત એટલે વિષે કરી ખરડયો એવો કાંટો જાણીને તેને દૂરથકી ટાળિયે, તેમ સાધુ હોયતે સ્ત્રીને વિષે કરી ખડયા કાંટાની પેરે દૂર થકી ટાળે, તથા એકલો થકો તે ગૃહસ્થને કુલે જઈ તેનો વશવર્તી થકો જે સાધુ ધર્મ કથા કહે તે દ્રવ્યલિંગી સાધુ પણ નિર્ગ્રંથ નહીં, (નિષિદ્ધાચરણ સેવના દિત્યર્થ.) ॥ ૧૧ ॥

જે ચારિત્રિયા એ સ્ત્રી સંબંધિયા નિંદનીક, તેને વિષે ગૃદ્ધ એટલે મૂર્છા થકા હોય તે અન્ય પાસથ્થા, ઉસન્ના, કુશીલિયા, પ્રમુખ જે સ્ત્રીની પાસે કથાના કરનાર હોય તે માંહેલા કુશીલિયા જાણવા, તે કારણે રૂડા તપસ્વી જે હોય તે સાધુનો (વિ-હરેસહણ) સ્ત્રી સહિત વિચરે નહીં, તથા સ્ત્રીનો સમાગમ આ-લાપ સલાપાદિક પણ કરે નહીં. અને સ્ત્રીને અંગારા સરખી જાણી દૂર છાંડી આપે. ॥ ૧૨ ॥

હવે કદાચિત પુત્રી પ્રમુખનો સંસર્ગ થઈ જાય, તો તે પણ સાધુયેં ટાળવો તે આશ્રયી કહે છે. અપિ સંભવનાયે ધૂઆ એટલે બેટી સાથે પણ સાધુ વિચરે નહીં, તથા (સુણ્હા) એટલે વહુ સાથે અને ધાવ, તે માતા સમાન છે તે સાથે પણ, અથ-વા દાસી સાથે, તથા મ્હોટી સ્ત્રી સાથે, અથવા કુમારિકા જે ન્હાની સ્ત્રી તેની સાથે, પણ સંસ્તવ પરિચય તે સાધુ ન કરે તે અણગાર જાણવો. ॥ ૧૩ ॥

હવે એ પૂર્વોક્ત સ્ત્રીઓના સમાગમ થકી જે દોષ ઉપજે તે કહે છે હવે કદાપિ એકદા પ્રસ્તાવે એકાંતે સ્ત્રીની સાથે સા-

ધુનો સંસર્ગ તેને જ્ઞાતિ ગોત્રિ અથવા મિત્ર સંબંધિ વર્ગ ત્યાં હોય તે દેખે તે વારે તેઓને અપ્રીતિ એટલે દ્વેષ ઉપજે અને તેઓ જાણે કે જુવો એ પુરૂષ એવા ગૃદ્ધ છે. કામભોગને વિષે આશક્ત દેખાય છે. એમ ચિંતવી સક્રોધ વચન બોલે કે, અરે તું એનો પુરૂષ છે કે શું? જે તું અહીં ઘણો ઘણો બેસે છે, રાખવે પોષવે આદર કરે છે, તેનો શું કારણ છે. એવા કઠોર વચન તે બોલે. ॥ ૧૪ ॥

જે તપસ્વી ઉદાસીન મધ્યસ્થ રાગ દ્વેષ રહિત એવો સાધુ પણ સ્ત્રી સાથે આલાપ કરતો થકો દેખીને તે વારે ત્યાં પણ કોઈ એક ક્રોધ કરે અથવા અનેક પ્રકારના ભોજન તે સાધુને અર્થે થાપ્યા દેખીને એમ જાણે જે એ યતિ આહારનો ગૃદ્ધ સદૈવ અહીં આવે છે, તે વારે તેને સ્ત્રીના દોષની શંકા મન માંહે ઉપજે, અને એમ જાણે કે એ સ્ત્રી પણ ભલી નથી. ॥ ૧૫ ॥

તે માટે જે પ્રકર્ષે કરી ધર્મ રૂપ સમાધિ જે મન વચન કાયાના શુભ યોગ રૂપ વ્યાપાર, તે થકી ભ્રષ્ટ થયા હોય. તેવા દ્રવ્ય લિંગીઓ સ્ત્રીની સાથે સંસ્તવ પરિચય કરે તે માટે એવું જાણીને સાધુ સ્ત્રીની સાથે ન જાય, આત્માના હિતને અર્થે સ્ત્રી જે સ્થાનકે રહેતી હોય તે સ્થાનકે સાધુ નિષિજ્જા અશનાદિક પરિચય કરે નહીં. ॥ ૧૬ ॥

ઘણા મનુષ્ય ઘર છાંડી સંયમ આદરીને વળી મોહનીય કર્મના ઉદય થકી અજ્ઞાનપણે, મિશ્રભાવે પહોતા એવા કોઈ એક મનુષ્ય તે ગૃહસ્થ પણ નહીં, અને યતિ પણ નહીં, એટલે દ્રવ્યલીંગિ થાય, એવા છતાં પણ મોક્ષ માર્ગજ એટલે અમારો મોક્ષનો માર્ગ સત્ય છે. એમ મધ્યમ માર્ગને શ્રેષ્ઠ કહી બોલે એ કારણે અહો! તે કુશીલીયાના વચનનું બોલવા માત્ર, જે

બળ વીર્ય છે તે જુવો કેવું છે!! ॥ ૧૭ ॥

એ રીતે પરખદા મધ્યે તે કુશીલિયા પોતાની આત્માને સુદ્ધ નિર્દોષ બોલે અથ હવે પરખદા માંહેથી ઉઠયા પછી, એકાંત છાંનો દુષ્કૃત એટલે અનાચાર કરે, એ રીતે તે મુર્ખ પોતાનો અનાચાર ગોપવે, તોપણ તેના અંગ ચેષ્ટાના જાણ હોય તે જાણે. તથા સર્વજ્ઞ તો જાણે છેજ કે, એ સાધુ દુષ્ટ માયાવી છે; તથા મહા ધૂર્ત મૃષાવાદી છે. એ રીતે તો બીજા જાણે કિંવા ન જાણે પરંતુ સર્વજ્ઞતો જાણેજ છે!! ॥ ૧૮ ॥

વળી જે દ્રવ્યલિંગી હોય, તે પોતાનો કરેલો અનાચાર તેને ચશબ્દ થકી આચાર્યાદિકે પૂછયો થકો, ન કહે એટલે પોતાનો અનાચાર પ્રકાશે નહી, તથા આદિષ્ટ એટલે ચોયણા કર્યો છતો, એટલે હે વચ્છ આજ પછી એમ ન કરવું, એ રીતે પ્રેર્યો થકો, પણ તે બાળ અજ્ઞાની પોતાના આત્માને સ્લાઘનીય માનતો થકો એમ કહે કે, આજ પછી તમે કહોછો તેમ કરીશ, તથા પુરૂષ વેદનો ઉદય તેથી થયો જે મૈથુન સેવવાનો અભિલાષ તે મકરીશ, એ રીતે પ્રેર્યો થકો ગિલાનપણ પામે. એમ તે દ્રવ્યલિંગી સાધુ વળી વળી સાંભળ્યું અણ સાંભળ્યું કરે.॥૧૯॥

અનેક પ્રકારના કામ ભોગને વિષે ઉષિત એટલે ભુક્તભોગી થઇને તે મનુષ્ય સ્રીને પોષવાને વિષે પ્રવર્તે તથા સ્રી વેદ ખરાબ છે, એટલે સ્રી સંસાર ભ્રમણનું કારણ છે, એમ જાણતા છતા પણ પ્રજ્ઞાસમન્વિત એટલે બુદ્ધિમંત એવા કોઈ એક પુરૂષ મોહને ઉદયે કરી તેહિજ સ્રીને વશવર્ત્તિયે રહે અને તે સ્રી જે કાંઇ કહે તે કિંકરની પેરે કરે ઇત્યર્થ. ॥ ૨૦ ॥

હવે ઈહલોકે પણ સ્રીને સંબંધે જે વિપાક થાય તે દેખાડે છે. અપિ એવી સંભવના છે જે કુશિલિયા પુરૂષ હોય તે હસ્તપાદાદિકનું છેદ પામે, અથવા ચર્મ અને માંસનું ઉપડવું

પામે, અગ્નીનો તાપ પામે એટલે રાજ પુરૂષ રીશાણા થકા પરસ્ત્રી ગમન કરનાર પુરૂષના અગ્ની સહિત તેના શરીરના ભડથુઆ કરે વાંશલા સાથે તેના શરીર ત્રાછીને તેવાર પછી ખારનું સીચવું કરે, એટલે લુણક્ષેપ પામે. ॥ ૨૧ ॥

અથવા કાન અને નાશિકાનું છેદન પામે. કંઠનું ચ્છેદન પોતાના કર્મના ઉદયે સહન કરે એ રીતે અહીં મનુષ્ય લોકને વિષે પણ પાપે કરી એવી વિટંબના પામે, તથાપિ એમ ન કહે જે હવે વળી હું એવો અનાચર નહીં કરૂં એમ વિચારી વિરતિપણું અંગીકાર કરે નહીં. ॥ ૨૨ ॥

શ્રી સુધર્મ સ્વામિ કહે છે કે, એ જે પુર્વે સ્રીના સબંધનું ફળ કહ્યું. તે ભગવંત પાસેથી મેં સાંભળ્યું છે. એવી રીતે કોઈ એકને કડવા વિપાક હોય સ્ત્રી વેદ થકી નિશ્ચે દુઃખજ પામે. એ ભલું કહ્યું એ રીતે લોક પરંપરાયે પણ સાંભળ્યું છે જે, સ્ત્રીના સંબંધ થકી કડવા વિપાક પામીયે; એમ સાંભળીને તે અકાર્યનો કરનાર એમ કહે જે હવે હું એ અકાર્ય નહીં કરૂં. તથાપિ એટલે તોપણ માઠા કર્મને કરવે કરી તેહિજ અકાર્યનું આચરણ કરે. ॥ ૨૩ ॥

હવે સ્ત્રી ઉપર વિરક્ત થવાને અર્થે સ્રીના દોષ કહે છે. સ્રી જે છે તે મને કરી અન્ય ચિંતવે, અને વચને કરી અન્ય બોલે, વળી કાયાયે કરી અન્ય કરે તે માટે સ્રીના વચન માયા સહિત હોય તેને પરમાર્થનો જાણ શાધુ શદ્દહે નહી. અત્યત માયા સહિત એવી સ્રીને જાણીને સાધુ જે હોય તે સ્રીનો વિશ્વાસ કરે નહીં. ॥ ૨૪ ॥

વળી વિચિત્ર પ્રકારના આભૂષણ અને વસ્ત્ર પેહેરી વિભૂષાવંત શરીર કરી કોઈક નવ યૌવના સ્રી અભિરામ માયા કરી સાધુ પ્રત્યે બોલે કે હે સાધુ! હું ઘરના પાશ થકી વિરક્ત થઇ

છું. માહારો ભર્ત્તાર મારી સાથે ભલો નથી અથવા એ ભર્તાર મને રૂચતો નથી અથવા એ ભર્તારે મને મૂકી દીધી છે. તે કારણે હું સંયમ આચરીશ, તે માટે અહો ! ભય થકી રાખનાર તમે અમને ધર્મ કહો. ॥ ૨૫ ॥

અથવા અન્ય પ્રવાદે હું તમારી શ્રાવીકાછું એવું બલ પાખંડ તેણે કરી તે સ્ત્રી સાધુને સમીપ આવે, હું શ્રમણ મહાત્માની સાધ્મિણી છું, એવા પ્રપંચ કરી સાધુને ધર્મ થકી ભ્રષ્ટ કરે, તેના ઉપર દ્રષ્ટાંત કહે છે જેમ લાખનો ઘડો તે અગ્નિ સમીપે ગળીને પાણી રૂપ થાય, તેમ પંડિત હોય તે પણ સ્ત્રીને સંવાસે સંસર્ગ કરી સીદાય સીતળ વહારી થાય, તો અન્ય જણનું કેવુંજ શું ? ॥ ૨૬ ॥

જેમ લાખનો ઘડો અગ્નિયેં આલિંગ્યો છતો શીઘ્ર તેના તાપે કરી વિનાશ પામે, એટલે લાખ બધી ગળી જાય. એ રીતે સ્ત્રીને સંવાસે કરીને સાધુ પણ તે લાખની પેરે સંયમ થકી વિનાશ પામે. ॥ ૨૭ ॥

કોઇએક સાધુ અનાચારી મોહના ઉદય થકી ભ્રષ્ટ થકો મૈથુન સેવાદિરૂપ પાપ કર્મ કરે, તેને કોઇ એક આચાર્યાદિકે પૂછયો થકો એમ કહે, જે હું એવું પાપકર્મ ન કરૂં એ સ્ત્રીતો મારે દીકરી સમાન છે, એ જે વારે ન્હાની હતી તે વારે માહરે ખોળે સયન કરતી, તે અભ્યાસે હમણાં પણ માહરા ખોળામાં બેશે છે. સયન કરેછે, પરંતુ હું પ્રાણાંતે પણ વ્રત ભંગ કરૂં નહીં. ॥ ૨૮ ॥

જુવો અજ્ઞાનીની એ બીજી મૂર્ખતા કેમકે એકતો અકાર્ય કરવા થકી ચોથા વ્રતનો ભંગ થાય છે. ને બીજે જે અનાચાર કીધો તેને ઓલવવે કરી મૃષાવાદ બોલે તે થકી બીજા વ્રતનો ભંગ થાય, તે માટે વળી તે પુરૂષ બમણું પાપ કરે, તે, સા

વાસ્તે કરે, તેનું કારણ કહે છે. પૂજા સત્કારનો અભિલાષી અ સંયમનું ગવેષણ હાર થકો મનમાં એમ જાણે જે માહારો લોકોમાં અવર્ણવાદ થશે. તે માટે અનાચારને છાના રાખે. ॥૨૯॥

સંલોકનીય એટલે સુંદરાકાર એવા સાધુને દેખીને, આત્મગત જાણી કોઈ એક સ્ત્રી નિમંત્રણા પૂર્વક એમ કહે કે અહો! છકાયના રક્ષપાળ વસ્ત્ર વળી પાત્ર અથવા અન્ય પાણી જે કાંઇ આપને ખપ હોય તે અમારે ઘેર આવીને લેજો. ॥૩૦॥ તો જે ઉતમ સાધુ હોય તે, એ પૂર્વોકત આમંત્રણને ત્રીહીના કણ સમાન જાણીને, એવા ઘરને વિષે જવું આવવું વાંછે નહીં. જો કદાપિ કોઇ એક સાધુ તેવા ઘરે જાય તો તે વિષય રૂપ પાશે કરીં બંધાણો છતો વળી વળી મોહને આવર્તે પડે એટલે મોહને વશ થકો ચિતનું આકુલ વ્યાકુલપણું પામે; તે મુર્ણ સ્નેહ રૂપ પાસ ત્રોડવાને અસમર્થ હોય માટે દુ:ખી થાય. તિએમિનો અર્થ પૂર્વવત જાણવો. ॥ ૩૧ ॥

इति चतुर्थाध्ययन प्रथमा देशक समाप्त.

हवे चोथा अध्ययनो बीजो उदेशो प्रारंभिये छैयें.

पहेला उदेशामां स्त्रीना परिचय थकी चारित्रनो विनाश थाय छे एम कह्युं, हवे बीजा उदेशामां जे साधु शीलथकी पडे तेने जे विटंबना थाय ते कहे छे.

જે ચારિત્રિઓ એકાકી રાગ દ્વેષ રહિત હોય તે સાધુ સ્ત્રીને વિષે સદાકાળ ન રાચે, કદાપિ કર્મોદય થકી ભોગાભિલાષી થાય. તો વળી વિરચે, કેમકે ગૃહસ્થને પણ જે ભોગ છે તે વિટંબનાપ્રાય છે. તેથી તે પણ વિરચે છે: તો સાધુને ભોગની વિટંબનાનું કેવુંજ શું! તે કારણ માટે સાધુના ભોગ કેવા

વિટંબનાપ્રાય છે તે સાંભળો, જેમ ધર્મના જાણ એવા કોઇક સાધુ ભોગવે તે આગળ કહે છે. ॥ ૧ ॥

હવે તે સાધુ વિશેષે કરી સ્ત્રીના પરિચયથકી; શીલના વિનાશને પામ્યો છતો, સ્ત્રીને વિષે મૂર્છિત એવો યતિ તથા કામભોગ ઉપરે મતિ અભિલાષનું પ્રવર્ત્તાવવું છે. જેમને એવા સાધુને તે, સ્ત્રી એમ કહે કે, મેં, માહારા કુલ શીલની મર્યાદા અતિક્રમીને માહારો આત્મા તુજને દીધો છે, ઈત્યાદિક વચન કહીને તે યતિને પોતાને વશ કરે. તે વાર પછી કોઈએક પ્રકારે તે સ્ત્રીને રીશાણી જાણીને તે બાપડો તે સ્ત્રીને પગે પોતાનું મસ્તક લગાડે, તેવારે તે પુરૂષને એવો વશ થયો દેખીને તે સ્ત્રી પોતાનો પગ ઉંચો ઉપાડીને ડાબા પગે કરી તે દ્રવ્યલિંગી યતિના મસ્તકને વિષે પ્રહાર કરે, તોપણ જે કામભોગને વિષે ગૃદ્ધ હોય, તે મુર્ખ સ્ત્રી થકી વિરચે નહીં. ॥ ૨ ॥

વળી કોઇક સ્ત્રી એવી માયા કરે કે, જો તમે મહારા સહિત વિહાર કરતા થકા શંકા પામતા હો તો અહો સાધું! તમે કેશવાળી સ્ત્રીની સાથે વિહાર કરશો નહીં. કેશને પણ હું લોચ કરીને દુર કરીશ અપિ સબ્દ થકી અન્ય જે કાંઈ તમે કહેશો તે સર્વ હું કરીશ પણ, માહારા વિના તમે અન્ય સ્થાનકે વિચરશો નહીં, એટલી વિનતિ કરૂંછું તે માન્ય કરો હું પણ તમારા આદેશે પ્રવર્તિશ ઇત્યાદિક વચને કરી વિશ્વાસ ઉપજાવીને તે સ્ત્રી જે કરે તે કહે છે. ॥ ૩ ॥

અથ એટલે હવે તે સાધુ સ્ત્રીને વશ થાય એમ તે સ્ત્રી પોતાને વશ થયો જાણીને તે વાર પછી તેને તથા ભુત એટલે તેવાજ અનેક કર્મ કરના કાર્ય કરવા મોકલે એટલે દાસની પેરે કાર્ય કરવાની આજ્ઞા આપે, તે કાર્ય કેવા તે દેખાડે છે. તુંબડું છેદવાને અર્થે શસ્ત્ર જોઇએ તે લાવો, કે જે શસ્ત્રે કરી તુંબિપા-

ગ્નાદિક સમારિયેં તથા રૂડા નાલિયરશદિકના ફળ લઇ આવો. ॥૪॥

વળી દારૂણ એટલે કાષ્ટ શાક પત્ર એટલે વથુલાદિક રાંધવાને અર્થે લાવો અથવા પ્રદ્યોત એટલે અજવાળું રાત્રીને વિષે થાય તે વાસ્તે તૈલાદિક લાવો. તથા માહરા પાત્રને રંગી આપો, કે જેણે કરી હું સુખે ભિક્ષા માગી આહારાદિક લાવું અથવા માહરા પગ રંગવાને અર્થે રંગ લઇ આવો તથા અહીં આવો માહરા અંગ દુઃખે છે. માટે માહરી પીઠ મર્દન કરો, એમ કહે. ॥ ૫ ॥

માહરા વસ્ત્ર પ્રતિલેખો એટલે જૂઓ જુના થયા છે, માટે બીજા નવા આણી આપો. તથા મલીન થયા છે તેને ધોવરાવો તથા અન્ન પાણી આણી આપો. તથા સુગંધ કપૂરાદિક લઇ આવો, અથવા ગ્રંથ તે હિરણ્યાદિક લાવો તથા રજોહરણ સારો આણી આપો તથા હું લોચ કરાવી શકું તેમ નથી તે માટે મસ્તક ભદ્ર કરાવવા એટલે વૃહત્કેશ ઉતારવાને અર્થે નાવીને તેડી લાવો એટલા ઉપકરણ વેષધારીના કહ્યા. ॥ ૬ ॥

અથવા હવે પ્રકારાંતરે ગૃહસ્થના ઉપકરણ કહી દેખાડે છે. કાજળનું ભાજન લાવો તથા ઘરેણાનું ભાજન લાવો તથા ઘુંઘરા આણી આપો તથા ઘુઘરા વીણા મુજને લાવી આપો જેમ હું સર્વ આભરણ પેહેરીને તમને વિનોદ ઉપજાવું તથા લોદ્ર અને લોદ્રના ફૂળ તથા વંશની લાકડી આણી આપો જેને વામ હાથે ગ્રહણ કરી ડાબા હાથે વીણા વજાડીયે તથા ઓષધ ગુટિકા એટલે ઓષધની ગોળી લાવી આપો જેણે કરી હું સદા યૌવનાભિરામ થકી રહું. ॥ ૭ ॥

કુષ્ટ તે પુરાદિક તથા અગર અને તગર રૂડાવાસ સુગંધ દ્રવ્ય એ સર્વ વસ્તુ ઉસિરજે વાળો તે સહિત પીસેલી એવી સુગંધ લઇ આવો, તથા ઓષધાદિકે સંસ્કાર્યું એવું તેલ મુખના અ-

સ્યંગને અર્થે લઇ આવો, જે થકી માણસે મુખ સતેજ દેખાય તથા વાંસના કંડીયા પેટી પ્રમુખ વસ્ત્રાલંકારાદિક રાખવાને અર્થે લઇ આવો. ॥ ૮ ॥

વળી દ્રવ્ય સંયોગે નીપજાવ્યું એવું નંદીચુર્ણ તે ઓઠ રંગવાને અર્થે કોઇક પ્રકારે લાવો, આ તાપ તથા વૃષ્ટી રાખવા ભણી છત્ર લાવો, તથા ઉપાનહ જે મોજડી પ્રમુખ તે પગ રાખવાને અર્થે સમ્યક્ પ્રકારે લાવો, દાત્રાદિક શસ્ત્ર નીલાશાક પત્રાદિક ચ્છેદવાને અર્થે લાવો, નીલા વસ્ત્ર રંગાવી આપો લાલવસ્ત્ર રંગાવી આપો, એ રીતે વચન કહે. ॥ ૯ ॥

રૂડી હાંડલી પત્રશાક અન્નાદિક પકાવવાને અર્થે લાવો, તથા પિત્તોપશમાવવાને અર્થે અથવા સ્નાન કરવાને અર્થે આમળાં લાવો, પાણી રાખવાને અર્થે ઘડો ઘડૂલો ઇત્યાદિક લાવો, જેણે કરી ગોરોચનનું તિલક કરિયેં તેવી શલિ લાવો તથા જેણે કરી આંખ આંજીયેં એવી શિલાકા લાવો, ઉન્હાલો જે ગ્રીષ્મકાલ વિશેષ તે દિવસે વાયુ ઢાળવાને અર્થે વીંજણો લાવો.॥૧૦॥

ચીપીઓ જેણે કરી નાશિકાના નિમાલા લુચીયે કાઢીયે તેને સંડાસક કહિયે વળી કાંશકી જેણે કરી માથાના વાળ સમારિયે તે તથા વેણી બાંધવાને અર્થે ઉનની કાંકશી એ વસ્તુઓ આણી આપો જેણે કરી મુખ વર્ણાદિક રૂપ સરીર દેખાય તેને આરશી કહિયે તે આણી આપો, દંત પ્રક્ષાલન કરવાને અર્થે દાંતણ માહરા સમીપે લાવો. ॥ ૧૧ ॥

પુંગીફલતે સોપારી નાગરવેલીના પાનના બીડા પ્રમુખ તથા સૂત્ર શીવવાને અર્થે સૂઇ એ વસ્તુઓ લઇ આવો, ઘટાદિક ભાજન એટલે લઘુનિતિ કરવા નિમિત્ત રાત્રીને સમયે મને બાહેર નિકળતા બીક લાગે છે તે માટે તે ભાજન આણી આપો, તંદુલાદિક ધાન સોધવાને અર્થે સુપડું લાવો, ધાન

ખાંડવાને અર્થે ઊખલો લઈ આવો વળી જેમાં નાંખીને સાજી પ્રમુખ ખાર ગાળીયેં તે પાત્ર લાવો, અથવા લવણાદિક ખાર લાવો. ॥ ૧૨ ॥

વળી દેવ પુજાને અર્થે ચંગેરી પ્રમુખ ભાજન તથા કરૂઓ મદિરાનું ભાજન તે આણી આપો તથા અહો આયુષ્મન્! સંચારૂખણ એટલે પુરિષ વિષ્ટા ઘરમાં ન પડે માટે ઘરને નળીયા સંચારો તથા કુઇ ખણાવો વળી શરપાત એટલે ધનુષ્ય બાણ પુત્ર રમાડવાને અર્થે લઇ આવો ગોરહંગ એટલે ત્રણ વર્ષનો બળદીઓ શ્રમણના પુત્રને અર્થે રમત કરવા સારૂં લઇ આવો. ॥ ૧૩ ॥

ઘડિગ એટલે કુલ્હાડી સડિંડિમ એટલે વાજીંત્ર વિશેષ તે સહિત તથા ગોળ દડી કુમર ક્રીડાને અર્થે લઇ આવો જે દડીયેં કરી માહારા બાળક રમત કરે તથા હે શ્રમણ વર્ષાકાલ આવ્યો, એ કારણે વર્ષાકાળમાં નિવાસ કરવા યોગ્ય ઘર કરાવી આપો કે જે થકી ભિજીયેં નહીં તથા તે વર્ષાકાલ યોગ્ય એટલે વર્ષાકાલ આવ્યો, તે કારણે વર્ષાકાલમાં નિવાસ કરવા યોગ્ય બેઠા ખાઇયે માટે તાંદુલાદિક લઇ આવો. ॥ ૧૪ ॥

બેશવા નિમિત્તે માંચી આણી આપો, પણ તે કેવી લાવો કે જે નવાસૂત્રે વણી હોય અથવા ચર્મ થકી વણી હોય તેવી લઈ આવો વરસાદમાં ચાલતાં પગે કાદવ ન લાગે તેના અર્થે કાષ્ટની પાવડી માહારા સારૂ આણી આપો, અથવા ગર્ભસ્થે પુત્રના ડોહલા સંપાદવાને અર્થે વસ્તુઓ લાવો. એમ આજ્ઞાપે ( ભવતિદાસાઇવ ) એટલે સ્ત્રી જે છે તે પુરૂષનો પોતાની આજ્ઞામાં પ્રવર્તાવે સ્નેહ પામે બંધાણા એવા વિષયાર્થી પુરૂષ સ્ત્રીના દાસ થાય. ॥ ૧૫ ॥

હવે જાત એટલે ગૃહવાસને વિષે પુત્રરૂપ ફલ ઉપજ થયા

છતા જે વિટંબનાઓ થાય તે કહેછે, કોઇક સ્ત્રી ગૃહના કાર્યે વ્યાકુળ થઇ થકી પુરૂષ પ્રત્યે કહે કે એ બાળક તમે સંભાળો અથવા એનો ત્યાગ કરો હું એની વેઠ કરી શકતી નથી મેં નવમાશ સુધી ઉદરે ધર્યો અને તમે ક્ષણ માત્ર પણ પુત્રને ખોળામાં લેતા નથી, એમ ક્રોધના વચન બોલે તે વારે કોઈ એક પુરૂષ આક્રોશતાંયે સ્ત્રીનો વશવાર્ત્તી થકો પુત્રનો પોષક થાય જેમ ઉંટનો ભારવાહક જેટલો ભાર ઊંટ ઉપર નાંખે તેટલો ભાર આરડતો થકો ઉપાડે તેમ તે પુરૂષ પણ સ્ત્રીની પાસે ઊંટ તુલ્ય જાણવો. ॥ ૧૬ ॥

રાત્રીને વિષે પણ નિદ્રામાંથી ઉઠીને બાળક રડતો હોય તેને રાખે બાળકને રમાડે કોની પેરે તોકે, રૂદંતંદારકં (ધાત્રીવત્ સંથાપર્યંતિ) એટલે ધાત્રીની પેરે રાખે જેમ ધાત્રી બાળકને રૂડી રીતે પાળે તેમ તે પુરૂષ પણ બાળકને પાળે, કદાપિ તે પુરૂષ સુહિરામ એટલે ઘણો લજ્જાવંત હોય તોપણ સ્ત્રીને વચને નિર્લજ થાય, હંશ એટલે ધોબીની પેરે સ્ત્રીના તથા બાળકના વસ્ત્ર ધોવે તથા બીજા પણ જે કાંઇ કાર્ય કહે તે સર્વે દાસની પેરે કરે. ॥ ૧૭ ॥

એ પૂર્વોક્ત પ્રકારે સ્ત્રીનું કિંકરપણું પૂર્વે અતીત કાળને વિષે ઘણા પુરૂષોએ કર્યું અને વર્ત્તમાન કાળે પણ સ્ત્રીનું દાસ પણું ઘણા પુરૂષો કરે છે. તથા આગમિક કાળે પણ કરશે. ભોગને અર્થે જે અભિમુખ એટલે સનમુખ થયા તેના એ હવાલ થાય એવા રાધાંધ પુરૂષ જે સ્ત્રીને વશ વર્તે થયા તે દાસ સમાન તથા પાશમાં પડેલા મૃગ સમાન તથા વેચાતો લીધેલો ચાકર તે સમાન તથા તિર્યંચ સમાન પણ ન કહેવાય કિંબહુના તે કોઇ સરીખા ન કહેવાય, એવો કોઇ પદાર્થ નથી કે જેની ઉપમા એવા અધમને આપીને તેની તુલ્યના કરી બતા-

ખાંડવાને અર્થે ઊખલો લઈ આવો વળી જેમાં નાંખીને સાજી પ્રમુખ ખાર ગાળીયેં તે પાત્ર લાવો, અથવા લવણાદિક ખાર લાવો. ॥ ૧૨ ॥

વળી દેવ પુજાને અર્થે ચંગેરી પ્રમુખ ભાજન તથા કરૂઓ મદિરાનું ભાજન તે આણી આપો તથા અહો આયુષ્મન્! સંચારૂખણ એટલે પુરિષ વિષ્ટા ઘરમાં ન પડે માટે ઘરને નળીયા સંચારો તથા કુપ ખણાવો વળી શરપાત એટલે ધનુષ્ય બાણ પુત્ર રમાડવાને અર્થે લઇ આવો ગોરહંગ એટલે ત્રણ વર્ષનો બળદીઓ શ્રમણના પુત્રને અર્થે રમત કરવા સારૂં લઇ આવો. ॥ ૧૩ ॥

ઘડિગ એટલે કુલ્હાડી સડિંડિમ એટલે વાજીંત્ર વિશેષ તે સહિત તથા ગોળ દડી કુમર ક્રીડાને અર્થે લઇ આવો જે દડીયેં કરી માહારો બાળક રમત કરે તથા હે શ્રમણ વર્ષાકાલ આવ્યો, એ કારણે વર્ષાકાળમાં નિવાસ કરવા યોગ્ય ઘર કરાવી આપો કે જે થકી ભિઝીયેં નહીં તથા તે વર્ષાકાલ યોગ્ય એટલે વર્ષાકાલ આવ્યો, તે કારણે વર્ષાકાલમાં નિવાસ કરવા યોગ્ય એહા ખાઇયે માટે તાંદુલાદિક લઇ આવો. ॥ ૧૪ ॥

બેશવા નિમિત્તે માંચી આણી આપો, પણ તે કેવી લાવો કે જે નવાસૂત્રે વણી હોય અથવા ચર્મ થકી વણી હોય તેવી લઈ આવો વરસાદમાં ચાલતાં પગે કાદવ ન લાગે તેના અર્થે કાષ્ટની પાવડી માહારા સારૂ આણી આપો, અથવા ગર્ભસ્થે પુત્રના ડોહલા સંપાદવાને અર્થે વસ્તુઓ લાવો. એમ આજ્ઞાયે ( ભવતિદાસાઇવ ) એટલે સ્ત્રી જે છે તે પુરૂષનો પોતાની આજ્ઞામાં પ્રવર્તાવે સ્નેહ પામે બંધાણા એવા વિષયાર્થી પુરૂષ સ્ત્રીના દાસ થાય. ॥ ૧૫ ॥

હવે જાત એટલે ગૃહવાસને વિષે પુત્રરૂપ ફલ ઉત્પન્ન થયા

છતા જે વિટંબનાઓ થાય તે કહેછે, કોઇક સ્ત્રી ગૃહના કાર્યે વ્યાકુળ થઇ થકી પુરૂષ પ્રત્યે કહે કે એ બાળક તમે સંભાળો અથવા એનો ત્યાગ કરો હું એની વેઠ કરી શકતી નથી મેં નવમાશ સુધી ઉદરે ધર્યો અને તમે ક્ષણ માત્ર પણ પુત્રને ખોળામાં લેતા નથી, એમ ક્રોધના વચન બોલે તે વારે કોઈ એક પુરૂષ આક્રોશતાંયે સ્ત્રીનો વશવાર્ત્તી થકો પુત્રનો પોષક થાય જેમ ઉંટનો ભારવાહક જેટલો ભાર ઊંટ ઉપર નાંખે તેટલો ભાર આરડતો થકો ઉપાડે તેમ તે પુરૂષ પણ સ્ત્રીની પાસે ઊંટ તુલ્ય જાણવો. ॥ ૧૬ ॥

રાત્રીને વિષે પણ નિદ્રામાંથી ઉઠીને બાળક રડતો હોય તેને રાખે બાળકને રમાડે કોની પેરે તોકે, રૂદંતંદારકં (ધાત્રીવત્ સંથાપયેતિ) એટલે ધાત્રીની પેરે રાખે જેમ ધાત્રી બાળકને રૂડી રીતે પાળે તેમ તે પુરૂષ પણ બાળકને પાળે, કદાપિ તે પુરૂષ સુહિરામ એટલે ઘણો લજ્જાવંત હોય તોપણ સ્ત્રીને વચને નિર્લ્લજ થાય, હંશ એટલે ધોબીની પેરે સ્ત્રીના તથા બાળકના વસ્ત્ર ધોવે તથા બીજા પણ જે કાંઇ કાર્ય કહે તે સર્વ દાસની પેરે કરે. ॥ ૧૭ ॥

એ પૂર્વોક્ત પ્રકારે સ્ત્રીનું કિંકરપણું પૂર્વે અતીત કાળને વિષે ઘણા પુરૂષોએ કર્યું અને વર્ત્તમાન કાળે પણ સ્ત્રીનું દાસ પણું ઘણા પુરૂષો કરે છે. તથા આગમિક કાળે પણ કરશે. ભોગને અર્થે જે અભિમુખ એટલે સનમુખ થયા તેના એ હવાલ થાય એવા રાધાંધ પુરૂષ જે સ્ત્રીને વશ વર્તે થયા તે દાસ સમાન તથા પાશમાં પડેલા મૃગ સમાન તથા વેચાતો લીધેલો ચાકર તે સમાન તથા તિર્યંચ સમાન પણ ન કહેવાય કિંબહુના તે કોઇ સરીખા ન કહેવાય, એવો કોઇ પદાર્થ નથી કે જેની ઉપમા એવા અધમને આપીને તેની તુલ્યના કરી બતા-

જે કોઇક મહારંભીયા બાળ એટલે અજ્ઞાની, આ સંસારને વિષે અસંયમે જીવિતવ્યના અર્થી એવજીવ રૌદ્ર એટલે પ્રાણીને ભયના ઉપજાવનાર એવા અનેક પાપકર્મ કરે, તેવા પુરૂષ તીવ્ર પાપોદયને લીધે ઘોરરૂપ એટલે અત્યંત બીહામણે રૂપે (તમિ સંત્રયારે) એટલે મહા અંધકારે સહિત જ્યાં આંખે કરી કાંઇજ દેખાય નહીં માત્ર અવધિજ્ઞાને કરી થોડું થોડું ઘુકની પેરે દેખે, અને જ્યાં ખેરનાં અંગારાથી અનંતગણો તાપ છે એવા નરકને વિષે પડે છે. ॥ ૩ ॥

જે પુરૂષ તીવ્રપણે કરી બેંદ્રિયાદિક ત્રસ જીવ અને પૃથવીકાયાદિક સ્થાવર જીવ તેને જે પુરૂષ સદાકાળ સ્વાત્મસુખનો અર્થે જાણી કરીને હણે તથા જે પ્રાણીઓનું ઉપમર્દન કરનાર હોય તથા ( परद्रव्यापहारक ) એટલે અદત્તાદાનનો લેનાર હોય તથા ( नाशिक्ष्यत्ते सेव्वनीयस्य किंचित ) એટલે સેવવા યોગ્ય એવા જે વ્રત પચ્ચખાંણાદિક છે તે નકરે અર્થાત્ અવિરતિ છતોજ રહે પરંતુ કાકમાંસાદિકની પણ વિરતિ કરી શકે નહી. ॥ ૪ ॥

( प्रागल्भिक ) એટલે ધૃષ્ટપણે પાપને વિષે નિશંક છતો ( बहुनां प्राणा नतिपाती ) ઘણા પ્રાણીઓનો અતિપાતિ વિનાશક એટલે જીવ ઘાતક, ધૃષ્ટપણે બોલનાર શાસ્ત્ર માંહે જે હિંસા તે હિંસા નહીં એવા વચનનો બોલનાર અનિ વૃત્ત એટલે ક્રોધ થકી ઉપશમ્યો નથી, એવો છતો બાળ એટલે અજ્ઞાની નરકને પામે અંતકાળે એટલે મરણ કાળે નીચું મસ્તક કરી અધોગતિયેં અંધકારને વિષે જાય દુર્ગ વિષમ સ્થાનકે છેદન ભેદનાદિક દુઃખને પામે ॥ ૫ ॥

હવે તે નારકી પર્યાપ્ત ભાવે પોહોતા થકા પરમાધાર્મિક્ના શબ્દ સાંભળે તે કહે છે. મુડગરાદિકે કરી હણો, ખડગાદિકે કરી છેદો, શુલાદિકે કરી ભેદો, અગ્નીયે કરી બાળો, ઇત્યાદિક કરણને દુખકારી એવા પરમાધાર્મિકના શબ્દને સાંભળીને તે નારકીઓ, ભયે કરીને નાશ પામ્યા છે સંજ્ઞા એટલે મન વ્યાપાર જેના તથા ગાત્ર પણ ભાગ્યા છે, એવા છતાં એવી વાંછના કરે કે ( કાંદિશં વ્રજામ: ) એટલે અમે કયી દિશાયે નાશી જઈએ કે જ્યાં ગયા થકા અમને ભય ટળી જાય. ॥૬॥

એમ ચિંતવી ભય ભ્રાંત છતાં નાસતા થકા જે પામે તે કહે છે.(खदिरागार) એટલે ખયરના અંગારાના પુંજ જવાળા કરાળ જયોતિ સહિત એવી જે ભૂમી તેની છે ઉપમા જેને એવી ભૂમિને અતિ ક્રમતા તે નારકી અત્યંત દાઝતા બળતા થકા, કરૂણ એટલે ઘણા દીન સ્વરે આક્રંદ કરે, પરંતુ તે નારકી કેવા છે તોકે, જેનો સ્વર પ્રગટ જાણ્યામાં આવે નહીં એટલે જેવા ગુંગાના શબ્દ તેવા શબ્દે બોલે વળી કેવા છે તોકે, ત્યાં ઘણો કાળ રેહેવાની સ્થિતિ છે જેની એટલે ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની સ્થિતિ અને જઘન્ય દશ હજાર વરસની સ્થિતિ જાણવી. ॥ ૭ ॥

હવે ગુરૂ શિષ્ય પ્રતે કહે છે કે જે તે સાંભળી છે તે સૂ સાંભળી છે તો કે, વૈતરણી નામની નદી ઘણી દુર્ગ એટલે વિષમ કેવી વિષમ છે તો કે, ક્ષુર એટલે છુરીની પેરે તીક્ષણ છે સ્રોત એટલે પાણીનું પૂર જેને વિષે એવી તે વેતરણી નદી માહા વિષમ્ તેમાં તે નારકીનું નરકની ભૂમિના તાપે તપ્યા છતાં પાણીના અર્થિ તરશ્યા થકા તરે પણ કેવા છતાં તરે તોકે, ત્યાં જવાને અણ ઇચ્છતા બાણના ચોયો એટલે પ્રેર્યા નદા

શક્તિ ભાલે કરી હણાતા થકા તે નદીને દુઃખે પીડયા છતા બળાત્કારે તે વૈતરણી નદી અગાધ છે, માટે તરવાને અસમર્થ છતાં પણ તરે, તે વારે ઘણાજ દુઃખી થાય પછી તરવાને નૌકાની વાંચ્છના કરે તે વારે ફરી અત્યંત દુઃખી થાય તે આગલી ગાથાયેં કહે છે. ॥ ૮ ॥

પછી તે અસાધુ કર્મ પાપકારક એવા નારકી તે નાવ માંહેલા જે લોખંડના ખીલા તેણે કરી વીંધાય નાવાયેં ચઢયા ( સ્મૃતિહીણા ) એટલે વિવેક રહિત થાય તથા અન્ય વલી પરમાધાર્મિક લોક તે નારકીઓને નાશી જતા દેખિને ત્રિશુલ સહિત એવી દીર્ઘ એટલે લાંબી શૂલીયેં વીંધી કરીને નીચા ધરતીને વિષે નાંખે. ॥ ૯ ॥

કેટલાક નારકીને પરમાધાર્મિક લોક તેમના ગળામાં અત્યંત વજનદાર શિલા બાંધીને માહા અગાધ ઉંડા એવા પાણીમાં બોળે ફરી તે માંહેથી કાઢીને પછી કલંબુ ફુલ સરખી વેલુને વિષે તથા (મ્મુરેય) એટલે અગ્નિને વિષે આઘા પાછા ચાલે અત્યંત તપેરેતી માહે ચણાની પેરે શેકે ત્યાં વળી અન્ય પરમાધાર્મિકો તે નારકીને માંસની પેશીની પેરે પચાવે (તુહંપિયાઈ માંસાઇ ઈત્યાદિ.) ॥ ૧૦ ॥

વળી નથી જ્યાં સુર્ય તેને અસુર્ય સ્થાનક કહિયે એટલે કુંભીને આકારે માહા અંધકાર રૂપ નરકાવાસ, તથા જયાં મહા અત્યંત તાપ છે અત્યંત અંધકાર છે, એવા મોટા વિશાળ દુસ્તર સ્થાનકને પાપના ઉદયથી તે નારકી પામે છે. જે નરકાવાસામાં સર્વકાળ ઊંચુ નીચુ અને તિર્યંચુ એટલે સર્વ દિશાઓને વિષે પ્રજ્વલિત અગ્નિને સ્થાપો છે અર્થાત જયાં સદા કાળ અગ્ની બળ્યા કરે છે એવા કષ્ટ માંહે નારકીઓને પાડે.॥૧૧॥

જે નરકાવાસાને વિષે ઉંટનો આકારે ગુફા છે તે ગુફામાંહે

પ્રવેશ કરતોજ અગ્નીના આવર્ત્તમાં પડે, એવો અજાણ બાપડો પોતાના કર્મને નથી જાણતો તથા લુપ્ત પ્રજ્ઞો એટલે જેની પ્રજ્ઞા લોપાઇ ગઇ છે, એવો છતો તે નારકી ત્યાં દાઝે. બળે. સર્વકાળ કરૂણા પ્રાય દયામણુ એવું પુર્ણ તાપનું સ્થાનક ત્યાં આકરા પાપ કર્મે કરી ઢાયું જ્યાં અત્યંત દુઃખ રૂપનુજ ધર્મ એટલે સ્વભાવ છે એવુ સ્થાનક નારકી પામે. ॥ ૧૨ ॥

ચારે દિશે ચાર અગ્નિ સમારંભીને એટલે પજવલિત કરીને જે નરકાવાસને વિષે ક્રુર કર્મના કરનાર એવા પરમાધાર્મિકો તે અજ્ઞાની એવા બાપડા નારકીઓને તપાવે, તે નારકી ત્યાં પૂર્વોક્ત રીતે તાપ સહન કરતા કદર્થતા અત્યંત દુઃખ ભોગવતા છતા ઘણા કાળ સુધી રહે. કોનીપેરે તો કે, જેમ જીવતા મત્સ્ય અગ્નિ પાસે મૂકયા છતા અત્યંત તાપનું દુઃખ પામે પણ પરવસપણાને લીધે ત્યાંથી નાશી શકે નહીં, તેમ તે નારકીઓ પણ જાણી લેવા. ॥ ૧૩ ॥

ત્યાં તે નારકી નરક માંહે નારકીઓને ત્રાછવા છેદવાનું જે સ્થાનક છે તે કેવું છે તો કે, સર્વને મહા દુઃખનું કારણ છે જ્યાં અસાધુ કર્મિ એવા પરમાધાર્મિકો હાથમાં કુહાડો લઇને તે નારકીઓને પકડીને તેના હાથ તથા પગ બાંધી કાષ્ટની પેઠે ત્રાછે એટલે છેદે. ॥ ૧૪ ॥

વળી તે પરમાધાર્મિકો તે નારકી જીવોનુંજ રક્ત, કાઢીને કડાહમાં નાંખી ફરી તેજ લોહીમાં તે નારકીઓને પચાવે, તે નારકીઓ કેવા છે તો કે, દુર્ગંધ વસ્તુ તેણે કરી ખરડયા છે અંગ જેમના એવા તે નારકીઓને કેવી રીતે પચાવે તો કે, પ્રથમ તેમનું ઉત્તમાંગ ભેદીને પછી ( પરિવર્તયંતા ) એટલે સમુહ હોય તેને ઉપરાંઠુ કરે અને ઉપરાંઠુ હોય તેને સમુહ કરે અર્થાત ઉલટાવી પલટાવીને પચાવે ત્યાં પચતા થકા તે નાર-

કી તાપે કરી જ્વલિત છતા આઘા પાછા ઉથલતા હાલતા થકા ધ્રુજે ટળવળે, કોની પેરે તો કે, જેમ જીવતા મચ્છ તપ્ત લોખંડની કઢાઇમાં નાંખ્યા થકા અત્યંત ટળવળે, તેની પેરે તે નારકીઓ પણ વેદના સહન કરતા થકા ટળવળે. ॥ ૧૫ ॥

પણ તે નારકી ત્યાં પચાવ્યા થકા બળીને ભસ્મ ન થાય, મરણ પામે નહીં, શરીર છાંડે નહીં. અત્યંત ઉગ્ર વેદનાએ પણ પોતાના કૃતકર્મ તે કર્મનો અનુભાગ જે વિપાક તેને ભોગવતા થકા સીતોસ્ના વેદના દહન હનન છેદન ભેદન તાડન તર્જનાદિક તથા તિક્ષણ ત્રિશૂલારોપણ કુંભીપાક સાલ્મલી વૃક્ષાદિકે કરી ઉપજાવેલા જે દુઃખ, તે દુઃખે કરી દુઃખી થકા પોતાના કરેલા દુકૃતને યોગે ત્યાં જીવતા થકાજ રહે પણ આશુષ્ય પૂરણ કર્યા વગર મરણ પામે નહીં. ॥ ૧૬ ॥

તે નરકા વાસને વિષે તે નારકીને આલોલવે એટલે આઘાપાછા કરવે કરી અત્યંત વ્યાપ્ત (શીતાર્ત છતા) એવા નારકી સુખને અર્થે, અત્યંત તપ્ત અગ્નિને વિષે જાય, પરંતુ ત્યાં વિષમ અગ્નિ સ્થાનકને વિષે પણ શાતા ન પામે નિરંતર જ્યાં આકરો તાપ છે એવા નરકને વિષે પરમધાર્મિક તેને તપાવે, તેલ તપ્ત કરીને કષ્ટ આપે, એમ અનેક પ્રકારે પરમાધાર્મિક દેવો નારકી જીવોને વેદના કરે છે. ॥ ૧૭ ॥

તે નરક માંહે નારકીના આક્રંત શબ્દ નગરના વૃદ્ધ જેવા સંભળાય છે, જેમ કોઈ એક નગરનો નાશ કરે તે વારે મહા કોળાહળ શબ્દ થાય, એવો આક્રંદ શબ્દ હા માત, હા તાત, હું અનાથ, તારે શરણાગત છું, મુજને રાખ, ઇત્યાદિક શબ્દ સાંભળીયે!! (દુમ્નો પનીતાનિ પદાનિતત્ર નરકે ગચ્દઃ) એટલે ત્યાં નરકને વિષે કરૂણા પ્રલાપ સહિત એવા પૂર્વોક્ત પદોના દયામણા શબ્દ બોલે; જેને કટુક વિપાક રૂપ કર્મ વર્તમાનકાળે

ઉદય થયા છે, એવા નારકીને મોહનીય કર્મના ઉદય વાળા એવા પરમાધાર્મિક દેવો તે પુનઃપુનઃ પૂર્વોક્ત રીતે ઉત્સાહ સહિત નારકીઓને એટલા દુઃખ કરે. ॥ ૧૮ ॥

તે પાપિષ્ટ પરમાધાર્મિકો નારકી પ્રાણીના ઇંદ્રી વિમુક્ત કરે ઉપાંગ વેગળા કરે, તે નારકીને એટલા દુઃખ શા વાસ્તે કરે તેના કારણ તમને યથા તથ્ય કહુંછું. ત્યાં દુઃખ વિશેષ એટલે પાછલા ભવના કરેલા કર્મ તેને સંભારીને તે નરકપાળ પુરૂષો તેને કહે કે, અરે બાપડા! તેં પૂર્વ ભવને વિષે માંસ ભક્ષણ, મદ્યપાન, જીવ ઘાત, મૃષાવાદ, ચોરી, પરસ્ત્રી ગમન, કર્યા છે, તે સાંપ્રત તાહારે ઉદય આવ્યા છે, તેને યોગે તું દુઃખ ભોગવે છે. માટે આમ શા વાસ્તે આરડે છે. એ રીતે તે પરમાધાર્મિક પુરૂષો સર્વથા પ્રકારે તે નારકીને દુઃખ રૂપ દંડે કરી પૂર્વકૃત કર્મના ઉદય થકી પીડા કરે. ॥ ૧૯ ॥

તે નારકી હણાયા થકા પાંચશે યોજન ઊંચા ઉછળીને નરકને એક દેસે પડે તે નારકિ કેવા છે તો કે, દુષ્ટ રૂપ મહા તાપે કરી પૂર્ણ છે, નાના પ્રકારના દુઃખ તથા મલ સહિત છે. ત્યાં તે નારકી અશુચી વસ્તુના આહારી છતા ઘણો કાળ સુધી રહે. કર્મને વશ પડયા એવા નારકીને પરમાધાર્મિક વિકૂર્વિને પીડે. ॥ ૨૦ ॥

સર્વદા કાળે તે નરક પરિપૂર્ણ ધર્મ એટલે આ તાપનું સ્થાનક ત્યાં કર્મને ઉદયેં ઢાયા એવા નારકી અત્યંત દુઃખનો ધર્મ એટલે સ્વભાવ છે જ્યાં તે સ્થાનકે નારકીનો શરીર નિવડબંધ માંહે પ્રક્ષેપીને, મસ્તકે છિદ્રકરી તેને તપાવે સર્વ શરીર ચર્મની પેરે વિસ્તારીને ખીલાયેં કરી ઉખેડે. ॥ ૨૧ ॥

તે પરમાધાર્મિક તે અજ્ઞાની નારકીઓના ક્ષુર એટલે છુરીયેં કરીને નાસિકાને છેદે તથા ઓષ્ટ છેદે તથા બંને કાન પણ છેદે

તથા મદ્યમાંસાદિ મૃષા બોલવું ઈત્યાદિ પાપ તેમને સંભારીને આપીને, તે નારકીની એક વેહેંથ પ્રમાણ જીભ બાહેર કાઢીને તીક્ષણ સૂલિયેં કરી સંતાપે, સ્છેદ એ રીતે તે નારકીને પીડ વેદના આપે. ॥ ૨૨ ॥

તે નારકી કાન હોઠ પ્રમુખ અંગો પાંગના છેદન થકી લોહિ જરતા થકા સુકા તાડ વૃક્ષના પાન જેમ પવને ઉડતા શબ્દ કરે, તેની પેરે તે બાળ અજ્ઞાની નિરવિવેકી એવા નારકી બાપડા રાત્રી દિવશ ત્યાં આક્રંદ શબ્દ કરે, ત્યાં તે નારકીના અંગોપાંગ છેદ્યા પછી તેના શરીરમાંથી લોહી પરૂ તથા માંસાદિક જરે તે વારે તેને શેંક કરી અગ્નીયેં પ્રજવાલીને લવણાદિક ખારે અંગોપાંગ ખરડ્યા છતા રૂધિર પરૂ અને માંસ એટલાવાના રાત્રી દિવસ તેમના શરીરમાંથી ગળતા થકા રહે છે. ॥ ૨૩ ॥

વળી શ્રી સુધર્મસ્વામી શ્રી જંબુસ્વામી પ્રત્યે કહે છે કે, યદિ તેં શ્રી મહાવીર ભાષિત રૂધિર અને પરૂની પાત્રી એટલે રૂધિર અને પાકી રૂધિર તે પરૂ એ બંને જ્યાં પચે છે એવો સ્થાનક કુંભી ભાજન વિશેષ તે સાંભળી છે તે કેવી છે તોકે, નવિ અગ્નિના તેજ કરતા પણ ગુણે કરી અધિક છે એટલે અત્યંત બળતી છે એવી પુરૂષ પ્રમાણ થકી અધિક મોટી કુંભી ભાજન વિશેષ તે કેવી છે તો કે, ઊંટને આકારે ઊંચી છે અને રૂધિર અને પરૂ એણે કરી પરિપૂર્ણ ભરેલી છે. ॥ ૨૪ ॥

હવે ત્યાં કુંભી માંહે નારકીને શું કરે તે કહે છે. તે પરમાધાર્મિક કુંભી માંહે ઘાલીને આર્ત શબ્દ કરતા તથા કરૂણ પ્રલાપ કરતા એવા તે બાપડા અજ્ઞાન નારકીને પૂકયેં કરી પચાવે, તૃષાયેં પીડ્યા થકા પાણી માગે તે વારે તેને ત્રાંબુ ઉકાળીને તેનો રશ પીવરાવે, તે વારે તે ઘણામાં ઘણો દીન સ્વરે કરૂણાકારી વિલાપ કરે. ॥ ૨૫ ॥

જેણે ઇહ એટલે આ મનુષ્ય ભવમાં અલ્પ સુખને અર્થે પરોપઘાતિપણું આદરીને પોતાના આત્માયે કરી પોતાના આત્માનેજ વંચ્યો, તથા પૂર્વ જન્મે અધમ એવા લુબ્ધકાદિકના સતસહસ્ત્ર ભવ ભોગવી ઘણા કર્મોપાર્જીને અત્યંત ક્રુર પાપ કર્મના ઘણી દુઃખ વેદના ભોગવવાને ઘણો કાળસુધી ત્યાં નરકને વિષે રહે. (યથાકૃતાનિકર્માણિ) જેવાં અધ્યવસાયે કરી જેવા ભાવે કર્મ કીધાં હોય તેવાજ નરકમાં પણ સિભાર શબ્દે દુઃખ ઉપજે જેમ માંસ ભક્ષણ કરનારને તેનાજ શરીરમાંથી માંસ કાપી અગ્ની વર્ણ કરી ખવરાવે, મદ્યપાનીને તપે કથીરનો રસ પીવરાવે, મત્સઘાતકીને ચ્છેદે, ભેદે, અસત્ય ભાષણ કરનારની જિવ્હા છેદે, પરધના પહારીના અંગોપાંગ ચ્છેદે, લંપટના વૃક્ષણ ચ્છેદે, સાલ્મલી વૃક્ષનું આલિંગન કરાવે ઇત્યાદિક જેણે જેવા કર્મ ઉપાર્જ્યા હોય તેને તે સરખાજ દુઃખે પરમાધાર્મિકો ઉપજાવે. ॥૨૬॥

તે પાપી અનાર્યે માતા પિતા અને સ્ત્રી આદિકને અર્થે ઘણા કલુષ એટલે પાપકર્મ ઉપાર્જન કરીને પછી ઇષ્ટ જે માતા પિતા તથા કાંતા એટલે સ્ત્રીયાદિક તે થકી ( વિપ્પહુણા ) એટલે રહિત અર્થાતિ એકાકી છતા તે દુર્ભિગંધ દુઃખે કરી ભર્યો તથા અશુભ સ્પર્શવાન એવા નરકને વિષે (કર્મોપગતા) અશુભ કર્મને લીધે કુણિ એટલે માસ પેસી રૂધિર પરૂ આંતરડા ફેફસુ ઈત્યાદિક કસ્મલે કરી સમાકુલ એવા નરક સ્થાનમાં ઘણો કાળ અવસ્ય પણે રહીને પૂર્વોક્ત દુઃખ સહન કરે. તિબેમિનો અર્થ પૂર્વવત્ જાણવો. ॥ ૨૭ ॥

इति नरक विभक्तिय नाम प्रथमोद्देशक समाप्तः

हवे पांचमा अध्यायननो बीजो उदेशो प्रारंभिये छैये एने विषे पण एज नरकना भाव कहेछेः

અથ એટલે હવે અપર એટલે બીજા શાશ્વત દુઃખનો ધર્મ એટલે સ્વભાવ છે જેને વિષે એવા નરકના દુઃખ જ્યાં સુધી જીવે ત્યાં સુધી તે નારકી જેમ ભોગવે, તેમ તમને યથા તથ્ય કહીશું; એટલે જે રીતે શ્રી વીર પરમેશ્વરના મુખથી સાંભળ્યું છે તે રીતે તમોને કહીશું. દુષ્કૃત કર્મના કરનાર એવા અજ્ઞાની નિર્વિવેકિ જીવ તે જે રીતે પોતાના પૂર્વકૃત કર્મને વેદે છે ભોગવે છે તે રીતે કહીશું. ॥ ૧ ॥

ત્યાં પરમાધાર્મિક દેવ તે નારીકોના હાથ પગ બાંધીને ક્ષુરે કરી તથા ખડગે કરી પેટને કાપે તે કેવી રીતે કાપે તોકે, બાળ નારકીને ગ્રહણ કરી એટલે પકડીને તેના શરીરને લાકડાદિકે હણીને ખંડા ખંડ કરે, આગલા ભાગનું રૂબલ ચર્મ તે પુઠ પ્રદેશે કાઢે, અને પુઠનું ચર્મ તે આગળ કાઢે, તથા ડાબા પાસાનું ચર્મ જમણે પાસે કાઢે અને જમણી બાજુનું ચર્મ ડાબી બાજુએ કાઢે, એ રીતે ચામડી ઉખેડી નાંખે. ॥ ૨ ॥

તે પરમા ધાર્મિકો ત્રણ નરક પૃથ્વીને વિષે નારકીના અત્રસ્તન અને ચાર નરક પૃથ્વીમાં મૂલથી આરંભીને બન્ને બાહુ કાપે. તથા મોહોટા લોહનો ગોળો તપાવી તે નારકીનું મુખ વિકાશીને એટલે મુખ ઉઘાડીને તે માંહે નાંખે તથા લોખંડના રથમાં જો તરી પૂર્વના કરેલા કર્મ સંભળાવીને તે નારકીને ખેદ ઉલાવે તથા અત્યંત રોશ કરીને તે નારકીના પૂઠના ભાગને આરે કરી વીંધે. ॥ ૩ ॥

જેમ લોખંડનો ગોળો તપ્ત અગ્નિરૂપે સહિત જાજવલ્યમાન હોય અથવા ઉષ્ણ રુધીર હોય તેની છે ઉપમાં જેને એટલે તેના

સરખી તસે એવીજે ભૂમિ, તેને અતિક્રમતા એટલે બળતી પૃથ્વી પર ચાલતા તે નારકી બળતા થકા કરૂણ એટલે દયામણા શબ્દ કરે અર્થાત્ હે માતા હે તાત ઇત્યાદિક વિલાપ કરે ! તથા આરે કરિ ચોયા એટલે પ્રેર્યા થકા તસે એવા ધૂંસરે જોતર્યા થકા જેમ ગળિયા બળદ ચાલતાં આરડે તેમ તે નારકી આરડ્યાં કરે. ॥૪॥

અજ્ઞાની નિર્વિવેકી બળ રહિત એવા નારકીને તેને ઉસ્ન લોહના જેવી પૃથ્વીયેં બળાત્કારે અતિ ક્રમાવે એટલે ચલાવે તે વારે તે બાપડા વિરસ શબ્દ કરે તે ભૂમિ કેવી છે તો કે, પ્રજવલિત એટલે જ્યાં ઉસ્ન લોહ સમાન રૂધિર અને પરૂનો કર્દમ છે એવી છે. તથા જે વિષમ સ્થાનકે કુંભીપાક શાલ્મલી વૃક્ષ પ્રમુખ વિષમ સ્થાનક છે, ત્યાં ચાલતા કર્મકરની પેરે અથવા ગળિયા બળદની પેરે દંડાદિકે તાડના કરીને આગળ કરી ચલાવે પણ તે નારકી પોતાની ઇચ્છાયેં આગળ જવાને અથવા પોતાને ગમે તે સ્થાનકે રહી જવા પણ પામે નહીં. ॥ ૫ ॥

તે નારકીને અત્યંત વેદનાક્રાંત એવું નરક અથવા તેવો માર્ગ તેને વિષે ચલાવતા થકા સાહમું સિલાયેં કરી હણીને નીચો પાડી નાંખે, પરંતુ તે આગળ જઇ શકે નહીં. તથા સંતાપની નામે કુંભી ત્યાં શાશ્વતી છે તે માંહે ગયો હતો જ્યાં માઠા કર્મનો કરનાર બાપડો ઘણું સંતાપ સહન કરે. ॥ ૬ ॥

વળી નરકના દુઃખ કહે છે તે બાળ નારકીને પરમાધામિક લોકો કંદૂનામા ભાજન વિશેષ તેને વિષે પ્રક્ષેપીને પચાવે તે વારે તે નારકી દાઝતા થકા બળતા ચણાની પેરે ઊંચા ઉછળે ત્યાં આકાશમાં વળી તેને દ્રોણ કાકાદિક પક્ષીઓ ત્રોડતા થકા ખાતા થકા જ્યાં થકી બીજા સ્થાનકની દિશા તરફ નાશે. ત્યાં વળી અન્ય સિંહ વ્યાઘ્રાદિક તેને ખાએ. ॥ ૭ ॥

નામ શબ્દ સંભાવનાર્યે છે ઉંચુ ચિતાને આકારે એવું અગ્નિનું સ્થાનક છે તે સ્થાનક પામીને શોકે તમ થકા દીનસ્વરે કરીને આક્રંદ કરે તથા પરમાધામીઓ તે નારકીનું મસ્તક નીચું કરીને શરીર વિકૃર્વિ છેદીને લોહની પેરે શસ્ત્રજે મુદગળાદિક તેણે કરી ખંડ ખંડ એટલે ટુકડા ટુકડા કરે. ॥ ૮ ॥

ત્યાં નરકને વિષે ઉંચા થાંભાદિકને વિષે નીચે મસ્તકે બાંધીને જેમ ખાટકી છાલીનું ચર્મ ઉખેડે તેમ પરમાધાર્મિક તે નારકીઓનું ચર્મ ઉખેડી નાંખે પછી તે નારકીના ચર્મ રહિત એવા અંગને વજ્ સમાન છે ચાચ જેમની એવા કાક સમળી ગૃદ્ધ પક્ષીઓ તેને ખાય, એ રીતે નરક પાલે છેદન ભેદન મૂર્ચ્છિત કર્યાં થકા પણ તે નારકી મરણ પામે નહીં. તેનું કારણ, કહે છે, સજીવની નામે એવી શાશ્વતી કુંભી છે જેહને વિષે પોહોતા થકાં પ્રાણી પાપ સહિત એવા પરમાધાર્મિક લોક તેને હણે છેદે ભેદે પરંતુ તેણે કરી તે મરે નહીં, કિંતુ પારાની પેરે તેહું શરીર મળી જાય. ॥ ૯ ॥

તે પરમાધાર્મિક પુરૂષો તીક્ષણ વજ્વત્ સુલિયેં કરીને નારકીના શરીરને ( અભિતાપયંતિ ) એટલે પીડે જેમ લુબ્ધક એવા જે કુતરાદિક તેને ( વસોપગંતં ) એટલે વશે પડ્યા એવાં સ્વાપદ મૃગાદિક પશુ તે જેમ મરણાંત કદર્થના પામે તેમ તે નારકી જીવો પણ સુલિયે વિંધ્યા થકા દીનસ્વરે અરડાટ કરે એકતો અભ્યંતર શોકાદિક અને બીજો બાહેર હનનાદિકે કરી ગિલાન છતા એમ બન્ને પ્રકારે એકાંત દુઃખ ભોગવે પરંતુ મરણ પામે નહીં. ॥ ૧૦ ॥

વળી સર્વ કાળ નિરંતર જળતું બળતું એવે નામે જ્યાં પ્રાણિને હણીયેં તે મોહોટું સ્થાનક છે, જે સ્થાનકે કાષ્ટ રહિત

અગ્નિ પ્રજવલે છે ત્યાં ઘણા ક્રૂરકર્મે બાંધ્યા થકા ઘણા કાળ સુધી રહે કેવા થકા તિષ્ટે તોકે, મોટા બીહામણા આક્રંદ સ્વર કરતા થકા તથા ઘણા કાળની સ્થિતિ છે જેમની એવા થકા રહે. ॥ ૧૧ ॥

તે પરમાધાર્મિક ત્યાં નરકને વિષે મોહોટી અગ્નિની ચિતા સમારંભીને તેમાં અનેક કાષ્ટ પ્રક્ષેપીને તે માંહે નારકીને નાંખે તે ત્યાં દાઝતા થકા કરૂણ સ્વરે આક્રંદ કરતા ત્યાંતે ચિતામાંહે ગયા થકા અ સાધુકર્મના કરનાર એવા નારકી આવર્ત્તે, વિલય થઈ જાય કોની પેરે તોકે જેમ ઘૃત તે જ્યોતિજે અગ્નિ તે માંહે પડ્યો થકો વિલય થઇ જાય તેની પેરે વિલય થાય પરંતુ ઘૃતતો અગ્નિમાંહે સર્વથા બળી જાય પણ નારકી જીવ તે અગ્નિમાં મરણ પામે નહીં. ॥ ૧૨ ॥

હવે વળી દુઃખનો બીજો પ્રકાર કહે છે ત્યાં સર્વકાળ સંપૂર્ણ ધર્મ એટલે ઉસ્ન આ તાપનું સ્થાનકજે સ્થાનકે તે નારકીને નિવડકર્મે આણી ઢાંકયા થકા જ્યાં અત્યંત દુઃખરૂપ ધર્મનો સ્વભાવ છે, એવા સ્થાનકે નરકપાલ તે નારકીના હાથ અને પગ બાંધીને સત્રુની પેરે દંડે કરી સમારંભે તાડના કરે. ॥૧૩॥

તે પરમાધાર્મિકો દંડાદિકે કરી બાળ અજ્ઞ એવા નારકીની પીઠને ભાંજે તથા લોઢાના ઘણે કરીને મસ્તકને પણ ભેદી નાંખે, ચૂર્ણ કરી નાંખે વળી અપિ શબ્દ થકી બીજા પણ અંગોપાંગ એજ રીતે મુદ્દગળે કરી ભેદી નાંખે, તે નારકી ચૂર્ણ થયાથી ભિન્ન દેહ છતાં પાટીઆની પેરે બન્ને પાસે કરવતે કરી છેધા થકા તપ્ત આરે કરી ખોસતા થકા તપ્ત રુધિરાદિકના માર્ગને વિષે તે નારકીને પ્રવર્ત્તાવે ઇતિ ભાવ એટલે તપ્ત કથીરના રસનું પાન કરાવવાને વિષે નિયોજે એટલે પ્રવર્ત્તાવે. ॥ ૧૪ ॥

નામ શબ્દ સંભાવનાર્થે છે ઉંચું ચિતાને આકારે એવું અગ્નિનું સ્થાનક છે તે સ્થાનક પામીને શોકે તપ્ત થકા દીનસ્વરે કરીને આક્રંદ કરે તથા પરમાધામીઓ તે નારકી-નું મસ્તક નીચું કરીને શરીર વિકૂર્વિ છેદીને લોહની પેરે શસ્ત્રજે મુદગળાદિક તેણે કરી ખંડ ખંડ એટલે ટુકડા ટુકડા કરે. ॥ ૮ ॥

ત્યાં નરકને વિષે ઉંચા થાંભાદિકને વિષે નીચે મસ્તકે બાંધીને જેમ ખાટકી છાલીનું ચર્મ ઉખેડે તેમ પરમાધાર્મિક તે નારકીઓનું ચર્મ ઉખેડી નાંખે પછી તે નારકીના ચર્મ રહિત એવા અંગને વજ્ર સમાન છે ચાચ જેમની એવા કાક સમળી ગૃદ્ધ પક્ષીઓ તેને ખાય, એ રીતે નરક પાલે છેદન ભેદન મૂર્ચ્છિત કર્યાં થકા પણ તે નારકી મરણ પામે નહીં. તેનું કારણ, કહે છે, સજીવની નામે એવી શાશ્વતી કુંભી છે જેહને વિષે પોહોતા થકાં પ્રાણી પાપ સહિત એવા પરમાધાર્મિક લોક તેને હણે છેદે ભેદે પરંતુ તેણે કરી તે મરે નહીં, કિંતુ પારાની પેરે તેનું શરીર મળી જાય. ॥ ૯ ॥

તે પરમાધાર્મિક પુરૂષો તીક્ષણ વજ્રવત્ સૂલિયે કરીને નારકીના શરીરને ( અભિતાપયંતિ ) એટલે પીડે જેમ લુબ્ધક એવા જે કુતરાદિક તેને ( વસોપગંતં ) એટલે વશે પડયા એવાં સ્વાપદ મૃગાદિક પશુ તે જેમ મરણાંત કદર્થના પામે તેમ તે નારકી જીવો પણ સૂલિયે વિંધ્યા થકા દીનસ્વરે અરડાટ કરે એકતો અભ્યંતર શોકાદિક અને બીજો બાહેર હનનાદિકે કરી ગિલાન છતા એમ બન્ને પ્રકારે એકાંત દુઃખ ભોગવે પરંતુ મરણ પામે નહીં. ॥ ૧૦ ॥

વળી સર્વ કાળ નિરંતર જળતું બળતું એવે નામે જ્યાં પ્રાણિને હણીયેં તે મોહોટું સ્થાનક છે, જે સ્થાનકે કાષ્ટ રહિત

અગ્નિ પ્રજવલે છે ત્યાં ઘણા ક્રૂરકર્મ બાંધ્યા થકા ઘણા કાળ સુધી રહે કેવા થકા તિહાં તોકે, મોટા બીહામણા આક્રંદ સ્વર કરતા થકા તથા ઘણા કાળની સ્થિતિ છે જેમની એવા થકા રહે. ॥ ૧૧ ॥

તે પરમાધાર્મિક ત્યાં નરકને વિષે મોહોટી અગ્નિની ચિતા સમારંભીને તેમાં અનેક કાષ્ટ પ્રક્ષેપીને તે માંહે નારકીને નાંખે તે ત્યાં દાઝતા થકા કરૂણ સ્વરે આક્રંદ કરતા ત્યાંતે ચિતામાંહે ગયા થકા અ સાધુકર્મના કરનાર એવા નારકી આવર્ત્તે, વિલય થઈ જાય કોની પેરે તોકે જેમ ધૃત તે જ્યોતિજે અગ્નિ તે માંહે પડયો થકો વિલય થઇ જાય તેની પેરે વિલય થાય પરંતુ ધૃતતો અગ્નિમાંહે સર્વથા બળી જાય પણ નારકી જીવ તે અગ્નિમાં મરણ પામે નહીં. ॥ ૧૨ ॥

હવે વળી દુઃખનો બીજો પ્રકાર કહે છે ત્યાં સર્વકાળ સંપૂર્ણ ધર્મ એટલે ઉસ્ન આ તાપનું સ્થાનકજે સ્થાનકે તે નારકીને નિવડકર્મે આણી ઢાંકયા થકા જ્યાં અત્યંત દુઃખરૂપ ધર્મનો સ્વભાવ છે, એવા સ્થાનકે નરકપાલ તે નારકીના હાથ અને પગ બાંધીને સત્રુની પેરે દંડે કરી સમારંભે તાડના કરે. ॥૧૩॥

તે પરમાધાર્મિકો દંડાદિકે કરી બાળ અજ્ઞ એવા નારકીની પીઠને ભાંજે તથા લોઢાના ઘણે કરીને મસ્તકને પણ ભેદી નાંખે, ચૂર્ણ કરી નાંખે વળી અપિ શબ્દ થકી બીજા પણ અંગોપાંગ એજ રીતે મુદગળે કરી ભેદી નાંખે, તે નારકી ચૂર્ણ થયાથી ભિન્ન દેહ છતાં પાટીઆની પેરે બન્ને પાસે કરવતે કરી છેદ્યા થકા તપ્ત આરે કરી ખોસતા થકા તપ્ત રુધિરાદિકના માર્ગને વિષે તે નારકીને પ્રવર્ત્તાવે ઇતિ ભાવ એટલે તપ્ત કથીરના રસનું પાન કરાવવાને વિષે નિયોજે એટલે પ્રવર્ત્તાવે. ॥ ૧૪ ॥

રૌદ્ર એવા અસાધુ કર્મિ એટલે અન્ય નારકીઓને હણવાદિક કાર્યે પાપના કરનાર અથવા પૂર્વ ભવના કરેલા એવા રૌદ્ર અસાધુ કર્મ તેને પ્રેરતા થકા એટલે પૂર્વોક્ત દુષ્કૃતને સ્મરણ કરાવીને સરાભીઘાત એટલે બાણાદિકે કરી જેમ હસ્તિને ચલાવિયેં વાહીયેં તેમ તે પરમાધાર્મિકો મહાવતની પેરે તે નારકીઓને વાહે અથવા ઊંટની પેરે વાહે એટલે ચલાવે, તેના ઉપર એક બે અથવા ત્રણ રૂપે આરૂઢ થઇને દુઃખ આપે ક્રોધે કરીને ડકાણઓ એટલે તેના મરમ સ્થાનકને આરાદિકે કરી વિંધે. ॥ ૧૫ ॥

અજ્ઞાની એવા નારકીને બળાત્કારે કરી રક્ત અને પરૂ તદ્રુપ રૌદ્ર કર્દમેં કરી વિપમ તથા કાંટાવાળી એવી મ્હોટી ભૂમિકાની વેલૂને વિષે અતિ ક્રમાવે તે જેમ જેમ આકરા ચલાવે તેમ તેમ દુઃખ પામે તથા મુર્છિત એવા નારકીઓને અનેક નરકપાળો ત્રાપેં કરી બાંધીને તેના પૂર્વકૃત પાપ કર્મ પ્રકાશીને કોટ એટલે નગરની બલિબાકુળ જેમ દશો દિશે સૈકડાખંડ થઇ વિખરી જાય તેમ પરમાધારમિકો તે નારકીના ખંડાખંડ કરી વિખેરી નાંખે. ॥ ૧૬ ॥

હવે વળી વિકર્વ્યો એવો માહા દુઃખનું કારણ ઘણો લાંબો એવો પર્વત નરકમાંહે આકાશ પર્યંત ઉંચોવિકુર્વે નિષ્પાદે ત્યાં તે પર્વત ઉપરથી અત્યંત પાપ કર્મના કરનાર એવા ઘણા નારકી પડતાં થકાં અંધકાર રૂપે દષ્ટીયેં કાંઇ પણ દેખે નહીં, પરંતુ હસ્ત સ્પર્શ માત્ર થાય અને ચડતાં થકાં તો પરમાધાર્મિક તેને હણે પીડા આપે ત્યાં હજાર થકી ઘણા મુહુર્ત્ત અધિક એટલે ઉપલક્ષણથી ઘણા કાળ સુધી એવું દુઃખ પામે. ॥ ૧૭ ॥

તે નારકી મહા પાપકર્મના કરનાર તે શંબાધિતા એટલે અત્યંત પીડ્યા થકા આક્રંદ કરે અહોરાત્ર પરિતપ્યમાન થકા

કરૂણ આક્રંદ કરે એકાંત એટલે નિશ્ચય રૂપ-કૂટ એટલે દુઃખોત્પતિનું સ્થાન જ્યાં છે એવું મહંત એટલે વિસ્તીર્ણ નરકને વિષે ત્યાં વિપમ કૂટ પાસાદિક ગલયંત્રાદિકે કરી હણાતા થકા આક્રંદ કરે. ॥ ૧૮ ॥

પૂર્વ જન્મના વૈરી, સરખા તે પરમાધાર્મિક રોષ સહિત કોપાયમાન થકા મુદ્દગળ સહિત મુશળ ગ્રહણ કરીને તે નારકીના મસ્તાદિકને ભાંગી નાંખે તે વારે, તે નારકી બાપડા ભિન્ન દેહી થકા લોહિવમતા દીના પ્રાબલ્યે કરી અધો મુખ કરી ધરણી તલને વિષે પડે. ॥ ૧૯ ॥

ત્યાં ભુખ્યા અને મોહોટા શરીરના પ્રમાણ વાળા પ્રગલિભત એટલે દુષ્ટ સદાકાળ ક્રોધ સહિત એવા સીયાલિયા જીવને તે નરકને વિષે પરમાધાર્મિકો વિકૂર્વેતે ત્યાં નારકીમાં હૂકડા સાંકળે કરી બાંધ્યા થકા એવા જે સાહા પાપી અત્યંત ક્રૂર કર્મના કરનાર નારકીઓ તેને ખંડ ખંડ કરી ભક્ષણ કરે. ॥૨૦॥

તે નરકને વિષે સદાકાળ પાણીએ ભરપુર એવી મહાવિષમ નદીરૂપ સ્થાન છે. તેમાં અગ્નિમાં ગળ્યો એવો લોહનો ગોળો તેના સરખું ઉષ્ણ પાણી છે, જે પાણી પીતા થકા ઘણું ખારૂં તથા ઉષ્ણ લાગે માટે વિષમ છે, જે એવી વિપમ નદી તેને વિષે તે નારકી પેર્યા થકા જાતા થકા હાલતા થકા એકાકી અ શરણ પ્લવન કરતા પરવશ પડયા થકા દુઃખ ભોગવે. ॥૨૧॥

એ પૂર્વોક્ત બંને ઉદ્દેશામાં જે નારકીના દુઃખ કહ્યા તેને બાળ અજ્ઞાની એવા નારકીના જીવો તે ફરસે છે, સહન કરે છે. જેની નિરંતર ઘણા કાલ સુધી રેહેવાની સ્થિતિ છે એવા નારકી ત્યાં હણાતા થકા તેને કોઇ પણ ત્રણ સરણ એટલે રાખવાને સમર્થ નથી. પોતે એકલો થકોજ નાના પ્રકારના પોતાના ઉપાર્જ્યા દુઃખ ભોગવે. ॥ ૨૨ ॥

જે જીવે જેવા ભાવે પાછલા જન્માંતરે કર્મ કીધાં છે તે કર્મ તેવીજ વિધિયેં સંસારમાં ભમતાં થકા ચારગતિને વિષે જીવને ઉદય આવે પરંતુ નરક માંહેતો એકાંત નિઃકેવલ દુઃખરૂપ ભવ ઉપાર્જીને તે નારકી જીવ દુઃખી થકા અત્યંત દુઃખ વેદે. ॥૨૩॥

હવે ઉપદેશ સ્વરૂપ કહે છે. એ પૂર્વોક્ત નરકના તીવ્ર દુઃખ સાંભળીને જે ધૈર્યવંત પુરૂષ છે તે શું કરે તે દેખાડે છે. જે થકી નરકના દુઃખ ન ભોગવે એવા સર્વ ચતુર્દશ રજજવાત્મક લોકને વિષે જે કાંઈ ત્રસ અને સ્થાવર જીવ છે તે કોઇને હણે નહીં તથા એકાંત દ્રષ્ટી એટલે નિશ્ચલ સમ્યકત્વધારક તથા પરિગ્રહ રહિત એવો છતો તું શબ્દથી મૃષાવાદાદિકનું વર્જન પણ જાણી લેવું તથા લોક તે ઇંહાં પ્રસ્તાવ થકી અશુભ કર્મકારી લેવો તથા કષાય લોક લેવો તેના સ્વરૂપને જાણીને એવા લોકને વશમાં ન પહોંચે. ॥ ૨૪ ॥

એ જેમ અશુભ કર્મિને નરક ગતિ કહી તેમ તિર્યંચ મનુષ્ય તથા દેવતાની ગતિ એમ બધિ મલી ચતુર્ગતિક સંસારને વિષે અનંત તદનુ રૂપ વિપાક એટલે અનંત એવો કર્મનો જે વિપાક સબુદ્ધિમાન્ ( સર્વમેત દિતિવેદિત્વા ) એટલે પંડિત પુરૂષ એ પૂર્વોક્ત સર્વને ઇતિ એમ જાણીને જે રીતે શ્રી ભગવંતે કહ્યો છે તે રીતે કાંક્ષા કરે એટલે વાંછે સુવાંછે તોકે, કાલ એટલે જ્યાં સુધી મરણ પ્રાપ્ત થાય ત્યાં સુધી ધ્રોવ એટલે સંયમને આચરે એ તાવતા ચારિત્ર વિના જીવ ચતુર્ગતિક સંસારમાં ભ્રમણ કરે તે કારણ માટે જાવ જીવ સુધી ત્રિવિધે દયા ધર્મ રૂપ નિરતિચાર ચારિત્ર પાલવાને વાંછે અને સર્વથા પાપનો ત્યાગ કરે. તિબેમિનો અર્થ પૂર્વવત જાણવો. ॥ ૨૫ ॥

इति श्री नरक विभक्ति नामे पांचमा अध्ययन संपूर्ण थयो ॥

अथ द्वितीये सूत्रकृतांगे षष्टमाध्ययन प्रारंभ्यते पांचमा अध्ययनने विषे नरकनां दुःख कह्यां ते श्री महावीर देवे उपदेस्या छे ते माटे आ छट्ठा अध्ययनन विषे श्री महावीर परमात्मानी गुणी त्किर्तनी पूर्वक स्तुति કરે છે. પૂર્વોક્ત નરકના દુઃખ સાંભળીને સંસારના ભયથી બીક પામ્યા ઉભગ્યા એવા પુરૂષો શ્રી સુધર્મસ્વામીને પૂછે છે તે કોણ પૂછે છે તો, કે સાધુ તથા બ્રાહ્મણ તથા આગારીતે ગૃહસ્થ ક્ષત્રિયાદિક તથા અન્ય તીર્થિકતે શાકયાદિકે તાપસ પ્રમુખ જાણવા સર્વ શું પૂછેછે તે કહે છે. તે કયો એકાંત હિતનો કરનાર એવો ( અનીદ્દશમતુલ ) એટલે નિરૂપમ શાશ્વંત સાધુ સમીક્ષાયે યથાસ્થિત તત્વજ્ઞાને કરી જ્ઞાત પુત્ર શ્રી મહાવીર દેવે કેવો ધર્મ કહ્યો છે, કે જેણે કરી જીવ સુખ પામે. ॥ ૧ ॥

કેવું જ્ઞાન વળી દર્શન ચારિત્ર રૂપ કેવું તથા યમ નિયમ રૂપ શીલ કેવું છે એ બધું જ્ઞાત પુત્ર એટલે ક્ષત્રિય શિરોમણી સિદ્ધાર્થ રાજાના પુત્ર શ્રી માહાવીરને વિષે કેવું હતું તે, અહો ભગવાન્ ! એ સર્વ જે રીતે તમે જાણોછો યથા તથ્ય એટલે સત્ય નિરૂપણ રૂપ, જેમ તમે સાંભળ્યું છે, ( યથા નિશાંતં ) એટલે સાંભળીને જેમ રહ્દયને વિષે ધારણ કર્યું છે, તેમ અમને કહો. ॥ ૨ ॥

એમ શ્રી સુધર્મ સ્વામિને પુછયા થકા સુધર્મ સ્વામિ શ્રી મહાવીર દેવના ગુણ કહે છે. તે શ્રી મહાવીરદેવ ખેદજ્ઞ એટલે સંસારી જીવોને કર્મ વિપાક થકી ઉત્પન્ન થયું જે ખેદ એટલે દુઃખ તેને જાણે જાણીને ઉપદેસ આપી તેના દુઃખ ટાલવાને સામર્થવાન તથા કર્મ વિદારવાને નિપુણ અને મહોટા રૂષીશ્વર સાધુ તથા અનંત અવિનાશી જેનું જ્ઞાન પ્રગટયું છે અનંત અ-

વિનાશી જેમનું દર્શન પ્રગટયું છે યશસ્વી એટલે જેનો યશ ત્રણ ભુવનમાં વ્યાપો છે લોકને ચક્ષુ ભૂત સમાન છે કેમકે લોકના ભાવના જે ભેદ તે સર્વ પરીક્ષે છે માટે લોકને ચક્ષુને સ્થાનકે વર્તે છે, એવા શ્રી મહાવીર પ્રણીત જે શ્રુત ચારિત્રરૂપ ધર્મ તેને ધર્મ જાણો. તથા તેજ સંયમને વિષે ધૃતિ એટલે ધૈર્યપણું તે પણ શ્રી મહાવીરનોજ પ્રેક્ષ્યો એટલે દેખો એટલે શ્રુત ચારિત્રરૂપ સંયમને વિષે જેહને રતિ છે, ધૈર્ય છે. ॥ ૩ ॥

ઊંચો નીચો અને તિર્છો એટલે ચૌદરાજ લોકમાંહે પૂર્વાદિક અઢાર દ્રવ્ય દિશાઓ અને અઢાર ભાવદિશાઓ મધ્યે, જે બેંદ્રિયાદિક ત્રસ પાણી અને એકેંદ્રિ પૃથવિયાદિક જે સ્થાવર પ્રાણીઓ છે તેને ભગવંત નિત્યા નિત્ય ભેદે દ્રવ્ય પર્યાય ભેદે સમ્યક્ પ્રકારે જાણે એવા શ્રી મહાવીર વીતરાગ દેવ તેણે સંસાર સમુદ્રમાંહે પડતા બુડતાં પ્રાણીને દ્વીપ સમાન એવો સમભાવિ ધર્મ કહ્યો છે. ॥ ૪ ॥

તે ભગવંત સર્વદર્શિ એટલે લોકા લોકને દેખનાર વળી બાવીશ પરીસહને જીતવા થકી કેવળજ્ઞાની થયા. (નિરામગંધ) એટલે મુલોત્તર ગુણ વિશુદ્ધ સંયમ પાળક તથા ધૈર્યવંત સ્થિતાત્મા એટલે સમસ્ત કર્મના ક્ષય થકી આત્મ સ્વરૂપમાંજ જે સ્થિત થયા છે તથા અનુત્તર એટલે પ્રધાન સર્વ જગતમાં નિરૂપમ જ્ઞાતા માટે વિદ્વાન એટલે ભલી બુદ્ધિવંત છે. તથા ગ્રંથથકી અતીત એટલે નિર્ગ્રંથ બાહ્યાભ્યંતર પરિગ્રહ રહિત છે. સપ્ત ભય રહિત છે, તેના નામ કહે છે, પેલું ઇહલોક ભય બીજું પરલોક ભય ત્રીજું આદાન ભય ચોથું અકસ્માત ભય પાંચમું વેદના ભય છઠું અપકિર્ત્તિભય સાતમું મરણ ભય તથા ચાર પ્રકારના આયુકર્મે કરી રહિત છે. ॥ ૫ ॥

તે ભગવંત ભૂતિ પ્રાજ્ઞ એટલે અનંત જ્ઞાની તથા અપ્રતિબંધ વિહારી જાણવા, ઓઘ એટલે સંસાર રૂપ સમુદ્રને તરનાર ધીર એટલે નિશ્ચલ અનંત જ્ઞાન રૂપ ચક્ષુના ધરનાર જેમ સુર્ય સર્વ થકી અધિક તપે તેમ ભગવંત જ્ઞાને કરી સર્વ થકી ઉતમ પ્રધાન છે, તથા વૈરોચનેંદ્ર એટલે અગ્નિ જેમ અંધકારને દૂર કરી અધિક પ્રકાશ કરે છે, તેમ શ્રી મહાવીર યથાસ્થિત પદાર્થના પ્રકાશક જાણવા. ॥ ૬ ॥

જે શ્રી રૂષભાદિક પ્રભાવવંત તીર્થંકરો તત્ સંબંધી જે નિરૂપમ ધર્મ તેનો નાયક એટલે તેને જાણે એવા ચારિત્રવાન કાશ્યપ ગોત્રી શ્રી મહાવીર ઉતાવળી પ્રજ્ઞાનો જાણ જેમ ઇંદ્ર હજારો દેવતાનો નાયક મહા પ્રભાવવંત દેવો માંહે પ્રધાન તેમ શ્રી મહાવીર કેવળ જ્ઞાની સહસ્ત્ર પુરૂષોમાં દેવતાના નાયક જે ઇંદ્ર તેની પેરે વિસિષ્ટ મહાનુભાવ જાણવા. ॥ ૭ ॥

તે ભગવંત પ્રજ્ઞાએ એટલે બુદ્ધિએ કરીને અક્ષય છે, વા શબ્દ વિષેશણને અર્થે છે કોની પેરે તોકે, જેમ સમુદ્ર જે મહોદધી એવો સ્વયંભુ રમણ સમુદ્ર નિર્મળ જેનું જળ છે. ઇત્યાદિક ગુણે કરી અનંત અપાર છે તેમ શ્રી વીર પણ અકલુષ અકષાઇ થકા ભિક્ષાયે આજીવિકા કરે છે યદ્યપી નિ:શેષ કર્મક્ષય કરી ત્રૈલોક્યને પૂજ્ય છે તથાપિ ભિક્ષાયે આ જીવે છે પરંતુ અક્ષીણ માહાનસી પ્રમુખ લબ્ધીને પ્રયુંજતા નથી. એવા અનેક ગુણ યુક્ત શ્રી મહાવીર દેવ છે તથા શકેંદ્ર દેવતાના સ્વામિ તેની પેરે દીપ્તિમાન છે. ॥ ૮ ॥

તે ભગવંત શ્રી મહાવીર વીર્યંતરાય કર્મનાક્ષય થકી બળે કરી પ્રતિપૂર્ણ વીર્યમાન છે, એટલે સંઘયણાદિકે બળવાન છે. સુદર્શન શબ્દે મેરૂ પર્વત તે જેમ સર્વ પર્વતમાં શ્રેષ્ટ છે, તેમ ભગવંત પણ ઐશ્વર્યગુણે કરી સર્વમાં શ્રેષ્ટ છે. વળી દેવલોકના

નિવાશી દેવતાને તે મેરૂ પર્વત હર્ષનો કરનાર છે, પ્રશસ્ત એવા અનેક વર્ણાદિક ગુણે કરી બિરાજમાન એટલે શોભે છે તેમ શ્રી ભગવાન પણ જાણવા. ॥ ૯ ॥

તે મેરૂ પર્વત સતસહસ્ત્ર યોજન પ્રમાણ સર્વાંગે ઊંચપણે જાણવો તેમજ તે પર્વતના ત્રણ કાંડ છે, એક ભૂમિમય બીજો સુવર્ણમય ત્રીજો વૈડુર્યમય છે અને પડંગવન છે તે વેજયંતિ એટલે ધ્વજા સમાન શોભે છે. તે મેરૂ પર્વત (ણુવણુવતિ) એટલે નવાણુ હજાર યોજન ઊંચો જાણવો અને નીચે ભૂમિ મધ્યે એક હજાર યોજનનો કંદ છે એમ સર્વ મળી એક લાખ યોજન પ્રમાણ છે. ॥ ૧૦ ॥

તે મેરૂ પર્વત આકાશે ફરશીને રહ્યો છે તથા ભુમિકાને અવગાહી રહ્યો છે, તિર્છો ઊંચો અને નીચો એમ લોક વ્યાપ્ત છે જે મેરૂ પર્વતને ચોફેર અગીઆરશેને એકવીશ યોજનને અંતરે સુર્ય પ્રમુખ જ્યોતષિ દેવો પરિભ્રમણ કરતા થકા પ્રદક્ષિણા કરી રહ્યા છે, તથા તે મેરૂ પર્વત સુવર્ણમય છે, તથા ઘણા પરંતુ અંહી નંદનાદિક ચાર જાણવા એવા રળીયામણા વંન છે. જેને વિષે, એટલે પેહેલી ભુમિકાને વિષે ભદ્રશાલ વંન છે, તે ઉપર પાંચશે યોજન ઉંચું બીજું નંદન વંન છે, તે ઉપર સાડીબાસઠ હજાર યોજન ઊંચું ચડતા વળી ત્રીજું સોમનસ વન છે, તે પછી છત્રીસ હજાર યોજન ઊંચું ચડતા શીખર ઉપર ચોથું પંડગવંન ખંડ છે. જે પર્વતને વિષે મહેંદ્ર પણ ક્રીડા કરવાને અર્થે સ્વર્ગ થકી આવી તે રતીસુખ ભોગવે છે. ॥ ૧૧ ॥

તે પર્વત વળી કેવો છે. તો કે, મંદર મેરૂ સુદર્શન સુરગિરિ ઈત્યાદિક શબ્દ કરી મહોટો પ્રકાશવાન એટલે પ્રસિદ્ધ એવો છતો શોભે છે તથા સુવર્ણની પેઠે દેદીપ્યમાન સુકુમાલ વર્ણ છે.

સર્વ પર્વતમાં અનુત્તર એટલે પ્રધાન એવી પર્વ એટલે મેખલાયેં કરી દુર્ગ એટલે વિષમ છે અર્થાત સામાન્ય જીવને ચઢતા વિષમ છે તથા પ્રધાન મણી અને ઔષધિયેં કરી દેદીપ્યમાન ભૂમિ સરખો પૃથવી પ્રદેશની પેરે જાણવો. ॥ ૧૨ ॥

મહી એટલે પૃથવીને વચમાં આવેલો જે જંબુદ્વીપ તેના મધ્ય ભાગે એટલે વચમાં વર્તે છે, નગેંદ્ર એટલે સર્વ પર્વતોના ઈંદ્ર સરખો એ મેરૂ પર્વત જાણવો તે પર્વત લોકમાં સુર્યની પેરે વિસુદ્ધ નિર્મળ કાંતિવાન છે એમ પ્રકર્ષે કરી જાણીયે, એ પ્રકારે કરી લક્ષ્મીયે સહીત તે મેરૂ રત્ન અનેક વર્ણે કરી સહિત છે. તથા મનને રમાડનાર તથા જેની જ્યોતિ અર્ચિમાલી એટલે સુર્ય તેની પેરે દશે દિશિને વિષે પ્રકાશ પામે-છે. ॥ ૧૩ ॥

હવે એ મેરૂ પર્વતની ઉપમાઓ શ્રી મહાવીર ભગવંતની સાથે જોડે છે, સુદર્શન નામા જે ગિરિ એટલે પર્વત તેનો જે યશ કહિયે છૈએ તેવો મહોટો મેરૂ પર્વત જાણવો. એ મેરૂની ઉપમાયે શ્રમણ તપસ્વી જ્ઞાત પુત્ર શ્રી મહાવીર દેવ જાણવા કેવી રીતે તોકે, જાતિયેં કરી, યશે કરી. દર્શને કરી, જ્ઞાને કરી અને શિળે કરી સમસ્ત જેટલા ધર્મ માર્ગના પ્રકાસકો છે. તેમાં શ્રી મહાવીર દેવ પ્રધાન છે. ॥ ૧૪ ॥

જેમ લાંબપણે સમસ્ત પર્વતમાં નિષધ પર્વત શ્રેષ્ટ છે, તથા જેમ વર્ત્તુલાકાર સમસ્ત પર્વત માંહે રૂચક નામા પર્વત શ્રેષ્ટ છે, તેની ઉપમાંયે શ્રી મહાવીર દેવ જગતમાં ભૂતિપ્રજ્ઞ એટલે પ્રજ્ઞાયેં કરી શ્રેષ્ટ જાણવા, સમસ્ત મુનિઓ માંહે તત્સ્વરૂપ જાણવાને અત્યંત જ્ઞાનવંત જાણવા ( પ્રકર્ષેણ જાનાતિતિ પ્રજ્ઞ) એ ભાવ જાણવો. ॥ ૧૫ ॥

તે શ્રી મહાવીર પ્રધાન એવો જે સર્વોત્તમ ધર્મ તેને પ્રરૂપીને પ્રકાશીને પ્રધાનમાં પ્રધાન એવો જે શુક્લધ્યાન તેને

ધ્યાવે તે ભગવંતને યોગ નિરૂંધકાળે સુક્ષ્મ કાય યોગ રૂંધનાવસરે શુક્લધ્યાનનો ત્રીજો ભેદ જે સુક્ષ્મ ક્રિયા અપ્રતિપતિ એવે નામે છે, તે થાય યોગ નિરોધ થયા પછી શુક્લધ્યાનનો ચોથો ભેદ ઉપરત ક્રિયા અને અનિવૃત્તિ નામે ધ્યાવે તે ધ્યાન વર્ણવે છે. સુસ્ટુ પ્રધાન શુક્લ વસ્તુની પેરે ઉજ્વલ અપગંડ એટલે દોષ રહિત અર્થાંત મિથ્થાત્વ રૂપી કાટ કલંક તેણે કરી રહિત એવું નિર્દોષ શુક્લધ્યાન સુવર્ણની પેરે ઉજ્વલ છે. અથવા ગંડ શબ્દે ઉદકનું ફેણ તે સરખું ઉજ્વલ છે, તથા શંખ અને ચંદ્રમા તેની પેરે એકાંત અવદાત એટલે અત્યંત શુક્લ એવું શુક્લ ધ્યાન છે, તેને ધ્યાવે. ॥ ૧૬ ॥

તે ભગવંત શૈલેસી અવસ્થાયેં શુક્લધ્યાનના ચોથા ભેદને અનંતર સાદિ અનંત એવી સિદ્ધિ ગતિને વિષે પોહોંતા તે સિદ્ધિ કેવી છે. તોકે, સર્વમાં ઉત્તમ તથા લોકને અગ્રે વર્તમાન છે.તે કારણ માટે પરમ પ્રધાન મહોટો રૂપીશ્વર શ્રી મહાવીર દેવ છે જે જ્ઞાને કરી, દર્શને કરી, ચારિત્ર શિલે કરી સમસ્ત જ્ઞાનાવર્ણાદિક આઠે કર્મને શોધી કર્મ ખપાવીને મુક્તિને વિષે પોહોતા. ॥ ૧૭ ॥

વળી ઉપમાએ કરી ભગવંતને સ્તવે છે; જેમ વૃક્ષો માંહે પ્રસિદ્ધ દેવ કુરૂં ઉત્તર કુરૂંને વિષે વ્યવસ્થિત એવું સાલ્મળી વૃક્ષ મોહોટું છે, જેને વિષે સુવર્ણ કુમારકાદિક ભુવનપતિ દેવો આવીને રતિવેદે છે, એટલે ક્રીડા રૂપ સુખ ભોગવે છે. તથા જેમ વનને વિષે નંદન વન શ્રેષ્ટ કહ્યું છે, ઉત્તમ શોભાયે કરી સહિત કહ્યું છે. તેમ જ્ઞાન અને શીલ એટલે ચારિત્ર તેણે કરી શ્રી મહાવીર મહાપ્રાજ્ઞ એટલે મોહોટા જાણવા. ॥ ૧૮ ॥

જેમ શબ્દમાં સ્તનિત એટલે મેઘની ગર્જનાનો શબ્દ પ્રધાન એટલે રૂડો કહ્યો છે, તથા જેમ ગ્રહ નક્ષત્ર અને તારાને વિષે

ચંદ્રમાં મહાનુભાવ કહ્યો છે, તથા જેમ સમસ્ત ગંધમાં ગોશીર્ષ બાવના ચંદન શ્રેષ્ટ કહ્યું છે, એમ સમસ્ત સાધુમાં અપ્રતિજ્ઞ એટલે આ લોક પરલોકની આશંસા કરવાની જેને પ્રતિજ્ઞા નથી અર્થાત ઈહલોક પરલોકની આશંસા રહિત એવા શ્રી મહાવીરને મોહોટા શ્રેષ્ટ કહ્યા છે. ॥ ૧૯ ॥

જેમ સમસ્ત સમુદ્રમાં સ્વયંભૂરમણ સમુદ્ર શ્રેષ્ટ કહ્યો છે જેમ નાગ કુમાર દેવોમાં ધરણેંદ્રનામા ઈંદ્રિ શ્રેષ્ટ કહ્યો છે, જેમ ઈક્ષુરસોદક સમસ્ત રસમાં પ્રધાન વેજયંત એટલે વખાણ્યો છે, તેમ તપ ઉપધાને કરી તપો વિશેષે કરી સમસ્ત મુનિમાં શ્રી મહાવીરને પ્રધાન વખાણ્યા છે. ॥ ૨૦ ॥

જેમ હસ્તિઓને વિશે ઈંદ્રનું વાહન ઐરાવણ હસ્તિ પ્રધાન કહ્યો છે. જેમ મૃગ પ્રમુખ સ્વાપદ જનાવરોમાં સિંહ પ્રધાન કહ્યો છે. ભરતક્ષેત્રની અપક્ષાયેં જેમ પાણીમાં ગંગાનદીનું પાણી નિર્મળ કહ્યું છે. જેમ સમસ્ત પક્ષીઓમાં ગરૂડ મોહોટો કહ્યો છે. અપરનામે વેણુ દેવ એ જેમ પ્રધાન કહ્યા છે. તેમ નિર્વાણ જે મોક્ષ માર્ગ તેના સ્થાપન કરનારા વાદી લોકમાં શ્રી મહાવીર મહોટા કહ્યા છે. ॥ ૨૧ ॥

જેમ યુદ્ધ શુભટોમાં જ્ઞાતવિદિત વિશ્વસેન એટલે ચક્રવર્ત્તિ પ્રધાન કહ્યો છે. જેમ ફુલમાં અરવિંદ કમળ મોહોટું કહ્યું છે. જેમ ક્ષત્રીમાં દંતવાક્ય એટલે ચક્રવત્તિ પ્રધાન કહ્યો છે. તેમ સમસ્ત રૂષીઓમાં શ્રી વર્ધમાન સ્વામિ શ્રેષ્ટ કહ્યા છે. ॥ ૨૨ ॥

જેમ સમસ્ત દાનને વિષે અભયદાન શ્રેષ્ટ કહ્યું, જેમ સત્ય વચનમાં નિરવધ એટલે જે વચનના ઉચ્ચારે કરી પરને પીડા ઉત્પન્ન ન થાય તે વચન શ્રેષ્ટ વખાણ્યું છે. જેમ સર્વ તપમાં નવવિધ બ્રહ્મગુપ્તિ સહિત બ્રહ્મચર્ય શ્રેષ્ટ કહ્યો છે. તેમ લોકમાં ઉત્તમ શ્રમણ તપસ્વી શ્રી મહાવીર દેવ શ્રેષ્ટ વખાણ્યા છે. ॥ ૨૩ ॥

જેમ સ્થિતિમાં પ્રધાન લવ સપ્તમ દેવતા એટલે પંચાનુત્તર વિમાનવાસી દેવો કહ્યા છે; કારણ કે તેમનું મનુષ્યમાં સાત લવ પ્રમાણ આયુકર્મ જો શેષ રહ્યું હોત તો મુક્તિ પામત તે માટે એને લવ સપ્તમ દેવો કહિયે. અન્ય સભાઓમાં જેમ સૌધર્મા સભા શ્રેષ્ટ કહી છે. જેમ સમસ્ત ધર્મોને વિષે નિર્વાણ જે મોક્ષ તે પ્રધાન કહ્યો છે, કેમકે અન્ય દર્શનીઓ પણ પોત પોતાના ધર્મને વિષે મોક્ષ પ્રધાન બોલે છે. માટે તેમ જ્ઞાતપુત્ર શ્રી મહાવીર થકી અન્ય કોઈ જ્ઞાની નથી, એટલે સર્વમાં ઉત્તમ જ્ઞાનવંત શ્રી મહાવીર દેવ જાણવા. ॥ ૨૪ ॥

જેમ પૃથ્વી સકલ પદાર્થને આધાર ભુત છે! તેમ શ્રી મહાવીર સર્વ સત્યને અભય પ્રદાને કરી રૂડા ઉપદેશના દાન થકી આધાર ભુત છે અષ્ટ પ્રકારના કર્મ ખપાવ્યા છે. ( વિગત ગૃધિ ) એટલે અભિલાપ રહિત થયા છે. વળી સંનિધ ન કરે એટલે કાંઇ પણ સંચય કરે નહીં તથા ઉતાવળી પ્રજ્ઞાના ધણી એટલે કેવળી એવા ભગવંત જાણવા. તથા સમુદ્રની પેરે તરવાને દુસ્તર એવો મોહોટો સંસાર સમુદ્ર તેને તરીને મુક્તિયેં પોહોતા છે, વળી શ્રી મહાવીર કેવા છે તો કે, અભય કરનાર એટલે સર્વ જીવના ભયના ટાળનાર છે, તથા શૂરવીર છે. અનંત ચક્ષુના ધણી એટલે સર્વ સ્વરૂપ દેખે છે જાણે છે. ॥૨૫॥

ક્રોધ વળી માન તથા માયા તેમજ વળી લોભ તે પર વંચના રૂપ જાણવો એ ચાર અધ્યાત્મ દોષ છે. તેને સંસાર વધારવાના કારણ જાણીને એ ચારે કષાયને છાંડીને શ્રી મહાવીર અરહંત થયા, મહા ઋષી થયા, તે કારણ માટે શ્રી મહાવીર સ્વામિ પોતે પાપ કરે નહીં, તથા બીજા પાસે પાપ કરાવે નહીં, અને પાપ કર્મના કરનારની અનુમોદના પણ કરે નહીં. ॥ ૨૬ ॥

હવે ક્રિયાવાદીના એકશોને એંશી ભેદ, અક્રિયાવાદીના ચોરાશી ભેદ, વિનયવાદીના બત્રીશ ભેદ, અને અજ્ઞાનવાદીના સડસઠ ભેદ, એ સર્વ મળી ત્રણશેને ત્રેશઠ થયાં તે પાંખડી દર્શનીઓના અનુવાદ એટલે ભેદ જાણવા. એ ચારે દર્શનીના દર્શન સ્વરૂપ તેને દુર્ગતિ જવાના કારણ જાણીને, તે શ્રી મહાવીરદેવ સર્વ વાદને જાણીને ઉન્માર્ગનો ત્યાગ કરીને ચારિત્ર રૂપ ધર્મને વિષે ( दीर्घरात्रं ) એટલે જાવજીવ સુધી ઉપસ્થિત એટલે સાવધાન થયા છે. ॥ ૨૭ ॥

તેં ભગવતેં સ્ત્રી સહિત રાત્રી ભોજન તથા ઉપલક્ષણથી પ્રણાતિ પાતાદિકને પણ નિવાર્યા છે. વળી કર્મ રૂપ દુઃખ ક્ષય કરવાને અર્થે ઉપધાનવંત થયા, એટલે તપસ્યા કરી, દેહ શોષવીને કર્મ ખપાવ્યા. ઇહ લોક અને પરલોક એ બન્નેને જાણીને સર્વ પાપના સ્થાનકને પ્રભૂતપણે પોતે વારંવાર નિવાર્યા છે. ॥ ૨૮ ॥

હવે શ્રી સુધર્મ સ્વામિ પોતાના શિષ્ય પ્રત્યે કહે છે. અરિહંતનો ભાખેલો જે ધર્મ તે કેવો છે તો કે, સમકય પ્રકારે અર્થે કરી પદ કરી શુદ્ધ એટલે ઉજવલ યુક્તિ સહિત તેને સાંભળીને તે ધર્મને સર્દ હતા એટલે સત્ય કરી માનતા થકા, અનેક જન કર્મ રહિત થઇને અનાયુષ્ય થયા એટલે સિદ્ધ થયા અથવા આગમિક કાલે ઇંદ્રાદિક પદવી પામ્યા. ( तित्रेमिनो अर्थ पूर्ववत् जाणवो . ) ॥ ૨૯ ॥

( इति श्री वीरस्तुति नामे छठा अध्ययन समाप्त. )

हवे सातमो अध्ययन प्रारंभीए छैयें छठा अध्ययनने विषे श्री महावीरनुं स्तवन करतां श्री महावीरने शुशील कह्या, हवे आ सातमा अध्ययनने विषे ते थकी विपरीत कुशीलिया होय छे जे अरहट्ट घटीकाने न्याये संसारमांहे भ्रमण करे तेनुं स्वरूप कहे छे:

પૃથ્વીકાય અપ્પકાય અને વાયુ કાય અહીં ચકાર થકી એ ચારે નિકાય સૂક્ષ્મ અને બાદરના ભેદે કરી બે પ્રકારે જાણવા. તથા તૃણ વૃક્ષ બીજ શાલી પ્રમુખ વનસ્પતિકાય જાણવી, અને ત્રસતે બેંદ્રિયાદિક જીવ જાણવા તેના અનેક પ્રકાર છે, તે કહે છે, જે ઇંડા થકી ઉપના એવા પંખી તથા સર્પ પ્રમુખ તથા જે જરાઓ તે ગાય પ્રમુખ જીવ જાણવા. અને સંસ્વેદજ એટલે પ્રસ્વેદ થકી ઉત્પન્ન થયેલા એવા જું, માકણ, પ્રમુખ જીવ જાણવા. વળી રસજા: તે જે સોવીરાદિકને વિષે ઉપજે તેનાજ વર્ણ સરખા જે જીવ હોય તે જાણવા. એ રીતે જીવના ભેદ કહ્યા. ॥ ૧ ॥

એ પૂર્વોક્ત પૃથિવ્યાદિક છ જીવ નીકાય શ્રી તીર્થંકર દેવે કહી છે. એ છ જીવ નિકાય જે છે તે સાતા સુખને જાણે છે વાંછે છે એટલે સર્વ જીવ સુખાભિલાષી છે. એ છકાયને જે દંડે ઘાત કરે દીર્ઘકાલ પીડા આપે તેને જે ફલ થાય તે કહે છે, તે જીવ એજ છકાયને વિષે ( વિપર્યાસમુપયંતિ ) એટલે વિનાશ પામે અર્થાત વારંવાર એને વિષેજ પરિભ્રમણ કરે. ॥ ૨ ॥

વળી એકેંદ્રિયાદિકથી માંડીને પંચેંદ્રિય પર્યંત જીવની જાતિ છે તેને વિષે એક સ્થાનકથી બીજે સ્થાનકે પરિભ્રમણ કરતા થકા, ત્રસ તથા સ્થાવર જીવને વિષે વિનિઘાતમેન્ય એટલે ઉત્પત્તિ અને વિનાશ પામે. તે ક્રુર કર્મના કરનાર જાતિ જાતિને

વિષે ઉત્પત્તિ પામીને, તે બાળ અજ્ઞાની જે વળી ત્યાં દુષ્ટ એવા પાપ કર્મ કરે તો વળી તેહીજ દુષ્ટ કર્મે કરી એટલે ચોર અથવા પરદારા ગમન ઈત્યાદિક દોષે વળી વિનાશ પામે. ॥૩॥

જે કર્મ કરે તે કર્મ આ જન્મને વિષે અથવા પરજન્મને વિષે વિપાક આપે, અથવા એકજ કર્મ, સો સહસ્ત્ર, લાખ, ક્રોડ, સંખ્યાતા, અસંખ્યાતા, ઇત્યાદિક ઘણા ભવ સુદ્ધિ પણ વિપાક આપે જેવા વિધિયેં કર્મ કર્યાં હોય તેવા વિધિયેં ભોગવે. અથવા અન્ય વિધિયે પણ ભોગવે. સિરચ્છેદાદિક હસ્તપાદ ચ્છેદનાદિક દુઃખ પામે. એવી રીતે તે કુશીલિયા અરહદ્ ઘટીકાને ન્યાયે સંસારને વિષે ફરી ફરી ભવ પરંપરાયે પરિ ભ્રમણ કરતા થકા દુઃખ ભોગવે તથા એકેક ચ્છેદનાદિક દુઃખે પીડ્યા થકા તે દુઃખના યોગે કરી વળી નવા નવા કર્મ બાંધે તેને ફરી ભોગવે પણ ભોગવ્યા વિના છૂટેજ નહીં. ॥ ૪ ॥

જે કોઈ માતા પિતાદિકને હિત્વા એટલે છાંડીને અને સ્વજન વર્ગનો ત્યાગ કરીને, શ્રમણ ને વ્રતે ઉઠ્યા અર્થાત્ અમે સાધુ છૈયેં. એવું જાણતા છતાં, ઉદ્દેશાદિક પરિભોગે કરી અગ્નિનો સમારંભ કરે. અથવા કરાવે. તથા અનુમોદે, તેવા પાખંડી લોક તે કુશીલ ધર્મિ જાણવા. એમ શ્રી તીર્થંકર ગણધરાદિક કહે છે. જે પોતાના આત્મસુખને અર્થે પ્રાણીની હિંસા કરે છે, તે કુશીલિયા જાણવા. ॥ ૫ ॥

જે અગ્નિ ઉજવાલે પ્રદીપ્ત કરે તે ત્રસ અને સ્થાવર જીવોનો અતિપાત એટલે વિનાશ કરે અને તેમ વળી તે અગ્નિને પાણીયેં કરી બુજાવતાં થકાં પણ અનેક ત્રસ અને સ્થાવર જીવ હણાય છે, એમજ અગ્નિને અજુઆળતાં તથા ઓલવતાં થકાં પણ પ્રાણીઓનો ઘાત થાય છે, તે માટે પંડિત સદવિવેકનો જાણ હિંસાનો ત્યાગ કરી તથા દયામાં ધર્મ છે એમ વિમાસીને

પંડિત અગ્નિકાયનો સમારંભ કરે નહી. ॥ ૬ ॥

હવે અગ્નીનો સમારંભ કરવા થકી બીજા જીવો કેવી રીતે હણાય તે કહે છે, પૃથવી તે પણ જીવ અને અપ એટલે પાણી તે પણ જીવ તથા સંપાતિમ પ્રાણી તે પતંગીયા પ્રમુખ ત્યાં સમ્યક્ પ્રકારે પડે. તથા ( સંસ્વેદજા ) તે કાષ્ટ તથા છાણાદિકને વિષે ઉત્પન્ન થએલા જીવ કાષ્ટ નીશ્રિત ઘુણાદીક કીડી પ્રમુખ જાણવા. એટલા સ્થાવર જંગમ જીવને જે અગ્નીનો સમારંભ કરે તે દહે એટલે બાળી નાંખે. ॥ ૭ ॥

તથા હરિકાય તે અંકુરાદિક સમસ્ત વનસ્પતિ જાણવી એ સર્વ જીવ તે વિલંબક જાણવા વિલંબક શબ્દે જીવનો આકાર ધારણ કરે જેમ કલલ, અર્બુદ, માંસ, પેશી, એટલી અવસ્થા ગર્ભમાં થાય. અને ગર્ભ પ્રસવ્યા પછી બાળકુમાર તરૂણ વૃદ્ધ એટલી અવસ્થા મનુષ્ય ધારણ કરે, તેમ શાલ્યાદિક વનસ્પતિ પણ અંકુર મૂલ સ્કંધ પત્ર શાખાદિક વિશેષ જે છે તે પણ વૃર્દ્ધમાન થકા બાળ તરૂણ વૃદ્ધાવસ્થાદિક ભાવ પામે છે. તથા એ હરિતાદિક જે છે તેના મૂલ પત્ર શાખાદિકને વિષે, પૃથક્ પૃથક્ જુદા જુદા જીવ જાણવા, એટલા વનસ્પતિને આહાર તથા સરીરને અર્થે, જે આત્માના સુખને અર્થે એટલે એને છેદવા થકી માહારા આત્માને સુખ થશે, એવી આત્મ સુખની પ્રતી તે જે છેદે, તે પુરૂષ ધીઠાઈપણે ઘણા જીવોના ઘાતનો કરનાર જાણવો. ॥ ૮ ॥

ઉત્પત્તિ એટલે મુલાદિક કોમળ તથા વૃદ્ધિ એટલે શાખા પ્રશાખાદિ જે વનસ્પતિ તેનો વિનાશ કરતો હોય તથા બીજાદિક એટલે તેના ફલનો વિનાશ કરતો હોય, તેને અસંયત એટલે ગૃહસ્થ અથવા પ્રવ્રજિત અન્યલિંગી અથવા સ્વલિંગી આત્માનો દંડનાર કહિયે. તે જીવ પ્રાણીને ઉપઘાતે પોતાના

આત્માનો ઉપઘાત કરે છે. જે આત્મા સુખને અર્થે હરીકાયને છેદે તેને લોક માંહે અનાર્ય ધાર્મે શ્રી તીર્થંકર ગણધર કહે છે. જે પ્રાણી ધર્મોપદેશે આત્મસુખને અર્થે બીજાદિક વનસ્પતિકાયને છેદે છેદાવે, તથા અનુમોદે, તથા એવો ધર્મોપદેશ કરે, તે પાખંડી અનાર્ય જાણવો. ॥ ૯ ॥

વનસ્પતિ કાયના વિનાશક પ્રાણીઓ ઘણા જન્મ સુધી ગર્ભાદિક અવસ્થાને વિષે વર્ત્તતાજ મરણ પામે એટલે કલલ અર્બુદાદિક અવસ્થાયેં વર્તતા થકાજ મરણ પામે તથા જન્મ્યા પછી બોલતા, અણબોલતા, થકા તથા અન્ય મનુષ્ય ન્હાની ચોટલીના ધણી, કુમારાવસ્થાએ સ્થિત થકા મરે, તથા યુવાનવય તરૂણવય તથા મધ્યમવય થવિરવય એ સર્વ અવસ્થાને વિષે આયુષ્યના ક્ષય વિષે પ્રલીન થકા એટલે સ્વકર્મ ભોગવતા દીન દુઃખી ભુખ, તૃષ્ણાદિક, સહન કરતા થકા તે પાપી જીવો શરીર ત્યાગ કરે એટલે જેવું પાપ સમાચારે તેવું ભોગવે. ॥ ૧૦ ॥

અહો ! જીવો તમે બુજો જે મનુષ્યપણું પામવું દુર્લ્લભ છે, એમ જાણો ( દુલ્લહેખલુ માણુસ્સેભવે ) ઇત્યાદિક વચને બુજો એટલે પ્રતિબોધ પામો. તથા નરક ત્રિર્યંચાદિક ગતિને વિષે અનેક દુઃખ છે તેનો ભય દેખીને બાલિસ એટલે અજ્ઞાનપણાને લીધે સદ્‌વિવેક પામવો દુર્લ્લભ છે. એવી રીતે જાણો તથા એ લોક એકાંત દુઃખી છે, જવરિત એટલે જેમ જવરાક્રાંત જીવ દુઃખી હોય તેમ એ સર્વ લોક પોત પોતાના કર્મ રૂપ તાપે કરી કરી વ્યાકુલ છતા સંસારમાં વિપર્યાસ એટલે ફરી ફરી નાશ પામે છે. ॥ ૧૧ ॥

અહીં ધર્મ સ્થાપના અધિકારે કોઇ એક મુર્ખ કુશીલ દર્શની એમ કહેછે કે, (આહારેણ સંપચ્ચક) એટલે લવણ તેને વ-

જીવા થકી મોક્ષ છે એટલે સર્વ રસનું સાર લવણ છે યતઃ (લવણા વિહુણારસા ઇતી વચનાત્ ) તથા પાઠાં તરે આહાર ( પંચકં લવણ પંચકંચેદં ) આહાર આ શ્રી પાંચ ભેદ વર્જીવા થકી મોક્ષ થાય છે, તે આહાર પંચકના નામ કહે છે. એક લસણ, બીજો પલાહુ, ત્રીજો કરભી, એટલે દુગ્ધ ચોથો ગૌમાંસ પાંચમું મદ્ય તથા એકેક વાદી શીતલોદકના ઉપભોગ થકી મોક્ષ કહે છે. એટલે જેમ પાણી બાહ્યમલ ઉતારે છે, તેમ અંતરંગ મલ પણ તે પાણીજ ઉતારે છે. એમ કહે છે. કોઇ એક વળી હુતાશન એટલે અગ્નીના હોમ થકી મોક્ષ છે એમ પ્રરૂપે છે. જેમ સુવર્ણાદિકના મલને અગ્ની બાળે છે, તેમ આત્મના મળનો પણ અગ્નીજ નાશ કરે છે. ॥ ૧૨ ॥

હવે એ પૂર્વોક્ત દર્શનીઓને ઉતર કહે છે. પ્રાતઃસ્નાનાદિકે કરી આદિ શબ્દ થકી હસ્ત પાદને ધોવે કરી મોક્ષ નથી, કેમકે પાણી નાખવા થકી તદાશ્રિત જીવોનો ઘાત થાય છે. તે માટે એમ કર્યા થકી મોક્ષ પ્રાપ્ત ન થાય, તથા ખાર એટલે લવણને અણ જમવે કરી પણ મોક્ષ નથી, જો લુંણ નંખાવા થકી મોક્ષ પ્રાપ્તી થતી હોય તો જે દેસમાં સર્વથા લુંણ મલતુંજ નથી, તો ત્યાં નિવાશ કરનારા લોકોને દુર્ગતિ પણ ન થાય પરંતુ એ વચન અસંબંધ જાણવો. અને તે મુર્ખ મદ્ય, માંસ, તથા લશણનો પરિભોગે કરીને મોક્ષાર્થ થકા અન્યત્ર સ્થાનકે વાશ કરે, એટલે તેને પણ શુશીલવિના મોક્ષ નથી. એ તાવતા તેને સંસારમાં નિવાશ કલ્પે. ॥ ૧૩ ॥

જે મુર્ખ પાણીયે કરી મોક્ષ પ્રરૂપે છે એટલે સંધ્યા પ્રભાત અને ચકારના ગ્રહણ થકી મધ્યાનને વિષે પાણીનો સ્પર્શ કરવા થકી મુકિત કહે છે, તે પણ મુધા જાણવો. કેમકે ઉદકના સ્પર્શ થકી જો સિદ્ધિ થાયતો પાણી માંહે સર્વકાળ માછલા પ્રમુખ જીવો

રહેછે. અથવા જાલ પણ પાણીમાં રહે છે. તેને પણ મુક્તિ હોવી જોઇએ, તેમ તો થતું નથી. કારણ કે પાણી જેમ અનિષ્ટ મલને હરણ કરે છે. તેમજ ઇષ્ટ મલ જે સુગંધ દ્રવ્ય છે તેને પણ હરણ કરે છે. ॥ ૧૪ ॥

જો ઉદકના સ્પર્શ થકી મોક્ષ થાય તો માછલા કૂર્મક, એટલે ડેડકા, તથા સર્પ, જલકાગ, જળચર, વિશેષ, જલમાણસ, એટલે મનુષ્યાકૃતિ જેવા રાક્ષસ એ સર્વ મોક્ષગામી થશે. તે કારણ માટે જે કુશલ એટલે તીર્થંકર દેવ તેણે એ અસ્થાન અયુક્ત કહ્યું છે, તો શું કહ્યું છે! તો કે ઉદક થકી જે મોક્ષ કહે છે. તે પુરૂષ અજ્ઞાની પાપિષ્ટ પાખંડી અલ્પમતિ વાળા જાણવા. ॥ ૧૫ ॥

ઉદક જો અશુભ કર્મરૂપ મળને હરણ કરે તો એમજ શુભ એટલે પુણ્ય તેને પણ હરણ કરે, અને જો પુણ્યને હરણ ન કરે તો કર્મ મળ પણ અપહારી શકે નહીં. માટે જે ઉદક થકી સિદ્ધિ કહે છે, તે એ વચન ઇચ્છામાત્રજ બોલે છે. જેમ જાત્યંધ પુરૂષ માર્ગ દેખાડનાર હોય તો તેની પછવાડે ચાલવા થકી વાંછિત માર્ગ પામિયેં નહીં, તેમ મુર્ખ પ્રાણી પણ ધર્મની બુદ્ધિયેં પ્રાણીઓનો વિનાશક એવા શૌચ માર્ગનો સેવન કરતા થકા મોક્ષ પામે નહીં, એમ ભગવંત કહે છે. ॥ ૧૬ ॥

જે જીવ પ્રકર્ષે કરી જીવ ઘાતાદિક અનેક પાપ કૃત્યો કરી કર્મ ઉપાર્જીને પછી સીતોદક એટલે ત્રિસંધ્યાયે પાણીનો સ્પર્શ કરી ઉપાર્જિત કર્મનો નાશ કરીને સિદ્ધ પામે તો પાણીનો યોગે કરી કોઇ એક જીવઘાતક એવા માચ્છીગર પ્રમુખ પણ સીજે તે માટે જે ઉદક થકી સિદ્ધી કહે છે તે મૃષાવાદ બોલે છે. ॥ ૧૭ ॥

હુતાશન જે અગ્નિ તે થકી જે મોક્ષ કહે છે. એટલે સંધ્યા પ્રભાત, અને મધ્યાન્હે, એમ ત્રિસંધ્યાયેં અગ્નીને ફરસવે

કરી ધૃતાદિકનું અગ્નિને વિષે હોમ કરવે કરી સિદ્ધિ છે. એમ અગ્નિહોત્રી નામના દર્શનીઓ કહે છે, તેને પૂછીયેં જે એમ કરવા થકી જો સિદ્ધિ થતિ હોય તો અગ્નીના ફરશનારા કુકર્મિ એવા લોહકાર, અંગાર દાહક, કુંભકાર, ભાડભુંજા, સોની, પ્રમુખને પણ મોક્ષ પ્રાપ્તિ થવી જોઇએ, કેમકે એ લોહકાર પ્રમુખ તો સદા અગ્નિ તર્પણ કરતા થકાજ રહે છે, માટે તે દુર્ગતિમાં નાહીંજ જાય. અદ્યપિ તે દર્શનીઓ મંત્રનું કારણ દેખાડે તો તેને એમ કહેવું કે જે, અત્યંત તમારા આજ્ઞાકારી હોય તે એવું તમારૂં બોલવું પ્રમાણ કરશે. પરંતુ અન્ય જનો એ વાત માને નહીં, જેમ તેમ ભસ્મ કરણે સરખા તો મંત્રે કરી શું વિશેષ છે. ॥ ૧૮ ॥

માટે જે સ્નાન અને હોમાદિકે કરી સિદ્ધી બોલે છે તે અવિમાશ્યો બોલે છે, કેમકે એવા કારણો થકી સર્વથાપિ સિદ્ધિ ન થાય, તે અબુદ્ધ એટલે તત્વના અજાણ ધર્મની બુદ્ધિયેં પાપ કરતાં થકા ઘાત પામશે, એવું જાણી કરીને ભૂત એટલે પ્રાણી માત્રને સાતા એટલે સુખ પ્રતીલેખીને તેણે હણે નહીં, એમ વિદ્વાન વિવેકને ગૃહીને ત્રસ, અને સ્થાવર, જીવોને સુખ પ્રીય છે, દુઃખ અપ્રિય છે, એવું જ્ઞાને કરી જાણે ( યદુક્તં પઢમંનાણંતઓદયા ઇતિ વચનાત્. ) ॥ ૧૯ ॥

પરંતુ જે કુશિલીયા છે, તે પ્રાણીઓનો ઉપમર્દન કરવા થકી સાતામાને છે, તેને ફૂલ કહે છે. તે પૃથિવ્યાદિકના આરંભે સુખાભિલાષી છતાં નરકાદિક ગતિને વિષે જાય પછી ત્યાં આક્રંદ કરે, તથા ખડગાદિક શસ્ત્રે છેદન થયાથી કદર્થમાન થકા નાશી જાય, એમ તે પાપ સહિત પ્રાણી દુઃખી થાય, તે કારણે ચારિત્રીઓ જુદા જુદા જીવોને જાણીને વિદ્વાન સોયતે, આત્મ ગુપ્તવંત છતો સંયમ આચરે. ત્રસ, અને સ્થાવર, જીવની હિ-

સાકારણી એવી ક્રિયા દેખીને તે થકી નિવર્તે. ॥ ૨૦ ॥

જે શીતળ વિહારી શુદ્ધ નિર્દોષ એવા આહારને લહીને સંનિધિ કરી જમે તથા વિકટ એટલે ફાસું પાણીયેં કરી અંગોપાંગ સંકોચી પ્રાસુક પ્રદેશે બેશી દેશથકી અથવા સર્વથકી સ્નાન કરે, તથા જે વસ્ત્ર ધોવે, તથા લુસે, એટલે લાંબું હોય તેને ફાડીને ન્હાનો કરે, તથા ન્હાનું હોય તેને સાંધીને મોહોટું કરે, ઇત્યાદિક વાતો શોભાને અર્થે જે કરે, તે સંયમ થકી દૂર વર્ત્તે છે. એમ શ્રી તીર્થંકર ગણધર કહે છે. ॥ ૨૧ ॥

જે ધીર બુદ્ધીવંત પુરૂષ હોય તે ઉદકને વિષે કર્મબંધ જાણીને જાવજીવ સુધી ફાસુ પાણી પીએ તે સાધુ બીજ કંદાદિક અણભોગવતો સ્નાન, અભ્યંગ, ઉટંગણાદિકને, વિષે તથા સ્ત્રીને વિષે વિરતી હોય પણ કુશીલ દોષ આચરે નહીં. ॥૨૨॥

જે કુશીલિયા માતા તથા પિતા પ્રમુખ કુટુંબ ત્યાગીને આગાર એટલે ઘર તથા પુત્ર અને પશુ જે ગવાદિક તથા ધનને ત્યાગી પંચ મહાવ્રત અંગીકાર કરી પછી રસગૃદ્ધિએં આશકત છતા જિવ્હા લોલપી સરસ આહારને ગવેષતા થકા મોહોટા કુલને વિષે, રૂડા રસનો આહાર પામવાને અર્થે જે ભ્રમણ કરે, તે ચારિત્ર થકી દૂર જાણવા. એમ શ્રી તીર્થંકર ગણધર કહે છે. ॥ ૨૩ ॥

જે સ્વાદુક કુળને વિષે રસલંપટ થકા ગોચરી કરવાને જાય, એવા ઉદર ગૃદ્ધ પેટાર્થિ થકા. જેને જેવો ધર્મ રૂચે તેને તેવો ઉપદેશ આપે. તે પુરૂષો આર્યધર્મને શોમે ભાગે, ઉપલક્ષણ થકી સહસ્ર લાખ ક્રોડમે ભાગે પણ પહોચે નહીં, એમ શ્રી તીર્થંકરાદિક કહે છે. તથા જે સાધુ આહાર વસ્ત્રાદિકોને અર્થે બીજાને મુખે પોતાના ગુણ કેવરાવે, લાલ પાલ કરે, તે પણ કુશીલિયા જાણવા. ॥ ૨૪ ॥

જે પોતાનું ધનાદિક છાંડીને પછી પરભોજનને વિષે દીન એટલે દયામણો થાય, એમ ઉદર ગૃદ્ધ થકો રહે તે, ગૃહસ્થને, બંદીજનની પેરે, મુખેંમંગળિક વચન કહે; ગૃહસ્થની પ્રસંસા કરે, યત: ॥ सोअे सोजस्सगुणा, विरयंतनवारिया दस दिसासु, इहराकहासुचासि, पच रकं अच्छादिटोसि ॥ १ ॥ ઈત્યાદિક વચન પેટને અર્થે બોલે. જેમ મહોટો સુઅર, નીવાર એટલે ચાવલના કણને વિષે ગૃદ્ધ છતો, અદૂર એટલે તરત ઘાત પામે. તેમ કુશીલિયા પણ આહાર ગૃદ્ધ છતા સંસારમાંહે અનંતા મરણ પામે. ॥ ૨૫ ॥

તે કુશીલિયા અન્યને અર્થે, પાણીને અર્થે, તથા અન્ય વસ્ત્રાદિકને અર્થે, જેને જેવું ગમતું હોય તેના આગળ તેવુંજ બોલે. સેવકની પેરે જેમ સેવક પોતાના રાજાને ગમતું બોલે, તેમ એ કુશિલિયા પણ બોલે, તે સદાચાર થકી ભ્રષ્ટ એવા પાસથ્થાનો ભાવ તથા કુશીલિયાનો ભાવ પામે. તે કેવો થાય તો કે, નિ:સાર થાય જેમ પુલાક એટલે ધાનના છોતરા તૂસ નિ:સાર હોય છે, તેમ તે પણ તેના સરખોજ નિ:સાર જાણવો. ॥ ૨૬ ॥

હવે કુશિલિયાનું આચરણ કહે છે, જે અજ્ઞાત કુલને વિષે પિંડ એટલે, આહાર પાણી લીયેં અંત પ્રાંત આહારે કરી સંયમ પાળે. પણ દીનપણું અંગીકાર કરે નહીં. તથા તપસ્યાયેં કરી પૂજા સત્કારને વાંછે નહીં, એટલે રાજાદિકની પૂજાને નિમિત્તે તપસ્યા કરે નહીં, પરંતુ આત્માર્થે કરે. યદુક્તં ( ઇહલોગ વયા ઓ તવમાધહિજ્જા ) ઇત્યાદિક ભાવ જાણીને તથા શબ્દને વિષે, રૂપને વિષે, અસહમાન એટલે તત્પર ન હોય અને સર્વ કામને વિષે, ગૃદ્ધપણું ટાળીને રાગદ્વેષ ન કરે, તેને સાધુ

જાણવો. ॥ ૨૭ ॥

સમસ્ત સંગ તેમાં સ્નેહ તે અભ્યંતર સંગ અને ધન ધાન્યાદિક બાહ્ય સંગ એ બે પ્રકારના સંગ થકી અતીત એટલે રહિત, વિવેકવાન તથા સર્વ શારીરિક અને માનસીક દુ:ખ તેને સહન કરનાર, એટલે પરીસહોપસર્ગ જનિત દુ:ખનો સહન કરનાર જ્ઞાન, દર્શન, અને ચારિત્રે કરી, સંપૂર્ણ કામભોગની અભિલાષ રહિત તથા અનિયતચારી એટલે અપ્રતિબંધ વિહારી સર્વ જીવને અભયનો કરનાર એવો સાધુ, તે વિષય કષાયે કરી અનાકુલ એટલે કષાયને ઉપશમાવેં કરી નિર્મળ થયો છે. જેનો આત્મા એવો સાધુ મહાનુભાવ જાણવો. ॥૨૮॥

ભાર એટલે સંયમ તેની યાત્રા નિરવાહ કરવાને અર્થે ચારિત્રિઓ શુદ્ધ નિર્દોષ આહાર ગ્રહણ કરે, તથા સાધુ પૂર્વ આચરિત પાપકર્મનો વિવેક એટલે પૃથક ભાવે વાં છે. તથા પરીસહાદિક ઉપને થકે દુ:ખને ફરસ્યો છતો, ધ્રોવ શબ્દે સંયમ અથવા ધ્રોવ શબ્દે મોક્ષ તેને ગ્રહણ કરે, કોનીપેરે તો ! કે જેમ કોઇક શૂરવીર સુભટને સંગ્રામને મસ્તકે શત્રુએ પરાભવ્યો થકો પરંતે ફરીને શત્રુને દમન કરે, તેમ ચારિત્રિઓ કર્મ રૂપ શત્રુથી ઉપન્યા જે ઉપસર્ગ અને પરીસહ તેથી પરાભવ્ય પામ્યો થકો પણ, કર્મને દમે. અને આત્મ સ્વરૂપને સાંધે. ॥ ૨૯ ॥

પરીસહોપસર્ગે હણાતો થકો પણ તે સાધુ સમ્યક્ અહિયાશે કોની પેરે તોકે, ફલગ એટલે પાટીઆની પેરે, તિષ્ટે એટલે રહે જેમ પાટીઓ બંન્ને પાસે છેદાતું થકું, પણ રાગ દ્વેષ ન કરે. તેમ સાધુ પણ ઉપસર્ગ પરિસહ ઉપને થકે રાગ દ્વેષ રહિત થકો રહે. અંતક એટલે મૃત્યુ આવવાનો સમાગમ વાંછે, અર્થાત્ પંડિત મરણ વાંછે, પણ તપશ્ચાર્યે કરી શરીર શોષવાને લીધે દુર્બલતા પામવા થકી મનમાં શંકા તથા ભય

આવે નહીં, જ્ઞાનાવર્ણાદિક અષ્ટ પ્રકારના કર્મ ખપાવીને વળી પ્રપંચ એટલે સંસારને ન પામે, એટલે મુક્તિ પામે. જેમ અક્ષ એટલે ધુરી તેના ક્ષય થકી ગાડલું સમ વિષમ માર્ગે ન ચાલે, તેમ સાધુ મોક્ષ પહોતા પછી સંસારમાંહે પાછા આવે નહીં. તિબેમિનો અર્થ પૂર્વવત જાણવો. ॥ ૩૦ ॥

इति कुशील परिभाषा नामे सातमो अध्यायन समाप्त थयो.

---

हवे आठमुं वीर्याध्ययन कहे छे. सातमा अध्ययनमां कुशीलियानो आचार कह्यो, ते आचार संयमने विषे वीर्यांतराय कर्मना उदय थकी थाय छे, ते माटे आ अध्ययनमां सुशीलियानो वीर्य देखाडे छे, तेथी ए अध्ययननुं नाम वीर्याध्ययन छे.

તે ભલો વિર્ય પરાક્રમ બે પ્રકારે શ્રી જીનેશ્વરે કહ્યું છે તે વીર્ય પ્રકર્ષે કરી કહિયે છેયે, તું એવા વિતર્કે કરી વીર નામા સુભટનું કેવું વીરપણું; અને કેવી રીતે એ વીર કેવાય છે; તથા કેવી રીતે એ પ્રકર્ષે કરી વીર્ય કહે છે.? ॥ ૧ ॥

એકતો અષ્ટ પ્રકારે કર્મ ક્રિયા અનુષ્ઠાન રૂપ વીર્ય કહે છે, અથવા અકર્મ એટલે જીવનું સહેજ સ્વરૂપ તેને પણ એક વીર્ય કહે છે. એમ બે પ્રકારે વીર્ય કહે છે, અહો સુવ્રતો? એજ બે સ્થાનકે કરી બળ વીર્યના ભેદ જાણો, એટલે એક સકર્મક અને બીજો અકર્મકના ભેદે કરી બે પ્રકારનો વીર્ય જાણવો; જેને વિષે વ્યવસ્થિત સર્વ મનુષ્યો દેખાય છે. ॥ ૨ ॥

વળી શ્રી તીર્થંકર દેવ પ્રમાદને કર્મ કહે છે, તે પ્રમાદ કહે છે.
(मज्जं विसय कसाया निद्दाविकहाय पंचमे भणिया इत्यादिक)
તથા અપ્રમાદને અકર્મ કહે છે, જે પ્રમાદિયકો કર્મ કરે તે બાળ

વીર્ય કહીએ, અને જે અપ્રમાદિ થકો કર્મ કરે તે પંડિત વીર્ય કહિયે તે બાળ અને પંડિતવીર્ય આવી રીતે છે, અભવ્યને અનાદિ અપર્યવસિત અને ભવ્યને, અનાદિ સપર્યવસિત અથવા સાદિ સપર્યવસિત જાણવો. ॥ ૩ ॥

કોઇ એક સસ્ત્ર એટલે ખડગાદિ હથિયાર ધનુષ્ય વિદ્યાદિક શીખે, અથવા શાસ્ત્ર એટલે જ્યોતિષાદિક શાસ્ત્ર તથા નિમિત્ત વૈદ્યક ઔષધ પ્રમુખ શીખે, શા વાસ્તે શીખે! તો કે, જીવોને અતિપાત એટલે વિનાશ કરવાને અર્થે શીખે, તથા કોઇ એક હિંસક મંત્રાદિક ભણીને જે અશ્વ વર્ણયાગ અશ્વમેધ, મનુષ્ય મેધ, અજામેધ પ્રમુખ કરે, એ બેંદ્રિયાદિક ત્રસ જીવ તથા પૃથિવ્યાદિક સ્થાવરજીવ તેને વિવિધ પ્રકારે હણવા નિમિતે પૂર્વોક્ત મંત્રાદિ ભણે. ॥ ૪ ॥

કોઇ એક માયાવિ પુરૂષ માયા કેળવીને શબ્દાદિક વિષય રૂપ કામભોગનો સમારંભ કરે, એટલે પોતાના ચિત્તને વિષે આશક્ત છતા કામ સેવના કરે, એવા તે પોતાના આત્મ સુખના અર્થિ વિષય ગૃદ્ધ છતા, જીવના હણનાર તથા અંગોપાંગના સ્છેદનાર, તથા પેટના કાપનાર થાય. ।। ૫ ।।

મને કરી, વચને, કરી, ચેવ પદપૂર્ણાર્થ છે, અને કાયાયેં કરી, આશક્ત છતા તંદુલ મચ્છની પેરે કર્મ બાંધતા, તથા આરત આ લોકને વિષે અથવા પરલોકને વિષે, પણ એ બન્ને લોકને વિષે કૃત્ય કારીતપણે કરી તે જીવ ઘાતના કરનાર પુરૂષ નિશ્ચે થકી અસંયતિ જાણવા. ।। ૬ ।।

જીવ ઘાતનો કરનાર પુરૂષ તે વિરોધરૂપ વેર ને અનેક જીવોની સાથે કરે, તથા તે વૈરે કરી પરલોકે પણ રાચે એટલે વૈર સાથેં સંબંધ કરે, પાપના સમીપ ગામી એવા સાવદ્યાનુષ્ટાનરૂપ આરંભના કરનાર તે અંતકાળે વિપાકાવસરે અસાતા-

વેદનીયના ઉદય થકી દુઃખનો સ્પર્શ પામે. ॥ ૭ ॥

સાતે કર્મ બાંધવાના બે પ્રકાર કહ્યા છે, એક ઇર્યાપથિકિ ક્રિયા, અને બીજી સાંપરાઇકિ ક્રિયા, એ બે થકી જીવ કર્મનો બંધ બાંધે છે, આત્મ દુષ્કૃતકારી એટલે સ્વયં પાપકારી રાગ દ્વેષાશ્રિત એટલે રાગદ્વેષે વ્યાકુલ બાળ એટલે અજ્ઞાની, સદસદ્ વિવેક રહિત, એવા છતા તે પુરૂષો પોતાના આત્માના ઘાત કરનાર એટલે આત્માને દુઃખના દેનારા એવા ઘણા પાપ કરે. ॥ ૮ ॥

એ પૂર્વોક્ત અનુક્રમે સકર્મ વીર્ય કહ્યો, તે કર્મ બાંધવાનું કારણ છે. માટે એ બાળનું વીર્ય કહ્યું, એ બાળવીર્ય કહ્યાનંતર અકર્મ વીર્ય તે પંડિતનું વીર્ય જાણવો. તે હું કહું છું, માટે હે શિષ્યો તમે સાંભળો ? ॥ ૯ ॥

મુક્તિ ગમન યોગ્ય એવો જીવ દ્રવ્ય રાગ દ્વેષ રૂપ જે કષાય તે થકી મુક્ત એટલે રહિત સર્વથા પ્રકારે કર્મ બંધનનો છેદ કરનાર એવો છતો પાપ કર્મને ક્ષય કરી, જેને પામીને જીવ સમસ્ત સલ્ય કાપે, અથવા પાઠાંતરે પોતાના શલ્ય કાપે. ॥ ૧૦ ॥

હવે જે વસ્તુ પામીને શલ્યને છેદે તે દેખાડે છે. ન્યાય એટલે જ્ઞાન દર્શન ચારિત્રરૂપ જે મોક્ષ માર્ગ શ્રી તીર્થંકર દેવનો ભાષ્યો, તેને ઉપાદાન એટલે ગ્રહણ કરીને ધર્મ ધ્યાનને વિષે ઉદ્યમ કરે. અને જે બાળ વીર્યવંત તે વળી વળી અનંત ભવ ગ્રહણને વિષે જેમ જેમ નરકાદિક દુઃખના આવાસોને વિષે પર્યટન કરે, તેમ તેમ અશુભત્વં એટલે દુર્ધ્યાનપણું પ્રવર્દ્ધમાન થાય, એવો સંસારનું સ્વરૂપ જાણીને પંડિત પુરૂષ ધર્મ ધ્યાનને વિષે પ્રવર્તે. ॥ ૧૧ ॥

હવે સંસારનું અનિત્યપણું દેખાડે છે. જે જીવના વિવિધ

પ્રકારના પ્રધાન સ્થાનક છે, તદ્યથા દેવલોકમાં ઇંદ્ર તથા સામાનિક ત્રયસ્ત્રિંશકાદિકના સ્થાન છે, મનુષ્યને વિષે ચક્રવર્ત્તી વાસુદેવ, બળદેવ, તથા માંડલિકાદિકના સ્થાન છે, તિર્યંચને વિષે પણ ક્યાંએક ઇષ્ટિભોગ ભૂસ્થાદિક સ્થાન છે, તે સર્વ સ્થાનને છાંડશે, એમાં સંદેહ કરવો નહીં. તથા જ્ઞાતિ ગોત્રી સુ-હૃદ એટલે બાંધવાદિક એ સર્વનું અનિત્ય અશાશ્વત એવો વાસ છે. ॥ ૧૨ ॥

એ રીતે પંડિત પુરૂષે અવધારીને પોતાનો મમત્વ સ્વભાવ ઉદ્ધરે એટલે સ્વજનાદિકને વિષે મમત્વ ન કરે, આર્ય જે વીતરાગ પ્રણીત મોક્ષ માર્ગ રૂપ ધર્મ તેને આદરે, તે ધર્મ કેવો છે, તો કે, સર્વ ધર્મ માંહે પ્રધાન અગોપિત એટલે અદૂષિત છે, પ્રગટ છે. ॥ ૧૩ ॥

હવે શુદ્ધ ધર્મ પરિજ્ઞાન જે રીતે થાય તે રીતે કહે છે, જાતિ સ્મરણાદિકે કરી તથા પોતાની મતિયે કરી જાણીને અથવા અન્ય ગુર્વાદિક પાસેથી ધર્મનો સાર જે ચારિત્ર તેને સાંભળીને, અંગીકાર કરે. પંડિત વીર્ય સંપન્ન એવો સાધુ સંયમને વિષે ઉદ્યમવંત થકો પાપકર્મ જે સાવદ્યાનુષ્ઠાન તેને પચ્ચખે એટલે નિરા કરે. ॥ ૧૪ ॥

જે કોઈ પ્રકારે કરી પોતાનો ખેમે કુશલે કરી આયુષ્યનો ઉપક્રમ એટલે વિનાશ જાણે. અર્થાત પોતાનું મરણ જાણે. તેના અંતરાલે એટલે વિચાલે ક્ષિપ્ર એટલે ઉતાવલો, તે પંડિત સંલેષણા રૂપ શિક્ષા શીખે, અને તે શિક્ષાને મરણાવધિ સુધિ અંગીકાર કરે. ॥ ૧૫ ॥

જેમ કાચબો પોતાના અંગ તથા હાથ મસ્તકાદિક ઉપાંગને પોતાના દેહને વિષે ગોપવે, એ રીતે પંડિત જે છે તે પણ, પાપ જે સાવદ્યાનુષ્ઠાન રૂપ તેને અધ્યાત્મ એટલે સમ્યક્ દર્શન

જ્ઞાનાદિક ભાવનાયેં કરી, ઉપસંહરે. એટલે મરણ કાળ સુધી સંલેષણાયે કરી પાપ કર્મને નિર્જરે. ॥ ૧૬ ॥

કાચબાની પેરે હાથ પગ અંગોપાંગાદિકને ગોપવી રાખે. તથા મનના અકુશલ વ્યાપાર તથા શ્રોત્રાદિક સર્વ ઇંદ્રીઓના વિષય થકી નિવર્ત્તે. તથા મનનો પાપમય પરિણામ એટલે માઠો અભિપ્રાય જ્યારે કાંઈ પ્રયોજન પડે, ત્યારે તેવોજ જે પાપરૂપ ભાષાનો દોષ તેને પણ સંવરે. ॥ ૧૭ ॥

તથા કોઇ પુજા સત્કાર કરે, તે વારે માન ટાળવું, તે આશ્રી કહે છે. અલ્પમાન, અલ્પમાયા, અને ચકાર થકી અનુક્રમે ક્રોધ તથા લોભ, પણ લેવો તેને જાણીને પંડિત વિવેકી જન હોય તે અંહીં પાઠાંતરે ( अइमाणमिति ) અત્યંત માન, અત્યંત માયા, તેમજ અત્યંત ક્રોધ, અને લોભ, એનો સર્વથા પ્રકારે ત્યાગ કરે, એમ પણ કહ્યું છે. બીજું પાઠાંતર એ રીતે મેં ગુરૂની પાસેથી સમ્યક્ પ્રકારે સાંભળ્યું છે કે! એ ક્રોધાદિકના જયથી વીર પુરૂષનું વીર્ય પરાક્રમ જાણવું, પણ જે સંગ્રામમાં શત્રુને હણે તે પરમાર્થે વીર શુભટ ન કહેવાય. એ તીજું પાઠાંતર મોક્ષનો અર્થિ આત્મતિષ્ટ એવો સાધુ તે ચારીત્રને રૂડીરીતે ગ્રહણ કરીને પછી ક્રોધાદિકને જીતવાનો ઉદ્યમ કરે. એ પ્રકારે વીર પુરૂષનું વીર્ય જાણવો તથા. સાતાગારવને વિષે નિભૃત એટલે અનુદ્યુક્ત અર્થાત્ સાતાગારવે કરી રહિત. તથા ઉપશાંત એટલે કષાયના જીતવા થકી ક્ષમાવાન તથા માયા રહિત છતો સંયમાનુષ્ઠાન આચરે. એ શુદ્ધ માર્ગનો ભાવ જાણવો. ॥ ૧૮ ॥

પ્રાણીઓના પ્રાણને હણે નહી. તથા દંત શોધનમાત્ર પણ અદત્ત લીએ નહીં, માયા સહિત મૃષાવાદ ન બોલે. કેમકે પર વંચના નિમિત્ત જે મૃષા બોલાય છે, તે માયા વિના બોલાતું નથી. કિંતુ માયા સહિતજ બોલાય છે. તે માટે મૃષાની આ-

દિ તે માયાજ જાણવી. તેવી માયાને પરિહરે, ત્યાગે, સંયમવંતનો તથા જીતેંદ્રિય સાધુનો એહિજ ધર્મ સત્ય જાણવો. ॥ ૧૯ ॥

મહાવ્રતોનું અતિક્રમ એટલે ઓલંઘન કરવાની વચને કરી, તથા મને કરી, પણ પ્રાર્થના કરે નહી. એ બન્નેના નિષેધવા થકી ત્રીજો કાયાનો અતિક્રમ દૂર થકીજ નિષેદયો એમ પોતાની મેળેજ જાણી લેવો. સર્વ થકી કરણ કરાવણ તથા અનુમતિયેં કરી, બાહ્યાભ્યંતર ભેદે કરી, સંવૃત ગુપ્તેંદ્રિય એવો છતો; આદાન એટલે સમ્યક્ દર્શનાદિકનું ગ્રહણ કરે. તથા શુદ્ધ આહાર ગ્રહણ કરે. એમ ગ્રહણ કરેલી ચારિત્રને સમ્યક્ પ્રકારે શુદ્ધ ક્રિયા સહિત પાળે. ॥ ૨૦ ॥

સાધુને ઉદ્દેશીને જે કોઇ અનાર્ય પુરૂષે કર્યું એવું જે પાપ તથા વર્તમાન કાળે જે પાપ કરે છે. તથા આગામિક કાળે જે પાપ કર્મ સાવધાનુષ્ઠાન આરંભાદિક સાધુને અર્થે જે કરશે. તે સર્વને મન વચન અને કાયાયે કરી અનુમોદે નહીં. તે. કોણ અનુમોદે નહીં તોકે, જે મહાનુભાવ આત્મગુપ્ત જિતેંદ્રિય હોય તે, એવા પાપ કૃત્યને અનુમોદે નહીં. ॥ ૨૧ ॥

જે અબુદ્ધ તત્વ માર્ગના અજાણ પરંતુ વ્યાકર્ણાદિક ભણેલા, તેથી લોક માંહે પુજ્ય મોટા કેવાય. એવા વીર પુરૂષ પણ સંમ્યકત્વ પરિજ્ઞાન થકી વિકલ હોય. એવા પુરૂષનું જે કાંઇ દાન. તપ, નિયમાદિકને વિષે પરાક્રમ એટલે ઉદ્યમ તે અશુદ્ધ જાણવો. તે સર્વ કર્મબંધના કારણને વિષે સફળ થાય. પણ મુર્ખ વૈદ્યની ચિકિત્સાની પેરે કર્મ નિર્જરાના કારણને વિષે સફળ ન થાય. ॥ ૨૨ ॥

જે બુદ્ધ તત્વ માર્ગના જાણ. એવા તિર્થંકરાદિક મોટા પુજ્ય પુરૂષ ઘનઘાતિ કર્મ વિદારવાને સુરવીર, સમ્યકત્વ દ્રષ્ટિ હોય. તેમનો જેટલો નિયમાદિક ક્રિયા, અનુષ્ટાનને, વિષે ઉદ્યમ

જ્ઞાનાદિક ભાવનાયેં કરી, ઉપસંહરે. એટલે મરણ કાળ સુધી સંલેપણાયે કરી પાપ કર્મને નિર્જરે. ॥ ૧૬ ॥

કાચબાની પેરે હાથ પગ અંગોપાંગાદિકને ગોપવી રાખે. તથા મનના અકુશલ વ્યાપાર તથા શ્રોત્રાદિક સર્વ ઇંદ્રીઓના વિષય થકી નિવર્તે. તથા મનનો પાપમય પરિણામ એટલે માઠો અભિપ્રાય જ્યારે કાંઈ પ્રયોજન પડે, ત્યારે તેવોજ જે પાપરૂપ ભાષાનો દોષ તેને પણ સંવરે. ॥ ૧૭ ॥

તથા કોઇ પુજા સત્કાર કરે, તે વારે માન ટાળવું, તે આશ્રી કહે છે. અલ્પમાન, અલ્પમાયા, અને ચકાર થકી અનુક્રમે ક્રોધ તથા લોભ, પણ લેવો તેને જાણીને પંડિત વિવેકી જન હોય તે અંહીં પાઠાંતરે ( अइमाणामित्ति ) અત્યંત માન, અત્યંત માયા, તેમજ અત્યંત ક્રોધ, અને લોભ, એનો સર્વથા પ્રકારે ત્યાગ કરે, એમ પણ કહ્યું છે. બીજું પાઠાંતર એ રીતે મેં ગુરૂની પાસેથી સમ્યક્ પ્રકારે સાંભળ્યું છે કે! એ ક્રોધાદિકના જયથી વીર પુરૂષનું વીર્ય પરાક્રમ જાણવું, પણ જે સંગ્રામમાં શત્રુને હણે તે પરમાર્થે વીર શુભટ ન કહેવાય. એ તીજું પાઠાંતર મોક્ષનો આર્થિ આત્મતિષ્ટ એવો સાધુ તે ચારીત્રને રૂડીરીતે ગ્રહણ કરીને પછી ક્રોધાદિકને જીતવાનો ઉદ્યમ કરે. એ પ્રકારે વીર પુરૂષનું વીર્ય જાણવો તથા. સાતાગારવને વિષે નિભૃત એટલે અનુદ્યુક્ત અર્થાત્ સાતાગારવે કરી રહિત. તથા ઉપશાંત એટલે કષાયના જીતવા થકી ક્ષમાવાન્ તથા માયા રહિત છતો સંયમાનુષ્ટાન આચરે. એ શુદ્ધ માર્ગનો ભાવ જાણવો. ॥ ૧૮ ॥

પ્રાણીઓના પ્રાણને હણે નહીં. તથા દંત શોધનમાત્ર પણ અદત્ત લીએ નહીં, માયા સહિત મૃષાવાદ ન બોલે. કેમકે પર વંચના નિમિત્ત જે મૃષા બોલાય છે, તે માયા વિના બોલાતું નથી. કિંતુ માયા સહિતજ બોલાય છે. તે માટે મૃષાની આ-

દિ તે માયાજ જાણવી. તેવી માયાને પરિહરે, ત્યાગે, સંયમવંતનો તથા જીતેંદ્રિય સાધુનો એહિજ ધર્મ સત્ય જાણવો. ॥ ૧૯ ॥

મહાવ્રતોનું અતિક્રમ એટલે ઓલંઘન કરવાની વચને કરી, તથા મને કરી, પણ પ્રાર્થના કરે નહી. એ બન્નેના નિષેધવા થકી ત્રીજો કાયાનો અતિક્રમ દૂર થકીજ નિષેદયો એમ પોતાની મેળેજ જાણી લેવો. સર્વ થકી કરણ કરાવણ તથા અનુમતિયેં કરી, બાહ્યાભ્યંતર ભેદ કરી, સંવૃત ગુપ્તેંદ્રિય એવો છતો, આદાન એટલે સમ્યક્ દર્શનાદિકનું ગ્રહણ કરે. તથા સુષ્ટુ આહાર ગ્રહણ કરે. એમ ગ્રહણ કરેલી ચારિત્રને સમ્યક્ પ્રકારે શુદ્ધ ક્રિયા સહિત પાળે. ॥ ૨૦ ॥

સાધુને ઉદ્દેશીને જે કોઇ અનાર્ય પુરૂષે કર્યું એવું જે પાપ તથા વર્તમાન કાળે જે પાપ કરે છે. તથા આગામિક કાળે જે પાપ કર્મ સાવધાનુષ્ટાન આરંભાદિક સાધુને અર્થે જે કરશે. તે સર્વને મન વચન અને કાયાયે કરી અનુમોદે નહીં. તે. કોણ અનુમોદે નહીં તોકે, જે મહાનુભાવ આત્મગુપ્ત જિતેંદ્રિય હોય તે, એવા પાપ કૃત્યને અનુમોદે નહીં. ॥ ૨૧ ॥

જે અબુદ્ધ તત્વ માર્ગના અજાણ પરંતુ વ્યાકર્ણાદિક ભણેલા, તેથી લોક માંહે પુજ્ય મોટા કેવાય. એવા વીર પુરૂષ પણ સંમ્યકત્વ પરિજ્ઞાન થકી વિકલ હોય. એવા પુરૂષનું જે કાંઇ દાન. તપ, નિયમાદિકને વિષે પરાક્રમ એટલે ઉદ્યમ તે અશુદ્ધ જાણવો. તે સર્વ કર્મબંધના કારણને વિષે સફળ થાય. પણ મુર્ખ વૈદ્યની ચિકિત્સાની પેરે કર્મ નિર્જરાના કારણને વિષે સફળ ન થાય. ॥ ૨૨ ॥

જે બુદ્ધ તત્વ માર્ગના જાણ. એવા તિર્થંકરાદિક મોટા પુજ્ય પુરૂષ ઘનઘાતિ કર્મ વિદારવાને સુરવીર, સમ્યકત્વ દ્રષ્ટિ હોય. તેમનો જેટલો નિયમાદિક ક્રિયા, અનુષ્ઠાનને, વિષે ઉદ્યમ

છે તે સર્વ શુદ્ધ નિર્મળ જાણવો, તે સર્વ ઉદ્યમ કર્મબંધના કારણને વિષે અફળ થાય. કિંતુ સુવૈદ્ય ચિકિત્સાની પેરે તે કર્મ નિર્જરાનુંજ કારણ થાય. ॥ ૨૩ ॥

તેનું તપ જે અનશનાદિક તે પણ અશુદ્ધ જાણવું તે કોનું અશુદ્ધ જાણવું; તો કે, જે મોટા ઇક્ષ્વાદિક કુલ તે થકી નીકળીને ચારિત્રિયા થયા છતા, પણ જે મુનીશ્વર પૂજા સત્કારને અર્થે, તપ, કરે તેનો તપ પણ નિઃફલ, માટે અશુદ્ધ જાણવો. અને જે તપ કરતાં અનેરા ગૃહસ્થાદિક જાણે નહીં જે તપમાં પોતાની શ્લાઘા પ્રસંસા ન બોલે, તે તપ આત્મને હિતે જાણવો. ॥ ૨૪ ॥

અલ્પાહારનો જમનાર, તથા અલ્પ પાણીનો વાપરનાર, તથા સુવ્રતિ સાધુ અલ્પ ભાષણનું કરનાર, પરને હિત રૂપ વચનનું બોલનાર, ક્ષમાવંત ક્રોધાદિકના ઉપશમ થકી કષાયને અભાવે સીતલ પરિણામિ તથા ઇંદ્રિયોનો દમનાર, લોલ્યતા રહિત. એ રીતે સાધુ જે છે, તે સર્વ કાળ સંયમને વિષે યત્ન કરે. ॥ ૨૫ ॥

શુભધ્યાન એટલે ધર્મધ્યાનદિકના યોગ તેને સમ્યક્ આદરીને કાયાના અકુશલ યોગની પ્રવર્ત્તિનો ત્યાગ કરે. સર્વથા પ્રકારે હસ્ત પાદાદિક કરી પણ પરને પીડા ન કરે. તિતિક્ષા એટલે પરીસહ અને ઉપસર્ગનું જે સાહન કરવું, તેને પરમ પ્રધાન કર્મ નિર્જરાનું કારણ જાણીને, જ્યાં સુધી મોક્ષ ન પામે ત્યાં સુધી દીક્ષા પાલે. તિબેમિનો અર્થ પૂર્વવત્ જાણવો. ॥૨૬॥

ઇતિ શ્રી વીર્યનામા આઠમુ અધ્યયન સમાપ્ત.

हवे नवमु अध्ययन प्रारंभिये छैयें आठमां अध्ययनमां बाळनुं अने पंडितनुं वीर्य कह्युं, तेमां पण पंडितना विर्यनुं जे धर्म ते धर्मने विषे साधु उद्यम करे. ते माटे आ नवमां अध्ययनमां ते धर्मनुं स्वरुप कहे छे

શ્રી સુધર્મ સ્વામિ પ્રત્યે શ્રી જંબુસ્વામી બે હાથ જોડીને પૂછે છે, કે માહણ મતિમંત એટલે કેવળી ભગવંત એવા શ્રી મહાવીર દેવ તેને, સમ્યક્ પ્રકારે કરીને કેવા પ્રકારનો ધર્મ કહ્યો છે. એમ શ્રી જંબુસ્વામીયેં પૂછ્યા થકા, શ્રી સુધર્મ સ્વામિ બોલ્યા, શ્રી વીતરાગ પ્રણીત ધર્મ તે રજુ એટલે સરળ શુદ્ધ સાચો, યથાવસ્થિત, એવો ધર્મ શ્રી તીર્થંકરનું કહેલો તે હું કહુંછું. તે તમે સાંભળો. પાઠાંતરે, એવો ધર્મ તે અહો ! જન, એટલે લોકો હું કહું છું, તે પ્રત્યે તમે સાંભળો. ।। ૧ ।।

બ્રાહ્મણ, ક્ષત્રિય, તથા વૈશ્ય, અને ચાંડાલ, નિષાદ, અથવા બોક્કસતે, અવાંતરજાતિ તેમાં જે બ્રાહ્મણ અને શુદ્ર થકી ઉત્પન્ન થયો તે, નિષાદ એટલે ચાંડાળ. અને બ્રાહ્મણ, તથા વૈશ્યની સ્ત્રીથી થયો તે અંબષ્ટ, ચંડાલણી અને બ્રાહ્મણ થકી થયો તે બોક્કસ અંહીં માતા પિતાનો પક્ષ જૂદો જાણવો. મૃગલુબ્ધક: હસ્તિ તાપસાદિક, વણિકાદિક, વ્યાપારસાં આજીવિકા કરનાર, શુદ્ર કરસણી પ્રમુખ, ઇત્યાદિક જે છે તે આરંભના કરનાર છે, તેમજ બીજા પણ પાખંડી પ્રમુખ આરંભના કરનાર અનેક છે. ।। ૨ ।।

પરિગ્રહ દ્વિપદ, ચતુષ્પદ, ધન, ધાન્ય, હિરણ્ય, સુવર્ણાદિકને વિષે મમત્વ તેમાં ગૃદ્ધ છતા એવા પુરુષ આરંભના કરનાર, તેને નિ:કેવલ વૈરની વૃદ્ધિ થાય છે. અથવા પાઠાંતરે તેવા આરંભના કરનાર પુરૂષોને જમદગ્નિ કૃતવીર્યની પેરે પાપ-

ની વૃદ્ધિ થાય છે. જયાં જેરી તે પ્રાણીઓની હિંસા કરે ત્યાં તે રીતે સંસાર માંહે. દુઃખના વિભાગી થાય. તથા કામભોગ જે છે. તે આરંભ સંવૃત છે. આરંભે કરી પુષ્ટ છે. અનેક પાપના કારણે કરી ભર્યા છે. તે કારણ માટે તે દુઃખ થકી છૂટે નહીં. ॥ ૩ ॥

જે થકી પ્રાણીના પ્રાણને હણિયેં તેને મરણ કહિયે, તે મરણને અર્થે જે કૃત્ય કરવું એટલે મરણનું જે કાર્ય કરવું અર્થાત્ અગ્નિ સંસ્કાર જલાંજળી, પ્રદાન, પિતૃ, પિંડ, પ્રમુખ એટલાવાના કરીને પછી જ્ઞાતિ, ગોત્રી, સ્વજન, પુત્ર, કલત્રાદિક, એ સર્વે વિષયાભિલાષી છતા હોય તેમનું ઉપાર્જન કરેલું જે વિત્ત એટલે ધન, તે ધન જે પૂર્વોક્ત અગ્નિ સંસ્કાર પ્રમુખના કરનારા પુરૂષો તે લિયે, એટલે અંગીકાર કરે. અને તે ધનનો ઉપાર્જનાર અનેક કુકર્મ કરી દુર્ગતીયેં પોહોતો છતો તે કર્મે કરી સંસારમાં કિચ્ચતી એટલે પીડાય છેદાય. ॥ ૪ ॥

માતા પિતા સ્નુષા. એટલે છોકરાની સ્ત્રી તથા ભાઈ, ભાર્યા, પુત્ર, અંગ જાતિક એટલા સર્વે એ જીવને કર્મ વિપાક ભોગવતાં થકાં, તે વખતે ત્રાણ ભણી ન થાય, એટલે દુઃખ ટાળવાને અસમર્થ થાય. ॥ ૫ ॥

ધર્મ રહિત જીવને રાખવા કોઈ સમર્થ નથી, એ અર્થ આલોચી એટલે સમ્યક્ પ્રકારે વિમાસીને, પરમાર્થ જે મોક્ષ તેનો અનુગામી એટલે મોક્ષનો સાધક નિર્મમત્વ તથા નિરહંકારી એવો છતો, તે સાધુ જિનભાષિત જે સંયમ માર્ગ છે તેને આચરે. ॥ ૬ ॥

વિત્ત તે ધન, અને પુત્રાદિક તેને ત્યક્ત્વા એટલે છાંડીને, વળી જ્ઞાતિ, સ્વજન, સ્ત્રી, સ્વસુર વેવાઈ પ્રમુખ તથા પરિગ્રહ, તેના ઉપર મમત્વ ભાવ તે સર્વને ત્યક્ત્વા એટલે છાંડીને,

તથા ભૂત શોક તેને ત્યાગીને અથવા પાઠાંતરનું અર્થ કહે છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયરૂપ, બંધના કારણ, અને જેનો કોઈ રીતે અંત એટલે પાર ન આવે, એવો શોક તેનો ત્યાગ કરીને નિરપક્ષ એટલે વિષયાદિકને અણવાંછતો, થકો સંયમ પાળે તેને સાધુ જાણવો. ॥ ૭ ॥

પૃથવીકાય, અપ્પકાય, તેઉકાય, અને વાયુકાય તથા તૃણ વૃક્ષ બીજ શાલિ પ્રમુખ એ પાંચમી વનસ્પતિ કાયની જાતિ એ સર્વ સ્થાવર જીવો જાણવા, અને ઇંડા થકી ઉપજે, જે વાગુલિ પ્રમુખ, હસ્તિયાદિક, તથા મનુષ્યાદિક, કીટાદિક, જું પ્રમુખ, તીડાદિક એ સર્વે ત્રસકાય જીવો જાણવા. ॥ ૮ ॥

પૂર્વોક્ત છકાય જીવો તે ત્રસસ્થાવર તથા સૂક્ષ્મ બાદર પર્યાપ્તા અપર્યાપ્તાના ભેદે કરી, તે છકાયને પંડિત જ્ઞ પરિજ્ઞાયેં કરી ભલીપરે જાણીને, અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાયે મન, વચન, અને કાયા એ ત્રણ કરણે કરી સાધુ આરંભ પરિગ્રહ ન કરે, કેમકે એ આરંભ પરિગ્રહથકી પૂર્વોક્ત છકાય જીવોની વિરાધના થાય છે, માટે સાધુ આરંભી પરિગ્રહી ન થાય. એ પ્રાણાતિપાત વિરમણ નામા પ્રથવ વ્રતનો અધિકાર કહ્યો. ॥ ૯ ॥

હવે બીજો વ્રત આદિ કહે છે, અસત્ય બોલવું. તથા મૈથુન તે ભોગ કામાદિક, પરિગ્રહ તથા અદત્તદાન એ મૃષાવાદાદિક અવ્રત જેછે તે, લોકમાંહે શસ્ત્રરૂપ છે, તથા શસ્ત્રની પેરે કર્મ ગ્રહણ કરવાનું કારણ છે, તેને વિદ્વાન્ એટલે પંડિત જ્ઞ પરિજ્ઞાયે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ પરિહરે. ॥ ૧૦ ॥

માયા, તથા લોભ જે નિર્વિવેકપણાથકી થંડિલની પેરે હોય તે ક્રોધ, જે અપધ્યાને કરી સધ્યાદિકની પેરે ઉંચું હોય, તેને માન કહિયે. એ ચારેનો ત્યાગ કરે કેમકે, એ ચાર કષાયને લોકમાં કર્મ ગ્રહણ કરવાના કારણ કહ્યાં છે, તે માટે એને

પંડિત જ્ઞ પરિજ્ઞાયે જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાયેં પરિહરે. ॥૧૧॥

હાથ પગ વસ્ત્રાદિકને ધોવું, તથા રંગવું. વળી નખ રોમાદિકનું સમારવું, પખાલ લેવો, વમન કરવું, આંખનું આંજવું, અન્ય કોઇ શરીર સંસ્કારાદિક જેણે કરી સંયમનો ઉપઘાત થાય, તેવા સર્વ કારણોને જાણીને પંડિત પરિહરે. ॥ ૧૨ ॥

સુગંધીક દ્રવ્ય તે ગંધ, માલ્ય તે ફુલ, અને શરીર સ્નાન તે સરીર પ્રક્ષાલન દેશ થકી તથા સર્વ થકી કરવું તથા દાંત પ્રક્ષાલન તે દાતણ પ્રમુખનું કરવું. તથા સચેત અચેતાદિકનો પરિગ્રહ, સ્ત્રી કર્મ તે તિર્યંચ, મનુષ્ય, દેવી પ્રમુખ ને હસ્ત કર્મ, કુચેષ્ટાદિકનું કરવું, એ સર્વેને પંડિત અશુભ જાણીને વર્જે. ॥ ૧૩ ॥

સાધુને નિમિતે કરેલો આહાર, સાધુને અર્થે મુલ આપીને લીધેલો આહાર, સાધુને અર્થે ઉધારે લીધેલો આહાર, વળી સાધુને અર્થે ગ્રહસ્થે શામો આણ્યો. એવો આહાર, આધાકર્મિના કણ સહિત આહાર, કિંબહુના એ બધો અનેશણિય સદોષ આહાર જાણીને પંડિત પુરૂષ એને પરિહરે. ॥૧૪॥

ઘૃત પાનાદિક ઔષધ જેણે કરી પ્રાણી બળવંત મત્ત થાય અથવા આઘ્રાન એટલે સુન્ય જેણે કરી આત્મા શૂન્ય થકો રહે. તથા આંખનું અંજનાદિક, તથા રસલોલ્યતા, તથા જે કરવા થકી પરજીવને ઉપઘાત થાય તે કર્મ, તથા હાથપગ વસ્ત્રાદિકનું પખાલવું, તથા લોધ્રાદિક દ્રવ્યે કરી શરીરનું ઉગટણું કરવું. એ સર્વેને કર્મ બંધનું કારણ જાણીને પંડિત પરિહરે. ॥૧૫॥

અસંયતિની સાથે પર્યાલોચન એટલે આલોચન કરવું, તથા અસંયમાચરણ કરવું, કરાવવું તથા અસંયતિના અનુષ્ઠાનની પ્રશંસા કરવી. તથા પ્રશ્ન જે લોક વ્યવહાર જ્યોતિષાદિક તેનો નિર્ણય કરવો, તથા સાગારિક જે સય્યાંતર, તેના ઘરનો પિંડ લેવો. એ સર્વેને પાપના કારણ જાણી પંડિત પ-

રિહરે. ॥ ૧૬ ॥

( અર્થપદં ) એટલે અર્થ પદ તે ધન, ધાન્ય, ઉપાર્જવાનો ઉપાય, ન શીખે, અથવા બીજે અર્થે અષ્ટાપદં એટલે ધૂતક્રીડા ન શીખે, અધર્મના વચન ન બોલે, અથવા હિંસાકારી વચન બોલે નહીં, તથા કુશિલ પ્રસિદ્ધ છે, કલહ અથવા બીજો કોઇપણ વિવાદ પંડિત જ્ઞ પરિજ્ઞાયેં જાણીને, પ્રત્યાખ્યાન પરિજ્ઞાયેં પરિહરે. ॥ ૧૭ ॥

પાવડી, તથા ખાસડા, તથા તાપ ટાળવાને અર્થે, છત્ર, તથા નળી માંહે પાશ ઘાલી નાંખે ધૂત રમત વિશેષ, ચામર, મોરપીછ, પ્રમુખના વીંજણા, તથા અન્ય ગૃહસ્થ પાસેથી ક્રિયા કરાવે, તથા ( અન્યોન્ય ) એટલે માંહોમાંહે ક્રિયાનું કરવું, એટલે બીજો આપણી કરે, આપણે બીજાની કરિએ તે ક્રિયા જાણવી. એ સર્વ કર્મ બંધના હેતુ છે, એમ તેને જ્ઞ પરિજ્ઞાએ જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ કરી પંડિત પરિહરે. ॥ ૧૮ ॥

વડીનીત, લઘુનીત, તેનો મુનિ, હરિત કાય વનસ્પતિ ઉપર સ્થંડિલ ન કરે, ફાસુ પાણીયેં કરી. વનસ્પતિકાય, હરિતકાય, બીજને કદાપિ પરહાં ન કરે, એટલે નિશ્ચે થકી દૂર ન કરે. ॥ ૧૯ ॥

પર એટલે અન્ય ગૃહસ્થ તેને ઘેર કાંસાદિકના ભાજનને વિષે અન્નપાણી આહારાદિકને કદાપિ ભુંજે નહીં, એટલે જમે નહીં, પોતે ( અચેલક ) એટલે વસ્ત્ર રહિત છતાં, પણ પરજે ગૃહસ્થાદિક તેનું જે વસ્ત્ર, તેને ન ભોગવે. એટલે એ સર્વને સંયમ વિરાધવાના કારણ જાણીને, જે પંડિત હોય તે પરિહરે. ॥ ૨૦ ॥

ગૃહસ્થનું આસન, જે માંચી પ્રમુખ તથા પર્યંકાસન, તેના ઉપર બેસવું, તથા ગૃહસ્થના ઘરને અંતરે, અથવા ગૃહસ્થના

ઘરમાં બેસવું. ગૃહસ્થને કુશલાદિકનું પૂછવું, તથા પૂર્વ ક્રીડાદિકનું સંભારવું, એ સર્વને જાણીને પંડિત પરિહરે. ॥ ૨૧ ॥

જે સર્વ વ્યાપિ તેને યશ કહિયે, અને જે એક દેશ વ્યાપિ તેને કિર્ત્તિ કહિયે, તેજ શ્લાઘાની જાતિ જાણવી. તથા રાજાદિકની વંદના પૂજા સત્કાર, વસ્ત્રાદિકે કરી કરાવવાની જે વાંછા કરવી, તથા સર્વ લોકમાં જે વિષય ઇચ્છા કામરૂપ તેની વાંછના કરવી, એ સર્વને પંડિત કર્મ બંધના કારણ જાણીને પરિહરે. ॥ ૨૨ ॥

જે અન્ન પાણીયેં કરીને, આ લોકને વિષે, સાધુ પોતાનો નિરવાહ કરે, આજીવિકા કરે, તેવા અન્ન પાન, ને તથા વિધ દેખીને દ્રવ્ય, ખેત્ર કાળ અને ભાવની અપેક્ષાયેં શુદ્ધ નિર્દોષ ગ્રહણ કરે. વળી એજ અન્ન પાણીનું બીજા અસંયતિને દેવું, તે સર્વને જ્ઞ પરિજ્ઞાયે અનર્થનું હેતું જાણીને પંડિત પરિહરે. ॥ ૨૩ ॥

એ રીતે મહામુની બાહ્યાભ્યંતર પરિગ્રહ રહિત એવા શ્રી વર્દ્ધમાન સ્વામી તેને કહ્યા છે. તે શ્રી વર્દ્ધમાન કેવા છે, તોકે, અનંત જ્ઞાન દર્શનના ધરનાર છે તેણે એ શ્રુત ચારિત્ર રૂપ ધર્મ ઉપદેસ્યો છે, સિદ્ધાંત રહસ્ય પ્રકાસ્યો છે. ॥ ૨૪ ॥

વળી જે ગુરૂવાદિક મોહોટા પુરૂષ બોલતા હોય તેની વચમાં ભડકીને ન બોલે, તથા મર્મનું વચન જેના બોલવા થકી કોઇ જીવ દુહવાય, એવા વચન બોલે નહીં. ( માતૃસ્થાન ) એટલે માયાયેં કરી પ્રધાન વચન બોલવાનું પણ વર્જે, તો શું બોલે ? તોકે, કાર્ય વિશેષ વિમાશીને બોલે જે ભાષા બોલવા થકી કાંઇ પણ દુષણ ન લાગે, તેવી ભાષા પ્રકાશે. ॥ ૨૫ ॥

એક સત્યા, બીજી અસત્યા, ત્રીજી સત્યા મૃષા, ચોથી અસત્યામૃષા, એ ચાર ભાષા માંહેલી ત્રીજી ભાષા જે કાંઇક સત્ય, અને કાંઇક અસત્ય છે, તે પણ ન બોલે. જે ભાષાના

બોલવા થકી પછી ઘણો પશ્ચાતાપ કરવો પડે, એટલે પરભવે એના ઉદયથી દુઃખ થાય, તે વારે પશ્ચાતાપ કરે, જે સાવદ્ય એવું હિંસાકારી વચન તે ન બોલે. એટલે આ અમુક ચોર છે, એને મારો, આ ધાતુનો પ્રયોગ કરો, અથવા આ ખેત્ર ખેડો, એવી ભાષા ન બોલે. એવી આજ્ઞા નિર્ગ્રંથ શ્રી માહાવીર દેવની છે. ॥ ૨૬ ॥

હોલાવાદતે દેશ વિશેષે દુર વચન વિશેષ છે, તે માટે હોલ્યા એમ ન બોલે; તથા હે સખી એમ પણ ન બોલે; ગોત્રનો પ્રકાશ કરી બોલાવવો જે તું અમુક નીચ ગોત્રી છો, એવું વચન પણ ન બોલે; તું તું એવો અમનોજ્ઞ તિરસ્કારનું અ સુહામણું વચન તે સર્વથા પ્રકારે ન બોલે; કેમકે સાધુને એવા વચન બોલવા યુક્ત નથી. ॥ ૨૭ ॥

સર્વ કાળ સાધુ અકુશીલ હોય બ્રહ્મચારી થકો રહે, તથા જિનસાસનથી વિરૂદ્ધ એવા અનાચારી પાસત્થાદિકનો ત્રિવિધે સંસર્ગ ન કરે, તે પાસત્થાદિકનો સંસર્ગ કેવો છે, તોકે જેના થકી સુખરૂપ જે સંયમ તેના ઘાતના કરનાર, એવા એના થકી ઉપસર્ગ ઉત્પન્ન થાય છે. કેમકે તે પ્રાયેં સાતાગારવપણે વર્ત્તનારા હોય છે, તે માટે તેની સાથે સુવિહિત પુરૂષ સંસર્ગ કરે, તો તે પણ સાતાગારવપણાને પામે. તેથી સુખરૂપ સંયમનો ઘાતક થાય છે, માટે પંડિત જે હોય તે પ્રતિબોધ પામીને એવા સ્વેચ્છાચારીઓનો સંસર્ગ તેને દુખનું કારણ જાણીને ત્યાગ કરે. ॥ ૨૮ ॥

જરા રોગાદિક કારણ વિના ગૃહસ્થના ઘરને વિષે ન બેશે, એટલે ગૃહસ્થને ઘેર ન બેસવું, એ સાધુનો ઉત્સર્ગ માર્ગ કહ્યો છે? અને અપવાદે તો જરા રોગાદિક કારણ વિના ન બેશે તથા કોઈ એક લબ્ધીમંત ધર્મોપદેશાદિક વચન દેવાને કારણે પણ

બેશે, તથા આસને વિષે બાળક ક્રીડા હાસ્ય કંદર્પ હસ્ત સ્પર્શ આલિંગનાદિક ગેડા, દડિ ઇત્યાદિક ક્રીડાને સાધુ ન કરે, વળી પડિલે હણાદિક ક્રિયાની મર્યાદાને ભગવંતની આજ્ઞાથકી વિરૂધ જાણીને, અતિક્રમે નહી, હસે નહીં. ॥ ૨૯ ॥

ઉદાર, ઉદભટ, પ્રધાન, એવા ગૃહસ્થના કામભોગાદિક સાંભળીને તેની વાંછા કરે નહીં; તથા સંયમને વિષે યત્ન કરતો શુદ્ધ ચારિત્ર પાળે, વિહાર કરવાને વિષે પ્રમાદ ન કરે, અપ્રમત્તપણે વિચરે, ત્યાં વીહાર કરવાને વિષે ઉપસર્ગ પરિસહ ઉપને થકે, તેને ફરશ્યો થકો અદીનપણે સમ્યક્ રીતે અહિયાસે. ॥ ૩૦ ॥

કોઇક લાકડી અને મુષ્ટયાદિકે કરી હણ્યો છતો ક્રોધ ન કરે, તથા દુર્વચને કરી આક્રોશ ઉપજાવ્યો થકો પણ ક્રોધ ન કરે; અને પ્રતિ વચન પણ ન બોલે; કિંતુ સુમન થકો પૂર્વોક્ત પરિસહને સહન કરે, પરંતુ તેવા પરીસહની પીડાયેં પીડયો થકો કોલાહલ ન કરે. ॥ ૩૧ ॥

પ્રાપ્ત થએલા કામભોગને પ્રાર્થે નહીં, એટલે ભોગવે નહીં, એ સાધુનો વિવેક શ્રી તીર્થંકરે કહ્યો છે, તથા જે આચરવા યોગ્ય એવા જ્ઞાન, દર્શન, અને ચારિત્રાદિક તેને શીખે, પરંતુ કોની પાસેથી શીખે, તોકે. ગુરૂ જે આચાર્ય તેની પાસેથી સદા શીખે, એટલે ગુરૂ કુલ વાસ કહ્યો. ॥ ૩૨ ॥

સાંભળવા વાંછતો એવો જે સાધુ તે પોતાના ગુરૂની રૂડી વૈયાવચ્ચાદિક વિશ્રામણાદિકે કરી સેવા કરે, તે ગુરૂ કેવા હોય તોકે સ્વપર સિધ્ધાંત જાણવાને ભલી છે, પ્રજ્ઞા જેની એટલે રૂડા ગીતાર્થ. તથા રૂડા તપના કરનાર, એવા ગુરૂની સેવા કરે; તે કેવા પુરૂષ ગુરૂની સેવા કરે. તોકે કર્મને જીતવા સમર્થ તથા જે સત્ય બુધ્ધિના ગવેષણ હાર, તથા ધૈર્યવંત, એટલે જે-

મનું સંયમમાં એકાગ્ર ચિત્ત છે, અને જીતેંદ્રિય એવા જે પુરૂષ હોય તે ગુરૂની સેવા કરે. ॥ ૩૩ ॥

જે (પુરૂષાદાનીય) એટલે સત્ય માર્ગની ગવેષણા કરનાર એવા મનુષ્ય તે એમ જાણે છે, જે ગૃહસ્થને ભાવે રેવા થકી જ્ઞાન રૂપ દીપક અથવા સંસારનો ઉધ્ધાર તેને નથી દેખતા માટે ચારિત્ર આદરે છે, તે વીર પુરૂષ રાગ દ્વેષાદિક બંધનથી રહિત થકા અસંયમે જીવિતવ્ય વાંછે નહીં, એટલે જીવવાને અર્થે અસંયમ કરે નહીં. ॥ ૩૪ ॥

શબ્દ ગંધરૂપ, રસ, સ્પર્શાદિકને વિષે (અગૃધ્ધ) એટલે અમૂર્છિત તથા છકાયના આરંભને વિષે પ્રવર્ત્તે નહીં, એ સર્વે નિષેધવાના કારણ કહ્યા, તે સર્વને સિધ્ધાંત થકી વિપરીત જાણી તે આચરવા નહીં, તથા જે વિધ દ્વારે કહ્યું છે, તે સર્વે સિધ્ધાંતને અનુસારે જાણીને આચરવું. ॥ ૩૫ ॥

અત્યંત માન, અત્યંત માયા, ચ શબ્દ થકી ક્રોધ, લોભ પણ લેવા એ ચાર કષાયને પંડિત જ્ઞ પરિજ્ઞાયેં જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાયે કરી પરિહરે, તથા રસ ગારવ, રૂધ્ધિગારવ, અને સાતાગારવ એ સર્વેને સવથા પરિહરે, સાધુ, ચારિત્રિઓ, મોક્ષને સંધએ, એટલે વાંછે તિણેમિનો અથ પૂર્વવત્ જાણવો. ॥૩૬॥

इती श्री धर्मानामा नवमु अध्ययन समाप्त.

हवे दशमुं समाधि नामे अध्ययन कहे छे. नवमा अध्ययनने विषे धर्म कह्यो, ते धर्म समाधि विना थाय नही, माटे दशमां अध्ययनमां समाधिनुं स्वरुप कहे छे.

(મતિમંત) એટલે કેવળી ભગવાન્ તેને કેવળજ્ઞાને કરી

વિચારીને ધર્મ કહ્યો, તે ધર્મ કેવો છે, તો કે રૂજુ, એટલે સર-ળતાપણું, તેનેજ સમાધિ કહીયે. તે સમાધિ શ્રી કેવળી ભગવંતે મને ઉપદેશી છે, તેમજ શ્રી સુધર્મ સ્વામિ જંબુપ્રત્યે કહે છે કે, હું તમને કહું છું, તે તમે સાંભળો, જે એવો સાધુ હોયતે સમાધિને પ્રાપ્ત થયો, એ રીતે જાણો, તે સાધુ કેવો હોય તે કહે છે. જેને તપ, સંયમ, પાળતા થકા ઇહ લોક, તથા પર-લોકના, સુખની વાંછા કરવી, એવી પ્રતિજ્ઞા નથી, તેને અપ્ર-તિજ્ઞ કહીયે; એવો, તથા નિદાન રહિત, એટલે આશ્રવ રહિત, એવો છતો રૂડી રીતે સંયમ પાળે, તે સાધુ સમાધિ પ્રાપ્ત જાણવો. ॥ ૧ ॥

ઉંચા, નીચા, અને તિર્છા એમ દિશો દિશે, એટલે સર્વ લોક માંહે દિશિ, વિદિસિ, ને વિષે જેણે ઇંદ્રિયાદિક ત્રસ જીવો, તથા પૃથવિકાયાદિક, સ્થાવર જીવો છે, તે સમસ્ત જીવોને હાથે કરી, પગે કરી, અથવા સમસ્ત કાયાયે કરી, સંયત છતો એની હિંસા ન કરે, ઉપલક્ષણ થકી એને કોઇ પણ કદર્થના ન કરે, તથા અન્યનું અદત્તદાન ગ્રહણ કરે નહીં, એ અર્થથી પરિગ્રહ મૈથુન મૃષાવાદાદિકને પણ ન સેવે. ॥ ૨ ॥

સમાધિવંત જે સાધુ છે, તે એમ જાણે કે શ્રી વીતરાગેં જે ધર્મ ભાખ્યો છે, તે રૂડો કહ્યો છે. એ શ્રુતાખ્યાત ધર્મ એવો હોય, એમ સાધુ જાણે, એટલે ગીતાર્થ, પણું કહ્યું; તથા જે શ્રી વીતરાગે કહ્યું, તેને સંદેહ રહિત પણે, તદ્દુત્તિ કરી મા-નતો થકો રહે; એટલે જ્ઞાન, દર્શન, રૂપ સમાધિ કહી, તથા નિર્દોષ આહારનો લેનાર, એવો છતો, વિચરે એટલે સંયમ પાળે, તથા પ્રજા એટલે સર્વ જીવને પોતાના આત્મતુલ્ય કરી લેખવે, તથા જીવવાને અર્થે આપ એટલે આશ્રવ ન કરે, અ-ર્થાત આસંયમાશ્રવ ન કરે, તથા સુતપસ્વી એવો સાધુ ધન,

ધાન્યાદિક, પરિગ્રહનો સંચય ન કરે. ।। ૩ ।।

સમસ્ત ઇંદ્રિયનો સંવર કરીને નિરાભિલાષી થાય, તે કોને વિષે તોકે પ્રજા એટલે સ્ત્રીને વિષે નિરાભિલાષી થાય, અર્થાત સ્ત્રીને દેખી પાંચે ઇંદ્રિયોનો સંવર કરે, તથા સર્વ થકી વિપ્રમુક્ત એટલે સ્વજનાદિક દ્રવ્ય સંગ, અને ક્રોધાદિક ભાવ સંગ એ સર્વ સંગ થકી રહિત થયો, છતો એવો સાધુ સંયમ આચરે, તથા પ્રત્યેક જુદા જુદા પૃથ્વીકાયાદિક જે સત્વ એટલે જીવ છે, તેમને દુઃખે કરી, (આર્ત્ત, પરિતપ્પમાન,) એટલે સંસારરૂપ કડાહમાં કર્મરૂપ ઇંધણે કરી પચતા એવા દેખીને સમાધિવાન સાધુ સર્વ જીવની દયા પાળે. ॥ ૪ ॥

એ પૂર્વોક્ત પૃથિવ્યાદિક જીવનો અજ્ઞાની જીવ અનેક સંઘટન પરિતાપ ઉપદ્રવાદિકે કરી, પાપ કર્મ કરતો થકો વળી તે જીવ તેહિજ પૃથીવ્યાદિક જીવોને વિષે આવીને ઘણા દુઃખ પામે જે પાપકર્મ પોતે જેવા પ્રકારે કર્યું હોય, તે પાપ કર્મ તેવા પ્રકારે તે જીવ ભોગવે. હવે તે પાપ કહે છે અતિવાય એટલે જીવની ઘાત, તે થકી જ્ઞાનાવર્ણાદિક પાપ કર્મને સમાચરે. તથા બીજા સેવકાદિકને પણ જીવ ઘાતની પ્રેરણા કરતો થકો પાપ કર્મ બાંધે, એટલે હિંસા કરતો કરાવતો તથા અનુમોદતો થકો પાપ કર્મનું બંધ કરે; એમજ મૃષાવાદાદિકને પણ સેવતો સેવરાવતો અનુમોદન કરતો થકો પાપ કર્મનું બંધ કરે. ।। ૫ ।।

દીન એટલે દયામણી એવી. આહાર લેવાની જેની વૃત્તિ છે, તેને આદીન વૃત્તિ કહિયે; એવો છતો પણ પાપકર્મ બાંધે, કેમકે આહારની લોલ્યતા થકી આર્ત્ત રૌદ્ર ધ્યાને વર્તે તે થકી કર્મ બાંધે, એવું જાણીને શ્રી તીર્થંકર ગણધરે સંસાર તરવાનું કારણ એકાંતે આહારાદિકને અર્થે પણ અરત્યાદિક ન કરે,

એવી સમાધિ કહી છે. તે કારણે બુદ્ધ એટલે તત્વનો જાણ એવો સાધુ સમાધિને વિષે રક્ત હોય, તે સાધુ વીવેકી એવો છતો શું કરે તે કહે છે પ્રાણાતિપાત જે જીવની હિંસા તે થકી વિરમીને સંયમને વિષે જેનો આત્મા સત્યમાર્ગને વિષે વ્યવસ્થિત છે. એવો થાય. ॥ ૬ ॥

સર્વ જગત એટલે જીવ અર્થાત્ છ નિકાયના જીવ તે સર્વને સમતા ભાવે કરી, પોતાના આત્મા સમાન દેખે, પ્રીતિભાવતે રાગ, અપ્રિતિ ભાવ તે દ્વેષ, એ બન્ને કોઈ ઉપરે ન કરે, એટલે કોઈ ઉપર સારૂં માઠું ચિંતવે નહીં, તથા કોઇક ચારિત્ર આદરી પછી તેને પાળવા અસમર્થ એટલે દીન થાય, વળી વિષયાભિલાષી થકો ગૃહસ્થપણુ આદરે, કુંડરીકની પેરે સંસારમાંહે ખુચે, વળી કોઇ એક વસ્ત્ર, પાત્રાદિકે, કરી પૂંજા વાંછે, તથા લોકમાંહે પોતાની શ્લાઘા કરાવવા. માટે વ્યાકર્ણ જ્યોતિષાદિક કુશાસ્ત્ર પણ ભણે, એવો પુરૂષ સમાધિ થકી ભ્રષ્ટ જાણવો. ॥ ૭ ॥

આધાકર્મિ, ઉદ્દેશી. આહારને અત્યંત વાંછતો થકો તેવો આહાર લેવાને અર્થે અત્યંત ભ્રમણ કરે, એવો છતો સંસારરૂપ કાદવમાંહે ખૂતોજ રહે. સ્ત્રીને વિષે આશક્ત જુદા જુદા તે રમણીના હાવ ભાવ વિલાસને વિષે ગૃદ્ધ છતો, દ્રવ્ય વિના સ્ત્રીની પ્રાપ્તિ ન થાય, એમ વિચારી તે બાળ એટલે અજ્ઞાની પુરૂષ પરિગ્રહ જે ધન ધાન્યાદિક તેનો સંચય કરતો થકો, વળી ઘણા પાપ કર્મને ઉપાર્જે અર્થાત્ પાપનો સંચય કરે. ॥ ૮ ॥

જે કોઇ પરોપતાપ રૂપ કર્મ કરી વૈરનું અનુબંધ કરે, તેને વેરાનુ ગૃદ્ધ કહિયે. અથવા આરંભને વિષે આસક્ત છતા કર્મનો સંચય કરે, એવો પુરૂષ અહીં થકી ચવીને તે પરમાર્થ થકી દુર્ગ એટલે વિષમ દુઃકર એવું નરકાદિક સ્થાનકને પામે, તે

કારણ માટે પંડિત હોય તે, સમ્યક્ પ્રકારે આલોચીને શ્રુત ચારિત્રરૂપ ધર્મ જે શ્રી વીતરાગે ભાખ્યો છે, તેને વિષે વિચરે. એવો સાધુ સર્વ સંગ થકી વિપ્ર મુક્ત છતો વિચરે. ॥ ૯ ॥

સાધુ આ સંસાર માંહે આજીવિકાને અર્થે લાભ, એટલે દ્રવ્યાદિક ઉપાર્જન કરવાનો ઉપાય તે ન કરે, તથા ગૃહ પુત્ર કલત્રાદિકનો સમાગમ અણ કરતો થકો સંયમને વિષે પ્રવર્ત્તે, શુદ્ધ ચારિત્ર પાળે, તથા કોઇ કાર્ય ઉપના થકા વિમાસીને બોલે, પણ ભુંડું બોલે નહી. એટલે શબ્દાદિક પાંચ પ્રકારના વિષયને વિષે ગૃદ્ધપણુ ટાળીને આલોચીને બોલે. અર્થાત્ પ્રાણીની હિંસાકારક એવી કથા ન કરે, એટલે જે વચન થકી જીવ હણાય નહીં તેવા વચન બોલે. ॥ ૧૦ ॥

આધા કર્મિ પ્રમુખ આહારાદિકનો સર્વથા પ્રકારે સાધુ અભિલાસ કરે નહીં, તથા જે આધા કર્મિ આહારની વાંછના કરે, એવા પાસથ્થાદિક તેને સંસ્તવે નહી, એટલે તેની સાથે પરિચય કરે નહીં. તથા શરીર તેને કૃશ કરે, નિર્જરાને આલોચીને એમ વિચારે જે શરીરને કૃશ કરીયેં તો નિર્જરા થાય, એમ ચિંતવી શરીર કૃશ કરતા કદાચિત્ સોક દુઃખ ઉપજે, તો શરીરનું મમત્વ્ અણ કરતો તે શોક છાંડી ચારિત્ર પાળે, સંયમગુણે સાવધાન થાય. ॥ ૧૧ ॥

વળી સાધુ એકત્વપણાનીજ પ્રાર્થના કરે, એટલે એકત્વ્પણું વાંછે. કારણ કે જીવ એકલો આવ્યો, તથા પરભવે દુર્ગતિને વિષે જાય, તેવારે પણ એકલોજ જાય. પણ કોઈ એને સહાયી થાય નહી, એકલોજ કર્મ બાંધે એકલોજ ભોગવે, તે માટે એકત્વ ભાવના ભાવે, એમ એકત્વ ભાવનાયેં પ્રકર્ષે કરી મોક્ષ એટલે સંગ રહિત પણો, થાય, એમ દેખીને મૃષા એટલે અલીક ભાષા બોલે નહીં. એમ એકત્વ્ ભાવનાનો અભીપ્રાય તે

પ્રકર્ષે કરી મોક્ષ છે. મૃષા રહિત એવો પ્રધાન સત્યપણું એનેજ ભાવ સમાધિ કહીએ, જે સાધુ અ ક્રોધી, એટલે ક્ષમાવંત, સત્યને વિષે રક્ત, તથા તપસવી એક ચારિત્રાનુષ્ટાનવાન એવો જે સાધુ ભાવ સમાધિવંત જાણવો. ॥ ૧૨ ॥

સ્ત્રીને વિષે મૈથુન સેવવા થકી નિવર્તે, તથા ધન્ય ધાન્યાદિક પ્રરિગ્રહનો સંચય અણ કરતો થકો, તથા નાના પ્રકારના મનોજ્ઞ એવા વચનના જે પ્રકાર તેને વિષે અથવા નાના પ્રકારના વિષય તેને વિષે રાગદ્વેષ રહિત હોય, તથા ત્રાઇ એટલે છકાયનો રક્ષપાળ. થકો, એવો ભાવ સમાધિને વિષે પ્રાપ્ત થયેલો, જે સાધુ તે વિષયને નિસશ્રંય એટલે ન પામે એટલે વિષયને વાંછે નહીં. ॥ ૧૩ ॥

હવે ભાવ થકી સમાધિ શી રીતે સાધુ પામે. તે દેખાડે છે. તે ભાવ સાધુ પરમાર્થનો જાણ શરીરાદિકને વિષે નિસ્પૃહિ થકો, તથા સંયમને વિષે અરતિ, અને અસંયમને વિષે રતિ, તેને ટાળીને તૃણાદિકનો કઠોર સ્પર્શ સહન કરે. આદિ શબ્દ થકી ઉંચો, નીચો પ્રદેશ, તેનો સ્પર્શપણ જાણવો, તે સ્પર્શનેપણ સહન કરે, તથા શીત પ્રમુખનું સ્પર્શ, તથા ઉષ્ણનો સ્પર્શ, દંશમસકાદિકનો સ્પર્શ, તેને પણ સાધુ સમ્યક્ પ્રકારે સહન કરે, તથા સમાધિવંત સાધુ સુરભીગંધ, દુરભિગંધના, પરિસહને પણ સમ્યક્ પ્રકારે ( અહિયાસે ) એટલે સહન કરે. ॥ ૧૪ ॥

વચને કરી ગુપ્ત મૌનવૃતી એટલે વીચારીને, ધર્મ સંબંધનું ભાષણ કરનાર એવો સાધુ ભાવ સમાધિને વિષે પોહોંતો કહેવાય; તથા કૃષ્ણ, નીલ, અને કાપોત, એ ત્રણ અશુભલેશ્યાને પરિહરિને તેજુ, શુકલ. અને પદ્મ, એ ત્રણ શુભ લેશ્યાને ગ્રહણ કરીને, સંયમાનુષ્ટાન પાળે, તથા પોતે ઘરને છાવે નહીં બીજાને હાથે છવરાવે નહી, ઉપલક્ષણ થકી છવરાવતાને અનુ-

મોદે નહીં; તથા બીજા પણ ગ્રહસ્થપણાના કર્ત્તવ્યને પરિહરે, તથા પ્રજાલોકને વિષે વિષયમિશ્રિત ભાવનો ત્યાગ કરે, જે પચન, પાચનાદિક ક્રિયા કરતા ગૃહસ્થ સમાન થાય, તે ન કરે, અથવા પ્રજા એટલે સ્ત્રી તેની સાથે, મિશ્ર ભાવનો ત્યાગ કરે, એટલે સ્ત્રી થકી દૂર રહે. ॥ ૧૫ ॥

જે કોઇ સાંખ્ય દર્શની લોક માંહે એમ કહે છે કે, આત્મા અક્રિય છે; આત્માને ક્રિયા નથી. પણ પ્રકૃતિ સર્વ ક્રિયા કરે છે. એમ બંધ મોક્ષને અણમાનતા થકા બોલે છે, તેને અન્ય દર્શની કોઈ પૂછે કે, તમારા મતે જો આત્મા કર્ત્તા નથી, તો બંધ મોક્ષ કેમ ઘટે ? તે વારે તેને ફરી એમજ કહે કે અમારા દર્શનમાંજ ધ્રુવ એટલે મોક્ષ છે, પરંતુ અન્ય કોઇ દર્શને મોક્ષ નથી. એવા તે પચન, પાચન, સ્નાનાદિકના આરંભને વિષે, આસકત છતા અત્યંત ગૃદ્ધ એવા થકા રહે છે. પરંતુ તે કહેવા છે, તોકે આ લોકને વિષે મોક્ષનો હેતુ એવો જે શ્રુત ચારિત્રરૂપ ધર્મ તેને નથી જાણતા એવા છે. ॥ ૧૬ ॥

આ લોકને વિષે જે મનુષ્ય છે, તે પ્રત્યેક મનુષ્ય પૃથક પૃથક્ જુદા જુદા છંદ એટલે અભિપ્રાય વાળા છે. તે અભિપ્રાય કોણ કોણ તે દેખાડે છે ક્રિયાવાદી એમ કહે છે કે, સર્વકાળ ક્રિયાજ સફળ છે. અને અક્રિયાવાદી એમ કહે છે કે ક્રિયા કર્યા વિનાજ સર્વ ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ થાય છે એમજ વળી બીજા વિનય પ્રમુખ વાદીઓ પણ જાણી લેવા, એ સર્વ (પુઢોય ) એટલે પૃથક પૃથક્ વાયં એટલે વદે છે, પરંતુ તે ધર્મના અજાણ બાપડા જાત એટલે ઉત્પન્ન થયેલા બાળક નીદેહં એટલે શરીર તેને ખંડ ખંડ કરીને પોતાને સુખ ઉપજાવે છે. તથા પાઠાંતરે ( જાયાઇબાલસ્સપગ ભણાએ ) એવો પણ પાઠ છે એવી રીતે કરતા તે ( અસંયતિ ) એટલે સંયમ રહિત ધકા

વેરને વધારે છે, એટલે જે જીવની ઉપઘાત કરે તે તે જીવની સાથે વૈરની વૃદ્ધિ થાય છે. ॥ ૧૭ ॥

તે બાપડા આયુષ્યના ક્ષયને અજાણતા એટલે આયુષ્ય ખુટે છે, તેને નથી જાણતા. અહીં ચેવ પદપૂર્ણાર્થે છે. એવા છતા અત્યંત મમત્વ કરે છે, એટલે આ માહારૂં હું એનો એવા મમત્વને નથી મુકતા, તે મહોટા સાહસિક એટલે પાપ થકી બીતા નથી. એવા મંદ એટલે અજ્ઞાની અહોરાત્ર પરિતપ્યમાન, એટલે દ્રવ્યને અર્થે મમ્મણ શ્રેષ્ઠીની પેરે પશ્ચાતાપ કરે, કાયક્લેશ કરે, તથા આર્ત્તવંત થયા થકા એવા તે મુર્ખ શંસારને વિષે પરિભ્રમણ કરે, પરંતુ અજરામર વણિકની પેરે કોઇ કાળે મનમાં એમ ન જાણે, જે અમને જરા અને મરણ અવશ્ય આવશે, એમ વિચારે નહીં. એવા તે મુર્ખ અજ્ઞાની જાણવા. ॥ ૧૮ ॥

યથા દ્રષ્ટાંતે સુવર્ણાદિક દ્રવ્ય તથા ગાય ભેંસ પ્રમુખ પશુઓ એ સર્વ તારો ત્યાગ કરશે, માટે એમને વિષે મમત્વ કરીશ નહીં. વળી યથા દ્રષ્ટાંતે ભાર્યા, માતા, પિતા, સ્વસુરાદય પ્રિય મિત્ર, તે પણ પરમાર્થ થકી તને કામ નહીં આવે. તોપણ તું બાપડો તેમને અર્થે વિલાપ કરે છે. ( લાલપ્યતે સોપિમોહંઉપેતિ ) એટલે વિત્ત, પુત્રાદિકને અર્થે લાલપાલ કરે છે, એમ તે બાપડો કુંડરીકની પેરે, મોહપાશે પડયો થકો, પછી તેહું ઉપાર્જન કરેલું વિત્ત તેને બીજા જન અપહરે, એ પ્રકારે જીવતાં, તથા મરણ, પામ્યા પછી પણ તેને કલેશજ થાય. ॥ ૧૯ ॥

જેમ (ક્ષુદ્ર મૃગ) એટલે ન્હાના એવા મૃગ પ્રમુખ, અટવીને વિષે વિચરનાર જીવો તે, સીંહનામા જનાવર થકી બીહીતા થકા. સિંહને દુર ટાળીને, વેગળા થકા ચરે; એ દ્રષ્ટાંતે પંડિત

જે છે, તે પણ સમ્યક્ પ્રકારે શ્રી વીતરાગ ભાષિત શ્રુત ચારિત્ર રૂપ ધર્મને આલોચીને, હિંસાદિક સાવદ્યાનુષ્ટાન રૂપ જે ક્રિયા તેને પાપ રૂપ જાણીને તેનાથી દૂર રહે, એ રીતે સાધુ સુંધુ સંયમ પાળે. ॥ ૨૦ ॥

મતિમંત, પ્રજ્ઞાવંત, એવો મનુષ્ય સમ્યક્ પ્રકારે ધર્મને જાણતો થકો, પોતાના આત્માને પાપ થકી નિવર્ત્તાવે; જીવનો ઘાત તે થકી ઉત્પન્ન થયાં એવાં જે સારીરીક અને માનશીક દુઃખ તેને જાણીને, શું જાણીને, તોકે વૈરાનું બંધા વૈરના કારણ જાણીને, મહાભયના ઉપજાવનાર એવા આશ્રવોનો નિરોધ કરે; એટલે સર્વ આશ્રવનું મુળ તે હિંસા જાણવી; માટે હિંસા થકી નિવર્ત્તે, તે સાધુ ભાવ સમાધિવંત જાણવો. અથવા પાઠાંતરે ( સનિવાણ ભૂએઓ પરિવએજજા. ) ॥ ૨૧ ॥

મોક્ષ ગામી મુની, મૃષા બોલે નહીં, એ મૃષાવાદનો જે પરિહાર એજ મોક્ષરૂપ સમાધિનું પણ સંપૂર્ણ કારણ જાણવું માટે તે મૃષાવાદને સાધુ પોતે કરે નહીં, તથા બીજા પાસે કરાવે નહીં, તથા અન્ય કોઈ કરતો હોય તેને અનુમોદે નહીં, એવો સાધુ ભાવસમાધિવંત જાણવો. ॥ ૨૨ ॥

ઉદગમ, ઉત્પાદન, અને એષણા, એ ત્રણે દોષ રહિત એવો શુદ્ધો નિર્દોષ આહાર, પ્રાપ્ત થયો, અથવા ન થયો હતા, પણ કદાપિ સાધુ રાગ દ્વેષે કરી પોતાને દુષવે નહીં, તથા અમૂર્છિત, અગૃદ્ધ, એટલે લોલ્યતા રહિત ફરી ફરી તે રૂડા આહારની વાંછા ન કરે. તથા ધૃતિમંત, તથા બાહ્યાભ્યંતર, ગ્રંથી રહિત તથા પૂજાનો અર્થી ન થાય, તથા શ્લાઘાને અર્થે ક્રિયા ન કરે, પરંતુ કર્મ નિર્જરાને અર્થે, મોક્ષને અર્થે, સંયમને વિષે પ્રવર્ત્તે એવો સમાધિવંત સાધુ જાણવો. ॥ ૨૩ ॥

ગૃહસ્થાવાસ થકી નિકળીને, ચારિત્ર આદરીને, જીવિત-

વ્યને વિષે નિરાપેક્ષી છતો શરીર ઉપર મમત્વ મૂકીને, પોતાની કાયા વોસિરાવે, તથા પરભવે દેવ અથવા રાજાદિક થવાનુ નિયાણું ન કરે. જીવિતવ્ય, અને મરણને વાંછે નહીં, એટલે પૂજા સત્કારની પ્રાપ્તિયેં કરી જીવિતવ્ય ન વાંછે, અને ઉપસર્ગ પરિસહ ઉપને થકે મરણ પણ ન વાંછે, એવો સાધુ તે કર્મબંધ થકી મૂકાણો, અથવા વલય એટલે સંસાર થકી મૂકાણો થકો. સંયમાનુષ્ટાનને પાળે. તિબેમિનો અર્થ પૂર્વવત્ જાણવો.॥૨૪॥

इति श्री समाधि नामक दशमु अध्ययन समाप्त.

हवे मोक्ष मार्ग नामे अगीआरमुं अध्ययन कहे छे. पुर्वला दशमां अध्ययनमां समाधि कही. ते समाधि तो ज्ञान, दर्शन, अने चारित्ररुप, जाणवी ते कारणे एनुं सेवन करिए, तो मोक्ष प्राप्ति थाय, माटे आ अध्ययनमां मोक्ष मार्ग कहे छे.

શ્રી જંબુસ્વામી શ્રી સુધર્મસ્વામી પ્રત્યે પૂછે છે કે, મોક્ષમાર્ગ સાધન કરવાનો એવો કયો. ધર્મ માર્ગ ( મતિમંત ) એટલે કેવળજ્ઞાનવંત શ્રી મહાવીર પરમેશ્વર તેણે કહ્યો છે. જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, રૂપ સરળ માર્ગ પામિને પ્રાણી તરતાં થકાં, દુસ્તર, એવા સંસાર સમુદ્રને તરી પાર પામે. ॥ ૧ ॥

સર્વના હિતને અર્થે જે માર્ગ સર્વજ્ઞે ઉપદેશ્યો છે, તે માર્ગ શુદ્ધો નિર્દોષ ( અનુત્તર એટલે નિરૂપમ સમસ્ત દુઃખ થકી મૂકાવનાર એવો માર્ગ અહો ! ભગવંત જેવો તમે જાણો છો, તેવો હે ! મહામુનીશ્વર અમને કહો. ॥ ૨ ॥

યદ્યપિ સુજને તો તમારી પ્રતિતે માર્ગ સુગમ છે. પરંતુ અન્ય કોઇને માર્ગ હું કેવી રીતે કહું, એવા અભિપ્રાયેં પૂછું છું.

યદ્યપિ અમને કોઈ પૂછે, કોણ પૂછે? તો કે દેવો, અથવા મનુષ્ય જે ચક્રવર્ત્યાદિક તે પુછે, તે વારે તેને કયો માર્ગ કહીયે, તે તમે કહો. ।। ૩ ।।

એમ શ્રી જંબુ સ્વામિયેં પૂછયા થકા શ્રી સુધર્મસ્વામિ કહે છે, યદ્યપિ તમને કોઇ દેવ, અથવા મનુષ્ય, સંસાર ભ્રાતિનો ભંગ કરનાર એવા માર્ગનીવાત પૂછે, તે વારે તેને તમારે જે માર્ગ કહેવો; તે માર્ગનો સાર હું તમને કહુંછું, તે તમે સાંભળો. (આનૂપૂર્વિ) એટલે અનુક્રમે અનુક્રમે કરીને પાળતાં અત્યંત દુષ્કર છે, એવો જે માર્ગનો સાર તે કાશ્યપ જે શ્રી મહાવીર દેવ તેણે ભાખ્યો, એટલે કહ્યો; જે માર્ગના ગ્રહણ કરવા થકી. પૂર્વે અતીતકાળે ઘણા સત્પુરૂષ દુસ્તર એવો સંસાર સમુદ્ર તર્યા છે, તે ઉપર દ્રષ્ટાંત કહે છે. જેમ વ્યવહારીઆ વસ્તુનાં લોભી થકા દુસ્તર સમુદ્ર તરે, તેની પેરે તર્યા છે.॥ ૫ ।।

જે માર્ગ ગ્રહણ કરીને, અતીત કાળે અનંતાજીવ સંસાર સમુદ્ર તર્યા, અને હમણાં પણ સંખ્યાતા જીવ સંસાર સમુદ્ર તરે છે, તથા આગમિક કાળે પણ અનંતાજીવ તરશે, એમ ત્રણે કાળે સંસાર સમુદ્રને જે વડે તરે છે, એવો જે મોક્ષનો માર્ગ, તેને સાંભળીને, અંગીકાર કરે, ને માર્ગ સમ્યક્ પ્રકારે તમને કહીશું, માટે અહો! જીવો તે સર્વે હું કહુંછું. માટે એકાગ્રહ ચિત્તે તમે સાંભળો. ॥ ૬ ॥

પૃથવીકાય જીવ તે પણ જુદા જુદા જાણવા. તેમજ અપકાયના જીવ, ઓસધુયરી, પ્રમુખ પૃથક પૃથક જાણવા. તથા અગ્નિકાયના પણ ઇંગાર, જવાલ, મુમુર, પ્રમુખ જીવો જુદા જુદા જાણવા, તથા વાયુકાયના જીવ પણ જુદા જુદા જાણવા, અને તૃણ વૃક્ષની, જાતિ તથા બીજ તે શાલી પ્રમુખ એ સર્વે વનસ્પતિકાયના જીવ જાણવા. ।। ૭ ।।

(અથાનંતર અવરા) એટલે એ પુર્વે જે સ્થાવર જીવો કહ્યા, તે થકી અપર બીજા બેંદ્રિયાદિક પ્રાણ તે ત્રસ જીવો જાણવા, એ પ્રમાણે છકાયના જીવો શ્રી તિર્થંકર તથા ગણધરે કહ્યા છે, એટલીજ એ જીવની નિકાય છે, પરંતુ એ થકી ઉપરાંત બીજી કોઇ જીવની નિકાય નથી. ॥ ૮ ॥

એ પૂર્વોક્ત છ જીવની નિકાય કહી. હવે જે કાંઇ કરવું, તે દેખાડે છે. (સમસ્ત અનુયુક્તિ) એટલે જીવિતવ્ય સાધવાના કારણ તેને કરી જીવને સમ્યક્ પ્રકારે ઓળખીને, બુદ્ધિવંત પુરૂષ જીવાદીક તત્વને (પ્રતિલેખી) એટલે આલોચીને, સર્વજીવો દુઃખથકી આક્રાંત થાય છે, એટલે એકાંતે દુઃખ કોઇને વલ્લભ નથી સર્વ સુખના અર્થી છે, તે કારણ માટે પૃથવ્યાદિક સર્વ જીવોને હણે નહીં, છએ કાયની દયા પાળે. ॥ ૯ ॥

એહિજ નિશ્ચય થકી જ્ઞાનીને જાણવાનો સાર છે, જે કોઇ જીવનો વિનાશ ન કરે, પરમાર્થ થકી તેનેજ જ્ઞાની કહિયે કે જે કોઇ પરજીવને પીડા ઉપજાવવા થકી નિવર્ત્તે (ઉક્તંચ) ( क्रिता ए पाडियाए इति वचनात ) અહિંસા. જે દયા, તેજ નિશ્ચયે થકી એ આગમનું તત્વ જાણવું, કિં બહુના એટલુજ જાણીને દયાને વિષે યત્ન કરવો, પરંતુ ઘણું જાણે શું ફળ છે. ॥ ૧૦ ॥

ઊંચો, નીચો, અને તિર્છો, એ તાવતા સર્વ લોકને વિષે જે કાંઇ ત્રસ, અને સ્થાવર જીવ છે, તે સર્વ જીવની નિવૃત્તિ કરે, એટલે પ્રાણાતિપાત થકી નિવર્ત્તે, એહિજ વિરતિ, શાંતી, અને નિર્વાણ, શ્રી તીર્થંકરે કહ્યું છે. ॥ ૧૧ ॥

પ્રભુ એટલે સમર્થ ઇંદ્રિયનો જીપનાર, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદાદિક દોષને નિરાકરી એટલે અવગણીને કોઇ પણ જીવની સાથે વિરોધભાવ ન કરે, મને કરી, વચને કરી, વળી

કાયાયેં કરી, નિશ્ચય થકી કોઈ પણ જીવની સાથે જાવજીવસુધી વિરોધ ન કરે. ॥ ૧૨ ॥

આશ્રવનો રોધ કરી સંવરને પામ્યો, તે મહાપ્રાજ્ઞ એટલે વિપુલ, બુદ્ધિવંત તથા પરીસહ જીતવાને ધીર સુભટ સમાન એવો છતો દીધેલી એષણાને વરે; અર્થાત દાંતારે દીધો, એષણીક નિર્દોષ એવો જે આહાર તેને લિએ, એષણા એટલે આહારની ગવેષણા, તેને વિષે સમિતિ સહિત નિત્ય સદાકાળ અને ષણાયને વર્જતો થકો સંયમ પાલે. ॥ ૧૩ ॥

ભૂત એટલે પ્રાણીનો સમારંભ કરી યતિને અર્થે ઉદ્દેશીને કીધો, એવો જે આધાકર્મિક આહાર, ( તાદ્દસ ) એટલે તેવો અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર, અને શયાદિક તેને જે ગ્રહણ કરે નહીં, તે સુસંયત જાણવો. ॥ ૧૪ ॥

શુદ્ધાહાર પણ જો આધાકર્મિકના એક કણ સહિત હોય, તો તે અશુદ્ધ થાય, તે માટે તેને પૂતિકર્મ કહિયે; એવો આહારાદિકને ન સેવે એટલે ન ભોગવે, એવો ધર્માચાર તે સાચા સંયમવંતનો જાણવો, તથા જે કાંઇ નિર્દોષ આહાર હોય, પરંતુ તેને સદોષ કરી જાણે, તેપણ સશંકિત થયો, તે માટે સર્વથા પ્રકારે ભોગવવું ન કલ્પે. ॥ ૧૫ ॥

શ્રદ્ધાવંતના સ્થાન, શ્રદ્ધાવંત, ધર્મવંતના, આશ્રય એવા ગ્રામને વિષે અથવા નગરનેવિષે, સાધુ રહ્યા છે, ત્યાંની આશ્રિત કોઇ એક કૂપ, ખનન, સત્રુકારકાદિકનો કરાવનાર, એવો પુરૂષ સાધુને પૂછે, જે એમાં ધર્મ છે, કિંવા નથી, એમ પૂછ્યાં થકાં આત્મગુપ્ત, તથ; જિતેંદ્રય, એવો સાધુ, આરંભેકરી પ્રાણી હણાતા હોય, તેવા કાર્યને અનુમોદે નહીં, જે એ તું રૂડું કામ કરે છે, એમ કહે નહીં. ॥ ૧૬ ॥

હવે એ સ્વરૂપ વિશેષે દીપાવે છે. અહો ! મુનીશ્વર આ

(અથાનંતર અવરા) એટલે એ પુર્વે જે સ્થાવર જીવો કહ્યા, તે થકી અપર બીજા બેંદ્રિયાદિક પ્રાણ તે ત્રસ જીવો જાણવા, એ પ્રમાણે છકાયના જીવો શ્રી તિર્થંકર તથા ગણધરે કહ્યા છે, એટલીજ એ જીવની નિકાય છે, પરંતુ એ થકી ઉપરાંત બીજી કોઇ જીવની નિકાય નથી. ॥ ૮ ॥

એ પૂર્વોક્ત છ જીવની નિકાય કહી. હવે જે કાંઇ કરવું, તે દેખાડે છે. (સમસ્ત અનુયુક્તિ) એટલે જીવિતવ્ય સાધવાના કારણ તેને કરી જીવને સમ્યક્ પ્રકારે ઓળખીને, બુદ્ધિવંત પુરૂષ જીવાદીક તત્વને (પ્રતિલેખી) એટલે આલોચીને, સર્વજીવો દુઃખથકી આક્રાંત થાય છે, એટલે એકાંતે દુઃખ કોઇને વલ્લભ નથી સર્વ સુખના અર્થી છે, તે કારણ માટે પૃથવ્યાદિક સર્વ જીવોને હણે નહીં, છએ કાયની દયા પાળે. ॥ ૯ ॥

એહિજ નિશ્ચય થકી જ્ઞાનીને જાણવાનો સાર છે, જે કોઇ જીવનો વિનાશ ન કરે, પરમાર્થ થકી તેનેજ જ્ઞાની કહિયે કે જે કોઇ પરજીવને પીડા ઉપજાવવા થકી નિવર્ત્તે (ઉક્તંચ) (क्रिता ए पाडियाए इति वचनात्) અહિંસા. જે દયા, તેજ નિશ્ચયે થકી એ આગમનું તત્વ જાણવું, કિં બહુના એટલુંજ જાણીને દયાને વિષે યત્ન કરવો, પરંતુ ઘણું જાણે શું ફળ છે. ॥ ૧૦ ॥

ઊંચો, નીચો, અને ત્રિચ્છો, એ તાવતા સર્વ લોકને વિષે જે કાંઇ ત્રસ, અને સ્થાવર જીવ છે, તે સર્વ જીવની નિવૃત્તિ કરે, એટલે પ્રાણાતિપાત થકી નિવર્ત્તે, એહિજ વિરતિ, શાંતી, અને નિર્વાણ, શ્રી તીર્થંકરે કહ્યું છે. ॥ ૧૧ ॥

પ્રભુ એટલે સમર્થ ઇંદ્રિયનો જીપનાર, મિથ્યાત્વ. અવિરતિ, પ્રમાદાદિક દોષને નિરાકરી એટલે અવગણીને કોઇ પણ જીવની સાથે વિરોધભાવ ન કરે, મને કરી, વચને કરી, વળી

કાયાયેં કરી, નિશ્ચય થકી કોઈ પણ જીવની સાથે જાવજીવસુધી વિરોધ ન કરે. ।। ૧૨ ।।

આશ્રવનો રોધ કરી સંવરને પામ્યો, તે મહાપ્રાજ્ઞ એટલે વિપુલ, બુદ્ધિવંત તથા પરીસહ જીતવાને ધીર સુભટ સમાન એવો છતો દીધેલી એષણાને વરે; અર્થાત દાંતારે દીધો, એષણીક નિર્દોષ એવો જે આહાર તેને લિએ, એષણા એટલે આહારની ગવેષણા, તેને વિષે સમિતિ સહિત નિત્ય સદાકાળ અને ષણાયને વર્જતો થકો સંયમ પાલે. ।। ૧૩ ।।

ભૂત એટલે પ્રાણીનો સમારંભ કરી યતિને અર્થે ઉદ્દેશીને કીધો, એવો જે આધાકર્મિક આહાર, ( તાદૃસ ) એટલે તેવો અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર, અને શયાદિક તેને જે ગ્રહણ કરે નહીં, તે સુસંયત જાણવો. ।। ૧૪ ।।

શુદ્ધાહાર પણ જો આધાકર્મિકના એક કણ સહિત હોય, તો તે અશુદ્ધ થાય, તે માટે તેને પૂતિકર્મ કહિયે; એવો આહારાદિકને ન સેવે એટલે ન ભોગવે, એવો ધર્માચાર તે સાચા સંયમવંતનો જાણવો, તથા જે કાંઇ નિર્દોષ આહાર હોય, પરંતુ તેને સદોષ કરી જાણે, તેપણ સશંકિત થયો, તે માટે સર્વથા પ્રકારે ભોગવવું ન કલ્પે. ।। ૧૫ ।।

શ્રદ્ધાવંતના સ્થાન, શ્રદ્ધાવંત, ધર્મવંતના, આશ્રય એવા ગ્રામને વિષે અથવા નગરનેવિષે, સાધુ રહ્યા છે, ત્યાંની આશ્રિત કોઇ એક કૂપ, ખનન, સત્રુકારકાદિકનો કરાવનાર, એવો પુરૂષ સાધુને પૂછે, જે એમાં ધર્મ છે, કિંવા નથી, એમ પૂછ્યાં થકાં આત્મગુપ્તે; તથ; જિતેંદ્રય, એવો સાધુ, આરંભેકરી પ્રાણી હણાતા હોય, તેવા કાર્યને અનુમોદે નહીં, જે એ તું રૂડું કામ કરે છે, એમ કહે નહીં. ।। ૧૬ ।।

હવે એ સ્વરૂપ વિશેષે દીપાવે છે. અહો! મુનીશ્વર આ

અમારે અનુષ્ઠાને પુણ્યછે, કિંવા નથી. એમ પૂછ્યાં થકાં તે સાધુ એવી વાણી કહે કે આ સમારંભ કરવામાં પુણ્ય છે, એમ પણ મુખ થકી કહે નહીં; અથવા એમાં પુણ્ય નથી, એમ પણ મુખ થકી કહે. નહી. એમ એ બંને પ્રકારને દોષના હેતુ તથા મહાભયના કારણ જાણીને એવી ભાષા ન બોલે. ॥૧૭॥

હવે જે કારણે એવી ભાષા ન બોલે, તે કારણ કહે છે. દાનને અર્થે અનેક લોકને અન્નપાણી આપવા સારૂં જે પ્રાણી એટલે જીવ ત્રસ, અને સ્થાવર, હણાય છે તે જીવોને રાખવાને અર્થે, તે કારણે આ તમારા અનુષ્ઠાને પુણ્ય છે, એમ પણ સાધુ ન કહે. ॥ ૧૮ ॥

અને જે લોકને નિમિત્તે ઉપકલ્પે એટલે વાંછે, શું વાંછે તો કે અન્ન, પાણી, તથા વિધ દોષે દુષ્ટ અનેક પ્રકારે કરી નીપજાવે છે, તથાપિ તેનો નિષેધ કરે, તો તેને લાભાંતરાય રૂપ આહાર દેવાનું વિઘ્ન થાય, તે કારણે આ તમારે અનુષ્ઠાને પુણ્ય નથી, એમ પણ ન કહે. ॥ ૧૯ ॥

તે માટે જે કોઈ પરમાર્થનો જાણ યતિ દાનની પ્રશંસા કરે તે, પ્રાણીના વધની ઈચ્છા કરે છે, અને જે યતિ દાન આપવાનો, નિષેધ કરે, તો તે યતિ અનેક જીવોની આજીવિકાનો છેદ કરે છે. ॥ ૨૦ ॥

અસ્તિ, અથવા નાસ્તિ, એમ ન કહે, એટલે પુણ્ય છે, કિંવા પુણ્ય નથી એવી બન્ને પ્રકારની વાણીને વળી, તે સાધુ ભાષે નહી; કેમકે એ થકી કર્મરૂપ રજ તેનો લાભ તેને જાણીને, તેવી વાણીને ઉચ્ચાર કરવાનો ત્યાગ કરે, તે સાધુ નિર્વાણ પ્રત્યે પામે; એટલે અનવદ્ય ભાષક એવો સાધુ સંસાર રહિત થાય. ॥ ૨૧ ॥

નિર્વાણ એટલે મોક્ષ તેને પરમ પ્રધાન જાણે, નક્ષત્ર; ચંદ્ર-

માની પેરે, જેમ નક્ષત્રમાં ચંદ્રમા પ્રધાન છે, તેમ તત્વના જાણ પુરૂષ સર્વ ગતિયોમાં મુક્તિને પ્રધાન કહે છે. તે માટે સંયમ વંત પુરૂષ તે નિરંતર પ્રયત્નવાન ઇંદ્રિયનું દમન કરનાર થકો, એવો સાધુ મોક્ષને સાધે, અર્થાત્ સર્વ ક્રિયા મોક્ષને અર્થે કરે. ॥ ૨૨ ॥

સંસાર સમુદ્રમાં વિચરતા પ્રાણી પોત પોતાના કર્મે કરી છેદન ભેદનની કદર્થના પામતા, એવા અસરણ જીવોને પણ શ્રી તીર્થંકર ગણધરનો કહેલો, આશ્વાસભૂત દ્વીપ સમાન એવો સમ્યક્ દર્શાનાદિક ધર્મ જાણવો, એને સંસાર સમુદ્રમાં પરિભ્ર-મણનો ટાળનાર કહિયે. ॥ ૨૩ ॥

એવા ધર્મનો પરૂપનાર કોણ તે કહે છે. આત્મા જેનો ગુપ્ત છે, તે આત્મ ગુપ્ત કહિએ તથા સદા દાંત એટલે સર્વકાળ પાંચેંદ્રિયનો સંવર કરનાર જેણે સંસારના સ્રોત છેદ્યા છે. અના-શ્રવ એટલે પ્રાણાતિપાતાદિક આશ્રવ રહિત એવો જે હોય તે સુધ્ધો ધર્મ કહે તે ધર્મ કેવો છે, તો કે પ્રતિપૂર્ણ સર્વ વિરતિરૂપ તથા નિરૂપમ છે. એટલે એવો ધર્મ અન્ય દર્શનીઓના કોઇપણ શાસ્ત્રમાં કહ્યો નથી, માટે એ ધર્મ ઉપમા રહિત છે. ॥ ૨૪ ॥

તે શુદ્ધ પ્રતિપુર્ણ ધર્મના આચારનું જે જાણપણું, તેને વિષે અબુદ્ધ એટલે અવિવેકી છતાં, પોતામાં પંડિતપણું માનતા થકા, જે અમેજ ધર્મના જાણ છૈયેં, તત્વના જાણ એવા બુદ્ધિ-માન અમેજ છૈયેં, એવી રીતે માનતા એવા જનોતે ભાવ સ માધિ થકી અત્યંત દૂર વર્ત્તનાર જાણવા. ॥ ૨૫ ॥

એવા કોણ પુરૂપ તે કહે છે. તે શાક્યાદિક અન્ય દર્શની અથવા એવા જે સ્વતીર્થિક પાસથ્થાદિક તે બીજ એટલે શાલી ગોધૂમાદિક તથા ઉદક તે સચિત્ત પાણી તથા તેને અર્થે ઉદ્દેશીને જે આહારાદિક કીધો તે સર્વને અવિવેકીપણે ભોગવનાર

લપટી છતા ભોગવીને આર્ત્ત ધ્યાન ધ્યાવે, એટલે સંઘનો ભોજનાદિક થશે, તે વારે આપણને પણ મલશે, એવો આર્ત્તધ્યાન ધ્યાવે, તે તાત્વિકે ધર્માધર્મને વિષે અખેદજ્ઞ એટલે અનિપુણ તથા એવા ધ્યાનના ધ્યાવનાર સદા અસંતોષી હોય, માટે અસમાધિવંત જાણવા. ॥ ૨૫ ॥

જેમ ઢંક પક્ષી વિશેષ, તથા કંક પક્ષી વિશેષ, કુલલા પક્ષી વિશેષ, મુગુ પક્ષી વિશેષ, કાક પક્ષી વિશેષ, એ સર્વ પક્ષી માંસના અર્થિ માંસની ઇહા એટલે વાંછના કરનાર છે, તે માછલાની પ્રાપ્તિની એષણાને ધ્યાવતાં થકાં રહે છે, એવા માંસા આહારી જીવો. તે સર્વ કાળ કલુષ એટલે મલીન એવું માછલાની ગવેષણાનું અધમ ધ્યાન ધ્યાવે છે. ॥ ૨૭ ॥

એ પ્રકારે કોઇ એક અન્યતિર્થિક અથવા પાસથ્થાદિક, કુશીલિયા શ્રમણ મિથ્યાદ્રષ્ટી અનાર્ય તે વિષયની એષણા એટલે, શબ્દ રૂપ રસ ગંધની પ્રાપ્તિને ધ્યાવે છે, તે પુર્વોક્ત કંકાદિક પક્ષીની પેરે કલુષિત ચિત્તવાળા અધમ પુરૂષો જાણવા. ॥ ૨૮ ॥

શુદ્ધમાર્ગ જે સમ્યક્ દર્શનાદિક તેને કુમાર્ગની પરૂપણાયે વિરાધતા એવા આ સંસારમાંહે, કોઇ એક દુરાચારી પોતાના દર્શનના અનુરાગે પ્રવર્ત્તતા, ઉન્માર્ગ ગત એટલે અરિહંત ભાષીત તત્વ થકી વિપરીત માર્ગે, પ્રાપ્ત થયા છતા દુઃખ જે આઠ પ્રકારના કર્મ અસાતોદય રૂપ તેણે કરી, તથા પ્રકારે તે ઘાત એટલે નરકાદિક ગતિમાંહે અનેક પ્રકારે કરી, જન્મ મરણુચ્છેદન ભેદનાદિક દુઃખની વેદના પામે. ॥ ૨૯ ॥

જેમ જાત્યંધ પુરૂષ શતછિદ્ર સહિત એવી નાવને વિષે બેસીને, સમુદ્ર તરી પાર પામવાની ઇચ્છા કરે, પણ તેવી નાવા થકી સમુદ્રનો શીરીતે પાર પામે? તે પુરૂષ અંતરાલે

વિષીદંતિ એટલે વચમાંજ બુડે, પરંતુ પાર પામે નહીં. ॥ ૩૦ ॥

હવે એ દૃષ્ટાંત અન્યતીર્થિક સાથે જોડે છે, એ રીતે કોઇ એક અન્ય દર્શની શ્રમણ મિથ્યા દ્રષ્ટી અનાચારી વિપરીત માર્ગના ઉપદેશક વિપરીત બુદ્ધિના ધણી તે શ્રોત એટલે કર્મનો આશ્રવ તેને વિષે સંપુર્ણ પોહોચ્યા થકા, આવતે કાલે મહાભય એટલે અત્યંત બીહામણા એવા નરકાદિકના દુઃખ પામે. ॥ ૩૧ ॥

એમ સર્વ લોક પ્રસિદ્ધ છકાય જીવોનો વાચ્છલકારી એવો શ્રુત ચારિત્ર રૂપ ધર્મ તેને ગ્રહણ કરીને, તે ધર્મ કાશ્યપ ગોત્રી શ્રી મહાવીર દેવે કહ્યો, તે ધર્મને આદરવા થકી ફલ જે થાય તે કહે છે, તે મહાઘોર એવો સંસાર સમુદ્રનો શ્રોત એટલે પ્રવાહ રૂપ સ્થાનક તેને તરે, અર્થાત્ સંસાર સમુદ્રને ઉલંઘીને પાર પામે, તે કારણ માટે આત્માનો ત્રાઇ એટલે રક્ષપાલ એવો સાધુ તે એહિજ સમ્યગ્ ધર્મને સમાચારે. ॥ ૩૨ ॥

વિરતિ સાધુ સંયમાનુષ્ઠાનને શી રીતે પાળે તે ઉપર કહે છે. ગ્રામ ધર્મ જે શબ્દાદિક વિષય તે થકી વિરતિ થકી, અને જે કાંઇ જગત્ર માંહે ત્રસ અને સ્થાવર જીવ છે, તેને પોતાના આત્મ તુલ્યની ઉપમાયેં દેખીને તેને રાખવાને અર્થે બળવીર્ય ફોરવતો થકો સંયમ પાળે. ॥ ૩૩ ॥

જે કારણે માન જે છે, તે ચારિત્રને અતિક્રમે છે, તે માટે તેને અતિમાન કહિયે. એના સાથેં ક્રોધ પણ લેવો, એમજ અતિમાયા, અને ચ શબ્દ થકી લોભ પણ લેવો, તે ચાર કષાયને પંડિત વિવેકી જન હોય તે, એને સંયમના શત્રુ,'જ્ઞ પરિજ્ઞાયેં કરી જાણીને, એ સર્વ કષાયને સંસારનું કારણ જાણીને, તેને પ્રત્યાખ્યાન પરિજ્ઞાયેં કરી નિરા કરીને, સાધુ મોક્ષને શાધે વાંછા કરે. ॥ ૩૪ ॥

સાધુનો ધર્મ જે ક્ષમાદિક દશ પ્રકારનો છે, તેને સમ્યક્ જાણીને વૃદ્ધિ કરે, એટલે સમ્યક્ ઉપદેશીને વૃદ્ધિ પમાડે. પાઠાંતરે દશ પ્રકારના યતિ ધર્મ ઉપર શ્રદ્ધા રાખે પાપ ધર્મ જે જીવોને મર્દન કરતો થકો, ધર્મને ભાવે પ્રવર્ત્તે તેને પાપ ધર્મ કહીએ, તેને નિરા કરે એટલે તેનું ઉથ્થાપન કરીને ઉપધાન જે તપ તેને વિષે બળવીર્ય ફોરવતો એવો સાધુ, ક્રોધ. અને માનને પ્રાર્થે નહીં. ચ શબ્દ થકી સાધુ વર્તમાન કાળે એવી રીતે સંયમ પાળે. ॥ ૩૫ ॥

એ ધર્મ શ્રી મહાવીર દેવે કહ્યો, કિંવા અન્ય જીનોએ પણ કહ્યો તે કહે છે. જે તીર્થંકર અતીત કાળે થયા. તથા જે તીર્થંકર અનાગત કાળે થશે ચ શબ્દ થકી જે તીર્થંકર વર્ત્તમાન કાળે બિરાજમાન છે. તે સર્વ એજ ધર્મના કહેનાર જાણવા તેનો પ્રતિષ્ઠાન એટલે અવલંબનનો સ્થાનક તે શાંતિ, એટલે સમસ્ત જીવની દયા જાણવી, કોની પેરે તો કે, જેમ સમસ્ત જીવોને આધાર ભૂત પૃથવી રૂપ સ્થાનક છે, તેમ સર્વ તીર્થંકર દેવો ને જીવ દયા રૂપ શાંતિનું સ્થાનક તે આધાર ભૂત જાણવો. ॥ ૩૬ ॥

અથ હવે વ્રત પ્રતિપન્ન સંયમ ગ્રાહિત સાધુને, સમ વિષ માદિક ઉંચા, નીચા, અનુકુળ, પ્રતિકૂલ, એવા પરીસહ ફરશે. તોપણ તેણે કરીને તે ધર્મ થકી ન ચૂકે, એટલે ધર્મ થકી ભ્રષ્ટ ન થાય, કોની પેરે તો કે, જેમ વાયરે કરી મેરૂ પર્વત ડોલાયમાન ન થાય, તેમ પરિસહ ઉપને થકે, સાધુ જન વ્રત થકી ડોલાયમાન ન થાય. ॥ ૩૭ ॥

તે સાધુ સંવરવાન, મહાપ્રજ્ઞાવંત, ધૈર્યવાન, કર્મ વિદારવાને સૂરવીર, દીધો એષણીક આહાર ગ્રહણ કરવાને વિષે, વિચરે, તથા નિવૃત ઉપશાંત કષાયવાળો એવો છતો, મરણ

કાલસુધી સંયમને વાંછે, એમ કેવળજ્ઞાનીઓનો મત છે, અને તેજ કેવળજ્ઞાનીઓનો પ્રકાશ્યો માર્ગ શ્રીમહાવીરદેવ કહેછે, પણ મહારી બુદ્ધિયે હું કેતો નથી. तिबेमी. ॥ ३८ ॥

इति श्री सुत्र कृतांगना प्रथमश्रुत स्कंधने विषे, मोक्षमार्ग नामे एकादशमो अध्ययन समाप्त. ॥

हवे समवसरण नामे बारमुं अध्ययन प्रारंभीये छैये अगीयारमां अध्ययनने विषे मोक्ष मार्ग कह्यो ते मोक्षने तो जे कुमार्ग मूकीने सुमार्गने पडिवर्जे ते अंगीकार करे, माटे मार्ग प्रतिपत्ति चारित्रिये कुमार्गने परिहरवो, ए अधिकारे बारमो अध्ययन प्रारंभिये छैये.

એ આગળ વખાણશે. તે ચાર પ્રકારના સમોસરણ એટલે પરતીર્થિકનો સમુદાય જાણવો, તે પ્રાવાદુક એટલે કુવાદિ તે જૂદું જૂદું બોલે છે, તે કેવી રીતે તો કે, એકવાદિ ક્રિયાનેજ સફળ કહે છે, તથા બીજો વાદિ અ ક્રિયાનેજ સફળ કહે છે, અને ત્રીજો વાદિ વિનયજ પ્રધાન છે, એમબોલેછે, અન્યવળી ચોથો અજ્ઞાનવાદિ તે અજ્ઞાનનેજપ્રધાનપણે માનેછે. ॥ ૧ ॥

હવે એ પૂર્વોક્ત ચારે વાદિઓમાંના સર્વ પ્રકારે એ સંબંધ પ્રલાપિ અજ્ઞાતિક એવા જે અજ્ઞાનવાદી તેનેજ પહેલા કહે છે. તે અજ્ઞાનવાદી અજ્ઞાની છતા એમ કહે છે જે, અમેજ પંડિત છૈયેં, એમ માને છે, પરંતુ તે અસંબંધ ભાષી જાણવા, તે ચિત્તની જે ભ્રાંતિ તે થકી તર્યા નથી, માટે મૃષાવાદિ જાણવા તે અજ્ઞાન વાદિ સમ્યક્ ધર્મ પ્રરૂપવાને અનિપુણ એટલે સાક્ષાત્

સત્ય ધર્મનું જ્ઞાન જાણવાને અસમર્થ છે, માટે એ અકોવિંદ છે, તો એના સમીપે સાંભળે એવા જે એમના શિષ્ય તે પણ અકોવિંદ એટલે મૂર્ખ જાણવા, જે માટે તે એવું અસંબંધ વચન બોલે છે કે, અજ્ઞાન એજ શ્રેય છે, તો એવું તેમનું બોલવું જે છે, તેને મુર્ખજ માન્ય કરે છે.॥ सरिसा सरिसेंहिंरच्चंति इतिव्रचनात् एम તે અનાલોચી થકા સર્વકાળ મૃષાજ બોલે છે. ॥ ૨ ॥

હવે વિનયવાદીને જુદા જુદા કરી કહે છે. જે સાચું તે જૂઠું એવું ચિંતવતા થકા, તથા જે અસાધુ હોય તેને સાધુ એમ કહેતા થકા, એ પૂર્વોક્ત રીતે જે કોઇ જન એટલે લોક બોલે તે લોકને વિનયવાદિ જાણવા, એટલે એક વિનયજ મોક્ષનું કારણ છે, ગુણા ગુણનો વિશેષ કાંઇ નથી, એવી રીતે બોલતા અજાણ લોક સરખા એવા તે વિનયવાદી અનેક પ્રકારના એટલે બત્રીશ પ્રકારના છે, તે વિનયવાદીને કોઇએ પુછ્યા થકાં એમ કહે કે, એ વિનયજ સરવાર્થ સિદ્ધિનું કારક છે, પણ બીજું કાંઈ જગત્માં શ્રેય નથી, એમ કહે. ॥ ૩ ॥

ઉપસંખ્યા એટલે સમ્યક પરિજ્ઞાન તે જેને વિષે નથી, અર્થાત્ મૂઢમતિ છતા, એવા વિનયવાદી એમ કહે છે કે, અથ જે સ્વર્ગ, અને મોક્ષાદિક, તેની પ્રાપ્તિ અમારાજ દર્શન થકી છે, પણ અન્ય કોઇ દર્શનને વિષે નથી, એમ કહે છે. હવે અક્રીયાવાદિનું મત કહેછે, લવ એટલે કર્મ, તેના અપશંકી એટલે શાંકણહાર એવા લોકાયિત શાક્યાદિક બૌદ્ધ તેના દર્શનને વિષે આમ કહ્યું છે કે, અતીત અનાગત કાળ છે, અને વર્ત્તમાન કાળ નથી. કારણ કે ક્ષણિકપણાને લીધે સર્વ પદાર્થ ક્ષણિક છે. એવાં વચન થકી ( અણાગએહિ ) એટલે જે કાંઇ કર્ત્તવ્ય કહીએ તે, અનાગતજ કહેવાય અને કર્મ કરિએ તે તો વર્ત્તમાન કાળે

હોય, તેજ કર્મ લાગે, તે માટે એના મતે ક્રિયાપણ નથી, એવું સિદ્ધ થયું, તે કારણે ક્રિયાનું ઉપજાવેલું જે શુભા શુભ કર્મનું બંધ તે પણ કેવી રીતે સિદ્ધ થાય? એવી રીતે તે અક્રિવાદી નાસ્તિક મતના ધારક કર્મ થકી નથી શંકાતા થકા ક્રિયાને કર્મ બંધ માનતા નથી, તે માટે એને અક્રિયાવાદિ કહિએ. ॥૪॥

તે લોકાયિક પરવાદી પોતાની વાણીયેં કરી, ગ્રહ્યા અર્થને વિષે પણ વળી પોતાનેજ વચને નિષેધ કરતાં થકાં, મિશ્રભાવનેજ અંગીકાર કરે છે, એટલે પોતે બોલતા થકાજ જેની અસ્તિ કહે, તેનીજ વળી નાસ્તિ કહે તેમજ જેની નાસ્તિ કહે, તેનીજ અસ્તિ કહે છે. એ રીતે મિશ્રભાવ જાણવો. કેમકે જે નાસ્તિક જીવાદિક પદાર્થનો અભાવ કહે છે, તે પણ પોતે પોતાના શાસ્ત્રે કરી પોતાના શિષ્યને પોતાનો માર્ગ શીખાવે છે, કે સર્વ પદાર્થ શુન્યપણે છે, તે વારે પોતે તથા શાસ્ત્ર, અને શિષ્ય, એ કયાં છે? એમ ન વિચારે, તે માટે એ અસંબંધ વચનના બોલનાર, માટે અને મિશ્રભાવ સહિત જાણવા, તથા શાંખ્ય દર્શની એમ કહે છે, કે, આત્મા સર્વવ્યાપિ છે, તથા અક્રિયછે, એ પણ અસમંજસ બોલેછે, કારણ કે, એ દર્શનવાળા એમ કહેછે. કે પ્રકૃતિને વિયોગે મોક્ષછે, જો એમછે, તો આત્માને બંધ મોક્ષનો સદભાવ થાપ્યો, એમ સિદ્ધ થયું. કારણકે પ્રકૃતિનો બંધ હતો તેનો વિયોગ થવાથી મોક્ષ થયો, એથી સ્પષ્ટ માલમ પડે છે કે, બંધ મોક્ષનો સદભાવ થયો, અને બંધ મોક્ષના સદભાવને લીધે આત્મા સક્રિય છે, એવું એમનાજ બોલવા ઉપરથી જણાય છે, તો પોતાનાજ વચનથી જેનું સ્થાપન કર્યું તેને પોતાનાજ વચનથી ઉથાપે છે, એ રીતે મિશ્રભાવ સર્વ દર્શનીઓનો જાણવો. એ વર્ણિકા માત્ર લખ્યું છે, તે અક્રિયા વાદી આદે દેઇને જે પરવાદી છે, તે જૈન મતાનુસારીને અ-

નેક હેતુ દૃષ્ટાંતે કરી વ્યાકુળ છતો, તેનો ઉત્તર આપવાને અસમર્થ થાય, મુમ્મુઇ એટલે મુક સરખો થાય અર્થાત કાંઈ પણ બોલી શકે નહી તે દર્શની કેવો જાણવો તોકે (અનાનુવાદી) એટલે જીન ભાષિત વચન સાભળીને, પછી બોલવા અસમર્થ એવો છતો મૌન ભાવનેજ અંગીકાર કરે. ઇત્યર્થ હવે યદ્યપિ તે દર્શનીઓ જૈન મતાનુસારીને, સન્મુખ બોલી ન શકે, તથાપિ કદાગ્રહે પડયા થકા, પોતાના પક્ષનું સ્થાપન કરે, તેની રીત કહે છે. એમ અમારો એક પક્ષ છે, તે એમ દુપક્ષ જાણવો, એટલે એ પક્ષના શું વખાણ કરિયે, એ અમારા પક્ષનો ત્રીજો કોઇ ઉથાપી ન શકે, એવો એ પક્ષ ઉત્તમ છે, અહીં પૂર્વાપર વિરોધ વચનછે, તે ભાવ પાછળના મિશ્રભાવ કહેવાથી કહ્યુંછે, એ દુપખ શબ્દનો અર્થ છે, અથવા જે પોતાનું ખોટું હોય, તેને સાચું કરે, તેને ઉત્સુત્ર ભાષણ કરવાને લીધે દુપક્ષ એટલે આ ભવમાં તથા પરભવમાં વિટંબના થાય, એ પણ દુપક્ષ શબ્દનો અર્થછે તથા તે પરવાદિ જે વારે પોચી ન શકે, તે વારે (છલાયતન) એટલે છલે કરી બોલે, તે છલ ત્રણ પ્રકારનાછે. એક વાક્છલ, બીજો સામાન્ય છલ, અને ત્રીજો ઉપચાર છલ, એવાં છલે કરી બોલીને, પોતાનો એક પક્ષ સ્થાપન કરે, તથા કર્મ એટલે એક પક્ષાદિ સ્થાપન કરવાને અર્થે બોલે. ॥ ૫ ॥

તે બૌદ્ધાદિક પરવાદીઓ સત્ય માર્ગને અજાણતા મિથ્યાત્વ પડળે આવર્યા થકાં અસંબંધ વચન બોલે, એવાં તે તત્વને અજાણતા. વિરૂધ રૂપ નાના પ્રકારના કુશાસ્ત્રની પરૂપણા કરે, એવા તે અક્રિયાવાદી નાસ્તિકાદિક મિથ્યાત્વી છે, જેમનો મત ગ્રહણ કરીને, ઘણા મનુષ્ય મિથ્યાત્વને મોહ્યા થકા, અનંત સંસાર પરિ ભ્રમણ કરે છે. ॥ ૬ ॥

હવે સર્વ સુન્યવાદીનો ભેદ કહે છે. તે સુન્યવાદી એમ

કહે છે કે, સમસ્ત લોક પ્રસિદ્ધ જગત્પ્રદીપ સમાન એવો સુર્ય નથી, વળી તે સુર્ય ઉગતો નથી, તથા અસ્ત પણ થાતો નથી, એ જે દેદીપ્યમાન સુર્ય મંડળ દેખાય છે, તે માત્ર ચિત્તનો ભ્રમ જાણવો. મૃગ તૃષ્ણા સમાન એ સર્વ ભ્રમ છે, તથા ચંદ્રમાની કળા વૃદ્ધિ પામતી નથી, તેમ હીન પણ થતી નથી, એટલે શુક્લપક્ષાદિને વિષે જે વૃદ્ધિ પ્રમુખ ચંદ્રમાની દેખાય છે, તે સર્વ ભ્રમણછે. અથવા નદીના પાણી તે નથી, (શ્રવતા) એટલે નદીવ્હાદિક પણ નથી, તથા વાયરો પણ વાતો નથી, તો એ લોક સંપૂર્ણ ( વંધ્યસમાન ) અર્થ સૂન્ય છે અર્થાત્ એ જગતમાં કાંઇજ નથી, જે કાંઈ દેખાય છે, તે સર્વ સ્વપ્નેદ્રજાલ સમાન જાણવું. ॥ ૭ ॥

જેમ જાતિ અંધ એટલે નેત્રહીન પુરૂપ દીપે કરી સહિત છતાં પણ હીનનેત્ર પણાને લીધે, રૂપાદિક જે ઘટપટાદિક વિદ્યમાન પદાર્થો છે, તેને દેખી શકે નહીં. તેમ તે અક્રિયાવાદિઓમાં છતિ ક્રિયા વિદ્યમાન છતાં, પણ તે ક્રિયાને જેમની ( પ્રજ્ઞા ) એટલે બુદ્ધિનિરોધ થઇ છે, અર્થાત્ બુદ્ધિહીન એવા તે અક્રિયાવાદી લોકો પોતામાં કીયા વિદ્યમાન છતા, પણ તેને મિથ્યાત્વાદિક દોષે કરી નથી દેખતા. ॥ ૮ ॥

જ્યોતિષ ગ્રંથ સ્વપ્ન સુભા સુભના શાસ્ત્ર શ્રીવત્સાદિક લક્ષણ સામુદ્રિક શાસ્ત્ર તે ચ શબ્દ થકી અભ્યંતર ભેદ રૂપ પણ જાણવા, તથા નિમિત્ત પ્રસિદ્ધ શકુનાદિક શાસ્ત્ર જાણવા, દેહના લક્ષણ મત્સ તિલકાદિક જાણવા, ઉત્પાત તે ભૂમિ કંપાદિકની સૂચના કરનાર શાસ્ત્ર એમ અષ્ટાંગનિમિતનું ઘણા લોક પઠન કરીને, અર્થાત અષ્ટાંગ નિમિત્ત ભણીને, આ લોકને વિષે અતીત અનાગતાદિક વસ્તુને જાણે છે. તેટલું પણ એ સુન્યવાદી જાણતા નથી. જેમ કોઈ સંનિપાતી, યથા તથ્ય

વસ્તુને ઓળખે નહીં, તેના દ્રષ્ટાંતે એ સૂન્યવાદી પણ જાણી લેવા. ॥ ૯ ॥

તેમાં વળી કોઇ એક નિમિત્તયાર્યે પોતાના મુખ થકી નિમિત્ત પ્રકાશ્યો થકો, તેને નિમિત્ત જેમ કહે તેમજ થાય છે, એટલે સાચો થાય છે, વળી કોઇકનો નિમિત્તાદિ જ્ઞાન વિપર્યાસપણાને પામે છે, એટલે વિવટે છે, તથા તે એવી વિદ્યાના ભાવનો અભ્યાસ કર્યા વિના, એટલે એવી વિદ્યાને અણ ભણ્યા થકા કહે છે કે, અથવા પાઠાંતરે કોઇ એક મંદ એટલે મુર્ખ એવા અક્રિયાવાદી પ્રમુખ એમજ કહે છે, કે અમેજ આ લોક માંહે અશેપ એટલે સમસ્ત ભાવને જાણીયેં છૈયેં. ॥ ૧૦ ॥

હવે ક્રિયાવાદીનો મત દૂષવે છે. જે એકલી માત્ર ક્રિયા કરવા થકીજ મોક્ષની વાંછના કરે છે તે, ક્રિયાવાદિ એવી રીતે ( આખ્યાતિ ) એટલે કહે છે, તે પોતાને અભિપ્રાયેં લોકને જાણીને, અમે યથાવસ્થીત તત્વના જાણ છૈયે, એવી રીતે બોલીને ક્રિયાનું સ્થાપન કરે છે. ( તથા તથા ) એટલે તે તે પ્રકારેં અર્થાત્ જેવા જેવા પ્રકારની ક્રિયા પ્રવર્ત્તે, ( તેમ તેમ ) એટલે તેવા તેવા પ્રકારનું સ્વર્ગ નરકાદિક ફળ પણ જાણવું, એ રીતે તે શાક્યાદિકના શ્રમણ બ્રાહ્મણ ક્રિયાથકીજ સિદ્ધ કહે છે. તથા જે કાંઈ આ જગત માંહે દુઃખ, સુખ છે, તે સર્વ પોતાનું કરેલું, તથા પરનું કરેલું, પણ ન થાય, પરંતુ સર્વ ભવિતવ્યતાનું કરેલું થાય છે. હવે એમના મતનું નિરાકરણ કરે છે. તીર્થંકર ગણધરાદિક વિદ્યા એટલે જ્ઞાન. અને ચરણ એટલે ચારિત્ર, એણે કરી મોક્ષ છે, એટલે સંસારી જીવોને જ્ઞાન અને ક્રિયાને સંયોગે કરી પ્રકર્ષે જૈનમાર્ગે મોક્ષ છે, એમ કહે છે. ॥ ૧૧ ॥

તે તીર્થંકર ગણધરાદિક કેવા છે. તો કે લોક માંહે ચક્ષુને

સ્થાનકે છે, તથા આ લોકને વિષે નાયક એટલે સ્વામિ છતા, આ લોકને વિષે પોતાના પ્રજાલોકને, આ ભવેં, તથા પરભવેં, હિતકારી એવો સમ્યક્ ધર્મ માર્ગ પ્રકાશે છે. ( તથા તથા ) એટલે જેવા જેવા પ્રકારેં એ લોક પંચાસ્તિકાય રૂપ તે દ્રવ્યાસ્તિક નયના અભિપ્રાયેં શાશ્વતો થાય, તેવા તેવા પ્રકારે કહે. અથવા જેમ જેમ રાગ દ્વેષની વૃદ્ધિ, તેમ તેમ સંસારની વૃદ્ધિ થાય, એમ કહે, જે સંસારને વિષે પ્રજા એટલે જીવ, તે રાગ દ્વેષે વ્યાપ્ત છતા નાના પ્રકારે રહ્યા છે, તો હે માનવ! તું એમ જાણ. ॥ ૧૨ ॥

હવે તે નાના પ્રકાર કહે છે. જે રાક્ષસ વંતરાદિક યમલોકિકા જે પરમાધાર્મિકાદિક દેવો જે વૈમાનિક, જ્યોતિષાદિક, દેવો ( ગાંધર્વ ) એટલે વિદ્યાધરાદિક, તથા પૃથવીકાયાદિક આકાશગામી, એવા પક્ષીઓ, તથા વાયુપ્રમુખ, તથા પૃથિવિને વિષે આશ્રી એવા જે અનેક એંદ્રિયાદિક જીવ, તે સર્વ પોતપોતાના કર્મે કરી વળી વળી ચતુર્ગતિક રૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. ॥ ૧૩ ॥

શ્રી તીર્થં કર ગણધરાદિક, તે એ જે ઓઘ એટલે સંસાર તેને અપાર સ્વયંભુરમણ સમુદ્ર સરખો કહે છે એમ તુ જાણ તે સમાન સંસાર ગહન છે. દુર મોક્ષ એટલે અત્યંત દુસ્તર છે અસ્તિવાદીને, પણ જો એમ છે, એટલે સમ્યક પ્રવર્તકને, પણ આ અપાર સંસાર સમુદ્ર અત્યંત દુસ્તર છે, તો નાસ્તિક વાદીને તો અત્યંત્ત દુસ્તર હોય, એમાં કેહુંજ શું જે આ સંસારને વિષે સાવદ્ય ધર્મના પ્રવર્ત્તક કુમાર્ગે પતિત પાંચેદ્રિય સબધી વિષયના સેવનાર તથા અંગના જે સ્ત્રી તેને વશ પડયા છતા રહે છે, તે ત્રસ, સ્થાવર રૂપ, બે પ્રકારનું જે લોક તે માંહે રાગ દ્વેષે કરી પરિભ્રમણ કરે. ॥૧૪॥

અજ્ઞાની એવો મિથ્યામતિવાળુ જીવ કર્મનો જે સાવધા રંભ તેણે કરી પૂર્વ કૃત કર્મને ખપાવે નહીં, પરંતુ સાહમાં નવા કર્મનું બંધ કરે આશ્રવને સર્વ પ્રકારે શોધન કરવા થકી સેલેસી કરણા વસ્થાયેં (ધીર) એટલે મહાસત્વવંત એવો પુરૂષ કર્મને ખપાવે છે. જે મેધાવિ એટલે પંડિત મહાનુભાવ હોય, તે લોભમય એટલે પરિગ્રહ તે થકી અતીત એટલે રહિત હોય, એમ સંતોષી છતો પાપ ન કરે. ॥ ૧૫ ॥

જે પુરૂષ એવા હોય તે કેવા થાય! તે કહે છે. તે શ્રી વીતરાગ અતીત, અનાગત, અને વર્તમાન, એ ત્રણે કાળ આશ્રી તથા ( ગત ) એટલે યથા વસ્થિત જેમ છે તેવી રીતે લોકમાંહે સર્વ જીવોના ભાવી સુખ દુઃખાદિકના જાણ એવા થાય, પરંતુ વિભંગ જ્ઞાનીની પેરે આધું પાછું ન જાણે, એવા જીવો અન્ય જીવોને સંસારનો પાર પમાડે, પરંતુ તેને અન્ય કોઇ તત્વનો દેખાડનાર ન થાય. કિંતુ તે પોતેજ તત્વના જાણ થકા કર્મનો અંતકરનાર હોય છે. ॥ ૧૬ ॥

હવે તેમની ક્રિયા કેવી હોય તે કહે છે તે વીતરાગ સમ્યક્ જ્ઞાની તે સાવદ્યનુષ્ઠાન રૂપ એવી જે ભૂત એટલે પ્રાણી તેની હિંસાની શંકાયેં દુગંછિત એટલે પ્રાણીની હિંસાને નિંદતા થકા પોતે હિસા કરે નહીં, તથા અન્ય પાસે હિસા કરાવે નહીં. ઉપલક્ષણ થકી જે હિસા કરતો હોય તેને અનુમોદે નહી, તેમજ મૃષા પોતે બોલે નહીં, બીજા પાસે બોલાવે નહીં, તથા બોલતાને અનુમોદન આપે નહીં, એ રીતે સર્વ પંચમહાવ્રતોને સદાકાળ પાળે એમ સર્વ કાળ યત્નવંત એટલે પાપ થકી નિવર્ત્તે, સંયમને વિષે નમ્ર હોય વિનયવંત હોય એવા ધૈર્યવંત સુભટ તુલ્ય છતો સંયમ રૂપ ભૂમિને વિષે કર્મરૂપ સુભટોને જીતવા સમર્થ એવો કોઈ એક શુદ્ધ સમ્યક્ માર્ગ જાણી ધૈર્યવંત

શૂરવીર થાય તે પરીસહાદિકને જીતે. ॥ ૧૭ ॥

હવે શું જાણીને સાવદ્યાનુષ્ઠાન ન કરે તે કહે છે. ડહરા એટલે બાળક તે અંહી પૃથિવિકાયાદિક તથા બેંદ્રિયાદીક લઘુ જાતીના જીવો લેવા તે પણ જીવ છે, અને ( વુઢ્ઢય ) એટલે મ્હોટા હસ્તિ પ્રમુખ તે પણ જીવ છે, એવું જાણીને તે સહુ જીવને સર્વ ચૌદ રજવાત્મક લોકને વિષે પોતાના આત્મ સમાન દેખે, એ મહાંત લોક એટલે સંસાર તેને સારી રીતે આલોચીને સર્વ સ્થાનક અશાશ્વતા જાણીને આ સંસારમાં કોઇને સુખ નથી, એવો જાણીને જે પંડિત તત્વના જાણ હોય તે અપ્રમત્તપણે સંયમને વિષે પ્રવર્ત્તે શુદ્ધો સંયમ પાળે. ॥ ૧૮ ॥

જે કોઇ પોતાના આત્માને તથા પરના આત્માને સમ્યક્ પ્રકારે જાણે એટલે જેવી રીતે પોતાના આત્માને જાણે તેવી રીતે પરના આત્માને પણ જાણે, તે પુરૂષ પોતાને ઉદ્ધરવાને સમર્થ હોય, અને બીજાને પણ ઉદ્ધરવાને સમર્થ થાય, તે જ્યોતિભૂત પ્રકાશવાન ચંદ્રાદિત્ય પ્રદીપસમાન ગુરૂને જાણીને સર્વ કાળે સેવે. જે વિચારીને શ્રી વીતરાગ ભાષિત ધર્મના સ્વરૂપને સમ્યક્ પ્રકારે કરી પ્રગટ કરે. ॥ ૧૯ ॥

જે પોતાના આત્માને સમ્યક્ પ્રકારે જાણે, જે લોકા લોકનું સ્વરૂપ જાણે, જે જીવની ગતિ આગતિ જાણે, અથવા ચારે ગતિનું સ્વરૂપ જાણે, તથા અનાગતનું સ્વરૂપ જાણે, એટલે જ્યાં ગયો થકો જીવ ફરી ન આવે એવી જે મોક્ષ ગતિ તેના સ્વરૂપને જાણે, તથા જે શાશ્વતા પદાર્થ અને અશાશ્વતા પદાર્થને પણ જાણે, તથા જે જીવના જન્મ અને મરણને પણ જાણે, તથા જન એટલે લોક તેનું ઉપપાત એટલે ઉત્પતિ દેવ નારકાદિકને વિષે થાય છે તે પણ જાણે છે. ॥ ૨૦ ॥

અધો ગતિયેં નરકાદિકને વિષે અશુભ કર્મને વિપાકે જી-

વને શરીર પીડાદીક સંતાપ ઉપજે છે, તે સર્વ જાણે, જે આશ્રવ ઇંદ્રિય કષાય યોગ અને અવ્રત ઈત્યાદિક સર્વ જાણે, તથા સંવર તે સમિતિ ગુપ્તિ અને પરીસહ ઇત્યાદિક સર્વ જાણે, તથા પાપોદય થકી દુઃખ ઉત્પન્ન થાય તે જાણે, અને ઉપલક્ષણ થકી પુણ્યના બેતાળીશ ભેદ પણ જાણે, વળી નિર્જરાના બાર ભેદને પણ જાણે, તથા બંધના ચાર ભેદને પણ જાણે, તે પરમાર્થ થકી ક્રિયાવાદ બોલવા યોગ્ય થાય. ॥ ૨૧ ॥

એવા જે સમ્યક્વાદી તેને ફળ દેખાડે છે. શબ્દ જે વીણા વંસ પ્રમુખ શ્રોતેંદ્રિયને સુખના આપનાર તેને વિષે તથા રૂપ તે અનેક કાષ્ટ, કર્મ, ચિત્ર કર્મ, તથા લિપ્યકર્માદિકને, વિષે અસજ્જામાન એટલે તેના ઉપર રાગ દ્વેષને ટાળતો થકો તથા ગંધને વિષે, રસને વિષે, ( અદુસમાન ) એટલે દ્વેષને અણકરતો થકો જીવિતવ્ય અને મરણની વાંછા ન કરે, સમતા ભાવે વર્ત્તે. આદાન એટલે સંયમ તેને વિષે ગુપ્ત એટલે તેનો રક્ષપાળ છતો વલય એટલે માયા તેના થકી વિમુક્ત છતો સંયમ પાળે તિબ્રેમિ. ॥ ૨૨ ॥

इति श्री सूत्र कृतांगने विषे समवसरण नामे बारमा अध्ययन समाप्त थयो.

---

हवे यथातथ्य नामे तेरमो अध्ययन प्रारंभीये छैये बारमा अध्ययनमां जुदा, जुदा, दर्शनीउना समवसरण कह्या, नंतर तेरमां अध्ययनमां यथातथ्य एटले सत्य, स्वरूप, देखाडे छे.

યથાતથ્ય, સમ્યક્ જ્ઞાનનો સ્વરૂપ. હવે પ્રવેદિશું, એટલે કહીશું. તથા જીવને નાના પ્રકારના જ્ઞાનાદિક જે ઉત્પન્ન થાય,

તે પણ હવે કહીશું. તથા સત્પુરૂષનું ધર્મ જે શ્રુત ચારિત્ર રૂપ જે દુર્ગતિ થકી રાખનાર તે ધર્મ, અને અસત્પુરૂષ એટલે પરતીર્થીક તથા ગ્રહસ્થ, અને પાસથ્થાદિક તેનો સીલ એટલે દુષ્ટાચાર તે કહીશું. તથા શાંતી એટલે નિર્વાણરૂપ અને સંસાર ભ્રમણરૂપ એ બન્નેને પ્રગટ કરીશું. ॥ ૧ ॥

રાત્રિના તેમ દિવસના પણ સમ્યક્ પ્રકારે ઉઠ્યા એટલે સાવધાન થયા, એવા જે નિન્હવાદિક જમાલી પ્રમુખ સ્વદર્શની તથા બોટિકાદિક અન્યદર્શની તે તથા પ્રકારે તીર્થંકરાદિક પાસેથી સંસાર થકી નિકળવાનું ઉપાય એવો જે, પંડિત ધર્મ તેને પામીને જમાલી પ્રમુખની પેરે કર્મને, ઉદયેં, તે શ્રી તીર્થંકર, ભાષિત, એવો સમાધિવંત એટલે સમ્યક્, દર્શનાદિક, ધર્મ, તેને અણ સેવતા થકા કદાગ્રહીપણાને લીધે મિથ્થાત્વના પેર્યા સ્વછંદે યથા, તથા એટલે જેમ તેમ બોલતા શ્રી સર્વજ્ઞના માર્ગને ઉથાપતા, અને કુમાર્ગનો ઉપદેશ કરતા એ રીતે પ્રવર્તતા કદાપિ પોતાને આચારના શિખાવનાર એવા ગુરૂ જે મહાનુંભાવ તે પ્રત્યેં પણ કઠોર વચન બોલે. ॥ ૨ ॥

તે સ્વાગ્રહિ પુરૂષ તે વિશોધિત શુદ્ધ નિર્દોષ માર્ગ તેને આચાર્યની પરૂપણા થકી ઉથાપિને કહે, એટલે જે પોતાના ભાવે એટલે સ્વચ્છંદે બોલે, તે અહાછંદપણા થકી ઘણા ગુણ જે જ્ઞાનાદિક તેનો આસ્થાન થાય, કેમકે એ સ્વાભિનિવેશ, મિથ્થાત્વના, ભાવ થકી કરીને, જે જ્ઞાન શંકા એટલે શ્રી જીનાગમને વિષે શંકા લાવીને મૃષા બોલે સ્વકલ્પિત, જેવો રૂચે તેવો બોલે તેણે કરીને ઘણા ગુણાનો આસ્થાન એટલે કુભાજન થાય. ॥૩॥

જે કોઇ પૂછે, જે તમે કોની પાસેથી ભણ્યા છો! તે વારે પોતાના આચાર્યનું નામ ગોપવીને બીજાનું નામ કહે, તે નિશ્ચે થકી આત્માર્થ જે મોક્ષને અર્થ તેને વંચે છે, એ તાવતા તે

વને શરીર પીડાદીક સંતાપ ઉપજે છે, તે સર્વ જાણે, જે આશ્રવ ઈંદ્રિય કષાય યોગ અને અવ્રત ઈત્યાદિક સર્વ જાણે, તથા સંવર તે સમિતિ ગુપ્તિ અને પરીસહ ઇત્યાદિક સર્વ જાણે, તથા પાપોદય થકી દુઃખ ઉત્પન્ન થાય તે જાણે, અને ઉપલક્ષણ થકી પુણ્યના બેતાળીશ ભેદ પણ જાણે, વળી નિર્જરાના બાર ભેદને પણ જાણે, તથા બંધના ચાર ભેદને પણ જાણે, તે પરમાર્થ થકી ક્રિયાવાદ બોલવા યોગ્ય થાય. ॥ ૨૧ ॥

એવા જે સમ્યક્‌વાદી તેને ફળ દેખાડે છે. શબ્દ જે વીણા વંસ પ્રમુખ શ્રોતેંદ્રિયને સુખના આપનાર તેને વિષે તથા રૂપ તે અનેક કાષ્ટ, કર્મ, ચિત્ર કર્મ, તથા લિપ્યકર્માદિકને, વિષે અસજ્જમાન એટલે તેના ઉપર રાગ દ્વેષને ટાળતો થકો તથા ગંધને વિષે, રસને વિષે, ( અદુસમાન ) એટલે દ્વેષને અણકરતો થકો જીવિતવ્ય અને મરણની વાંછા ન કરે, સમતા ભાવે વર્તે. આદાન એટલે સંયમ તેને વિષે ગુપ્ત એટલે તેનો રક્ષપાળ છતો વલય એટલે માયા તેના થકી વિમુક્ત છતો સંયમ પાળે તિબેમિ. ॥ ૨૨ ॥

इति श्री सूत्र कृतांगने विषे समयसरण नामे बारमा अध्ययन समाप्त थयो.

हवे यथातथ्य नामे तेरमो अध्ययन प्रारंभीये छैये बारमा अध्ययनमां जुदा, जुदा, दर्शनीडना समवसरण कह्या, नंतर तेरमां अध्ययनमां यथातथ्य एटले सत्य, स्वरुप, देखाडे छे.

યથાતથ્ય, સમ્યક્ જ્ઞાનનો સ્વરૂપ, હવે પ્રવેદિસું, એટલે કહીશું. તથા જીવને નાના પ્રકારના જ્ઞાનાદિક જે ઉત્પન્ન થાય,

તે પણ હવે કહીશું. તથા સત્પુરૂષનું ધર્મ જે શ્રુત ચારિત્ર રૂપ જે દુર્ગતિ થકી રાખનાર તે ધર્મ, અને અસત્પુરૂષ એટલે પરતીર્થીક તથા ગ્રહસ્થ, અને પાસથ્થાદિક તેનો સીલ એટલે દુષ્ટાચાર તે કહીશું. તથા શાંતી એટલે નિર્વાણરૂપ અને સંસાર ભ્રમણરૂપ એ બન્નેને પ્રગટ કરીશું. ॥ ૧ ॥

રાત્રિના તેમ દિવસના પણ સમ્યક્ પ્રકારે ઉઠયા એટલે સાવધાન થયા, એવા જે નિન્હવાદિક જમાલી પ્રમુખ સ્વદર્શની તથા બોટિકાદિક અન્યદર્શની તે તથા પ્રકારે તીર્થંકરાદિક પાસેથી સંસાર થકી નિકળવાનું ઉપાય એવો જે, પંડિત ધર્મ તેને પામીને જમાલી પ્રમુખની પેરે કર્મને, ઉદયેં, તે શ્રી તીર્થંકર, ભાષિત, એવો સમાધિવંત એટલે સમ્યક્, દર્શનાદિક, ધર્મ, તેને અણ સેવતા થકા કદાગ્રહીપણાને લીધે મિથ્થાત્વના પેર્યો સ્વછંદે યથા, તથા એટલે જેમ તેમ બોલતા શ્રી સર્વજ્ઞના માર્ગને ઉથાપતા, અને કુમાર્ગનો ઉપદેશ કરતા એ રીતે પ્રવર્તતા કદાપિ પોતાને આચારના શિખાવનાર એવા ગુરૂ જે મહાનુંભાવ તે પ્રત્યેં પણ કઠોર વચન બોલે. ॥ ૨ ॥

તે સ્વાગ્રહિ પુરૂષ તે વિશોધિત શુદ્ધ નિર્દોષ માર્ગ તેને આચાર્યની પરૂપણા થકી ઉથાપિને કહે, એટલે જે પોતાના ભાવે એટલે સ્વચ્છંદે બોલે, તે અહાછંદપણા થકી ઘણા ગુણ જે જ્ઞાનાદિક તેનો આસ્થાન થાય, કેમકે એ સ્વાભિનિવેશ, મિથ્થાત્વના, ભાવ થકી કરીને, જે જ્ઞાન શંકા એટલે શ્રી જીનાગમને વિષે શંકા લાવીને મૃષા બોલે સ્વકલ્પિત, જેવો રૂચે તેવો બોલે તેણે કરીને ઘણા ગુણાનો આસ્થાન એટલે કુભાજન થાય. ॥૩॥

જે કોઇ પૂછે, જે તમે કોની પાસેથી ભણ્યા છો ! તે વારે પોતાના આચાર્યનું નામ ગોપવીને બીજાનું નામ કહે, તે નિશ્ચે થકી આત્માર્થ જે મોક્ષને અર્થ તેને વંચે છે, એ તાવતા તે

મુક્તિને ન પામે. પરમાર્થ થકી તે અસાધુ થકો પણ આ જગતને વિષે પોતામાં સાધુપણું કરી માને, તથા બીજાઓને કહીને પોતામાં સાધુપણે મનાવે, તે માયાવી સાધુ આ સંસારને વિષે અનંત ઘાત પામે, એટલે અનંત કાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે. ॥ ૪ ॥

જે ક્રોધી થાય તે જગતાર્થ ભાષી હોય, જગતાર્થ ભાષી એટલે, જેમાં જેવો દોષ હોય, તેને તેવો કહે. અર્થાત કાણાને કાણો કહે, ખોડાને ખોડો કહે, ટુંટાને ટુંટો કહે, પાંગળાને પાંગળો કહે, કોઢીને કોઢી કહે, એવો પ્રગટ નિઠુર ભાષણ કરનાર હોય, જે ઉપસમાવેલો એવો જે કલહ તેને વળી ઉદીરે એ પુરૂષને જે ફળ થાય તે કહે છે તે પુરૂષ જેમ કોઇ આંધળો પુરૂષ લાકડી ગ્રહણ કરીને માર્ગને વિષે જાતો થકો અનેક કંટક ચતુષ્પદાદિકે કરી પીડાય તેમ, અકોવિદ એવો જે કલહકારી પાપ કર્માચારી જીવ તે પણ ચતુર્ગતિક સંસારમાંહે દુઃખ પામે. ॥ ૫ ॥

જે કોઇ વિગ્રહ એટલે કલહકારી હોય, તે યદ્યપિ ક્રિયા તો કેટલીક કરે, તથાપિ તે ક્રિયા વિગ્રહ એટલે યુદ્ધ પ્રિય થાય તથા અન્યાયનો બોલનાર હોય, તે પુરૂષ કલહ રહિત એવા સમ્યક્ દ્રષ્ટી તેના સરખો સમભાવી ન હોય, તે માટે સાધુ કલહકારી ન હોય પરંતુ સાધુ કેવો હોય તે કહે છે ઉપપાતકારી, એટલે આચાર્યની આજ્ઞાપાલક, તથા લજ્જાવંત, મનવાળો હોય એટલે અનાચાર કરતો થકો આચાર્યાદિક થકી લજ્જા પામે, તથા એકાંતદ્રષ્ટી એટલે જીવાદિક પદાર્થનો જ્ઞાતા હોય, એકાંત શ્રદ્ધાવંત હોય, તથા માયારહિત હોય, એવા પુરૂષને સાધુ કહિએ. ॥ ૬ ॥

અને આચાર્યાદિકે, ઘણો શીખવ્યો છતો પણ યથાર્થ

તેવાજ ભાવે વર્ત્તે, પણ ગુરૂ વચન વિરોધી ન થાય તેને પેશલ એટલે મનોહર વિનયાદિક, ગુણવંત જાણવો તથા શુક્ષ્મ ભાવનો દેખનાર તથા પરમાર્થ થકી પુરષાર્થનો સાધક, તથા તેવીજ જાતિ સહિત સત્કુલોત્પન્ન જાણવો નિશ્ચયં થકી તે રૂજુ આચારી એટલે સરળ માર્ગે પ્રવર્ત્તે, તેવા પુરૂષને, આચાર્યાદિકે ઘણો શીખવ્યો છતો, મુખનું રાગ ફેરવે નહીં, અર્થાત પ્રસન્ન મન રાખે તે પુરૂષ શ્રી વીતરાગ સમાન કલહ રહિત થાય. ॥૭॥

જે કોઇ લઘુ પ્રકૃતિ પોતાને આત્માને ( વસુમંત ) એટલે સંયમવંત જાણીને સમ્યક્ પરમાર્થે અપરીક્ષ થકો આત્મોત્કર્ષે અભિમાન કરે, તથા હુંજ તપે કરી સહિતછું, મહારા સમાન બીજો કોઈ તપસ્વી નથી, એવી રીતે જાણીને અભિમાન ધારણ કરી અન્ય જનને બિંબભૂત, ગુણસુન્ય, આકાર માત્ર દેખે, એટલે જળ ચંદ્રમાની પેરે જાણે. ॥ ૮ ॥

તે પુરૂષ એકાંત કૂટ પાસે કરીને જેમ મૃગ કૂટ પાસે પડયો થકો દુઃખનું વિભાગી થાય છે. તેની પેરે તે મંદબુધ્ધ પણ સંસારમાંહે પરિભ્રમણ કરે, તે પુરૂષ કદાપિ મૌનપદ એટલે સંયમપદ તેને વિષે સર્વથા પ્રકારે વિદ્યમાન નથી, એમ સમજવું તથા તે પુરૂષ ઉંચ ગોત્રને વિષે પણ ન પ્રવર્ત્તે, કિંતુ તે અત્યંત હીન ગોત્રનેજ પામે. તથા જે માન એટલે પુજાને અર્થે વ્યુત્કર્ષે એટલે વિવિધ પ્રકારે અભિમાન કરે તે પણ સંયમને વિષે નથી એમ જાણવું તથા જે સંયમને ગ્રહણ કરીને પછી મંદવિપાકના ઉદય થકી અન્ય કોઇ મદ સ્થાનકને વિષે માચે તે નિશ્ચે થકી પરમાર્થને અજાણતો અજ્ઞાની થકો સંસારમાં પરિભ્રમણ કરે. ॥ ૯ ॥

તથા જે બ્રાહ્મણ જાતિ અથવા ક્ષત્રિય જાતિ તે, ઇક્ષ્વાકુ વંશાદિક તેના ભેદ કહે છે. તથા જે ઉગ્રપુત્ર તથા લેચ્છકિ

એટલે રાજપુત્ર વિશેષ નવમલ્લિક નવલેચ્છીક એટલા કુળમાં ઉત્પન્ન થયેલા સંસારને અસાર જાણીને રાજ્યપ્રમુખ ત્યાગીને, જે પ્રવર્જિત થયા એટલે ચારિત્રવાન થયા. તે એવા છતા પણ પારકો દીધો એવો જે આહાર તેને ભોગવે, એટલે શુદ્ધાહાર ગ્રહણ કરે પરંતુ ગોત્રને વિષે ગર્વ ન કરે એટલે શુદ્ધાહારનું ગ્રહણ કરનાર એવો ચારિત્રીઓ પોતાના ઊંચગોત્રને વિષે ગર્વ કરે નહીં. ગોત્ર કેવો છે તો કે, માનબદ્ધ એટલે બ્રાહ્મણ તથા ક્ષત્રીય વંશના ઉપના સ્વભાવે પોતાના વંશના અભિમાની થાય છે. તેમ છતાં પણ ચારિત્ર આદર્યા પછી કોઇ પણ પ્રકારના ગોત્રનું આહાર ગ્રહણ કરે, પરંતુ શુદ્ધાહાર ગ્રહણ કરે, પણ પોતાના ગોત્રનો ગર્વ કરીને તેવાજ ગોત્રનો અશુધ્ધ આહાર લેવાની ઇચ્છા ચારિત્રિઓ કરે નહી એ અભિપ્રાય છે. ॥ ૧૦ ॥

તે અભીમાની પોતાના ગોત્ર સંબંધી મદના કરનારને જાતિ એટલે તે માતાનું, પક્ષ, અને કુળ એટલે પિતાનું પક્ષ, એ બંનેનું મદ ત્રણને અર્થે ન થાય, કારણ કે સંસારમાં ભ્રમણ કરતા પ્રાણીને માતાની જાતિ અને પિતાનું કૂળ, તે કાંઇ ત્રાણ ભણી ન થાય, હવે જે પદાર્થ જીવને ત્રણ થાય તે કહે છે, વિદ્યા એટલે જ્ઞાન અને ચરણ એટલે ચારિત્ર મુચીર્ણ એટલે એ બંન્નેને સારી રીતે આચર્યા થકી મુક્તિનું કારણ થાય છે. અર્થાત્ જ્ઞાન અને ક્રિયા એ બે વીના બીજો કોઇ જીવને શરણ નથી. માટે જે પુરૂષ ગ્રહસ્થપણા થકી, (નિક્ખમ) મ્મ એટલે નિકળી, ચારિત્ર આદરીને ફરી આગારીનો કર્ત્તવ્ય જે જાતિ મદાદિક તેને સેવે અથવા સાવદ્યારંભાદિક સેવે, તે પુરૂષ સંસારનો પારંગામિ ન થાય. કેમકે જ્ઞાન, દર્શન, અને ચારિત્ર એજ મુક્તિના કારણ છે. પરંતુ જાતિકુળાદિકનો મદ તે કાંઈ મુક્તિનો કારણ

નથી. એમ જાણવું. ॥ ૧૧ ॥

જે નિઃકિંચન નિપરિગ્રહી સુલુક્ષ જીવી, એટલે અંતપ્રાંત આહારનો લેનાર હોય, તેને ભિક્ષુ એટલે સાધુ જાણવો, અને જે ગર્વવંત હોય શ્લાઘા એટલે પ્રસંસાનો કામિ એટલે વાંછા કરનાર હોય, તે જીવ આજીવિકા માત્રનો કરનાર છતાં. શુધ્ધ સંયમનો અજાણ એવો છતો, તે જીવ ફરી ફરી વિપર્યાસને પામે, એટલે વળી વળી જન્મ મરણાદિકે કરીને ઘણો સંસારને વિષે પરિભ્રમણ કરે. ॥ ૧૨ ॥

જે સાધુ ભાષાના ગુણ તથા દોષનો જાણ તથા ( સુસાહુ વાદી ) એટલે પ્રિયવચનનો બોલનાર, એટલે ક્ષીરાશ્રવ મધ્વાશ્રવ લબ્ધીવાળો, વળી પ્રતિભાવવંત. એટલે ઉત્પાતિકાદિક ચાર પ્રકારની બુધ્ધિનો પારંગામી હોય, તથા વિશારદ એટલે પંડિત અર્થ ગ્રહણ કરવાને સમર્થ આગાઢપ્રજ્ઞ, એટલે, પ્રસ્તાવવેતા, અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો જાણ તથા નાના પ્રકારની ભાવનાયેં કરીને ભાવ્યો છે આત્મા જેમનો એવો છતો, અન્ય જન પ્રત્યે પોતાની પ્રજ્ઞાએ કરી એટલે પોતાના જાણપણે કરી પરાભવે અર્થાત્, એમ જાણે જે સાહરા સમાન કોઇ જાણ પુરૂષ નથી. એ રીતે બીજાને, તૃણવત ગણે. ॥ ૧૩ ॥

એવા સાધુને દોષ કહે છે. એ રીતે અહંકારનો કરનાર જે સાધુ હોય તે સમાધિને પ્રાપ્ત થયો ન કહેવાય. જે સાધુ પ્રજ્ઞાવંત થઇને વ્યુત્કર્ષ એટલે ગર્વને ધારણ કરે, અથવા જે કોઇ સાધુ અલ્પાંતરાય થકો લાભવાન્ એટલે બીજાને ઉપકરણ આપવાને સમર્થ છતો, લાભના મદે કરી લિપ્ત થાય એટલે મત્ત થાય, અન્ય જનને ખિંસે એટલે બીજાની નિંદા કરે, અને એમ વિચારે જે સર્વ સાધારણ સય્યા સંસ્તારક પ્રમુખ લાવવાને હુંજ સમર્થ છું; બીજા બાપડા શું? પેટ ભરવાને પણ

એટલે રાજપુત્ર વિશેષ નવમલ્લિક નવલેચ્છીક એટલા કુળમાં ઉત્પન્ન થયેલા સંસારને અસાર જાણીને રાજ્યપ્રમુખ ત્યાગીને, જે પ્રવર્જિત થયા એટલે ચારિત્રવાન થયા. તે એવા છતા પણ પારકો દીધો એવો જે આહાર તેને ભોગવે, એટલે શુદ્ધાહાર ગ્રહણ કરે પરંતુ ગોત્રને વિષે ગર્વ ન કરે એટલે શુદ્ધાહારનું ગ્રહણ કરનાર એવો ચારિત્રીઓ પોતાના ઊંચગોત્રને વિષે ગર્વ કરે નહીં. ગોત્ર કેવો છે તો કે, માનબદ્ધ એટલે બ્રાહ્મણ તથા ક્ષત્રીય વંશના ઉપના સ્વભાવે પોતાના વંશના અભિમાની થાય છે. તેમ છતાં પણ ચારિત્ર આદર્યા પછી કોઇ પણ પ્રકારના ગોત્રનું આહાર ગ્રહણ કરે, પરંતુ શુદ્ધાહાર ગ્રહણ કરે, પણ પોતાના ગોત્રનો ગર્વ કરીને તેવાજ ગોત્રનો અશુધ્ધ આહાર લેવાની ઇચ્છા ચારિત્રિઓ કરે નહી એ અભિપ્રાય છે. ॥ ૧૦ ॥

તે અભીમાની પોતાના ગોત્ર સંબંધી મદના કરનારને જાતિ એટલે તે માતાનું, પક્ષ, અને કુળ એટલે પિતાનું પક્ષ, એ બંનેનું મદ ત્રણને અર્થે ન થાય, કારણ કે સંસારમાં ભ્રમણ કરતા પ્રાણીને માતાની જાતિ અને પિતાનું કૂળ, તે કાંઇ ત્રાણ ભણી ન થાય, હવે જે પદાર્થ જીવને ત્રણ થાય તે કહે છે, વિદ્યા એટલે જ્ઞાન અને ચરણ એટલે ચારિત્ર સુચીર્ણ એટલે એ બન્નેને સારી રીતે આચર્યા થકી મુક્તિનું કારણ થાય છે. અર્થાત્ જ્ઞાન અને ક્રિયા એ બે વીના બીજો કોઇ જીવને શરણ નથી. માટે જે પુરૂષ ગૃહસ્થપણા થકી, (નિક્ખમ) ક્મ એટલે નિકળી, ચારિત્ર આદરીને ફરી આગારીનો કર્તવ્ય જે જાતિ મદાદિક તેને સેવે અથવા સાવદ્યારંભાદિક સેવે, તે પુરૂષ સંસારનો પારંગામિ ન થાય. કેમકે જ્ઞાન. દર્શન, અને ચારિત્ર એજ મુક્તિના કારણ છે, પરંતુ જાતિકુળાદિકનો મદ તે કાંઈ મુક્તિનો કારણ

નથી. એમ જાણવું. ા ૧૧ ા

જે નિ:કિંચન નિપરિગ્રહી સુલુક્ષ જીવી, એટલે અંતપ્રાંત આહારનો લેનાર હોય, તેને ભિક્ષુ એટલે સાધુ જાણવો, અને જે ગર્વવંત હોય શ્લાઘા એટલે પ્રસંસાનો કામિ એટલે વાંછા કરનાર હોય, તે જીવ આજીવિકા માત્રનો કરનાર છતાં. શુધ્ધ સંયમનો અજાણ એવો છતો, તે જીવ ફરી ફરી વિપર્યાસને પામે, એટલે વળી વળી જન્મ મરણાદિકે કરીને ઘણો સંસારને વિષે પરિભ્રમણ કરે. ા ૧૨ ા

જે સાધુ ભાષાના ગુણ તથા દોષનો જાણ તથા ( મુસાહુ વાદી ) એટલે પ્રિયવચનનો બોલનાર, એટલે ક્ષીરાશ્રવ મધ્વાશ્રવ લબ્ધીવાળો, વળી પ્રતિભાવવંત. એટલે ઉત્પાતિકાદિક ચાર પ્રકારની બુધ્ધિનો પારંગામી હોય, તથા વિશારદ એટલે પંડિત અર્થ ગ્રહણ કરવાને સમર્થ આગાઢપ્રજ્ઞ, એટલે, પ્રસ્તાવવેતા, અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો જાણ તથા નાના પ્રકારની ભાવનાયેં કરીને ભાવ્યો છે આત્મા જેમનો એવો છતો, અન્ય જન પ્રત્યે પોતાની પ્રજ્ઞાએ કરી એટલે પોતાના જાણપણે કરી પરાભવે અર્થાત્, એમ જાણે જે મારા સમાન કોઇ જાણ પુરૂષ નથી. એ રીતે બીજાને, તૃણવત ગણે. ॥ ૧૩ ॥

એવા સાધુને દોષ કહે છે. એ રીતે અહંકારનો કરનાર જે સાધુ હોય તે સમાધિને પ્રાપ્ત થયો ન કહેવાય. જે સાધુ પ્રજ્ઞાવંત થઇને વ્યુત્કર્ષ એટલે ગર્વને ધારણ કરે, અથવા જે કોઇ સાધુ અલ્પાંતરાય થકો લાભવાન્ એટલે બીજાને ઉપકરણ આપવાને સમર્થ છતો, લાભના મદે કરી લિપ્ત થાય એટલે મત્ત થાય, અન્ય જનને ખિંસે એટલે બીજાની નિંદા કરે, અને એમ વિચારે જે સર્વ સાધારણ સય્યા સંસ્તારક પ્રમુખ લાવવાને હુંજ સમર્થ છું; બીજા બાપડા શું? પેટ ભરવાને પણ

સમર્થ નથી, એવો સાધુ બાળ એટલે મુર્ખ બુધ્ધિવાળો જાણવો. ॥ ૧૪ ॥

પ્રજ્ઞાનો મદ તેમ વળી તપનો મદ એટલે હું બુદ્ધિવાન છું, હું તપસ્યાવાન છું, એવો જે મદ તેને, નમાડે એટલે એવો મદ ન કરે તથા ગોત્રનો મદ સાધુ ન કરે, એટલે મહારો ઉંચ ગોત્ર છે, હું ઉત્તમ કુળમાં જન્મ પામ્યો છું; એવો અહંકાર સાધુ ન કરે આસમંતથી જીતે ( આજીવિકા અર્થે ) એટલે ચોથો આજીવિક એટલે, અર્થ અર્થાત ધન તેનો મદ સાધુ ન કરે, એમ બીજો પણ કોઈ પ્રકારનો મદ ન કરે તે પંડિત ઉત્તમ પુદ્દગળને વિષે પોતે નિસ્પૃહ એવા આત્મવાળો તે સાધુ જાણવો. ॥ ૧૫ ॥

એ પૂર્વોક્ત જે પ્રજ્ઞાદિક મદના સ્થાનક કહ્યા તેને ધૈર્યવાન સાહસિક પુરૂષ સંસારના કારણ જાણીને, પોતાના આત્મા થકી જુદા કરે, એટલા મદના સ્થાનકને સુપ્રતિષ્ઠિત જેનો ધર્મ છે, એવા પુરૂષ ન સેવે, એટલે આદરે નહીં. તે સમસ્ત ગોત્રાદિક મદ રહિત એવો મહાતપીશ્વર જે હોય એવાને ફળ કહે છે. ઊંચ અને અગોત્ર એટલે જેને વિષે નામગોત્રાદિક કર્મ નથી, તેવી ગતિ પામે, એટલે તે સાધુ મોક્ષને વિષે જાય. ॥ ૧૬ ॥

તે સાધુ શરીર સંસ્કાર રહિત, તથા દ્રષ્ટ એટલે દીઠો છે યથાવસ્થિત ધર્મ જેણે અથવા દ્રઢ ધર્મી એટલે ધર્મને વિષે દ્રઢ એવો છતો કોઇક, અવસરે, ભિક્ષાદિકને અર્થે ગ્રામ નગર, દ્રોણ મઠાદિકને વિષે પ્રવેશ કરે, તે એષણા એટલે આહારની શુદ્ધિ જાણતો તથા અનેષણીય એટલે આહારના અશુદ્ધતાપણાને પણ જાણતો થકો. ઉદ્દગમાદિક દોષને સમ્યક્ પ્રકારે ટાળતો, થકો, અન્નને વિષે તથા પાણીને વિષે અગૃદ્ધ થકો લોલ્યતા રહિત એવો છતો સાધુ વિચરે. ॥ ૧૭ ॥

કદાચિત સાધુને અંતપ્રાંત ભોજને તથા અસ્તાને કરી કર્મ યોગે સંયમને વિષે અરતિ ઉપજે અને અસંયમને વિષે રતિ ઉપજે તે વારે સંસારનું સ્વભાવ અસ્થિર જાણીને નરકાદિકના દુઃખને સ્મરણ કરતો થકો, ઉત્પન્ન થયેલી રતી અરતિનું નિરાકરણ કરે, એમ રતિ અર્રતિને જીતીને સુધો સંયમ પાળે. તથા ઘણા જન સહિત છતો તથા એકચારી એટલે એકલોછતો પૂછયો અથવા ન પૂછયો થકો પણ, એકાંત નિરવદ્ય ભાષા બોલે, કારણ કે અન્ય જનોનો દાક્ષિણપણો તે જીવને ત્રાણ ભણી ન થાય, તે માટે ધર્મ કથાને પ્રસ્તાવે સાધુ એકાંત નિરવધ ભાષા બોલે, અને બીજે પ્રસ્તાવે મૌન રહે, જીવને ગતિ આગતિ તે એકલાનેજ કરવી પડે છે. ત્યારે જીવને એકલો પરલોક ગમનાગમન કરતા એક ધર્મ વિના બીજો કોઇ સહાયકારી નથી, એવી રીતે સાધુ પોતાના મનમાં જાણે. ॥ ૧૮ ॥

ચતુર્ગતિક સંસારનું કારણ મિથ્થાત્વાદિક છે, તથા મોક્ષસ્વરૂપનું કારણ સમ્યક્ જ્ઞાનાદિક છે, એવું પરોપદેશવિના સ્વયં પોતેજ જાણીને અથવા ગુર્વાદિકની પાસેથી શ્રવણ કરીને, સમસ્ત પ્રજા એટલે ત્રસ તથા સ્થાવર જીવોને હિતકારક એવો શ્રુતચારિત્રરૂપ જે ધર્મ તેને ભાષે એટલે કહે એવો સાધુ જાણવો, એ ઉપાદેયપણુ કહ્યો હવે હેયપણુ એટલે જે પદાર્થ છાંડવા યોગ્ય છે તે કહે છે જે મિથ્થાત્વ અવિરતિ પ્રમાદાદિક એવા પદાર્થ જે જગતમાંહે ગરહા એટલે નિંદનીક છે, તથા નિયાણા સહિત એવા જે, પ્રયોગ હોય તેને જે ધર્મને વિષે ધીર પુરૂષ હોય તે ન સેવે, ન આચરે. ॥ ૧૯ ॥

કોઇ એક મિથ્થાદર્શનીનો અભિપ્રાય જાણ્યાવિના સાધુ, તથા શ્રાવકનો ધર્મ સ્થાપન કરવાની ઇચ્છાયે, કદાચિત્ સાધુ તે પરતિર્થીક આગળ તિરસ્કારના વચન બોલે, તે વારે તે

મિથ્યાદર્શીની શ્રી વીતરાગના વચન ઉપર અસદ્દહણા કરતો થકો, ક્ષુદ્રપણું કરે, એવો છતો વિરૂપ કરે જેમ પાળક પ્રોહિતનો સ્કંદસુરિ ઉપર, ક્ષુદ્રભાવ થયો તેની પેરે જાણવું. આયુષ્યના કાળનું પ્રમાણ ઘણો હોય તેને ઘટાડે અર્થાત આયુષ્યનૃં વિનાશ કરે તે માટે સાધુ જણ આગલાનું અભિપ્રાય લઇને પછી, તેના આગળ અર્થ પ્રકાશે સ્વપરોપકારને અર્થે બોલે અન્યથા મૌનમેવ શ્રય. ॥ ૨૦ ॥

વૈર્યવાન બુદ્ધિમાન સાધુ દેશનાને અવસરે શ્રોતાનો કર્મ એટલે અનુષ્ટાન, તથા છંદ એટલે ચિત્તનો ભાવ, એને જુદા જુદા જાણીને એ તાવતા સમ્યક રીતે જાણીને યથા યોગ્ય ભાવ ધર્મ કહે, તથા શ્રોતા પુરૂષનું આય ભાવ એટલે, આત્મા ભાવ તે વિષય ઉપર ગૃદ્ધપણું એટલે મિથ્યા પરિણામ તેને સર્વથા પ્રકારે, વિશેષે કરી નિર્ધારે એટલે દુર કરે, અને ગુણને વિષે તેને સ્થાપે, વળી રૂપ જે સ્રિયાદિકના અંગોપાંગના જેવા વાળા એવા અલ્પ બુદ્ધિવાન તુચ્છ પ્રાણી તે ધર્મ થકી લોપાએ ઇહલોકે સ્છેદનાદિક પીડા પામે પરલોકે નરકાદિકનો દુઃખ પામે માટે એ ભયના કરનાર છે, એ ધર્મ થકી ભ્રષ્ટ કરે એમ કોઇ શ્રોતા કહે, શ્રોતા સ્રીનો ગૃદ્ધ હોય, તે વારે અપવાદ ધરે, તે વારે પંડિત આગલાનો ભાવ ગ્રહણ કરીને, ત્રસ, તથા સ્થાવર જીવોને, હિતનો કરનાર એવો ધર્મોપદેશ કરે. ॥ ૨૧ ॥

સાધુ દેશના આપતો થકો પૂજન, તથા વસ્રાદિકના, લાભની વાંચ્છા ન કરે, તથા શ્લાઘા એટલે આત્માની પ્રશંસા તેની પણ વાંછા ન કરે, તથા રાગ, અને દ્વેષ, કોઇની સાથે સર્વથા ન કરે, અથવા કોઇની નિંદા વિકથા પણ ન કરે, એમ સર્વથા પ્રકારે અનિષ્ટ અનર્થકારી એવી પૂજા સત્કારાદિક વસ્તુ તેને સમસ્તપણે વર્જે, તથા અનાકુલ એટલે ક્ષોભાદિક રહિત,

આળશરહિત, તથા કષાયરહિત, એવો છતો સાધુ ધર્મની પરૂપણા કરે. ॥ ૨૨ ॥

યથાતથ્ય સત્યમાર્ગ જે સુત્રગત છે. તેને આલોચતો સમ્યક્ પ્રકારેં અનુષ્ટાનને અભ્યાસતો થકો, સર્વ પ્રાણી માત્ર જે ત્રસ, અને સ્થાવર, જીવો છે. તેનો દંડ એટલે વિનાશનું ત્યાગ કરીને પ્રાણાંતે પણ ધર્મનું ઉલંઘન ન કરે. જીવિતવ્ય, અને મરણની વાંન્છા રહિત સમતા ભાવ સહિત થકો, સુધો સંયમ પાળે, તે સાધુ (વલય) એટલે મિથાત્વ મોહ ગહન થકી વિપ્રમુક્ત થાય, તિવેમિનો અર્થ પૂર્વવત્ જાણવો. ॥ ૨૩ ॥

इति श्री सूत्र कृतांगना प्रथम श्रुत स्कंधने विषे यथातथ्य नामे तेरमो अध्ययन संपूर्ण थयो. ॥

---

हवे ग्रंथ परित्याग नामा चैादमो अध्ययन कहे छे. तेरमां अध्ययनमां यथा सत्य पणो कह्यो, ते यथा सत्य पणो तो बाह्याभ्यंतररूप द्विविध परिग्रहना त्याग विना न थाय, माटे आ चौदमां अध्ययनमां ग्रंथ परित्याग पणो कहे छे

વળી ધનધાન્ય હિરણ્યાદિક બાહ્ય ગ્રંથ, અને ક્રોધાદિક અભ્યંતર ગ્રંથ, એ દ્વિવિધ ગ્રંથને ત્યાગીને, આ પ્રવચનને વિષે સમ્યક્ પ્રકારે સંયમ માર્ગ શુધ ક્રિયારૂપ શીલ શીખતો થકો, સંયમને વિષે ઉદ્યમ કરીને શુશોભન એવા બ્રહ્મચર્યવ્રતનું નવવાડ સહિત આશ્રય કરે, તથા જાવ જીવ સુધી ઉપાયકારી એટલે ગુરૂની આજ્ઞા પાળતો, શોભન પ્રકારે કરીને વિનયજ શીખે, જે ડાહ્યા પુરૂષ છે તે, એ કાર્યને વિષે પ્રમાદન કરે.॥૧॥

હવે ગુરૂ ઉપદેશ વિના પોતાને છંદે ગચ્છ થકી નીકળીને જે એકાકીપણે વિચરે તેને ઘણા દોષની પ્રાપ્તિ થાય, તે ઉપર દ્રષ્ટાંત કહે છે. યથા દ્રષ્ટાંતે જેમ પક્ષીના બાળકને જ્યાં સુધી પાંખ આવી નથી, ત્યાં સુધી તે પાંખ વિનાનો એવો છતો, પોતાના માળા થકી ઉડવાની વાંછા કરતો થકો પાંખ ફડફડાવે, પરંતુ આકરો ઉડીજવાને અસમર્થ થાય, અને તેને પાંખો થકી હીત માંસ પેસી સમાન એવો ન્હાનો તરૂણ દેખીને, માંસાહારી એવા ઢંકાદિક પક્ષીઓ તેને અપહરીને, તેનો વિનાશ કરે, તે બાળક કેવો છે. તો કે. ( અવ્યક્તગતાસિવા અસમર્થ ) એટલે ત્યાંથી નાશી જવાને અસમર્થ એવો છે. ॥ ૨ ॥

એ રીતે જેમ તે અવ્યક્ત એવો જે પક્ષીનો બાળક તેનો બીજા ઢંકાદિક ક્ષુદ્ર પક્ષીઓ વિનાશ કરે, તેમ તે અગીતાર્થ નવદિક્ષીત શિષ્ય પણ ગચ્છરૂપ માળા થકી નીકળ્યો, તો પછી તેને અનેક ક્ષુદ્ર પાખંડીરૂપ જે ઢંક પક્ષીઓ તે પોતાને વસગામી જાણતા થકા, તેને વિપ્રતારીને સંયમરૂપ જીવિતવ્ય થકી ચુકાવે, પાંખ રહિત એવો જે પક્ષીનો બાળક તેની પેરે તે અગીતાર્થ શિષ્યને તે પાપધર્મિ એવા અનેક પાખંડી તેને સંયમ થકી હરણ કરે. ॥ ૩ ॥

એ માટે ચારિત્રવાન સાધુએ સર્વકાળ ગુરૂ પાસે રહેવો તે કહે છે. જાવજીવ સુધી ગુરૂની પાસે રહેવાની વાંચ્છા કરે, જે સુ સાધુ છે, તે એવીજ સન્માર્ગરૂપ સમાધિની વાંચ્છા કરે, એટલે પરમાર્થ થકી મનુષ્ય તેનેજ કહિએ, કે જે ગુરૂ કુલવાસે વસતો થકો, પોતાના ભાખેલા, અંગીકાર કરેલાં, સન્માર્ગનો નિર્વાહ કરે. ગુરૂ કુલવાસે અણુવસતો એટલે સ્વચ્છંદાચારી છતો સંસારનો અંત ન કરે, ઉલટો અનંત સંસારી થાય, સંસારની વૃદ્ધિ કરે, એવું જાણીને સર્વકાળ ગુરૂ કુલવાસે વસે, ગુરૂ-

ની સેવા કરે, એમ મુક્તિ ગમન યોગ્ય સાધુના આચારને અત્યંત દીપાવતો થકો, જીનભાષિત ધર્મને દીપાવે, એવું જાણીને (આસુપ્રજ્ઞ એટલે જે પંડિત હોય તે, ગચ્છ થકી બાહેર નીકળે નહીં. અર્થાત સ્વચ્છંદી ન થાય. ॥ ૪ ॥

જે વૈરાગ્ય આદરી ચારિત્રવંત થકો, સ્થાન આશ્રી કાયોત્સર્ગાદિકને વિષે, તથા શયન અને આશનને વિષે, ચકાર શબ્દ થકી ગમનને વિષે, પરાક્રમ એટલે બળ ફોરવે તે કેવો થકો, ફોરવે નો કે રૂડા આચારસહિત એવો છતો પાંચ સમિતિ, અને ત્રણ ગુપ્તિ, ને વિષે (આયપન્ન) એટલે સમ્યક જાણ અથવા અન્યને ઉપદેશ દેતો તે ઉપદેશને ગુરૂ પ્રાસાદથકી જાણીને, તેને જુદા જુદા વિચાર કહે. ॥ ૫ ॥

શબ્દ તે વંશના વીણાદિક કર્ણને સુખના કરનાર, તથા (ભૈરવ) એટલે કર્ણને દુઃખના કરનાર, એવા શબ્દ સાંભળીને, તે શબ્દાદિકને વિષે રાગ દ્વેષ, રહિત એવો છતો સુધો સંયમ પાળે, તથા નિદ્રારૂપ જે પ્રમાદ તે પણ ભિક્ષુ ન કરે, એ પ્રકારે પ્રવર્ત્તતો કોઈ પણ પ્રકારે વિતિગચ્છ એટલે સંદેહ તે થકી નિઃકાંત થાય, એટલે સંદેહ રહિત થાય. ॥ ૬ ॥

તે સાધુ ગુરૂ સન્મુખ વસતો કોઇ કારણે પ્રમાદે ખલના પામ્યો છતો, તેને ન્હાને અથવા વડેરાયે શીખામણ દીધી છતાં, અથવા રત્નાધિક જે આચાર્ય, અથવા સરખા પર્યાય વાળાયે શીખામણ આપી છતાં, તેમની શીખામણ સમ્યક્ પ્રકારે ન માને, તે સંસાર પ્રવાહે વાહાડીજતો સંસારનો પારંગામી ન થાય, એટલે મુક્તિ ગામી ન થાય. ॥ ૭ ॥

અન્યતિર્થિક અથવા ગ્રહસ્થ, તેણે સાધુને સિદ્ધાંતને અનુસારે શીખવ્યો છતો, એટલે જેવી રીતે તમે સમાચરો છો તેમ તમારા આગમને વિષે કહ્યું નથી, તથા ન્હાને અથવા મહોટે

શીખામણ ચોયણા આપી છતા, એટલે અત્યંત કાર્યની કરનારી, તથા પાણીની ભરનારી, એવી દાસી તેણે સિદ્ધાંતને અનુસારે ચોયણા કર્યો છતો, એટલે જેમ તમે ચાલો છો તેમ ગૃહસ્થ પણ ન ચાલે, ઇત્યાદિક વચને કરી ચોયણા કર્યો છતો શું કરે, તે કહે છે. ॥ ૮ ॥

તે શીખામણ આપનારના ઉપર તે સાધુ ક્રોધ ન કરે, તથા તેને વ્યથે નહીં. એટલે દંડાદિકે પ્રહાર કરીને તેને પીડા ઉત્પન્ન કરે નહીં, તથા કિંચિત માત્ર કઠોર વચન બોલે નહીં, પરંતુ તેમના વચન સાંભળીને આવી રીતે કહે કે, જેમ તમે કહો છો, હું તેમજ કરીશ. એમ તેના વચન માન્ય કરે, મનમાં એમ વિચારે જે મને એહિજ શિક્ષારૂપ શ્રેયકારી દાન આપે આપે છે, એવું જાણીને પ્રમાદ ન કરે. ॥ ૯ ॥

જેમ (વન) એટલે ગહન અટવીને વિષે કોઇ એક મુર્ખ દિશિમૂઢ થઇ ભુલો પડયો, તેને કોઇક અમુઢ પુરૂષ માર્ગનું દેખાડનાર પ્રજા લોકને હિતકારી એવો માર્ગ દેખાડે. એ દ્રષ્ટાંતે શિષ્ય પણ એમ જાણે, જે મુજને એહિજ શિક્ષાનો માર્ગ શ્રેયકારી કહે છે, જે મુજને બુદ્ધ પંડિત ગુરૂ આચાર્યાદિક સમ્યક્ રીતે પુત્રની પેરે શિખામણ શિક્ષા આપે છે; તે શિખામણને શ્રેયકારી માનીને આદરે. ॥ ૧૦ ॥

હવે તે મુર્ખ પુરૂષે માર્ગ પામે છતે માર્ગનો દેખાડનાર જે અમુઢ પુરૂષ તેનો ઉપકાર જાણીને, તેની સવિશેષ વિસ્તાર યુક્ત પુજા કરવી, ઉપમાં ત્યાં કહી કોણે કહી તો કે શ્રી વીર પરમેશ્વરે કહી. તે પુરૂષ ( અર્થ ) એટલે પરમાર્થ જાણી, સમ્યક્ પ્રકારે પોતાને તેનો કરેલો ઉપકાર જાણી, એમ વિચારે જે આ પુરૂષે મને મિથ્યાત્વરૂપ ગહન વનના દુઃખ થકી રૂડો ઉપદેશ આપીને છોડાવ્યો છે, તે માટે એની ભક્તિ કરવી.॥૧૧॥

જેમ (ણેતા) એટલે માર્ગનો જાણ પુરૂષ ચક્ષુ સહિત છતાં પણ અત્યંત અંધકારમય રાત્રીને વિષે માર્ગને ન જાણે, કેમકે અંધકારમાં દ્રષ્ટી પડે નહીં, માટે અણ દેખતો છતો માર્ગ ન જાણે. પરંતુ તેજ પુરૂષ સુર્યોદય થયાથી અંધકાર વિનાશ પામે, તે વારેં સર્વ જગતમાં વિશેષ પ્રકાશે થયો છતા, વળી સમ્યક્ પ્રકારે તે માર્ગને જાણે. ॥ ૧૨ ॥

એ રીતે નવ દિક્ષિત શિષ્ય પ્રથમતો ધર્મને અણફરસવાને લીધે અપંડિત અગીતાર્થ અબુઝ થકો ધર્મને ન જાણે, સુદ્ધ સિદ્ધાંતના જે અર્થ તે થકી રહિત હોય, પછી તેહિજ શિષ્ય ગુરૂ કુળ વાસે વસ્તો થકો, જિન વચન થકી સમસ્ત સુત્રાર્થ વિચારને સમજીને પંડિત થાય જેમ સુર્યોદય થકી નિર્મળ નેત્ર વાળો પુરૂષ સર્વ માર્ગને જાણે, તેમ સુશિષ્ય પણ રૂદયરૂપનેત્રે કરી આગમરૂપ સૂર્યે પ્રકાશિત થયાથી નિર્મળ ધર્મરૂપ માર્ગને જાણે. ॥ ૧૩ ॥

તે શિષ્ય જાણ થયો થકો શું દેખે તે કહે છે. ઊંચો, નીચો, અને તિર્છો, એ તાવતા સર્વ લોકમાંહે ત્રસ, અને સ્થાવર, જે જીવો છે, તેને વિષે તે સર્વકાળ યત્ન કરતો. સંયમ પાળે, રૂડી ક્રિયા કરે, તેને વિષે મને કરી પ્રદ્વેષ ન કરે, (અવિકંપ) એટલે શુદ્ધ સંયમને વિષે અડોલ નિશ્ચલ એકાગ્ર ભાવ સહિત એવો રહે. ॥ ૧૪ ॥

તે સાધુ કાળ પ્રસ્તાવે એટલે અવસર લહને, જે આચાર્ય પ્રજા એટલે જીવોને વિષે સમપરિણામે વર્ત્તતા હોય તેવા આચાર્યની પાસે સૂત્ર અને અર્થ પૂછે અને તે આચાર્યને પણ મુક્તિ ગમનયોગ્ય જે પુરૂષ એવા પુરૂષના શુદ્ધ વ્રત આચાર્યને ભાષતો થકો, વંદનીક પૂજનીક હોય, પંચાચારનો પાળનાર હોય, તેવા આચાર્ય ગુરૂના વચન શ્રવણ કરતો થકો, જુદા જુદા

અર્થ વિચાર રૂદયને વિષે ધારણ કરી રાખે. સન્માર્ગરૂપ કેવળી ભાષિત સમ્યક્ જ્ઞાનાદિ લક્ષણ ધર્મ તદ્રૂપ સમાધિને પોતાના રૂદયને વિષે સ્થાપન કરે. ॥ ૧૫ ॥

એ રીતે ગુરૂ કુળ વાસે વસતો એવો ચારિત્રિઓ તે પૂર્વોક્ત શ્રુતરૂપ ધર્મ માર્ગ સાંભળીને, મોક્ષ માર્ગ ગ્રહણ કરીને, ત્રિવિધ પ્રકારે ત્રાયી થાય એટલે મન, વચન, અને કાયાયેં, કરી છકાયનો રક્ષપાળ થાય. એ સમિતિ ગુપ્તિને વિષે સ્થિત રહિને શાંતિ તથા નિરોધ એટલે સમસ્ત કર્મનો ક્ષય કરે, એમ કહે છે. તે કોણ કહે છે. તોકે, ત્રૈલોક દર્શી એટલે સર્વજ્ઞ પુરૂષો એમ કહે છે, વળી તે સાધુ કદાપિ ક્ષણ માત્ર પણ પ્રમાદનો સંગ કરે નહીં, તથા એ પ્રમાદ કરવો, એવો ઉપદેશ પણ કરે નહીં તે પંડિત સાધુ જાણવો. ॥ ૧૬ ॥

તે ગુરૂકુલવાસી સાધુ મુક્તિ ગમન યોગ્યનો આચાર જે મોક્ષ માર્ગ એટલે સમિહિત અર્થ એવો સાંભળીને તેને સમ્યક્ પ્રકારે હૃદયને વિષે અવધારીને, ( પ્રતિભાવંત ) એટલે બુદ્ધિવંત થાય, તથા વિશારદ એટલે સાંભળનારને તે મોક્ષમાર્ગનો અર્થ પ્રકાશે એવો. મોક્ષાર્થી, તથા બાર પ્રકારનો તપ, તથા સંયમ તેને પ્રાપ્ત કરીને, શુધો નિર્દોષિ એવા આહારે કરી અવશાને મોક્ષને પામે. ॥ ૧૭ ॥

હવે ગુરૂ કુલવાસે વસતાં જે કરે, તે દેખાડે છે. તે સાધુ ગુરૂ પાસેથી સાંભળીને પછી તેને સમ્યક્ પ્રકારે જાણીને અન્ય જનોને ધર્મ પ્રકાશે, એવા ( બુદ્ધ ) એટલે તત્વના જાણ તે જન્માંતરે સચિંતજે કર્મ તેના અંતના કરનાર થાય, તે યથાવસ્થિત ધર્મના પ્રકાશક બન્નેને એટલે પોતાના તથા પરને કર્મ થકી મુકાવવે કરીને સંસારના પારંગામી થાય, જે સમ્યક્ સોધી પૂર્વાપર અવિરોધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, જાણીને પ્રશ્ન

કહે, એ તાવતા તે ગીતાર્થ સત્ય ધર્મ પ્રકાશતા થકા, પોતાના જીવને, અને પરના જીવને, તારનાર થાય, પૂછનારને સમાધિના કરનાર થાય. ।। ૧૮ ।।

તે પ્રશ્ન કહેતાં થકાં કદાપી અન્યથા પણ કેવાય, તે માટે તેનું નિષેધ કહે છે. તે ધર્મનું પ્રરૂપક પુરૂષ પૂછતા સૂત્રના અર્થને ઢાંકે નહીં, એટલે અન્યથા ન વખાણે, તથા પારકા ગુણ લુસે નહીં, એટલે પોતાને અભિમાને કરી અન્યને વિટંબના કરે નહીં, તથા માન ન સેવે, એટલે અહંકાર ન કરે, પોતાની મહોટાઇ પ્રકાશે નહીં, તથા હું બહુ શ્રુત છું, એમ પણ ન કહે તથા પોતાને પ્રજ્ઞાવંત જાણીને, પરનો (પરિહાસ્ય) એટલે ઉપહાસ્ય ન કરે, એટલે કોઇને અજ્ઞાની જાણીને તેને હાસ્ય નાં વચન બોલે નહીં, તથા કોઇને આશીર્વાદના વચન ન બોલે, એટલે તમે બહુ ધનવાન્, બહુ પુત્રવાન્, દીર્ઘાયુષ્યમાન, છો, ઇત્યાદિક વચન ન કહે. ।। ૧૯ ।।

તથા ભૂત એટલે પ્રાણી તેની હિંસાની શંકાયેં સાવદ્ય વચન જાણીને આશીર્વાદ ન આપે, પાપને નિંદતો થકો, તથા ( મંત્રપદ ) એટલે વિદ્યામંત્રે કરીને, ગોત્ર એટલે સંયમ તેને નિઃસાર ન કરે, વળી ધર્મનો પરૂપક સાધુ તે ધર્મનો પ્રકાશ કરતો થકો, સાંભળનાર પુરૂષોની પાસેથી વસ્ત્રાદિકના લાભની ઇચ્છા કરે નહીં, નિરીહ છતો ધર્મ પ્રકાશે, તથા અસાધુનો હિંસારૂપ વસ્તુદાન તર્પણાદિક એવો જે ધર્મ તેને સેવે નહીં, એટલે એવો સાવદ્ય ધર્મ ન બોલે. ।। ૨૦ ।।

તથા જે થકી પોતાને અને પરને હાસ્ય ઉપજે, તે ન કહે. તથા પાપ ધર્મ એટલે સાવદ્ય ધર્મ ન બોલે, તથા રાગ, દ્વેષ, રહિત અકિંચન એવો છતો સાધુ સત્ય વચનજ બોલે, અને જે પુરૂપ એટલે કઠણ નિઠુર વચન હોય, તેને જ્ઞ પરિજ્ઞાયેં

જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાયેં પરિહરે તથા પુંજા સત્કારાદિકને પામતો થકો, ઉન્માદ ન કરે તથા પોતાની યશ કીર્તિ દેખીને શ્લાઘા ન કરે, તથા અનાકુલ હોય, એટલે ધર્મ કરતો થકો વ્યાકુળ ન થાય, તથા કપાય રહિત એવો સાધુ જાણવો. ॥ ૨૧ ॥

સાધુ સુત્ર અર્થને વિષે નિઃશંકિ છતો પણ શંકા રાખે, એટલે સગર્વ ન થાય. એ અર્થ જે રીતે હું જાણુંછું, તે રીતે બીજો કોઈ જાણતો નથી, એમ ન કહે, એકાંત વાદ ટાળે, તથા સ્યાદ્વાદવચન બોલે, સિદ્ધાંતનો સર્વ પ્રથક્ પ્રથક્ અર્થ વેચીને વ્યાખ્યા કરે તથા સંયમને વિષે સમ્યક્ પ્રકારે ઉઠ્યા એવા સાધુ ધર્મ કથાને અવસરે બે ભાષા બોલે, એકતો સત્યાભાષા, અને બીજી અસત્યામૃષા, એટલે એકતો સત્યભાષા, અને બીજી વ્યવહારારિક, એ રીતે બે ભાષા બોલેં, તથા રાજાયેં, અને રાંકે, પુછયો થકો પ્રજ્ઞાવંત મહાનુભાવ એવો સાધુ બંન્નેને સમભાવે ધર્મ કહે. ॥ ૨૨ ॥

હવે તેને બે ભાષાયેં કરી ધર્મ કહેતા થકા, કોઈ એક પંડિત હોય તે સમી રીતે સમજે, અને કોઇએક મુર્ખ હોય તે વિપરીતપણે સમજે, એટલે તેને અર્થની પૂરેપુરી સમજણ ન પડે, તો તેમ તેમ સાધુ તે શ્રોતાને મધુર ભાષાયે કરી સમ્યક્ સમજાવે, સત્યમાર્ગ દેખાડે પરંતુ તેની ભાષાને અવહિલે નહી તથા તેને તિરસ્કાર ન કરે, તથા તેની ભાષાને નિંદે નહીં, થોડા સુત્રાર્થે થોડા કાળ સુધી કહે. પણ વ્યાકર્ણ તર્કે કરી ઘણો કાળ સુધી આલજાલ કહી વિસ્તારે નહી. (યત (સોઅથોવત્તવ્વો) જોબહુઇ અપ્પાગેહિ ચોવેહિં જાઉસુ થોવો બહુ અખરેહિ સોહોઇ નિસ્સારો ) ॥ ૧ ॥ ઇતિવચનાત્. ॥ ૨૩ ॥

જે અત્યંત વિષમ અર્થ હોય તે સમ્યક્ પ્રકારે વિસ્તારીને બોલે, જેમ શ્રોતા પુરૂષ સુખે સમજે, તેમ પ્રતિ પુર્ણ ભાષાયે

કરી બોલે, ( અઝખલિયઅવિચ્ચામેલિઓ ઈત્યાદિક) પૂર્ણભાષે તથા ગુરૂને સમીપે સાંભળીને, સમ્યક્ પ્રકારે અર્થ દેખીને, ભલીરીતે તે અર્થને વિચારીને, આજ્ઞા વિશુદ્ધ વચન પ્રયુંજે એમ ઉત્સર્ગ અપવાદ માર્ગને દર્શાવનારી એવી શુદ્ધ વાણી કહેતો થકો, સાધુ પાપનું વિવેક કરે, એટલે પાપનું પરિહાર કરે. ॥ ૨૪ ॥

શ્રી તીર્થંકરાદિકે જેમ વચન કહ્યાં છે, તેમજ ભલીરીતે શીખે તેમજ પાળે તેમજ મુખથી ભાષે, એટલે પ્રકાશે, તથા (વેલ) એટલે મર્યાદા ઉલ્લંઘે નહીં, વળી સાવધ વચન બોલે નહીં, એવો તે ( દિઠ્ઠીમં ) એટલે સમ્યક્ દ્રષ્ટીવંત તે પોતાનો સમ્યક્ દર્શન લૂસાએ નહી, તેવી રીતે પરૂપણા કરે તે પુરૂપ શ્રી તીર્થંકરભાષિત સમાધિ માર્ગ બોલી જાણે. ॥ ૨૫ ॥

આગમાર્થ કહેતો થકો લૂસે નહીં, એટલે અપશબ્દ બોલી સૂત્રાર્થ દુષવે નહીં તથા પ્રચ્છન્નભાષી ન થાય, એટલે સૂત્રર્થ ગોપવે, નહી, સૂત્રનો ભલો અર્થ પ્રકાશે, તથા ત્રાઇ એટલે છકાયનો રક્ષપાલ એવો સાધુ સુત્ર અર્થ અન્યથા ન કરે, ગુરૂની ભક્તિ આલોચીને બોલે, પણ ગુરૂની અભક્તિ થાય તેમ ન બોલે, જે રીતે શ્રુતને શમ્યક્ પ્રકારે કરીને ગુરૂસમીપેં સાભળ્યું હોય, તે રીતેજ અર્થ બોલે, (અન્યથાક્ષણો બંદો ભવતિ)॥૨૬॥

તે સાધુનુ એ રીતે ઉપદેશાદિક અવશરે પ્રકાશતો સુત્ર શુદ્ધ કહેવાય, તથા ઉપધાનવંત એટલે જે સુત્રનો જે તપ સિધ્ધાંતોમાં કહ્યો છે તેને ઉપધાન કહિયેં, તેનો કરનાર જે જે ધર્મ સમ્યક્ જાણે, તે તે ધર્મ ત્યાં ત્યાં અંગીકાર કરે, જેમ જેમ શ્રી વીતરાગની આજ્ઞામલે, તેમ તેમ ધર્મ ભાપે, પણ શ્રી વીતરાગની આજ્ઞા વિરુધ ન બોલે, એવો જે થાય તે આદેય વચન એટલે સમસ્ત લોકને આહ્ય માનનીક વચન બોલે, તથા

કુશલ નિપુણ તથા વ્યક્ત સ્પષ્ટ તે અવિમાસ્યો ન કરે, તે સાધુ શ્રી વીતરાગ પ્રણીત સૂધો સમાધિ ધર્મ માર્ગ ભાષવાને યોગ્ય થાય, ત્તિબેમિનો અર્થ પૂર્વવત્ જાણવો. ।। ૨૭ ।।

ए रीते ग्रंथनामा चौदमो अध्ययन समाप्त थयो.

हवे पंदरमुं आदान नामे अध्ययन प्रारंभिये छैये आदान एटले ग्रहण करवुं, एटले रुडी शिक्षारुप चारित्रानुष्टानने ग्रहण करवुं, तेनुं द्रव्ये करी तथा भावे करी शुद्ध स्वरुप कहे छे.

જે દ્રવ્યાદિક પદાર્થ અતીતકાળે યથા તથા જે વર્ત્તમાનકાળે વર્ત્તે છે, તથા આગમિક કાળે જે થશે, તેના યથાવસ્થિત સ્વરૂપનો પરૂપવો તેથી પરૂપણાના અધિકારીપણા માટે નાયક કહિયેં, તે સર્વ દ્રવ્યાદિક ચતુષ્ક સંપુર્ણ જાણે, તે જાણતો છતો સર્વ પ્રાણીઓનો રક્ષપાલ તે દર્શનાવરણીય કર્મનો અંતકરનાર જાણવો, અર્થાત્ તે દર્શનાવરણાદિક ઘાતીકર્મ ચતુષ્કને ખપાવે. ।। ૧ ।।

સંદેહ એટલે મિથ્યાજ્ઞાન તેનો અંતકારક જે ઘાતીકર્મનો ખપાવનાર તે સર્વ નિરૂપમ જાણે, એટલે તેના જેવો જ્ઞાનવંત બીજો કોઇ નહીં, એમ જે નિરૂપમ જ્ઞાનેકરી પદાર્થનો પ્રકાશ કરનાર તે તિહાં તિહાં બૌધ્ધાદિ દર્શનીને વિષે ન પ્રવર્ત્તે, એટલે તે પ્રાણી જિનમત ટાળીને, અન્ય દર્શનીને વિષે તત્વ ન જાણે. ।। ૨ ।।

જે જે ભાવ શ્રી વીતરાગેં જ્યાં ત્યાં ભલીપેરે કહ્યાં છે, એટલે મિથ્યાત્વ, અવિરત, પ્રમદાદિકતે સંસારનું કારણ છે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તે મોક્ષ માર્ગ છે. ત્યાં ત્યાં તેહિજ ભાવને

સત્યકરી જાણવા, જે સદા એટલે સર્વકાળ એવા સત્ય વચને કરી સંપન્ન હોય તે શું કરે, તે કહે છે. ભૂત એટલે પ્રાણી માત્રને વિષે મૈત્રીભાવ કલ્પે, સર્વ જીવ આત્મા માત્રને સમાન કરી લેખવે, એટલે જેવો પોતાનો આત્મા તેવો પરનો આત્મા જાણે. ॥ ૩ ॥

ત્રસ અને સ્થાવર, જે ભૂત એટલે પ્રાણી સાથે વિરોધ ન કરે, એટલે પ્રાણી માત્રને હણે નહીં. એવો ધર્મ ( બુસીમઓ ) એટલે સંયમવંતનો જાણવો, સાધુ સર્વ લોકમાંહે ત્રસ અને સ્થાવર જીવોને રૂડીપેરે જાણીને શુધ્ધ ધર્મનેવિષે ભાવના ભાવે. ॥ ૪ ॥

જે ભાવના ભાવે તેને જે હોય તે દેખાડે છે. ભાવનાના યોગે કરી જેનો વિશુધ્ધ નિર્મળ આત્મા છે, તે પુરૂષ સંસારરૂપ સમુદ્રને વિષે નૌકા સમાન કહ્યા છે, તે ઉપર દ્રષ્ટાંત કહે છે. જેમ નાવા સમુદ્રને તીરે પોહોચાડે, તેમ તે પુરૂષના ઉપદેશ થકી જીવ ચારિત્ર રૂપ પ્રવહણે કરીને સંસારના સર્વ દુઃખ થકી મુકાએ, અને મોક્ષરૂપ કાંઠે પોહોચે. ॥ ૫ ॥

પંડિત સર્વ દુઃખ થકી મુકાએ તે પંડિત કેવો હોય, તો કે સર્વલોકને વિષે જે પાપ એટલે સાવધાનુષ્ટાન તેનો જાણ હોય, એવાને પુર્વના સંચિત સર્વ પાપ કર્મ ત્રૂટે, વળી નવા કર્મ ન કરે, એટલે ન બાંધે. એટલે તે જીવ અકર્મી થાય સર્વ કર્મોના ક્ષય યુક્ત થાય. ॥ ૬ ॥

કારણકે જે સમસ્ત ક્રિયા રહિત હોય, એવા અણ કરતાને નવા કર્મનો બંધ નથી, તે વારે અષ્ટ પ્રકારના જે કર્મ તેના વિપાકનું નિર્જરિવો, તે સમ્યક્ જાણે, તે કર્મ રૂપ શત્રુનો વિદારણ કરવા થકી શ્રી મહાવીરદેવ કર્મના બંધને તથા કર્મની નિર્જરાને જાણીને તે પ્રમાણે કરે, જે કરે થકે ફરી સંસારમાં ન

ઉપજે, અને ઉપજાવાને અભાવે ફરી મરણ પણ ન પામે. ॥૭॥

એ મહાસુભટ તુલ્ય શ્રી મહાવીર સંસારચક્રમાં મરણ પામે નહી, જેને પૂર્વના કરેલા કર્મ રહ્યા નથી, તો તે નવા કર્મ બાંધવાની વાંચ્છા ન કરે, એ કારણ જાણવો, જે કારણ માટે આ સંસારમાંહે સ્ત્રીનો સંગ પ્રધાન છે, પરંતુ તેને સ્ત્રી પરભાવી ન શકે, દ્રષ્ટાંત કહે છે. જેમ વાયુ અગ્નીની જ્વાળા પ્રવેશ કરીને તેને અતિક્રમી જાય, પરંતુ વાયુ પોતે પ્રજવલે નહીં, તેમ લોકને વિષે સ્ત્રી પ્રિય છે, તે સ્ત્રી અગ્નિ જ્વાલા સમાન છે, પરંતુ વાયુ સરખા સાધુને જીપી ન શકે, તે માટે મહાવીર સુભટને કર્મનો બંધ નથી. ॥ ૮ ॥

જે પુરૂષો સ્ત્રીને નથી સેવતા, તે પુરૂષોને આદિ એટલે પ્રથમ મોક્ષગામી જાણવા, તે પુરૂષો સ્ત્રીના બંધન થકી મૂકાણા થકા, જીવિત શબ્દે બીજો એ સંયમપણો કાંઈ પણ વાંછે નહીં કારણકે પરિગ્રહાદિકનું મૂલ કારણ સર્વ સ્ત્રીજ છે. ॥ ૯ ॥

તે પુરૂષ અસંયમને નિષેધિને સર્વ કર્મનો અંત કરે, તે રૂડા અનુષ્ઠાને કરી મોક્ષને સન્મુખ થકા જે શ્રી વીતરાગ પ્રણીત માર્ગ છે, તે માર્ગને લોકોના હિતને અર્થે પ્રકાશે, અને પોતે પણ તેહિજ સમાચરે. ॥ ૧૦ ॥

જેનો ( અનુશાસન ) એટલે ઉપદેશ, દાન તે સર્વ પ્રાણિને વિષે પૃથક્ પૃથક્ જુદા જુદા પરણમે, કોની પેરે તોકે, પૃથ્વીને વિષે જેમ ઉદક જુદા જુદા પરણમે, તેની પેરે. તેનો ઉપદેશ પરણમે છે, તથા પૂજાને વિષે દ્રવ્યવંત એનો ભાવાર્થ કહે છે, જે દેવતાદિક સમવસરણાદિક પૂજા કરે છે, ત્યાં ત્યાં તેને દ્રવ્ય થકી ભોગ છે, પરંતુ તે ભાવ થકી ભોગ નથી, તે કારણ માટે સંયમવંત તેહિજ જાણવા, એ વચન શ્રી તીર્થંકર દેવ આશ્રી કહ્યા છે. વળી આશ્રવ રહિત જયણાવંત તથા ઇંદ્રિયનો દમન કરનાર.

સંયમને વિષે દ્રઢ, અને મૈથુન થકી વિરત, એટલે વિષય રહિત. ॥ ૧૧ ॥

મૈથુનને નીવાર સમાન જાણે, જેમ સૂકરાદિકને ખાવાની વસ્તુ આપી લોભાવીને મારી નાંખીયે, અથવા દુઃખ આપીયે, તેમ મૈથુનને એવો જાણીને સ્ત્રીના સંગ ન કરે, તે કેવો પુરૂષ જાણવો? તો કે, (સ્રોત) એટલે જે સંસાર તેમાં અવતરવાના દ્વારજે વિષય કષાયાદિક છે, તે જેણે છેદ્યા છે, વળી રાગ દ્વેષ થકી રહિત, તથા (અનાકૂલ) એટલે અક્ષોભ સદા દાંત ગુણવાન એવો છતો, કર્મ વિવર લક્ષણની સિધ્ધિ પામે, એવી બીજી વસ્તુ કોઇ જગતમાં નથી, તે માટે એ સિધ્ધિને કોઇ ઉપમા નથી. ॥ ૧૨ ॥

અણુલિસ એટલે સંયમ તેને વિષે જે ખેદજ્ઞ એટલે નિપુણ હોય તે કોઈ જીવની સાથે વિરોધ ન કરે, સર્વ જીવોની સાથે મૈત્રી ભાવ આણે. મન વચન પુનઃ કાયાએ કરી ત્રિકરણ શુધ્ધ જે એમ કરે તેનેજ પરમાર્થ થકી ચક્ષુવંત નિર્મળ દ્રષ્ટીવાળો જાણવો. ॥ ૧૩ ॥

નિશ્ચેં તેહિજ પુરૂષ સંયમી મનુષ્યોની ચક્ષુ જેવો જાણવો, જે પુરૂષ ( કાંક્ષા ) એટલે વિષય તૃષ્ણાનો અંત કરે, તે સંસાર અને કર્મનો અંતકારી જાણવો, તેના ઉપર દ્રષ્ટાંત કહે છે. છેહડે જેમ ક્ષુરી કોઈ પદાર્થ છેદવાને અર્થે, અત્યંત તીક્ષ્ણ ધારાયે વહે, ધારને અંતે છેદન ક્રિયામાં સમર્થ હોય, જેમ ગાડાનો પઇડો પણ અંતે પ્રવર્ત્તે; તેમ મોહાદિકને અંતે મુક્તિરૂપ કાર્ય સિધ્ધ થાય. ॥ ૧૪ ॥

તેમ ધીર પુરૂષ પણ અંત સેવે, એટલે વિષયનો અંત કરે, તથા અંત પ્રાંત આહાર સેવે, તે કારણે આ સંસારને વિષે અંતના કરનાર જાણવા, આ મનુષ્ય લોકરૂપ સ્થાનકને પામ્યા

થકા, એવા મનુષ્ય ધર્મ જે સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ, તેને આરાધીને મુક્તિ ગામી થાય. ॥ ૧૫ ॥

એવા સંયમના પાળનાર પુરૂષો ( નિષ્ટિતાર્થ ) એટલે સિદ્ધિને પામે અથવા પ્રચુર કર્મને સદ્ભાવે દેવત્વપણાને વિષે સૌધર્માદિક વિમાને ઉપજે, એ વચન (ઉત્તરા) એટલે લોકોત્તર પ્રવચને મેં સાંભળ્યુંછે, એ રીતે શ્રી સુધર્માસ્વામી શ્રીજંબુસ્વામી પ્રત્યે કહેછે. મેં શ્રી તીર્થંકરાદિક સમીપે સાંભળ્યુંછે જે, મોક્ષની પ્રાપ્તિ તે મનુષ્યની ગતિ ટાળીને અન્યત્ર નથી, તે કારણ માટે મનુષ્યપણે સંયમ પાળવાને વિષે પ્રમાદ ન કરવો. ॥ ૧૬ ॥

મનુષ્ય સર્વ દુઃખનો અંત કરે, પણ મનુષ્યની જાતિ વિના અન્ય જાતીને મુક્તિ નથી, એમ કોઇ એક કહ્યો છે. તથા ગણધરાદિકે એમ કહ્યો છે કે, એ મનુષ્ય સંબંધી દેહ પામવો એક એક બહુલ કર્મિ જીવોને અત્યંત દુર્લભ છે, વળી વળી મનુષ્ય જન્મ પામવો દુર્લભ છે, ચુલગ પાસ કે ઇત્યાદિક દ્રષ્ટાંતે દુર્લભ છે. ॥ ૧૭ ॥

એ મનુષ્ય દેહ થકી (વિદ્ધંસ) એટલે ભ્રષ્ટ થયેલાને એટલે જે મનુષ્ય જન્મ હાર્યા એવાને, અન્યગતીને વિષે બોધિ એટલે સમ્યકત્વ લાભ પામવો દુર્લભ છે ( તથાર્ચ્ચા ) એટલે લેસ્યા ચિતના પરિણામ અથવા (અર્ચ્ચા) એટલે મનુષ્યનું શરીર તે દુઃપ્રાપ્ય છે, વળી ધર્મનો અર્થ જે વિયાગરે એટલે ગુણો પ્રકાશે, એવો શરીર ધારી મનુષ્યપણું પણ દુર્લભ છે. ॥ ૧૮ ॥

જે શ્રી વીતરાગાદિક મહા પુરૂષો શુદ્ધ નિર્મળ ધર્મ કહે. અને પોતે પણ તેજ રીતે સમાચારે, ( પ્રતિપુર્ણ અનીદ્રશ ) એટલે સમ્યક ચારિત્રિઓ જેનો જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપ, મોક્ષસ્થાનક છે, પરંતુ બીજો સ્થાનક નથી, તેને જન્મ કથા ક્યાંથી હોય ? એટલે કર્મને ક્ષયે જન્મ મરણનો અભાવ હોય.॥૧૯॥

કદાચિત્ મેધાવી એટલે સમ્યક્ જ્ઞાનવંત કયા થકી આવીને ઉપજેખરા, પરંતુ તે કેવા હોય તોકે, તેમજ કર્મખપાવીને ગયા જે કર્મ ખપાવીને ગયા, જેને નિદાન પ્રતિજ્ઞા નહી તે અપ્રતિજ્ઞ નિરાશંસ એવા હોય તેને સંસારમાંહે ઉત્પત્તિ અને મરણ નથી, જે કારણે તથાગત શ્રી તીર્થંકરાદિક નિદાન રહિત નિરાશંસ તથા લોકને અનુત્તર સર્વોતમ પ્રધાન જ્ઞાન થકી ચક્ષુભૂત જાણવા. ॥ ૨૦ ॥

( અનુતર ) એટલે પ્રધાન સંયમ રૂપ સ્થાનક તે કાશ્યપ શ્રી માહાવીર દેવે કહ્યો, જે સંયમ સ્થાનક પાળીને એક મહા-પુરૂષ ઉપશાંતકષાયવંત એવા છતા, પંડીત વિવેકના જાણ સંસારનો અંત પામે. ॥ ૨૧ ॥

( પંડિત ) એટલે સદસદ્ વિવેકના જાણ તે, સંયમનો વીર્ય બળ પામીને નિ:શેષ સમસ્ત કર્મનો નિર્ઘાતન કરવાને અર્થે પ્રવર્તક એ પંડિત વીર્ય ઘણા ભવે પામવો દુર્લભ તેને પામીને પૂર્વકૃત કર્મને (ધુણે)એટલે ખપાવે કોઈ નવા કર્મને ન કરે. ॥૨૨॥

શ્રી મહાવીર ઉત્તમ સાધુ તે ન કરે શું ન કરે તોકે, આનુ-પૂર્વી મિથ્થાત્વ અવિરતિ, પ્રમાદ, અનુક્રમે કીધું, જે પાપરૂપ રજ તે ન કરે પાપરૂપ રજ કરી (સંમુહીભૂત) એટલે એકઠા કીધા જે અષ્ટપ્રકારના કર્મ તે કર્મને ( હિત્વા ) એટલે હણીને સત્ય સંયમ પાળીને મોક્ષને શન્મુખ થાય. ॥ ૨૩ ॥

જે સંયમરૂપ સ્થાનક તે સર્વ સાધુ ચારિત્રિયાનો મનો વાંછિત સ્થાનક જાણવો. વળી તે સંયમાનુષ્ટાન કહેવો તો કે શલ્યકર્તન એટલે શલ્યનો છેદનાર એવા સંયમને સમ્યક્ પ્રકારે આરાધીને ઘણા પ્રાણી સર્વથા કર્મને અભાવે સંસાર સમુદ્ર થકી તર્યા. અથવા સર્વથા કર્મના ક્ષયના અભાવે દેવત્વપણે વૈમાનિકમાં જઈ ઉપના એકાવતારી પ્રમુખ થયા. ॥ ૨૪ ॥

પૂર્વે અતીતકાળે ઘણા ચારિત્રિયા થયા, અને વર્ત્તમાન કાળે પણ છે, તથા આગમિકકાળે પણ ઘણા સુવ્રત સંયમાનુષ્ઠાની થશે. તે કેવા થશે તોકે, દુર્નિબોધ એટલે દુર્લભ એવો જે જ્ઞાનદર્શન, અને ચારિત્રરૂપ માર્ગ તે પરમ ઉત્કૃષ્ટો પામીને તેહિજ માર્ગના પ્રકાશક છતા, સંસાર સમુદ્રને પુર્વે તથા વર્ત્તમાને તરે છે, અને આગમિકકાળે તરશે. તિબેમિનો અર્થ પુર્વવત્ જાણવો. ॥ ૨૫ ॥

ए रीते पंदरमां यतिनामा अध्ययन समाप्त.

हवे सोळमुं गाहा नामे अध्ययन प्रारंभिये छैए पंदरमां अध्ययनमां जे विधिरूप तथा प्रतिनिषेधरूप भाव कह्या, ते यथोक्त विधि आचरतो सुसाधु कहेवाय एवा भावे आ सोळमो अध्ययन कहेछे.

યથાહ ભગવાન હવે શ્રી ભગવંત મહાવીરદેવ સભામાંહે એમ કહે છે. તે સાધુ ઇંદ્રિયોને દમવે કરી, દાંત તેણે કરી મુક્તિ ગમન યોગ્ય તથા નિઃપ્રતિકર્મ એવો શરીર છે જેહનો તેને એમ કહેવો ત્રસ, અને સ્થાવર જીવોને માહણો એવો જેનો ઉદ્દેશ છે તે માહણ કહિયે અથવા નવ વિધ બ્રહ્મચર્યની ગુપ્તિ થકી ( માહણ ) એટલે બ્રાહ્મણ કહીએ તથા ( શ્રમણ ) એટલે તપસ્વી શુદ્ધ ક્રિયા અનુષ્ઠાનના કરનાર આરંભનો ત્યાગ કરે, નિર્દોષ ભિક્ષાયેં પ્રવર્તે, અથવા અષ્ટ પ્રકારના કર્મને ભેદે તે માટે ભિક્ષુ કહિએ તથા બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત માટે નિગ્રંથ કહિએ. એમ શ્રી ભગવાને કહે થકે શિષ્ય પૂછે છે કે, કેવી રીતે દાંત મુક્તિ ગમન યોગ્ય તથા શરીરની

શોભા શુશ્રુષા રહિત તેને કહીએ, શું કહિએ તોકે માહણ કહિએ, તથા શ્રમણ કહિએ, તથા ભિક્ષુ કહીએ, તથા નિર્ગ્રંથ કહિએ તે હે ! મહામુનિ એ ચાર શબ્દનો અર્થ અમને કહો.॥૧॥

એમ શિષ્યેં પુછે થકે, હવે ભગવંત બ્રાહ્મણાદિક ચાર નામનો યથાક્રમે ભેદ સહિત અર્થ કહે છે. જેણે પ્રકારે સર્વ પાપ કર્મારંભ ક્રિયા થકી, નિવર્ત્યા પ્રેમ તે રાગ, અને દ્વેષ, તે અપ્રિતિ કુવચનનું બોલવું, અભ્યાખ્યાન, એટલે અછતા દોષનું પ્રકાશવું પરના ગુણનું અણસહેવું, અને પારકા દોષને પ્રકાસવું પારકા દોષ બીજા આગળ પ્રકાસવા સંયમને વિષે અરતિ અસંયમ વિષયાદિકને વિષે રતિ, પરવંચના મૃષા અલિક ભાષાનું બોલવું મિથ્યાદર્શન શલ્ય એટલે અતત્વને વિષે તત્વની બુદ્ધિ તેનેજ શલ્ય કહિએ, એ સર્વ થકી વિરત એટલે નિવર્ત્યા છે વળી પાંચ સમિતિએ સમિતા થકા જ્ઞાન દર્શન અને ચારિત્ર સહિત પ્રવર્તે સદા સંયમને વિષે પ્રયત્ન કરે એટલે સાવધાન થકો રહે એવો છતો કોઇના ઉપર ક્રોધ ન કરે, તથા અભિમાન રહિત હોય, ઉપ લક્ષણ થકી માયા તથા લોભરહિત, એવા ગુણે સહિત જે હોય તે માહણ એટલે બ્રાહ્મણ જાણવા. ॥ ૨ ॥

જે માહણના લક્ષણ કહ્યા તે અહીં સર્વ જાણવા વળી શ્રમણના વિશેષ કહે છે, જે અનાશ્રિત અપ્રતિબંધ વિહારી તથા નિયાણા રહિત કષાયથકી રહિત, ( અતિપાતંચ ) એટલે જીવહિંસા તથા મૃષાવાદ મૈથુન પરિગ્રહ એ સર્વને, જ્ઞ પરિજ્ઞાયેં જાણીને, પ્રત્યાખ્યાન પરિજ્ઞાયે પરિહરેં એટલે, મૂળ ગુણ કહ્યા, હવે ઉત્તર ગુણ કહે છે. ક્રોધ, માન, માયા તથા લોભ અને પ્રેમ શબ્દે રાગ દ્વેષ અને પણ સમ્યક્ પ્રકારે સંસારના કારણ જાણીને પરિહરે, એ રીતે જે જે કર્મનો બંધ જે થકી પોતાના

આત્માને પ્રદોષ હેતુ એટલે અવગુણના કારણ દેખે તે તે સાવધાનુષ્ઠાન થકી ચારિત્રિઓ પૂર્વેજ, એટલે આગળ થકીજ આત્મહિત વાંછતો થકો વિરતિ કરે પ્રાણાતિપાત ન કરે એવો છતો દાંત એટલે ઇંદ્રિયનો દમનાર દ્રવિક એટલે મુક્તિગમન યોગ્ય નિષ્પ્રતિકર્મ શરીરવાળો એટલે શરીરની શુશ્રૂષાયેં રહિત એવા ગુણે સહિત વિશિષ્ટ શ્રમણ કહેવો. ॥ ૩ ॥

હવે ભિક્ષુ શબ્દનો વિશેષ કહે છે અંહિયા ભિક્ષુને વિષે પણ જે પૂર્વે બ્રાહ્મણ શ્રમણના ગુણ કહ્યા તે સર્વ જાણવા, અને વળી અનેરા વિશેષ કહે છે. અભિમાન રહિત વિનીત એટલે વિનયવંત સંયમને વિષે આત્માનો નમાડનાર એ ત્રણ શબ્દના અર્થ પૂર્વવત્ જાણવા સમ્યક્ પ્રકારે સહન કરે શું સહન કરે ? તે કહે છે વિરૂપરૂપ એટલે અનુકૂળ પ્રતિકુળ એવા નાના પ્રકારના ઉપસર્ગ પરીસહને સહન કરે, તથા અધ્યાત્મયોગે કરી નિર્મળ ચિત્તને પરિણામે શુદ્ધ ચારિત્રવંત થકો ઉપસ્થિત એટલે ચારિત્રને વિષે ઉઠયો સાવધાન થયો પરીસહ ઉપસર્ગે કરી અંગજીત છે જેહનો આત્મા સંસારની અસારતા બોધિનું દુર્લભપણું જાણતો પારકા, દીધેલા આહારનું, જમનાર એટલે નિર્દોષ આહારી એવાને ભિક્ષુ કહેવો. ॥ ૪ ॥

હવે નિર્ગ્રંથનો વિશેષ કહે છે. અંહીયા પણ પૂર્વલા ગુણ સર્વ લેવા, વળી જે વિશેષ ગુણ છે તે કહે છે. એકલો રાગ દ્વેષ રહિત તથા પોતાને એકલોજ જાણે, એટલે સંસારમાં મહારો કોઇ સંબંધી નથી એવો બુદ્ધ એટલે તત્વનો જાણ સમ્યક્ પ્રકારે જેણે આશ્રવને છેદ્યો છે, તથા ગુસંયત એટલે કાછબાની પેરે ગુપ્તેંદ્રિય રૂડી સમિતિએ કરી સમિતો, ( સુસામાયિકવંત ) એટલે જેને શત્રુમિત્ર સમાન છે, આત્મવાદે પહોતો એટલે આત્માને વાદે ઉપયોગ લક્ષણ જીવ અસંખ્ય પ્રદેશીજીવ સંકોચ

વિકાશનો ભજનાર દ્રવ્ય પર્યાયરૂપ, નિત્યાનિત્ય ભેદભિન્ન પોતાના કરેલા કર્મનું ભોગવનાર, ઇત્યાદિક આત્મવાદે પહોતો એટલે આત્મ તત્વનો જાણ, તથા વિદ્વાન પંડિત શુદ્ધમાર્ગનો જાણ તથા દ્રવ્ય અને ભાવના ભેદે કરી બન્ને પ્રકારના આશ્રવ રૂપિ યા સ્રોત જેણે પરિછેદ્યા છે તથા પુજા સત્કારના લાભનો અર્થી ન થાય કીંતુ નિર્જરાનો અર્થી થાય ધર્મનો અર્થી ધર્મનો જાણ શુદ્ધ માર્ગનો ગવેષણહાર, નિયોગ પ્રતિપન્ન એટલે મોક્ષમાર્ગે પહોતો એવો છતો સમતા આચરે એવો થકો દાંત દ્રવિક વોસટ્ઠકાએ તેને નિગ્રંથ કહેવો. ॥ ૫ ॥

હવે શ્રીસુધર્મ સ્વામિ જંબુ પ્રભૃતિ સાધુ પ્રત્યે કહે છે કે, તમે એમ જાણો કે જે મેં કહ્યો તે નિશ્ચે કરી સત્ય છે એમ જાણો કારણ કે હું સર્વજ્ઞની આજ્ઞાયે કહું છું તે સર્વજ્ઞ ભગવંત તીર્થંકર દેવ પરોપકારી કેવા છે તો કે, મહાભય થકી રાખનાર છે માટે તેમના કહેલા વચન હું તમને કહું છું.

तिबेमिनो अर्थ पूर्ववत् जाणवो ए रीते श्री सुधर्म स्वामियें जंबूस्वामि प्रत्यें कह्यो ए गाहानामे सोलमो अध्ययन समाप्त.

इतिश्री सूयगडांगसूत्र भाषांतर
प्रथम श्रुत स्कंध समाप्तम.

# પુસ્તક મળવાના ઠેકાણાં.

ખંભાત બંદર—શા. છોટાલાલ મોતીચંદ ઠે. સુતારવાડામાં.

રાજકોટ—શા. નાલચંદ રૂગનાથ ઠે. કંદોઈબજારમાં મનજી ઝવાની શેરીમાં.

અમદાવાદ—પ્રસિદ્ધકર્તા પાસેથી ઠે. આકાશેઠના કુવાની પોળ.

# અગાઉથી આશ્રય આપનાર સદ્‌ગ્રહસ્થોનાં મુબારક નામ.

## ખંભાતબંદર. ( ૩૩ )

૫ શેઠ. ગુલાબચંદ ખીમચંદ હા બાઈ દીવાળી
૫ શા. વાડીલાલ ડાહ્યાભાઇ હ. બાઇ ચંદન
૨ સંઘવી. પોપટલાલ વખતચંદ સ્થાનક ખાતે.
૨ પટેલ ઠાકોરલાલ મુળચંદ
૨ શા. દેવચંદ ખુશાલચંદ.
૨ શા. જેચંદ અમીચંદ હ ડાહ્યબાઈ
૧ શા. મણીલાલ બકોરદાસ.
૧ શા. અનોપચંદ માણેકચંદ.
૧ શા પાનાચંદ લખમીચંદ
૧ શા. પોપટચંદ રૂપચંદ.
૧ શા. દલસુખભાઇ ડાહ્યાભાઇ
૧ શા. અંબાલાલ તારાચંદ.
૧ શા મોહનલાલ હાકરશી.
૧ પા. પુંજાભાઇ રણછોડ
૧ પા. નાથાભાઇ ઝવેર.
૧ છોવાળા પ્રાણજીવન દયાળજી.
૧ શા નગીનદાસ પાનાચંદ
૧ શા. સરૂપચંદ રતનચંદ
૧ શા. નેમચંદ રાયચંદ.
૧ પા. ચુનીલાલ ગાંડાભાઇ.
૧ શા. વખતચંદ તારાચંદ

## મુંબાઇબંદર. ( ૨૪ )

શા. રણછોડ નાથાભાઇએ પોતાના સ્વર્ગવાશી પુત્ર કપુરચંદના સ્મર્ણાર્થે નીચેના સ્થાનકોમાં ભેટ મોકલવા સારૂ ૧૦

૧ મુદ્રાબંદરના સ્થાનકમાં.
૧ માંડવી બંદરના સ્થાનકમાં.
૧ ભુજનગરના સ્થાનકમાં.
૧ અંજારના સ્થાનકમાં.
૧ માનકુવાના સ્થાનકમાં.
૧ ખેડોઇના સ્થાનકમાં.
૧ લાકડીયાના સ્થાનકમાં.
૧ ભચાઉના સ્થાનકમા.
૧ શાપરના સ્થાનકમા.
૧ ભોરારાના સ્થાનકમાં.

---

શા વેણીદાસ હરખચંદે સ્વર્ગવાશી બાઇ કુંવરબાઈ તે, શેઠ-મુળચંદ દેવચંદ મુદ્રાબંદરવાળાના પત્નિના સ્મર્ણાર્થે નીચેના સ્થાનકોમા ભેટ મોકલવા સાર ૧૦

૧ મુદ્રાબંદર. છકોટીના સ્થાનકમાં.
૧ ,, આઠકોટી મોટી પક્ષના સ્થાનકમાં.
૧ અંજાર. છકોટીના સ્થાનકમા.

૧ ,, આઠકોટી મોટી પક્ષના સ્થાનકમાં
૧ ભુજનગર. છકોટીના સ્થાનકમાં.
૧ ,, આઠકોટી મોટી પક્ષના સ્થાકમાં.
૧ માંડવી બંદર આઠકોટી મોટી પક્ષના સ્થાનકમા
૧ ખેડોઇના સ્થાનકમાં.
૧ વાંકીના સ્થાનકમાં
૧ માનકુવાના સ્થાનકમાં

---

૧ શા. વાડીલાલ ચુનીલાલ ગાંધી.
૨ શા. કરમશી ધરમશી.
૧ શા લાલચંદ અંદરજી

---

## અમદાવાદ. ( ૨૦ )

૨ રા રા. હીરાચંદભાઇ વેલજી સંઘાણી
૧ શા. ગીરધરલાલ વ્રજલાલ.
૧ શા. મફતલાલ ચુનીલાલ.
૧ શા. છગનલાલ ઇશ્વરદાસ વૈદ.
૧ શા. પાનાચંદ નગશી ગોંડળવાળા.
૧ શા છોટાલાલ મગનલાલ.
૧ શા દોલાભાઇ રતનરામ
૧ શા અમથાલાલ જેઠાલાલ
૧ શા. પ્રેમચંદ ઝવેરચંદ
૧ શા. રણછોડદાસ રાયચંદ.
૧ રા. રા. ચુનીલાલ નાનચંદ ગાંધી
૧ શા. ભગવાનદાસ નથુભાઇ.
૧ શા વીરચંદ ગોબરદાસ
૧ શા. નારણદાસ તારાચંદ.
૧ શા. હંશરાજ કાળીદાસ.
૧ મે. જીવરાજભાઇ ઘેલાભાઇ.
૧ રા. રા. જેશંગભાઇ મછારામ
૧ રા. રા જગજીવનદાસ મંછારામ.
૧ શા. મોહનલાલ જમનાદાસ.

---

## જોડીયા બંદર. (૧૧)

૧ મા. વલમજી ખેતશી.
૧ દોશી. ત્રીકમજી કરશનજી.
૧ મા. માણેકચંદ રતનશી.
૧ સંઘવી હરખચંદ લાલજી.
૧ મા. જાદવજી મુળજી.
૧ મા. દલીચંદ પોપટભાઇ.
૧ મા. તારાચંદ નથુભાઇ.
૧ ખત્રી. રાઘવજી વીરજી
૧ મેતા. ભાઇચંદ અમ્રતલાલ.
૧ મોદી. કરશનજી ધારશી.
૧ સંઘવી. કાનજી કાળીદાસ.

---

## વેરાવળ બંદર. ( ૧૧ )

૨ શા. ફુલચંદ ગોવીંદજી
૨ શા મેઘજીભાઇ રાયચંદ.
૧ શા. સોભાગ્યચંદ ભીમ
૧ શા ગોકળજી પ્રેમચંદ ના મણીભાઇ.

૧ શા લીલાધર ઝવેરચંદ હા ભાણીભાઇ.
૧ શા. મદનજી શોભચંદ
૧ શા સવચંદ કરશનજી,
૧ શા છગનલાલ પીતાંબર
૧ કપાણી. જમનાદાસ હીરાચંદ

## સાણંદ. ( ૧૦ )

૨ શા. રાઘવજી પ્રેમચંદ
૨ શા ઉજમશી માણેકચંદ
૨ સાણંદ જૈનશાળા.
૨ શા. રાઘવજી ભાણજી
૧ ભા. કપુરચંદ નરશીદાસ.
૧ ભા. કેશવજી મોતીચંદ.

## સુરત બંદર. ( ૧૦ )

૮ વકીલ ભગુભાઇ ડાહ્યાભાઇ.
૧ વકીલ. મગનલાલ પ્રેમચંદ.
૧ વકીલ. મછુભાઇ ડાહ્યાભાઈ.
૧ શા તારાચંદ ઉત્તમચંદ.
૧ ભા ગુલાબચંદ ઝવેરચંદ.
૧ શા લાલચંદ ફુલચંદ
૧ શા. હસરાજ ચાંદમલ.

## મોરબી. ( ૬ )

૨ મોરબી જૈનશાળા હા. માસ્તર ત્રીભોવન મોણશી
૧ મેહેતા. સુખલાલ મોનજી.
૧ શા શા વનેચંદ પોપટભાઇ.
૧ મેહેતા નીમચંદ દેવચંદ
૧ મેહેતા. ત્રીકમજી ભીમજી.

## ભાવનગર બંદર. ( ૫ )

૧ શા. ઉમેદ દેવકરણ.
૧ જૈનજ્ઞાન મણીપ્રભા પુસ્તકાલય.
૧ જૈનધર્મ સુબોધ પ્રસારક સભાની લાયબ્રેરી.
૧ શા. માણેકચંદ પાનાચંદ
૧ શા જીવરાજ કાળીદાસ

## બોરસદ. ( ૫ )

૨ લહીયા. નાથાભાઈ કાહાનદાસ.
૧ શ મોતીલાલ જેશંગ કાનડેન
૧ ભા ત્રીભોવન દાજીભાઈ.
૧ શા મોતીલાલ તલકચંદ દાવોલના.

## ખેડા. ( ૪ )

૧ ભા. ચુનીલાલ કીશોરદાસ.
૧ ભા. છોટાલાલ રાયચંદ
૧ ભા. રણછોડ પુરશોતમદાસ
૧ ભા ભાઇચંદ માણેકચંદ

## પોરબંદર. ( ૪ )

૨ શા જેચંદ ગોપાલજી.

૨ પોરબંદર. જૈન પુસ્તક સંગ્રહ
હા. મનમોહનદાસ કપુરચંદ

**વડાસણ. ( ૩ )**

૧ ભા. ફુલચંદ નારણભાઇ.
૧ ભા. મોહનલાલ લલુભાઇ.
૧ શા ગુલાબચંદ જીવાભાઇ.

**રાજકોટ. ( ૨ )**

૧ શા મગનલાલ ગાવજી
૧ શા કરશનજી માવજી.

**નાર. ( ૨ )**

૨ શા.વખતચંદ મુળચંદ સ્થાનક ખાતે.

**નરોડા. ( ૨ )**

૧ શા. વાડીલાલ રણછોડભાઇ.
૧ પટેલ. ભઇઆ કાળીદાસ.

**મઝેવડી જુનાગઢ તાબે. (૨)**

૧ રા રા જીવરાજ ગોવિંદજી સ્કુલમાસ્તર.
૧ શા. ત્રીભોવનદાસ મુળજીભાઇ.

**કાલાવડ. ( ૨ )**

૨ પટેલ મુળજી કાનજી માસ્તર

**ધોરાજી. ( ૫ )**

૧ દોશી જગનનાથ ડાલાભાઇ
૧ ધોરાજી જૈનશાળા. હા ગોપટભાઇ
૧ મા. કાળીદાસ નેમચંદ
૧ મા ડાહ્યાલાલ ધનજી.
૧ ભાઇ કપુર કલ્યાણજી.

**સરધાર. ( ૫ )**

૫ શેઠ મુળચંદભાઇ કરશનજી.

**અમરેલી. ( ૧ )**

૧ રા. શામજીભાઇ રતનશી વકીલ

**ધર્મપુર. ( ૧ )**

૧ રા. રા કપુરચંદ ગોપાલજી મોદી.

**ચાંદલી. ( ૧ )**

૧ દોગડીયા. કાનજી ગોવીંદજી.

**પ્રાંતીજ. ( ૧ )**

૧ પરી તુલજારામ જેચંદ.

**વડોદરા. ( ૧ )**

૧ રા મોહનલાલ ગોવીંદજી.

**પાણસણા. ( ૧ )**

૧ ભા. લેહેરાભાઇ મથાભાઇ

**ઇડર. ( ૧ )**

૧ રા રા. વીરચંદભાઇ સવજી મોદી.

**કચ્છ બીદડા. ( ૧ )**

૧ શા. રાયશી આશકરણ

**વસો. ( ૧ )**

૧ ભા સાકરચંદ જગનાદાસ

**કચ્છ ડુમરા. ( ૧ )**

૧ શા. હીરજી રતનશી.

**ઉમરાળા. ( ૨ )**

૧ જૈનજ્ઞાન રત્ન ચીંતામણી પુસ્તકાલય, હ. શા. જેઠાલાલ સોમચંદ.
૧ શા સોમચંદ ગીલા.

**સોજીતરા. ( ૧ )**

૧ શા. મગનલાલ માણેકચંદ હા
ભાઇ રૂક્ષમણી